પોલીસ સૂત્રોએ જણાવ્યા મુજબ, રાજકોટ રેન્જ આઇજી અશોકકુમાર યાદવ, રાજકોટ જિલ્લા નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડએ નાર્કોટીક્સ અંગે વધુમાં વધુ કેસો કરવા માટે સુચના આપેલ. જે અનુસંધાને રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી. શાખાના પીઆઇ એફ.એ.પારગી, પીએસઆઈ બી.સી.મિયાત્રા તેમની ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા ત્યારે એ.એસ.આઈ. જયવીરસિંહ રાણા, હેડ કોન્સ. પ્રહલાદસિંહ રાઠોડ, અરવિંદભાઈ દાફડાને ખાનગી રાહે હકિકત મળેલ કે સંજુ દિપકભાઈ વાઘેલા (ઉં. ૨૦, રહે. જેતપુર, અંબર ટોકીઝ પાછળ, કણકિયા પ્લોટ) ઉમવાડા ચોકડી પાસે આવેલ લોખંડનાં ઓવરબ્રિજ પાસે ગાંજાનો જથ્થો રાખી ડીલેવરી માટે ઉભેલ છે. જે મળેલ હકિકત આધારે રેઈડ કરતા સંજુ સાથે બીજો આરોપી મહેન્દ્ર ઉર્ફે રાજેશ હલીયા કટારા (ઉ.વ.૩૨ રહે. ઝેર ગામ તા. આનંદપૂરી જિ. બાસવાડા, રાજસ્થાન) પણ મળી આવ્યો હતો. બંને આરોપી પાસે થેલા હોય જેમાં તપાસ કરતા ગાંજો મળ્યો હતો. ગાંજાનો જથ્થો અને બંને પાસેથી મળેલ મોબાઈલ ફોન જપ્ત કરી રૂ.રૂ.૬૧,૪૯૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં



આવ્યો હતો અને ગોંડલ બી. ડિવિઝન પોલીસ મથકે ગુનો દાખલ કરાયો હતો. આ કામગીરી પીઆઇ એફ.એ. પારગી, પીએસઆઇ બી.સી.મિયાત્રા, એ.એસ.આઇ જયવિરસિંહ રાણા, ઇન્દ્રસિંહ જાડેજા, અમીતભાઈ કનેરીયા, સંજયકુમાર નિરંજની, હેડ કોન્સ. અરવિંદભાઈ દાફડા, પ્રહલાદસિંહ રાઠોડ, શિવરાજભાઇ ખાચર, કોન્સ. રઘુભાઈ ઘેડ, વિજયગીરી ગોસ્વામી, ચિરાગભાઈ કોઠિવાર, ડ્રા.એ.એસ.આઇ અમુભાઈ વીરડા દ્વારા કરવામાં આવી હતી.

#### રાજસ્થાનનો શખ્સ કપડાં લેવા આવ્યોને દબોચાયો

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, જેતપુરનો સંજુ મહેન્દ્ર પાસે રાજસ્થાન ખાતે ગાંજો લેવા ગયેલો. ત્યાં મહેન્દ્રએ કહ્યું કે, મારે કપડાં લેવા જેતપુર આવવું છે. જેથી મહેન્દ્રએ પણ ગાંજાનું બીજું પાર્સલ સાથે લીધું અને ત્યાં કોઈ ગ્રાહક શોધી લેશે તેવું નક્કી કરેલ. અહીં બીજા ગ્રાહકને શોધે તે પહેલા જ પકડાઈ ગયા હતા.

## અમદાવાદના બે સરકારી વકીલોને વચેટીયા મારફત ૨૦ લાખની લાંચ લેતા પકડતી ACB

અમદાવાદ તા.૧૧

કઠલાલ સિવીલ કોર્ટમાં સરકારી વકીલ અને મેટ્રો કોર્ટમાં ફરજ બજાવતાં વકીલે વચેટીયા મારફતે રૂા.૫૦ લાખની લાંચની માંગણી કરી હતી. આ પૈકી રૂા.૨૦ લાખની લાંચ સ્વીકારતા નરોડા મામલતદાર કચેરીની સામે ઝેરોકસની દુકાનમાંથી બે વકીલ અને વચેટીયાની ધરપકડ થઈ છે.

કઠલાલ સિવીલ કોર્ટમાં સરકારી વકીલ તરીકે ફરજ બજાવતાં રાજેન્દ્ર ભરતભાઈ ગઢવીએ જમીનના કેસમાં એસીબીના ફરીયાદીની તરફેણમાં ચુકાદો લાવી આપવા માટે રૂા.૫૦ લાખની માંગણી કરી હતી.



કામ થાય તે પહેલા રૂા.૨૦ લાખ ચુકવવાના અને ચુકાદો તરફેણમાં આવ્યા બાદ બાકીનાં રૂા.૩૦ લાખ આપવાનું નક્કી

#### નરોડા મામલતદાર કચેરી નજીક ઝેરોક્ષની દુકાનમાં છટકુઃ જમીનના કેસ માટે ૫૦ લાખ માંગ્યા હતા

કર્યુ હતું.

સરકારી વકીલ રાજેન્દ્ર ભરતભાઈ ગઢવી (રહે.ઘાટલોડીયા) મેટ્રો કોર્ટમાં ફરજ બજાવતાં તેના મળતીયા વકીલ સુરેશ પ્રહલાદભાઈ પટેલ (રહે.નરોડા) અને વિશાલ પટેલ (રહે.નરોડા) કે જે વચેટીયો હતો. તે ત્રણેયની એસીબીએ નરોડા મામલતદાર કચેરીની સામે ઝેરોક્ષની દુકાન નજીકથી રૂા.૨૦ લાખની લાંચની રકમ સ્વીકારતા રંગેહાથ દબોચી લીધા છે.

કેટલાંક સરકારી વકીલોની શંકાસ્પદ ભુમિકા અંગે ભુતકાળમાં અનેક રજુઆતો બાર કાઉન્સીલ સમક્ષ, કોર્ટ સમક્ષ અને હાઈકોર્ટ સમક્ષ અરજી સ્વરૂપે થઈ છે તેમ છતાંય કોઈ દાખલારૂપ કામગીરી કરવામાં આવી હોય તેવું ધ્યાને આવ્યુ નથી.એસીબીએ કઠલાલ સિવીલ કોર્ટમાં સરકારી વકીલ તરીકે ફરજ બજાવતાં રાજેન્દ્ર ભરતભાઈ ગઢવી અને તેમનાં લાંચીયા સાગરીતો વિરૂધ્ધ કાર્યવાહી કરી છે.

## ઉત્તરાયણ પૂર્વે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીઓ માર્કેટમાં આવીઃ ગોંડલમાંથી વેંચાણ કરતો વેપારી ઝડપાયો

રાજકોટ. તા.૧૧

ઉત્તરાયણ પૂર્વે ગળા કાપતી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીઓ માર્કેટમાં આવી ગઈ છે અને વેંચાવા પણ લાગતાં પોલીસ સક્રિય થઈ ગઈ છે. રાજકોટ રૂરલ એલસીબીની ટીમે ગોંડલના જે.કે. ચોકમાં દરોડો પાડી ખોડીયાર સીઝન સ્ટોરમાંથી ૬૧ ફિરકા સાથે વેપારીને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ, રૂરલ એલસીબી પીઆઈ વિ. વિ.ઓડેદરાની રાહબરીમાં પીએસઆઇ એચ.સી.ગોહીલ તેમની સાથેના હેડ કોન્સ્ટેબલ અનીલ ગુજરાતી, ભગીરથસીહ જાડેજા, વાઘાભાઇ આલ સહિતનો સ્ટાફ આગામી ઉતરાયણ પર્વે અનુસંધાને ચાઇનીઝ દોરાના સંગ્રહ તથા વેંચાણ પર પ્રતીબંધ અંગે બહાર



પાડેલ જાહેરનામા અનુસંધાને ગોંડલ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ગોંડલ જે.કે. ચોક સુવાસ હોટલ પાસે ખોડીયાર સીઝન સ્ટોર નામની દુકાનમાં ચેક કરતા બે પુઠાના બોકસ પડેલ હોય જે બોક્સ ખોલી જોતા તેમાંથી પ્લાસ્ટીકની

#### રૂરલ એલસીબીની ટીમે ગોંડલના જે.કે. ચોકમાં દરોડો પાડી ખોડિયાર સીઝન સ્ટોરમાંથી ૬૧ ફિરકા કબ્જે કર્યા

ચાઈનીઝ દોરાની ફીરકી મળી આવી હતી. જેથી સ્ટાફે દુકાનમાં કાઉન્ટર ઉપર બેસેલ શખ્સનું નામ પુછતા ગજેન્દ્ર ઉર્ફે ગોપાલ રમેશ ઉર્ફે પાંચા સદાદિયા (ઉ.વ.૨૬),(રહે. ગોંડલ ભગવતપરા શેરી નં-૧૩/૧૨ પટેલ વાડી સામે) જણાવ્યું હતું.

બાદમાં પોલીસની ટીમે દુકાનમાં પડેલ ચાઈનીઝ દોરાની ફીરકીઓ કુલ-૬૧ રૂ. ૯૧૫૦ ના મુદામાલ સાથે દુકાનદારની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## અવસાન નોંધ

**રાજકોટ:** ખંઢેરા નિવાસી હાલ રાજકોટ ત્રિકમજી તલસી નથવાણીના પુત્ર હસમુખભાઈ નથવાણી, તે સ્વ. ઝવેરભાઈ, સ્વ. વિનોદભાઈના નાનાભાઈ, હરેશ, સંજયના પિતાશ્રી, સ્વ. ચત્રભુજભાઈ જેઠાભાઈ જોબનપુત્રાના જમાઈનું તા.૮/૧૨ના અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તેમજ પીયર પક્ષની સાદડી તા.૧૨ને ગુરૂવારના રોજ ગીતા મંદિર ખાતે જંકશન સ્ટેશન પોલીસ ચોકી પાસે સાંજના ૪-૩૦થી ૫ રાખેલ છે.

**રાજકોટ:** સ્થા.જૈન દશાશ્રીમાળી વરીક દીપકભાઈ બાબુલાલ લાખાણીના પત્ની સ્વ.વીણાબેન દીપકભાઈ લાખાણી તે જેનીલ, નિરાલીના માતુશ્રી તથા કોષાના સાસુ, આરવના નાની, મનીષભાઈ, કોમલબેનના કાકી, સ્વ.પ્રફુલાબેન, નલીનીબેન, સ્વી. વીણાબેનના ભાભી, ગો.વા. મંજુલાબેન, સ્વ. છોટાલાલ આર. પારેખની પુત્રી તેમજ અનીલભાઈ, અશ્વીનભાઈ, બીપીનભાઈ, મુકેશભાઈ, મનીષભાઈ (રીધમ પરીવાર)ના બહેન તથા સોનલબેન, અતુલભાઈ કોટકના વેવાણ તા.૭ના અરીહંત ચરણ પામેલ છે પ્રાર્થનાસભા તા.૧૨ના સવારે ૧૦-૩૦થી ૧૨ સ્વામીનારાયણ મંદિર યોગી સભા ગૃહ કાલાવડ રોડ, રાજકોટ રાખેલ છે.

**કોડીનાર:** નિરૂપમ નાથાલાલ શાહ (ઉ.૫૭) તે અશોકભાઈ શાહ, જયુબેન નાથાલાલ શાહ (વેરાવળ) કુસુમબેન ભરતભાઈ શાહ (મુંબઈ)ના નાનાભાઈ, નીશીબેનના પિતાજી, ગીરીશભાઈ નટવરલાલ શાહ (કોડીનાર ટાયર) તથા પંકજભાઈ નટવરલાલ શાહના બનેવીનું તા.૯ના અવસાન થયું છે. બેસણું તા.૧૨ના ૪થી ૬ વિસા સોરઠીયા વાડીમાં રાખેલ છે.

**ચલાલા:** ચલાલાના વતની હાલ સુરત રહેતા ચંપાબહેન હરીલાલ સોઢા (ઉ.૮૬) તે સ્વ. હરીલાલ જસરાજભાઈ સોઢાના પત્ની, કાંતીલાલ જસરાજભાઈ સોઢાના ભાભી, ચંદ્રેશભાઈ હરીલાલ સોઢાના માતુશ્રી તેમજ પીયુષભાઈ, નિલેષભાઈના ભાભુ અને ધાર્મિકના બાનું અવસાન તા.૭ના થયું છે. બેસણું તા.૧૨ના સાંજે ૪થી ૬ લોહાણા મહાજનવાડી ચલાલા રાખેલ છે.

**મોરબી:** પ્રદ્યુમનભાઈ ઉમિયાશંકરભાઈ ઠાકર (ઉ.૮૩) તે કેજસભાઈ, કૌશીકભાઈ, જીજ્ઞાશાબેન વિજયકુમાર ચાંઉના પિતાશ્રી, સ્વયમના દાદાનું તા.૯ સોમવારના રોજ અવસાન થયું છે તેમનું બેસણું તા.૧૨ના સાંજે ૩થી ૫, ઉતરક્રિયા તા.૨૧ શનિવાર સવારે ૯ કલાકે ૮૪, જનકલ્યાણનગર, સામે કાંઠે, મોરબી-૨ ખાતે રાખેલ છે.

**ગોંડલ:** સ્વ. નાનાલાલ દુર્લભજીભાઈ અઢિયા (અઢિયા પંપવાળા)ના પુત્ર તેજસભાઈ (ઉ.૪૮) તે નીતાબેનના પતિ, હસ્તી, કેશવના પિતાશ્રી, હાર્દિકભાઈ, સંગીતાબેનના ભાઈ, અરવિંદભાઈ લાલજીભાઈ તન્ના (જેતપુર)ના જમાઈ, મેહુલભાઈ, કલ્પેશભાઈના બનેવીનું તા.૯ના અવસાન થયું છે. પ્રાર્થનાસભા-સાદડી તા.૧૨ના ૪થી ૬ લોહાણા વિદ્યાર્થી ભવન ૨૨/૯ ભોજરાજપરા ગોંડલ રાખેલ છે.

**ગોંડલ:** રાજેશભાઈ મોહનભાઈ ચૌહાણના પત્ની રસીલાબેન (ઉ.૫૫) તે વિજય, રોહિતના માતુશ્રીનું તા.૧૦ના અવસાન થયું છે. બેસણું તા.૧૨ના ૪થી ૬ તેમના નિવાસ વોરા કોટડા રોડ, જૈન સ્કૂલ પાછળ ગોંડલ રાખેલ છે.

**રાજકોટ:** દાણાપીઠ વાળા જમનાદાસ હરીભાઈ એન્ડ સન્સ તેમજ ગોરધનદાસ હરીભાઈ એન્ડ બ્રધર્સ, માર્કેટીંગ યાર્ડ, રાજકોટવાળા ગુણવંતરાય જમનાદાસ બગડાઈ (ઉ.૮૬) તે નવીનભાઈ, સ્વ. અરવીંદભાઈ, સ્વ. કિશોરભાઈ, બીપીનભાઈ, ભરતભાઈના મોટાભાઈ, અશોકભાઈ, જતીનભાઈ, આશાબેન રાજેન્દ્રકુમાર ભાયાણી (જામનગર), અલ્કાબેન બીપીનકુમાર કાથરાણી (મોરબી)ના પિતાશ્રી તથા સીલેન, ડેવીન, યશના દાદા તેમજ દેવર્ષ, આહાન, આધ્યાના પરદાદા, સ્વ. અમૃતલાલ મોરારજીભાઈ સેજપાલ, સ્વ. ભુપતભાઈ, જયંતિલાલના બનેવી તા.૯ના શ્રીજીચરણ પામેલ છે પ્રાર્થનાસભા તા.૧૨ના રાષ્ટ્રીયશાળામાં સાંજે ૪-૩૦થી ૫-૩૦ રાખેલ છે. પીયરપક્ષની સાદડી સાથે છે.

**રાજકોટ:** મોઢવણિક ઓરિસ્સા શોરો નિવાસી, હાલ રાજકોટ પદમાબેન ભગવાનલાલ વોરા (ઉ.૮૫) તે કમલભાઈ, કિરણભાઈ, નીતાબેન, બીનાબેન, ગીતાબેનના માતુશ્રી, મહેશભાઈ, જયેશભાઈ, સ્વ. કલ્પેશભાઈ, ભાવેશભાઈના કાકી, આદીત્યના દાદી, કાશ્મીરાબેન, સોનાબેનના સાસુ તા.૧૦ના શ્રીજીચરણ પામેલ છે બેસણું તા.૧૨ના ૪થીપ મોઢવણીક વિદ્યાર્થી ભવન, ૫-રજપુતપરા, રાજકોટ રાખેલ છે. કમલભાઈ ૭૯૮૧૬ ૧૮૨૨૩, કિરણભાઈ ૭૯૮૪૨ ૩૭૪૨૩.

**રાજકોટ:** સ્વ. યશવંતભાઈ નારણભાઈ ભાલીયાના પત્ની સ્વ. દીનાબેન યશવંતભાઈ ભાલીયા તે કિશોરભાઈ નારણભાઈ ભાલીયાના ભાભી અને સ્વ. મનીષભાઈ, રજનીશભાઈ, પ્રશાંતભાઈ ભાલીયાના માતુશ્રી તા.૧૦ના રોજ શ્રીજીચરણ પામેલ છે. બેસણું તા.૧૨ના રામ મંદિર રામનગર, ગોંડલ રોડ, ખાતે ૩થી ૫ રાખેલ છે.

**રાજકોટ:** સો.શ્રીગૌડ મા. બ્રાહ્મણ મુળ પલાસવા હાલ રાજકોટ નિવાસી સ્વ. ઈશ્વરલાલ જીવનલાલ દવેના પૌત્ર અક્ષત સમીરભાઈ દવે (ઉ.૧૯) તે સ્વ. વાસુદેવભાઈ, ગીરીશભાઈ તથા સ્વ.કિશોરભાઈના ભત્રીજા સમીરભાઈ તથા દીપાબેનના પુત્ર, શૈલેષભાઈ (સો.શ્રીગૌડ પ્રમુખ રાજકોટ) મીનાબેન, કિરણબેન, માલતીબેન, અંજુબેનના નાનાભાઈના પુત્ર, સ્વ. શશીકાંત રતિલાલ ભટ્ટના દોહિત્ર, જતીનભાઈ, ભાવિકભાઈના ભાણેજ, રૂત્વી, મહેક, અંશના ભાઈનું તા.૯ના અવસાન થયું છે. પ્રાર્થનાસભા તા.૧૨ના ૪થી ૬ શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર, જનકપુરી મેઈન રોડ, ગંગોત્રી ડેરી વાળી શેરી, સાધુ વાસવાણી રોડ, રાજકોટ રાખેલ છે.

**રાજકોટ:** મ.ક.સ.સુતાર જ્ઞાતિના મુળ હડીયાણા વાળા હાલ રાજકોટ નિવાસી સ્વ. મંગળાબેન ધીરજલાલ સરવૈયા (ઉ.૬૪) તે ધીરજલાલ નાથાલાલ સરવૈયાના પત્ની, સ્વ. ડો. અમૃતલાલ, સ્વ. નટવરલાલ (પાચીયાવાળા)ના ભાઈના પત્ની, સ્વ. પ્રભુદાસભાઈ, વિનોદભાઈના ભાભી, યોગેશભાઈ, કૌશીકભાઈ, રૂપાબેન ભાવેશકુમાર હિરડેકરના માતુશ્રી, કસ્તુરબા ધામ ત્રંબા વાળા સ્વ. છગનભાઈ હિરજીભાઈ સોલંકીના પુત્રી, સ્વ. મનસુખભાઈ, નટુભાઈ, નાનુભાઈ, સ્વ. ચંદુભાઈ, બીપીનભાઈના બહેન તા.૭ના શ્રીજીચરણ થયેલ છે. ઉઠમણું-પીયર પક્ષની સાદડી તા.૧૨ના ૪થી ૫ ધારેશ્વર મહાદેવ મંદિર ભકિતનગર સર્કલ પાસે રાજકોટ રાખેલ છે. મો.૯૯૧૩૦ ૮૫૩૮૩.

**ધ્રોલ:** ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ અરવિંદભાઈ લાભશંકર ઠાકર (ઉં. વ ૭૮) તે કેતનભાઇ ઠાકર, હર્ષાબેન અજયભાઈ પંડ્યા ભાવનગર, હીનાબેન રાજેશભાઈ ત્રિવેદી અમદાવાદ, નેહાબેન દેવેન્દ્રભાઈ પંડ્યા સુરત ના પિતાશ્રી તથા સ્વ મહેશ્વરભાઈ પ્રભાશંકર રાવલ મીઠાપુરના જમાઈ નું તા. ૧૦ ના રોજ અવસાન થયેલ છે સતગતનું બેસણું તા.૧૨ને ગુરુવારે સાંજે ચાર થી છ ઔદિચ્ય બ્રહ્મપુરી, સતવારા ના ચોરા પાસે, ધ્રોલ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ.ચુનીલાલ મથુરાદાસ કોટકનું અવસાન તા.૧૦ થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૨ને ગુરૂવારેના રોજ વિસાવદર ગાયત્રી મંદિર ડોબરીયા પ્લોટ ખાતે સાંજે ૪ થી ૫ કલાકે રાખેલ છે.તે વિપુલભાઈ પોબારી ડો.નિકુંજભાઈ કોટેચાના સસરા તથા રૂપા બેન વિપુલભાઈ પોબારી અને ડો.શ્વેતાબેન નીકુંજ કુમાર કોટેચાના પિતાશ્રી થાય.

**રાજકોટ:** રાજકોટ નિવાસી કંસારા વલ્લભદાસ કરશનદાસ કાગડા (વાંકાનેર વાળા)ના પુત્ર કંસારા નટવરલાલ વલ્લભદાસ કાગડાના ધર્મપત્ની કંસારા મધુબેન નટવરલાલ (ઉ.વ.૬૩) તા.૧૦ને મંગળવારના રોજ શ્રી ઠાકોરજી ચરણ પામેલ છે.સદ્ગતનું બેસણું તા.૧૨ના ગુરૂવારે સાંજે ૪.૩૦ થી ૬ કલાકે કંસારા મહાજન વાડી લોહાણા પરા રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી વિનોદચંદ્ર નાગજીભાઈ પુજારા (ઉ.વ.૮૬) (એનઆઈસી વાળા) તે દમયંતીબેન વિનોદચંદ્ર પુજારાના પતિ,રમેશચંદ્ર નાગજીભાઈ પુજારાના નાનાભાઈ, તેમજ સ્વ.કાનજીભાઈ નાગજીભાઈ પુજારાનાં મોટા ભાઈ, આશાબેન રાજેશકુમાર આહ્યા, ઉર્મિબેન સંજય કુમાર સોમાણી, તેમજ અવનીબેન અંકિત કુમાર તન્નાનાં પિતાજી, અને સ્વ.ધનજીભાઈ દેવચંદભાઈ રતાણીના જમાઈ, શ્રીજી ચરણ પામેલ છે.તેમનું બેસણું તેમજ સસરાપક્ષની સાદડી ગુરૂવાર તા.૧૨ના રોજ સાંજે ૫ થી ૬ સવન સિગ્નેટનાં હોલમાં, તુલસી સુપર માર્કેટ સામે રૈયા રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** જમનાદાસ પ્રેમજીભાઈ પરમાર આજરોજ તા.૧૦ના રોજ અવસાન પામેલ છે. તે દિપક તથા જીગ્નેશભાઈના પિતાશ્રી અને ભાવનાબેન પ્રવિણાબેન અને દક્ષાબેનના પિતાશ્રી થાય

**રાજકોટ :** બ્રહ્મક્ષત્રિય રમેશ પ્રભુદાસ પડિયા ના ધર્મપત્ની ભારતીબેન તે રવિનભાઈ તેમજ પૂજાબેન ના માતૃશ્રી તે જામનગર નિવાસી સ્વ.રતિલાલ નંદરામ ના દીકરી નું ૧૧ ને બુધવાર ના રોજ અવસાન થયેલ છે, સ્વર્ગસ્થ ની પ્રાર્થનાસભા તા.૧૨/૧૨/૨૦૨૪ ગુરુવાર ના રોજ બપોરે ૪ થી ૫, સ્થળ : સ્વામિનારાયણ મંદિર, પોડ્યમ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ.કિરણબેન ગીરીશભાઈ સેદાણી (ધોરાજી વાળા હાલ રાજકોટ ઉ.વ.૬૬) તે ગીરીશભાઈ કેશવજીભાઈ સેદાણીના ધર્મપત્નિ તથા હિરેનભાઈ, નીશાબેન, કોમલબેનના માતૃશ્રી તેમજ વૈશાલીબેન તથા પ્રિતેશભાઈના સાસુનું અવસાન થયેલ છે.સદ્ગતનું બેસણું તા.૧૨ને ગુરૂવાર સાંજે ૪ થી ૫ રાજ રાજેશ્વર મહાદેવ મંદિર સંતોષ પાર્ક સ્ટર્લીગ હોસ્પિટલની પાછળ નાણાવટીચોકમાં રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષની સાદળી સાથે રાખેલ છે.

**જામ ખંભાળિયા:** ભાણવડ નિવાસી સ્વ. ગુલાબભાઈ કાકુભાઈ દતાણીના ધર્મપત્ની ધીરજબેન (ઉ.વ. ૮૫) તે પરેશભાઈ, હરીશભાઈ, મીનાબેન, ભાવનાબેન, દક્ષાબેન અને શોભનાબેનના માતુશ્રી તથા ગોપાલભાઈ અને કાજલબેનના દાદી, દિવ્યાબેન કોટેચા અને દીપુબેનના ભાભુ, મણિલાલ દેવરામ રાડીયાના બહેન તેમજ પરેશભાઈ (ખંભાળિયા)ના સાસુ તારીખ ૧૧ મી ના રોજ અવસાન પામ્યા છે. તેમનું ઉઠમણું તથા પિયર પક્ષની સાદડી ગુરુવાર તારીખ ૧૨ ના રોજ સાંજે ચાર થી સાડા ચાર ભાઈઓ તથા બહેનો માટે લોહાણા મહાજન વાડી, પોરના નાકે, ભાણવડ ખાતે રાખવામાં આવેલ છે.


### દુઃખદ અવસાન/બેસણું
ધોરાજી



**ગૌ.વા. લાભુબેન જીવરાજભાઈ રાખોલીયા**

ગૌ. વા. તા. ૦૮.૧૨.૨૦૨૪, રવિવાર (ઉ.વ. ૯૧) ધોરાજી

ધોરાજી નિવાસી લાભુબેન જીવરાજભાઈ રાખોલીયા (ઉ.વ. ૯૧) નું તારીખ ૦૮.૧૨.૨૦૨૪ને રવિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સદ્ગતનું બેસણું : તા. ૧૨.૧૨.૨૦૨૪ ને ગુરૂવારના રોજ સમય : ૩.૦૦ થી ૫.૦૦ કલાકે, સ્થળ : લેઉવા પટેલ સમાજ, વિભાગ-૧, પહેલો માળ, જમનાવડ રોડ, ધોરાજી ખાતે રાખેલ છે.

લિ.
ગૌ. વા. કાંતિભાઈ જીવરાજભાઈ રાખોલીયા
ગૌ. વા. પંકજભાઈ જીવરાજભાઈ રાખોલીયા
કેતનભાઈ જીવરાજભાઈ રાખોલીયા - મો. ૯૩૨૮૦ ૦૫૨૮૯
મિતભાઈ પંકજભાઈ રાખોલીયા - મો. ૭૭૭૭૯ ૩૫૩૭૭
સમસ્ત રાખોલીયા પરિવારના જયશ્રી કૃષ્ણ...


સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, અમારા અસીલ **શ્રી જીવણભાઈ રામનાથભાઈ પરમાર,** ધર્મે-હિન્દુ, ઉ.વ.૬૭, ધંધો : મજુરી, રહે. તરઘડી તા. પડધરી જી. રાજકોટ. મો. નં. ૯૯૦૯૫ ૪૧૯૨૯એ તેમના **માતા રાજુબેન રામનાથભાઈ પરમાર**નું મરણ **તા.૧૪/૦૨/૨૦૨૨**ના રોજ **પડધરી** તાલુકાના ગામ **તરઘડી**માં થયેલ હોય જેથી તેમના મરણ અંગેની નોંધ **તરઘડી** ગ્રામ પંચાયતમાં કરવા સારૂ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને નાયબ કલેકટર શ્રી રાજકોટ (ગ્રામ્ય)ની કોર્ટ, જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ રાજકોટમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) હેઠળ નામ રજીસ્ટરમાં નોંધ કરવા અરજી કરેલ છે. જેની સામે કોઇને પણ વાંધો હોય તો આધાર પુરાવા સાથે ઉપરોક્ત કચેરીમાં આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૩૦માં રજુ કરવા જણાવવામાં આવે છે.

સ્થળ : પડધરી તા. ૧૦/૧૨/૨૦૨૪

**રવિન્દ્રસિંહ એસ. જાડેજા**
(એડવોકેટ એન્ડ નોટરી)
(૯૪૨૭૫૧૦૭૧૪)
**જે.વિ.ઝાલા**
(એડવોકેટ એન્ડ નોટરી)
(૯૩૭૬૦ ૬૬૩૬૬)

# મહાકુંભ નિમિતે પ્રયાગરાજમાં બની રહી છે ૫૫૦૦૦ સ્કવેર ફુટમાં વિશ્વની સૌથી મોટી રંગોળી

ઉત્તરપ્રદેશમાં પ્રયાગરાજમાં ૧૩ જાન્યુઆરીથી શરૂ થતા મહાકુંભ નિમિતે વિશ્વની સૌથી મોટી રંગોળી બનાવવામાં આવી રહી છે. પંચાવન હજાર સ્કવેર ફીટના વિસ્તારમા બની રહેલી આ રંગોળી માટે કુલ ૧૧ ટન ઈકોફ્રેન્ડલી રંગોનો ઉપયોગ થઈ રહ્યો છે. આ રંગોળીમાં મહાકુંભના પવિત્ર માહોલને અનુરૂપ આધ્યાત્મિકતા, એકતા અને ભક્તિનું નિરૂપણ કરવામાં આવી રહ્યું છે. ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક અને કળાત્મક વારસાનું પ્રદર્શન કરતી આ રંગોળી મહાકુંભનું આકર્ષણ બની રહેશે.




## CHANGE OF NAME

I undersigned **Lalitbhai Devrajbhai Vachhani** declare that I have changed my name from **Lalitkumar Devraj Vachhani** to **Lalitbhai Devrajbhai Vachhani** and now & onwards I will be known as **Lalitbhai Devrajbhai Vachhani**

Lalitbhai Devrajbhai Vachhani
Dt. 10-12-2024, Rajkot

### રાજસ્થાનમાં સરકારી ઈવેન્ટમાં...

# ચાલુ કાર્યક્રમમાં મુખ્યમંત્રી નીકળી જતા સોનુ નિગમ ભડકયો- આ માઁ સરસ્વતીનું અપમાન

## જો તમારે નીકળી જવું હોય તો આવા કાર્યક્રમમાં આવવું જ ન જોઈએઃ સોનુ

જયપુર તા.૧૧

સોનુ નિગમ રાજકારણીઓ પર ભડકયો છે. તેણે નેતાઓને કહ્યું છે કે તમારે કોઈ કલાકારના કાર્યક્રમની વચ્ચેથી જ જતું રહેવું હોય તો એ કાર્યક્રમમાં આવવું જ નહીં. સોનું કહે છે કે આમ કરીને તમે કલાકારનું અને મા સરસ્વતીનું અપમાન કરો છો.



વાત રાજસ્થાનની છે જયાં સોનુએ 'રાઈઝીંગ રાજસ્થાન' નામની સરકારી ઈવેન્ટમાં પર્ફોર્મ કર્યુ હતું. એ ઈવેન્ટમાં રાજસ્થાનના મુખ્ય પ્રધાન ભજનલાલ શર્મા તથા તેમના અન્ય મિનિસ્ટરો ઉપસ્થિત હતા તથા વિશ્વભરના ડેલિગેટસ હતા.

મુખ્ય પ્રધાન ભજનલાલ શર્મા સોનુના કાર્યક્રમની વચ્ચેથી ઉભા થઈને નીકળી ગયા હતા અને તેમની સાથે તેમના મિનિસ્ટરો તથા ડેલિગેટસ પણ ઉભા થઈ ગયા હતા. સોનુ નિગમે આ સંદર્ભે ઈન્સ્ટાગ્રામ પર એક વિડીયો પોસ્ટ કરીને નારાજગી વ્યક્ત કરી છે. તેણે કહ્યું છે, 'મારી તમને બધાને એક વિનંતી છે. તમારે વચ્ચેથી જતા જ રહેવું હોય તો આવો જ નહીં. અથવા કાર્યક્રમ શરૂ થાય એ પહેલાં જતા રહો. કલાકારના પર્ફોર્મન્સની વચ્ચે તમે જાઓ એ અનાદર છે, સરસ્વતીનું આ અપમાન છે.' સોનુએ ત્યારબાદ રાજકારણીઓને ટોણો મારતાં કહ્યું છે કે 'તમને ઘણું કામ હોય છે, તમારે ઘણી જવાબદારીઓ સંભાળવાની હોય. કોઈ શોમાં તમારે ટાઈમ વેસ્ટ ન કરવો જોઈએ.'

**પશ્ચિમ રેલવે- રાજકોટ ડિવિઝન**
**એન્જિનિયરિંગ કાર્ય**

ટેન્ડર સૂચના નં : **M-2024-9-F-Ext-R-H-O** તારીખ **27.11.2024.** (i) કામનું નામ : 3 વર્ષના સમયગાળા માટે [illegible] નિરીક્ષણ, [illegible] પરીક્ષણ, [illegible] અધિકારક્ષેત્ર [illegible]. (ii) અંદાજિત કિંમત: ₹22,72,934.40 (iii) અર્નેસ્ટ મની: ₹45,500/- (iv) ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય : ટેન્ડર 26.12.2024 ના રોજ 15.00 કલાક સુધી અને 26.12.2024 ના રોજ 15.30 કલાકે ખોલવામાં આવશે. (v) ઓફિસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાય છે અને નોટિસ બોર્ડનું સ્થાન, વેબસાઈટ વિગતો : ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિનિયરિંગ), પશ્ચિમ રેલવે, [illegible], રાજકોટ - 360001, www.ireps.gov.in 132

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. [illegible] એડી. સિવીલ જજ શ્રી [illegible] સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. [illegible]/૨૦૨૪ અરજદાર [illegible] વિનોદકુમાર ગાંધી [illegible] ગુજરનાર શ્રીમતી યામીની વિનોદકુમાર ગાંધી [illegible]:- (૧) [illegible] 50% UNDI VED SHARE OF DECEASED YAMI NI VI NODARI GANDHI IN FLAT NO. 203 OF SECOND FLOOR IN BULIDING KNOW AS "ADARSH TOWER" ADARSH VIHAR COMPLEX OFF MARVE ROAD MALAD (W) MUMBAI-400064. TALUKA: BORIVALI, ADM 1000 SQ FTS, SUPER BULIDUP, C.T.S. NO. 69,69/A, VALANI VILLAGE, TALUKA BORIVALI [illegible] FRANKL IN INDIA FOCUSED EQUITY-D FOLIO NO. 2729903149973 [illegible] TARA-BARODA BNP PARI BAS ELESS FUND-I DCWPAYOUT FOLIO NO. 10522901/0 [illegible]

[illegible] ૧૬/૧/૨૦૨૫ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા. ૧૦/૧૨/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર (એન.એસ.ચાવડા) આસીસ્ટન્ટ — કોર્ટનો સીકકો — હુકમથી (જે.જે.ચાવડા) રજીસ્ટ્રાર

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. સાતમાં એડી. સિવીલ જજ શ્રી [illegible] સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. [illegible]/૨૦૨૪ અરજદાર નં. (૧) **જય શૈલેન્દ્રભાઈ ચોકસી, (૨) સ્નેહાબેન શૈલેન્દ્રભાઈ ચોકસી** [illegible] **ચોકસીના** [illegible] નીચે મુજબની [illegible]

**મિલ્કત નં. ૧** રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અને સબ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ [illegible] આવેલ [illegible] પૈકી, [illegible] ૧૪૦૨, [illegible] **શ્રી** [illegible] **સોસાયટી** [illegible] ઇમારત [illegible] પ્લોટ નં. [illegible] ચો.વા.આ. [illegible] ૪૨ સહિતનું મકાન આવેલ છે.

**મિલ્કત નં. ૨** રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ [illegible] વિસ્તારમાં [illegible] નં. ૧૯[illegible] **કોમ્પ્લેક્ષ** [illegible] માંહેના [illegible] બિલ્ટઅપ [illegible] આવેલ છે.

સદરહુ અરજી [illegible] **અરૂણભાઈ ચોકસી** [illegible] અવસાન [illegible] તેમના [illegible] ગુજરનાર [illegible] નામ [illegible] **શ્રી કિરણ** [illegible] **તથા નિરવ** [illegible] ઉપરોક્ત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. જે સંબંધે કોઇ વ્યક્તિને કોઇ વાંધો તકરાર હોય તો તેમણે મુદત તા. ૨૨/૧/૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા. ૧૦/૧૨/૨૦૨૪ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

તૈયાર કરનાર (પી.પી.કારીયા) આસીસ્ટન્ટ — કોર્ટનો સીકકો — હુકમથી રજીસ્ટ્રાર સિવીલ કોર્ટ, રાજકોટ

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
૧લો માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં.૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર. ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

## જાહેર નોટીસ

પરચૂરણ અરજી નં.૫૩૯/૨૦૨૪

શ્રી શાંતુબેન શંભુભાઈ છાયાણી
રહે.આદમજી રોડ, રામપરા, જસદણ
તા.જસદણ, જિ.રાજકોટ ...અરજદાર

વિરૂધ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને નગરપાલિકા, જસદણ, તા.જસદણ ...સામાવાળા

વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારના પુત્રીશ્રી મનીષાબેન શંભુભાઈ છાયાણી વા/ઓ. પ્રકાશભાઈ રાદડીયાનો જન્મ તા.૧૫-૦૫-૧૯૭૫ના રોજ જસદણ તાલુકાના જસદણ ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૩૧/૧૨/૨૦૨૪ના રોજ બપોરના ૩.૦૦ કલાકે હાજર રહેવુ. તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૦/૧૨/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
૧લો માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં.૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર. ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

## જાહેર નોટીસ

પરચૂરણ અરજી નં.૫૪૧/૨૦૨૪

શ્રી વિઠલભાઈ નથુભાઈ બરવાળીયા
રહે. વિરનગર, તા.જસદણ, જિ.રાજકોટ ...અરજદાર

વિરૂધ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, વિરનગર, તા.જસદણ ...સામાવાળા

વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારના ભાઈશ્રી મનસુખભાઈ નથુભાઈ બરવાળીયાનો જન્મ તા.૦૫-૦૮-૧૯૬૧ના રોજ જસદણ તાલુકાના વિરનગર ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૩૧/૧૨/૨૦૨૪ના રોજ બપોરના ૩.૦૦ કલાકે હાજર રહેવુ. તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૦/૧૨/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
૧લો માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં.૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર. ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

## જાહેર નોટીસ

પરચૂરણ અરજી નં.૫૩૦/૨૦૨૪

શ્રી બાબુભાઈ લીંબાભાઈ ચૌહાણ
રહે.નવાગામ, તા.જસદણ, જિ.રાજકોટ ...અરજદાર

વિરૂધ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, નવાગામ, તા.જસદણ ...સામાવાળા

વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારના પુત્રીશ્રી ભાવનાબેન બાબુભાઈ ચૌહાણનો જન્મ તા.૧૫-૦૨-૧૯૮૯ના રોજ જસદણ તાલુકાના નવાગામ ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૧૭/૧૨/૨૦૨૪ના રોજ બપોરના ૩.૦૦ કલાકે હાજર રહેવુ. તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૨/૧૨/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — **સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ**

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. બીજા એડી. સીવીલ જજ શ્રી કું. વિનતી હીરાલાલ સાહેબની કોર્ટની દિ.પ.અ.નં. ૨૬૧૩/૨૦૨૪ના કામમાં અરજદારો (૧) ભાનુબેન શામજીભાઈ ફીચડીયા, રહે. ઘુંટું, ઘુનતુ, મોરબીવાળા (૨) હીનાબેન સંજયભાઈ સોની રહે. સોનીપા શેરી, લીંબડી, સુરેન્દ્રનગરવાળાએ ગુજરનાર શામજીભાઈ છગનભાઈ ફીચડીયાની આ સાથેના શેડયુલવાળી મીલ્કત કે જે ગુજરાત રાજયના સબડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેરના કેવડાવાડી તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલ કેવડાવાડી શેરી નં.૨૧માં અઘાટ લેખ નં.૪૬૮, તા.૧૨.૦૯.૪૨ પૈકી જમીન ચો.વા.આ. ૨૦૦-૦-૦, ચો.મી.આ. ૧૬૬-૦-૦ની જમીન ઉપરના 'દ્વારકાધીશ એપાર્ટમેન્ટ'ના નામથી ઓળખાતા બીલ્ડીંગના સેકન્ડ ફ્લોર ઉપર આવેલ ફ્લેટ નં.૨૦૨, જેનો બીલ્ટઅપ એરીયા ચો.ફુ.આ. ૩૫૦-૦૦ ચો.મી.આ. ૩૨-૫૨ (જેના સીટી સર્વે વોર્ડ નં.૧૧, સીટી સર્વે નં. ૬૬૧, ૬૬૨, ૬૬૩) છે જે ફ્લેટનું વારસા સર્ટીફીકેટ મેળવવા અરજદારે તેમના **એડવોકેટ બ્રિજેશ ચૌહાણ** મારફતે ઉપરોકત દિ.પ. અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ હોય સદરહું અરજી સબંધે જે કોઈને વાંધો, તકરાર હોય તો તેમને અત્રેની કોર્ટ સમક્ષ મુદત તારીખઃ ૧૩/૦૧/૨૦૨૫ના રોજ સવારના ૧૦-૩૦ કલાક સુધીમાં રજુ કરવા તથા રૂબરૂ હાજર રહેવું તેમજ સદરહું મીલ્કત સબંધે જો કોઈ વાંધા, તકરાર રજુ નહી થાય તો આગળની કાર્યવાહી માટે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખઃ ૧૦/૧૨/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (બી.ડી. મકવાણા) આસીસ્ટન્ટ — કોર્ટનો સીકકો — હુકમ (જે.જે.ચાવડા) રજીસ્ટ્રાર

## પ્રમુખ ઈન્ડસ્ટ્રીયલ શેડ વેચવાના છે

સર્વે નં.૨૩૨, કર્મ યોગી ઈન્ડસ્ટ્રીઝ, પટેલ સમાજ પાસે, **વેરાવળ-રાજકોટ**

સંપર્કઃ ૯૯૧૩૭ ૪૦૮૯૦ / ૯૬૮૭૬ ૮૯૪૩૩ / ૮૨૦૦૩ ૬૨૩૭૩

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ગોંડલની કોર્ટ સમક્ષ**
'તાલુકા સેવા સદન' ૨૧, સ્ટેશન પ્લોટ, ગોંડલ.
ફોન : ૦૨૮૨૫-૨૨૦૦૦૮

ન.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ.
નં. **૨૨૪/૨૦૨૪**

તા.૦૩/૧૨/૨૦૨૪

## જાહેર નોટીસ

શ્રી પરબતભાઇ જીવરાજભાઇ વેકરીયા મું. મોટાદડવા, તા. ગોંડલ ...અરજદાર

**વિરૂધ્ધ**

રજિસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ-મંત્રીશ્રી, મોટાદડવા ગ્રામ પંચાયત કચેરી, તા. ગોંડલ જી. રાજકોટ ...સામાવાળા

**વિષય : જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ**

આ જાહેર નોટીસથી લાગતા-વળગતાઓને જાણ કરવામાં આવે છે કે **અરજદારશ્રીના માતુશ્રી ઉજીબેન જીવરાજભાઇ વેકરીયાનું અવસાન તા. ૨૫/૧૨/૧૯૬૪**ના રોજ **મોટાદડવા** મુકામે થતાં તેમના **અવસાન**ની નોંધ જે-તે વખતે સામાવાળાનાં **અવસાન** રજીસ્ટરે થઇ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહુ હુકમ થવા સામે જે કોઇને વાંધો-તકરાર હોય તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે **તા.૦૨/૦૧/૨૦૨૫ના રોજ ૧૧:૦૦ કલાકે પ્રાંત કચેરી, 'તાલુકા સેવા સદન', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ ખાતે** હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / તમો સામાવાળા જે કોઇ આધાર-પુરાવા રજુ કરવા માંગતા હોય તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઇ કહેવાનું નથી તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે જાણશો.

આજ તા. ૦૩/૧૨/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ ગોંડલ

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૬માં એડી. સીનીયર સીવીલ જજ **શ્રી એસ.વી.મુદલીયાર** સાહેબની કોર્ટ સમક્ષ **રે.દિ.કેસ. નં.-૨૪૭/૨૦૦૮**ના કામના વાદી **ગુજરનાર ગણેશભાઇ ખોડાભાઇ પટેલ/સખીયાના કાયદેસરના સીધી લીટીના વારસદાર દરજજે લાભુબેન ગણેશભાઇ પટેલ/સખીયા,** રહે. વર્ષા, જલારામ-૪, યુનિવર્સિટી રોડ, ચંદ્રમૌલેશ્વર મંદિર પાસે, રાજકોટવાળાએ આ કામના પ્રતિવાદીઓ (૧) દાનાભાઇ મેરામભાઇ કુવાડીયા, રહે. નવાગામ, (આણંદપર) તા. જી. રાજકોટ તેમજ ઠે. રાજરાજેશ્વરી સોસાયટી, ૨ માળના પીળા કલરના મકાન પાછળ, રામાપીર ચોકડીથી આગળ, રૈયા, રાજકોટ (૨) રમેશભાઇ કરમશીભાઇ અણદાણી રહે. ૧૦-રણછોડનગર, રાજકોટ તેમજ (૩) મુખ્ય સચીવ શ્રી-ગુજરાત રાજય નોટીસ થ્રુ ડી.જી.પી. રાજકોટ (૪) કલેકટર શ્રી-રાજકોટ (૫) ૧. ચેતનભાઇ, ૨. રાજુભાઇ, ૩. જયેશભાઇ, ૪. ધનજીભાઇ, ૫. પરેશભાઇ, ૬. શૈલેષભાઇ, ૭. પરેશ અનંતરાય શેઠ, ૮. તેજસભાઇ મોહનભાઇ ટાંક, ૯. ઇન્દુબેન ભીમજીભાઇ ચૌહાણ, બધા ઠે. રાજરાજેશ્વરી પાર્ક, પ્લોટ નં. ૧૦ થી ૧૬, રૈયા રાજકોટ વાળા સામે વિજ્ઞાપન તથા કાયમી મનાઇ હુકમ મેળવવા અંગેનો દાવો દાખલ કરેલ છે. જેમાં પ્રતિવાદી નં. (૧) દાનાભાઇ મેરામભાઇ કુવાડીયા, રહે. નવાગામ, (આણંદપર) તા.જી.રાજકોટ તેમજ ઠે. રાજરાજેશ્વરી સોસાયટી, ૨ માળના પીળા કલરના મકાન પાછળ, રામાપીર ચોકડીથી આગળ, રૈયા, રાજકોટ (૨) રમેશભાઇ કરમશીભાઇ અણદાણી રહે. ૧૦-રણછોડનગર, રાજકોટ (૫) ૧. ચેતનભાઇ, ૨. રાજુભાઇ, ૩. જયેશભાઇ, ૪. ધનજીભાઇ, ૫. પરેશભાઇ, ૬. શૈલેષભાઇ, ૭. પરેશ અનંતરાય શેઠ, ૮. તેજસભાઇ મોહનભાઇ ટાંક, ૯. ઇન્દુબેન ભીમજીભાઇ ચૌહાણ, બધા ઠે. રાજરાજેશ્વરી પાર્ક, પ્લોટ નં. ૧૦ થી ૧૬, રૈયા રાજકોટવાળાને નામદાર કોર્ટની નોટીસની બજવણી અવારનવાર કરવા છતાં જાણી જોઇને નોટીસની બજવણી કરવા દેતા નથી જેથી આ જાહેર નોટીસથી જાણ કરવાની કે ઉપરોકત રે. દિવાની કેસ નં. ૨૪૭/૨૦૦૮ની નામદાર કોર્ટમાં હવે પછીની મુદત તા. ૩૦/૧૨/૨૦૨૪ છે જેથી જો પ્રતિવાદી નં. ૧,૨, તેમજ ૫ ના ને કંઇ કહેવા માગતા હોય તો તેમણે મુદત અથવા માન્ય પ્રતિનીધી દ્વારા હાજર રહેવું અને પોતાનો બચાવ રજુ કરવા માંગતા હોય તો તેમણે મુદત તા. ૩૦/૧૨/૨૦૨૪ના સવારના ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં પોતે રૂબરૂ અથવા માન્ય પ્રતિનીધી દ્વારા હાજર રહેવું અને પોતાનો બચાવ રજુ કરવો અન્યથા ગેરહાજર રહેથી પ્રતિવાદી નં. ૧,૨ તથા ૫ ના સામે એકતરફી કેસ ચલાવવાનો હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટપણે નોંધ લેશો.

આજ તારીખ ૦૯ માહે ડિસેમ્બર સને ૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર આર.એમ.દાણીધારીયા) આસીસ્ટન્ટ — કોર્ટનો સીકકો — હુકમથી રજીસ્ટ્રાર સહી અવાચ્ય પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ રાજકોટ

## ફલેટ વેચવાનો છે

શિવસંગમ સોસાયટી, ૧૫૦ ફુટ રીંગ રોડ,રાજકોટ

**4 BHK** 1400 કારપેટ

સંપર્ક : જીતુ કોઠારી 82385 08551

બ્રાન્ડ ન્યુ બિલ્ડીંગ

## VEHICLE FOR SALE

VEHICLE MODEL
**MARUTI EECO 5 STR AC CNG**
Model : 2022 • Reg No. GJ-11-CH-7312

**IndusInd Bank**
2nd Floor, Business Empire -5, New Jagnath Plot, Opp. R.K.C. College, Rajkot-360001
ABHIJEETBHAI GOHEL : 98795 89009

## જાહેર નોટીસ

આથી હું ગૌરવભાઈ જે.વિષ્ણુસ્વામી (એડવોકેટ) તે અમારા અસીલશ્રી TISZA SOLAR PRIVATE LIMETED ની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત-29 વર્ષ અને 11-માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકક હિત હોય, બોજો, ચાર્જ, લીયન,ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીનો માટેના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોઈ કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-07 નો (સાતમાં) નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ-7 નો સમય વિત્યા બાદ કોઈના આ અંગે હરકત, વાંધા તકરાર સરખું નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિં જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

ગુજરાત રાજયનાં રાજકોટ જીલ્લાનાં વિંછીયા તાલુકાના મોજે-ગુંદાળા (જસ) ગામના રે.સ.નં.૨૨૯ પૈકીની ૨ ની જમીન હે.૦-૮૦-૯૪ ચો.મી.વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ (૧)કાનાભાઈ ઉકાભાઈ કાળોતરા પાસેથી ભાડાપટ્ટે રાખવા માંગે છે અને લીઝડીડ રજીસ્ટર્ડ કરવા માંગે છે.

તા.૧૧/૧૨/૨૦૨૪ **તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**ગૌરવભાઈ જે.વિષ્ણુસ્વામી (એડવોકેટ)**
મામલતદાર ઓફિસ સામે મું.વિંછીયા તા.વિંછીયા જી.રાજકોટ

## જાહેર નોટીસ

આથી હું ગૌરવભાઈ જે.વિષ્ણુસ્વામી (એડવોકેટ) તે અમારા અસીલશ્રી TISZA SOLAR PRIVATE LIMETED ની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત-29 વર્ષ અને 11-માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકક હિત હોય, બોજો, ચાર્જ, લીયન,ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીનો માટેના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોઈ કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-07 (સાતમાં) નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ-7 નો સમય વિત્યા બાદ કોઈના આ અંગે હરકત, વાંધા તકરાર સરખું નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિં જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

ગુજરાત રાજયનાં રાજકોટ જીલ્લાનાં જસદણ તાલુકાના મોજે-મદાવા ગામના રે.સ.નં.૧૨ પૈકી ૩ ની જમીન હે.૦/૮૦/૯૪ ચો.મી.વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ (૧) શ્રી ભુપતભાઈ ધનજીભાઈ પાસેથી ભાડાપટ્ટે રાખવા માંગે છે અને લીઝડીડ રજીસ્ટર્ડ કરવા માંગે છે.

તા.૧૧/૧૨/૨૦૨૪ **તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**ગૌરવભાઈ જે.વિષ્ણુસ્વામી (એડવોકેટ)**
મામલતદાર ઓફિસ સામે મું.વિંછીયા તા.વિંછીયા જી.રાજકોટ

## જાહેર નિવિદા નં.૧ સને.૨૦૨૪ -૨૫

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાહેંધરી અધિનિયમ - ૨૦૦૫ હેઠળ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાની તમામ ગ્રામ પંચાયતોમાં મનરેગા યોજનાં હેઠળ કરવાપાત્ર માલ-સામાનના કામો અંગે જરૂરિયાત મુજબ શરતોને આધીન માલ-સામાન પૂરૂં પાડવા માલસામાન સપ્લાયની કામગીરી કરતા ઇજારદારો માટે ઇ-ટેન્ડર દ્વારા ટેન્ડર ડોકયુમેન્ટની શરતોએ ભાવો માંગવામાં આવે છે. ટેન્ડર ફી તથા બાનાની રકમ ના ડી.ડી વગેરે સપોર્ટીંગ ડોકયુમેન્ટસ બીડ સબમીશન સાથે ઓનલાઇન ઇલેક્ટ્રોનીક ફોરમેટમાં સ્કેનીંગ કરવાના રહેશે. આવા સ્કેન થયેલા ટેન્ડરો જ ખોલવામાં આવશે. ટેન્ડર વેબસાઇટ tender.nprocure.com પર ટેન્ડર ડાઉનલોડ તથા સબમીશન થઇ શકશે. આ જાહેરાત કરારપત્રનો એક ભાગ ગણાશે. ટેન્ડર એક યા બધા મંજુર કે ના-મંજુર કરવાના હકક સત્તાધિકારીશ્રીને રહેશે. આ ટેન્ડર ઓનલાઈન તારીખ-૧૮/૧૨/૨૦૨૪ થી ૦૭/૦૧/૨૦૨૫ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી ભરી શકાશે.

જિમાક/અમર/૪૨૬/૨૪

## જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવાની કે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ શહેરમાં સમાવેશ કરવામાં આવેલ ગામ રૈયાના રે.સ.નં.૧૮૩/૧ની જમીન એકર ૩-૩૧ ગુંઠાના રહેણાંકના હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા ''શિવ પાર્ક'' તરીકે ઓળખાતા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૭૫ની જમીન ચો.મી.આ.૨૪૭-૪૭ કે જેના ટી.પી.સ્કીમ નં.૨૨ (ડ્રાફ્ટ), ઓ.પી.નં.૫૨, એફ.પી.નં.૫૨/૧ ઉપર બાંધવામાં આવેલ 'રાજ પેલેસ' તરીકે ઓળખાતી બહુમાળી ઈમારત માંહેના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ દુકાન નં.૧ જેના કારપેટ એરીયા ચો.મી.આ.૧૦-૧૫ અમોએ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૩૧૫૨, તા.૧૨/૦૬/૨૦૧૫ થી મીનાબેન રજનીકાંત ગોડાની માલીકી, કબજા ભોગવટાની આવેલ છે, તેઓ પાસેથી સદરહુ મિલ્કતો મારા અસીલે ખરીદ કરવાનું નકકી કરેલ છે.

સદરહું મિલ્કત અંગે કે તેના ઉતરોતર દસ્તાવેજો અંગે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર હોય કે હકક, હિત, હિસ્સો, અગ્રહકક, લીયન વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેલ દિવસ-૮ (આઠ)માં નીચે દર્શાવેલ સરનામે લેખિત આધાર-પુરાવા સાથે જાણ કરવી જો નિયત સમયમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નહી આવે તો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ સમજી મારા અસીલ શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે સદરહું મિલ્કત ખરીદ કરવા અંગેની કાર્યવાહી પુર્ણ કરશે. ત્યારબાદના કોઈના કોઈ પણ પ્રકારના વાંધો તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહિ, જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૧૦/૧૨/૨૦૨૪ **તે વેચનારની સૂચના અનુસાર**

૩૦૯/૧૦, શ્યામલ પ્લાઝા, રૈયા ચોકડી પાસે, રૈયા રોડ, રાજકોટ. મો. ૯૯૯૮૯ ૮૮૯૦૭/ ૯૯૭૪૯ ૯૦૦૦૭

**ધર્મેશ જી.સખીયા**
**તુષાર સી.સખીયા**
**નિખીલ જી.ઝાલાવાડિયા**
(એડવોકેટસ)

## જાહેર નોટીસ

આથી હું ગૌરવભાઈ જે.વિષ્ણુસ્વામી (એડવોકેટ) તે અમારા અસીલશ્રી TISZA SOLAR PRIVATE LIMETED ની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત-29 વર્ષ અને 11-માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકક હિત હોય, બોજો, ચાર્જ, લીયન,ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીનો માટેના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોઈ કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-07 નો (સાતમાં) નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ-7 નો સમય વિત્યા બાદ કોઈના આ અંગે હરકત, વાંધા તકરાર સરખું નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિં જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

ગુજરાત રાજયનાં રાજકોટ જીલ્લાનાં જસદણ તાલુકાના મોજે-કડૂકા ગામના રે.સ.નં.૩૨૯ પૈકી ૨ ની જમીન હે.૦-૮૦-૯૪ ચો.મી.વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ (૧) પરબતભાઈ પ્રાગજીભાઈ માંડાણી પાસેથી ભાડાપટ્ટે રાખવા માંગે છે અને લીઝડીડ રજીસ્ટર્ડ કરવા માંગે છે.

તા.૧૧/૧૨/૨૦૨૪ **તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**ગૌરવભાઈ જે.વિષ્ણુસ્વામી (એડવોકેટ)**
મામલતદાર ઓફિસ સામે મું.વિંછીયા તા.વિંછીયા જી.રાજકોટ

## જાહેર નોટીસ

આથી હું ગૌરવભાઈ જે.વિષ્ણુસ્વામી (એડવોકેટ) તે અમારા અસીલશ્રી TISZA SOLAR PRIVATE LIMETED ની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત-29 વર્ષ અને 11-માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકક હિત હોય, બોજો, ચાર્જ, લીયન,ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીનો માટેના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોઈ કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-07 નો (સાતમાં) નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ-7 નો સમય વિત્યા બાદ કોઈના આ અંગે હરકત, વાંધા તકરાર સરખું નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિં જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

ગુજરાત રાજયનાં રાજકોટ જીલ્લાનાં વિંછીયા તાલુકાના મોજે-હિંગોળગઢ ગામના રે.સ.નં.૧૪૩ ની જમીન હે.૦-૮૦-૯૪ ચો.મી.વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ (૧) જાનુબેન વિનુભાઈ હતવાણી (૨) ખોડાભાઈ વિનુભાઈ હતવાણી (૩) ભારતીબેન વિનુભાઈ હતવાણી, (૪) પરવીનભાઈ વિનુભાઈ હતવાણી પાસેથી ભાડાપટ્ટે રાખેલ છે. અને લીઝડીડ રજીસ્ટર્ડ કરાવેલ છે.

તા.૧૧/૧૨/૨૦૨૪ **તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**ગૌરવભાઈ જે.વિષ્ણુસ્વામી (એડવોકેટ)**
મામલતદાર ઓફિસ સામે મું.વિંછીયા તા.વિંછીયા જી.રાજકોટ

## જામનગર જીલ્લાના કાલાવડ તાલુકાના મોજે મુળીલા ગામની ખેતીની જમીન અંગે

## જાહેર નોટીસ

જામનગર જીલ્લાના કાલાવડ તાલુકાના મોજે ગામ મુળીલાની ખેતીની જુની શરતની જીરાયત પ્રકારની ખેડવાણ જમીન (૧) ભાનુબેન અશ્વીનભાઈ આસોદરીયા (૨) ધારાબેન અશ્વીનભાઈ આસોદરીયા (૩) કુલદીપભાઈ અશ્વીનભાઈ આસોદરીયાની સંયુકત માલીકી અને કબજા ભોગવટાની ખાતા નંબર-૭૧૨ના રેવન્યુ સર્વે નંબર ૮૮૧ (જુના રે.સ.નંબર- ૨૫૭ પૈકી ૪) હે.૦-૮૧-૧૧ જીરાયત આકાર- રૂા.૧.૬૦ની નામે ખાખરાવાળુની ખેતીની જમીન અમારા અસીલએ ખરીદ કરવાનું નકકી કરેલ છે.

જેથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા સર્વે જાહેર જનતાને જાણ કરવાની કે ઉપરોકત વર્ણન વાળી ખેતીની જમીનના કબજા, ભોગવટા માલીકી, મુળ માલીકી કે મુખત્યારનામા સબંધે કે તેના વેચાણ સબંધે કોઈ પણ વ્યકિત, પેઢી, મંડળી, બેંક કે એસઆઈનીઓને કે અન્ય કોઈ વ્યકિત કે વ્યકિતઓને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર, હકક, હીત, હીસ્સો, લાગભાગ, દરદાવો, ભરણપોષણનો હકક, વારસાઈ હકક, ભાડુતી હકક, કે ઈઝમેન્ટના રાઈટસ, લ્હેણુ બોજો, હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયે દિવસ-૦૭માં તે અંગે લેખીત વાંધાઓ આધાર પુરાવા સાથે અમોને નીચેના સરનામે જાણ કરવી મુદત વીત્યે આ મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી અને હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ માની અમારા અસીલ તેઓને અવેજ ચુકવી પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર બાદના કે મુદત વિત્યા બાદના કે આધાર પુરાવા વગરના વાંધા, શુધ્ધબુધ્ધિના ખરીદ કરનાર દરજજે મારા અસીલને બંધનકર્તા રહેશે નહી.

મું.કાલાવડ તા.૧૧/૧૨/૨૦૨૪

**શ્રી આદિત્યરાજસિંહજી ડી. જાડેજા**
ગુજરાત હાઈકોર્ટ-એડવોકેટ
**શ્રી નિતેન્દ્રસિંહ જે. જાડેજા**
ગુજરાત હાઈકોર્ટ-એડવોકેટ

૩૭-કનૈયા કોમ. બસ સ્ટેન્ડની બાજુમાં મું.કાલાવડ શીતલા, જી. જામનગર મો.નંબર ૯૭૨૨૮૮૫૮૫૪

## જાહેર નોટીસ - ઉપલેટા

આથી જાહેર જનતાને તથા લાગતા-વળગતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રાજકોટ ડીસ્ટ્રીકટના સબ-ડીસ્ટ્રીકટ ઉપલેટા તાલુકાના ચરેલીયા ગામની ખાતા નં. ૧૧૮ મુજબની સીમની જમીન સર્વે નં. ૧૧૮, હે.આરે.ચો.મી. ૧-૫૩-૭૮ પિયતવાળી સીમની જમીન **(૧) હમીરભાઇ મેરૂભાઇ વાળા (૨) જેતાભાઇ મેરૂભાઇ વાળા, મું. રાજપરા-૩૬૦ ૪૭૦, તા. ઉપલેટા, જિ. રાજકોટ રજી. વેંચાણ દસ્તાવેજ અનુ. નં. ૭૭૯, તા. ૨૧-૪-૨૦૦૫ના રોજથી ભીમીબેન લખમણભાઇ ખુટી** પાસેથી ખરીદ કરેલ અને માલિકી, કબ્જો, ભોગવટો તેમની પાસે આવેલ છે. સદરહુ સીમની જમીનના આધારોમાં ઉતરોતર દસ્તાવેજમાં **રજી. વેંચાણ દસ્તાવેજ અનુ. નં. ૭૭૯, તા. ૨૧-૪-૨૦૦૫ (૧) હમીરભાઇ મેરૂભાઇ વાળા (૨) જેતાભાઇ મેરૂભાઇ વાળા** પાસેથી ગુમ થયેલ છે અને શોધવા છતાં મળી આવતો નથી અને કોઇપણ બેંકમાંથી કે મંડળીમાંથી ધીરાણ મેળવેલ નથી. જેથી અસલ વેંચાણ દસ્તાવેજ **અનુ. નં. ૭૭૯, તા. ૨૧-૪-૨૦૦૫ની** જગ્યાએ તેની સર્ટીફાઇડ ખરી નકલ મેળવીને તેનો ઉપયોગ કરવા માંગે છે. જેથી અસલ વેંચાણ દસ્તાવેજ **અનુ. નં. ૭૭૯, તા. ૨૧-૪-૨૦૦૫** બાબતે કે આ સીમની જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો, બક્ષીસ, ગીરો, દર-દાવો, લ્હેણું, કર્જ, બોજો, મોર્ટગેજ, વારસાઇ હકક કે કોઇપણ જાતનો ભરણ પોષણનો હકક હોય કે ટાઇટલ સંબંધી કોઇપણ પ્રકારનો વાંધો હોય તો તેઓના હકક અંગે આ નોટીસ પ્રસિધ્ધ થયાથી દિવસ-૭માં નીચે જણાવેલ સરનામા ઉપર લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદત દરમ્યાન કોઇના વાંધા, તકરાર નહીં આવે તો સદરહું અસલ વેંચાણ દસ્તાવેજ બાબતે કોઇને કોઇપણ પ્રકારનો વાંધો, તકરાર નથી અને હોય તો તે તમામ જતા કર્યા છે તેમ માની મારા અસીલ સદરહું સીમની જમીન અંગે આગળની કાર્યવાહી ચલાવશે અને ત્યારબાદ ઉઠાવવામાં આવેલ કોઇપણ પ્રકારના વાંધા, તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની આથી સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : ઉપલેટા તા. ૧૧/૧૨/૨૦૨૪

**હાર્દિક ડી. મલ્લી એડવોકેટ - ઉપલેટા**

સરનામું : **હાર્દિક ડી. મલ્લી**
એડવોકેટ, ઠે. ટાવર ચોક, ઉપલેટા. મો. ૯૯૭૮૪ ૮૬૯૮૨

## જાહેર નોટીસ

આથી હું ગૌરવભાઈ જે.વિષ્ણુસ્વામી (એડવોકેટ) તે અમારા અસીલશ્રી TISZA SOLAR PRIVATE LIMETED ની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત-29 વર્ષ અને 11-માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકક હિત હોય, બોજો, ચાર્જ, લીયન,ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીનો માટેના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોઈ કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-07 નો (સાતમાં) નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ-7 નો સમય વિત્યા બાદ કોઈના આ અંગે હરકત, વાંધા તકરાર સરખું નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિં જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

ગુજરાત રાજયનાં રાજકોટ જીલ્લાનાં વિંછીયા તાલુકાના મોજે-અમરાપુર ગામના રે.સ.નં.૪૯ પૈકીની ૪ ની જમીન હે.૦-૮૦-૯૪ ચો.મી.વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ (૧) શ્રી સાંતુબેન સામજીભાઈ વાસાણી (૨) રસીલાબેન સામજીભાઈ વાસાણી, (૩) જસમતાભાઈ સામજીભાઈ વાસાણી, (૪) પરભાબેન સામજીભાઈ વાસાણી, (૫) હરેશભાઈ સામજીભાઈ વાસાણી પાસેથી ભાડાપટ્ટે રાખવા માંગે છે અને લીઝડીડ રજીસ્ટર્ડ કરવા માંગે છે.

તા.૧૧/૧૨/૨૦૨૪ **તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**ગૌરવભાઈ જે.વિષ્ણુસ્વામી (એડવોકેટ)**
મામલતદાર ઓફિસ સામે મું.વિંછીયા તા.વિંછીયા જી.રાજકોટ

## જાહેર નોટીસ

આથી હું ગૌરવભાઈ જે.વિષ્ણુસ્વામી (એડવોકેટ) તે અમારા અસીલશ્રી TISZA SOLAR PRIVATE LIMETED ની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત-29 વર્ષ અને 11-માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકક હિત હોય, બોજો, ચાર્જ, લીયન,ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીનો માટેના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોઈ કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-07 નો (સાતમાં) નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ-7 નો સમય વિત્યા બાદ કોઈના આ અંગે હરકત, વાંધા તકરાર સરખું નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિં જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

ગુજરાત રાજયનાં રાજકોટ જીલ્લાનાં વિંછીયા તાલુકાના મોજે-હિંગોળગઢ ગામના રે.સ.નં.૭૦ પૈકી ૩ ની જમીન હે.૦-૮૦-૯૪ ચો.મી.વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ (૧) શ્રી પોબાભાઈ રૂપાભાઈ રબારી પાસેથી ભાડાપટ્ટે રાખવા માંગે છે અને લીઝડીડ રજીસ્ટર્ડ કરવા માંગે છે.

તા.૧૧/૧૨/૨૦૨૪ **તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**ગૌરવભાઈ જે.વિષ્ણુસ્વામી (એડવોકેટ)**
મામલતદાર ઓફિસ સામે મું.વિંછીયા તા.વિંછીયા જી.રાજકોટ

## જાહેર નોટીસ

રાજકોટ શહેરમાં હાથીખાના રોડ ઉપર પેલેસની પાછળ આવેલ સીટી સર્વે વોર્ડ નં.૩, સીટી સર્વે નં.૨૨૨૨ તથા ૨૨૨૩ ઉપર આવેલ જમીન તે માંહેથી ઉતર તરફની જમીન ચો.વા.આ.૫૮-૬-૯૦: ચો.મી.આ.૪૯-૦૮ સહીતના મકાન માંહેથી જમીન ચો.વા.આ.૮-૩૫ સહીતની દુકાન બાદ કરતા વધતી જમીન ચો.વા.આ.૫૦-૩૫: ચો.મી.આ.૪૨-૦૯ સહીતના મકાન (૧) દિનેશભાઈ રૂગનાથભાઈ સેજપાલ તથા (૨) મીનાબેન દિનેશભાઈ સેજપાલએ તેમના સંયુક્ત નામ જોગનાં રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૩૫૪૯, તા.૮/૫/૨૦૧૯ના રોજ નોંધાયેલ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. તે રીતે સદરહું મકાન ઉપરોક્ત દર્શાવેલ આસામીઓની સંયુક્ત માલીકી અને કબજા ભોગવટાનું આવેલ છે. સદરહું મકાન ઉપરોક્ત દર્શાવેલ આસામીઓ પાસેથી અમારા અસીલે ખરીદ કરવાનું નકકી કરેલ છે.

તેથી ઉપરોક્ત દર્શાવેલ મિલ્કત સંબંધે કે તેના ટાઈટલ સંબંધે કોઈ પણ વ્યક્તિ, સરકારી કે અર્ધસરકારી, બેંક, પેઢી, પ્રાઈવેટ પેઢી કે વારસાઈ સંબંધે કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, દરદાવો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૭ (સાત)માં નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી સમય મર્યાદામાં કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર આવશે નહી તો કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર છે નહી અને છે તો જતો (Waive) કરેલ છે. અને સદર નોટીસની સમય મર્યાદા બાદ કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ન આવ્યે અમારા અસીલ ખરીદી અંગેની તમામ કાર્યવાહી પુર્ણ કરશે. ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા તકરાર આવશે તો તે અમારા અસીલશ્રીને બંધનકર્તા રહેશે નહી. તેની આથી લાગતા વળગતા તથા જાહેર જનતાએ નોંધ લેવી.

રાજકોટ.
તારીખઃ ૧૧/૧૨/૨૦૨૪
અમારા મારફતઃ-

અમારી સુચનાથી
(૧) દિનેશભાઈ રૂગનાથભાઈ સેજપાલ
(૨) મીનાબેન દિનેશભાઈ સેજપાલ

**કમલકાંત એ.વોરા, એડવોકેટ.**
૩૦૪-અમીધારા, ત્રીજા માળે, કેનાલ રોડ, રાજકોટ-મો.નં.૯૯૭૪૮-૯૭૪૧૮

# કોઠારીયા, રેલનગર, પોપટપરામાં જંત્રીના વધુ પડતા દરોઃ સરકારમાં રિપોર્ટ

## વોર્ડ નં.૧૮માં પણ જંત્રીદરમાં વિસંગતતાઃ વોર્ડ નં.૧૧,૧૨,૧૭માં ભાવ યથાવત રહેવાનો નિર્દેશ

રાજકોટ તા.૧૧

રાજય સરકાર દ્વારા નવી સુચિત જંત્રીમાં સરેરાશ ૨૦૦થી ૨૦૦૦ ટકા સુધીનો વધારો ઝીંકી દેવાતા તેની સામે રાજયભરના બિલ્ડરોમાંથી જબ્બર વિરોધ ઉઠવા પામેલ છે. સુચિત જંત્રીદરના વધારા સામે વાંધા સુચનો સ્વિકારવાનું વહીવટી તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવ્યું છે. તેની સાથોસાથ આ અંગે ચકાસણી પણ શરૂ કરવામાં આવેલ છે. જેમાં રાજકોટ શહેરી વિસ્તારમાં કોઠારીયા, રેલનગર અને પોપટપરા વિસ્તારમાં જંત્રીના દર વધુ પડતા હોવાનું ફલીત થતા આ અંગે રાજય સરકારમાં રીપોર્ટ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. જેમાં વોર્ડ નં. ૧૮માં પણ જંત્રીના દરમાં વિસંગતતા રહેલી હોવાનું પણ જણાઈ આવેલ છે. જયારે વોર્ડ નં.૧૧,૧૨ અને ૧૭માં જંત્રીનો દર યથાવત રહેવાનો નિર્દેશ સાંપડી રહ્યો છે.

નવી સુચિત જંત્રીમાં ઝીંકાયેલા તોતીંગ વધારા સામે રાજકોટ સહિત રાજયભરના બિલ્ડરો તેમજ ક્રેડાઈ દ્વારા રાજય સરકારમાં રજુઆત કરી જંત્રીનો ભાવ વધારો સ્થગિત રાખવાની માંગણી દોહરાવવામાં આવી હતી. જેમાં રાજકોટમાં બિલ્ડર એસો.ના નેજા હેઠળ શહેરના બહુમાળી ભવનથી કલેકટર કચેરી સુધી જંગી રેલી આયોજીત કરી આ મામલે જીલ્લા કલેકટર પ્રભવ જોશીને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવેલ હતું.

રાજકોટ બિલ્ડર એસો.ની જંત્રીના ભાવ વધારા સામેની આ રજૂઆત બાદ જીલ્લા કલેકટર દ્વારા રેવન્યુ અધિકારીઓને વાંધા સૂચનો સ્વીકારવા તેમજ તેની ચકાસણી કરવા માટે આદેશ આપેલ હતો. જેમાં કોઠારીયા, રેલનગર અને પોપટપરા વિસ્તારના જંત્રીના દરો અંગે તપાસ કરતા આ વિસ્તારમાં જંત્રીના દરો વધુ પડતા હોવાનું ખુલ્યું છે. આ અંગે રાજય સરકારમાં રીપોર્ટ સુપ્રત કરી દેવામાં આવેલ છે. તેમજ વોર્ડ નં.૧૮માં પણ જંત્રી દરમાં વિસંગતતા રહ્યાનું બહાર આવેલ છે તેમ સબ રજીસ્ટ્રાર કચેરી અને કલેકટર કચેરીના સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

# કોરોનાથી પણ ૧૦૦ ગણા ખતરનાક વાયરસના ૩૨૬ સેમ્પલ ગાયબ

## ઓસ્ટ્રેલિયાની લેબમાંથી વાયરસના નમૂના ભેદી રીતે ગૂમ હોવાનો ખુલાસોઃ તપાસના આદેશઃ જુદા-જુદા ત્રણ વાયરસના નમૂના હતા

સિડની, તા.૧૧

દુનિયાને ઘાતક કોરોનામાંથી હજુ માંડ કળ વળી છે જ્યાં નવા અત્યંત ખતરનાક, વાયરસના ૩૦૦થી વધુ સેમ્પલ લેબપોરેટરીમાંથી ગાયબ થઇ જતા ખળભળાટ સર્જાયો છે. સમગ્ર દુનિયાને ધ્રુજાવી નાખે તેવા આ ઘટનાક્રમને મોટી ગંભીર બેદરકારી ગણાવવામાં આવી રહી છે.



ગાયબ થયેલા નમુનાનો આ વાયરસ કોરોના કરતા પણ ૧૦૦ ગણો ઘાતક ગણાવાય છે.

ઓસ્ટ્રેલિયામાં ક્વીસલેન્ડ સરકારે જાહેર કર્યું છે કે રાજયની એક લેબોરેટરીમાંથી અત્યંત ઘાતક વાયરસના સેંકડો નમુના ગાયબ થઇ ગયા છે. બાયોલોજી સુરક્ષા પ્રોટોકોલના ભંગ અંતર્ગત સમગ્ર બનાવની તપાસ હાથ ધરવા માટે આરોગ્ય વિભાગને તપાસ કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

ઓગસ્ટ-૨૦૨૩માં આ વાયરસના નમુના ગાયબ થયા હતા તેમાં હેંડ્રા વાયરસ, લિસા વાયરસ તથા હંટા વાયરસનો સમાવેશ થાય છે.

રીપોર્ટમાં એમ કહેવાયું છે કે વાયરસના આ સેમ્પલની ચોરી થઇ છે કે નષ્ટ કરવામાં આવ્યા છે તે હજુ સ્પષ્ટ નથી. ઓસ્ટ્રેલિયાના મંત્રી ટીમોથી નિકોલ્સે કહ્યું કે બાયોલોજીકલ સુરક્ષા પ્રોટોકોલનો ભંગ અને ખતરનાક વાયરસના સેમ્પલ ગાયબ થવાની ઘટના ઘણી ગંભીર છે. આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે તપાસના આદેશ કરવામાં આવ્યા છે.

બોસ્ટનમાં નોર્થ ઇસ્ટને યુનિવર્સિટીના લાઇક સાયન્સ વિભાગના ડાયરેકટર સૈમ સ્કાર્પિનોએ કહ્યું કે ઓસ્ટ્રેલિયન લેબમાંથી વાયરસના સેમ્પલ ગાયબ થવાની ઘટના જૈવિક સુરક્ષા ગાયબ થયેલા વાયરસ અત્યંત ઘાતક છે. ખાસ કરીને હંટા વાયરસમાં મૃત્યુદર ૧૫ ટકા છે જે કોવિડની સરખામણીએ ૧૦૦ ગણો વધુ ઘાતક છે જ્યારે ગુમ થયેલા અન્ય વાયરસની ઘાતકતા કોરોના જેટલી જ છે. માત્ર માનવીઓમાં જ નહીં, પશુઓમાંથી પણ આ વાયરસથી જોખમ ઉભું થઇ શકે છે.

### ગાયબ થયેલા ત્રણ વાયરસની કેટલી ઘાતકતા

**હંટા વાયરસ**

હંટા વાયરસમાં મૃત્યુદર ૧૫ ટકા સુધી છે જે કોરોનાની સરખામણીઓ ૧૦૦ ગણો ઘાતક ગણી શકાય છે. આ વાયરસ અનેક વાયરસનો એક પરિવાર છે. જે ગંભીર બિમારી તથા મોતનું કારણ બની શકે છે.

**હેંડ્રા વાયરસ**

આ વાયરસ જુનોટિક છે જે પશુમાંથી મનુષ્યમાં ફેલાય છે અને માત્ર ઓસ્ટ્રેલીયામાં જ જોવા મળે છે.

**લિસા વાયરસ**

લિસા વયરસ વિવિધ વાયરસનો એક સમૂહ છે. જે રેબિજનું કારણ બની શકે છે. અર્થાત હડકવા સર્જાઇ શકે છે.

# 'આપ' એકલા હાથે જ દિલ્હી ચૂંટણી લડશેઃ કોંગ્રેસ સાથે જોડાણનો અહેવાલ ફગાવ્યો

## સમાચાર એજન્સી એ.એન.આઈ.ને ટાંકીને આપેલા સમાચાર બાદ સ્પષ્ટતા

નવી દિલ્હીઃ આગામી વર્ષના પ્રારંભે યોજાનારી દિલ્હી વિધાનસભાની ચૂંટણી શાસક આમ આદમી પાર્ટી એકલા હાથે જ લડશે અને કોંગ્રેસ સાથે કોઈ જોડાણ નહી કરે. આમ આદમી પાર્ટીએ જો કે અગાઉ જ તેનું આ વલણ સ્પષ્ટ કર્યુ છે. પરંતુ આજે સવારે ફરી મીડીયામાં આપ-કોંગ્રેસ વચ્ચે બેઠક સમજુતી થઈ હોવાના અહેવાલ બાદ 'આપ'ના સંયોજક અને પુર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આ જાહેરાત કરી હતી. અગાઉ ન્યુઝ એજન્સી એ.એન.આઈ.ને ટાંકીને બન્ને પક્ષો વચ્ચે બેઠક સમજુતીને આખરી સ્વરૂપ આપી દેવાયુ હોવાના અહેવાલ આપ્યા હતા તથા એ પણ જણાવ્યું કે કોંગ્રેસ ઉપરાંત નાના પક્ષોને પણ તેમાં સમાવાશે તેવી જાહેરાત કરી હતી. એ.એન.આઈ.એ સૂત્રોના આધારે આ અહેવાલ આપ્યો હતો.

## શિયાળાનો સપાટોઃ નલીયા ઠરી ગયુ-૫ ડીગ્રી, ગીરનાર પર પણ ૫ ડીગ્રી

# રાજકોટમાં સિઝનમાં પ્રથમવાર તાપમાન 'સિંગલ ડિજિટમાં'-૯.૭ ડીગ્રી

રાજકોટ તા.૧૧

રાજયમાં હવે શિયાળો બરોબરનો જામી ગયો છે અને સર્વત્ર શિતલહેરો સાથે તાપમાન સતત ગગડી રહ્યું હોય લોકો તિવ્ર ઠંડીની લપેટમાં આવી ગયા છે.

દરમ્યાન નલિયા બાદ આજે રાજકોટ ખાતે ચાલુ સિઝનની સૌથી વધુ ઠંડી, સિંગલ ડિઝીટમાં નોંધાઈ હતી. આજે સવારે રાજકોટનું તાપમાન ૯.૭ ડીગ્રી થઈ જતા નગરજનો ઠુંઠવાયા હતા.

ઉપરાંત ૫ ડીગ્રી સાથે નલીયા આજે પણ રાજયનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. અત્રે ૫ ડીગ્રી ઠંડીના પગલે જનજીવન ઉપર વિપરીત અસર પડી હતી.

તેમજ આજે ૫ ડીગ્રી સાથે ગીરનાર પણ હિમ પર્વત બની ગયો હતો. અને જુનાગઢ શહેરમાં ૧૦.૨ ડીગ્રી સાથે તીવ્ર ઠંડી અનુભવાઈ હતી. જયારે આજે અમદાવાદ ખાતે ૧૩.૪, અમરેલીમાં ૧૧.૮, વડોદરામાં ૧૨, ભાવનગરમાં ૧૩.૮, ભુજમાં ૧૧, દમણમાં ૧૭, ડીસામાં ૧૦.૬, દિવ-દ્વારકામાં ૧૫, કંડલામાં ૧૪.૯, ઓખામાં ૨૦.૮, પોરબંદરમાં ૧૩.૮, સુરતમાં ૧૫.૮, અને વેરાવળ ખાતે ૧૬.૯ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.



દરમ્યાન સૌરાષ્ટ્રમાંથી મળતા અહેવાલો મુજબ સોરઠમાં લાંબા સમયની રાહ જોવા બાદ ડીસેમ્બરના બીજા અઠવાડીયામાં શિયાળે તેનો અસલી રંગ દેખાડવાનું શરૂ કર્યુ છે. ગઈકાલથી હીમ પવન સાથે ઠંડીનો પારો ગગડીને નીચે ઉતરી જવા પામ્યો છે તેમાં પણ હિમાલયના પરદાદા ગીરનાર રેવતી પર્વત ઉપર તાપમાનનો પારો ૫.૨ ડીગ્રી નીચે ઉતરી જતા પ્રવાસીઓ સહેલાણીઓ ઠુઠવાઈ જવા પામ્યા છે. કુલ ૫ ડીગ્રી નીચે પારો આવી જતા શિયાળાનો અહેસાસ સોરઠ જીલ્લામાં થઈ રહ્યો છે. સિઝનનો સૌથી ઠંડો દિવસ રહેવા પામ્યો છે. આખો દિવસ ઠંડીના માહોલ વચ્ચે લોકો સ્વેટર, મફલર, ટોપી સાલ સાથે જોવા મળી રહ્યા છે. સમી સાંજમાં રસ્તા સુમસામ જોવા મળી રહ્યા છે. જુનાગઢ શહેરમાં ૧૦.૨ ડીગ્રીએ પારો નીચે આવી જતા ઠેર ઠેર તાપણા કરી ઠંડી ઉડાડવા લોકો પ્રયાસો કરતા જોવા મળી રહ્યા છે.

પવનની ગતિ વધીને ૭.૮ કી.મી.ની ઝડપે પ્રતિ કાક ફેકાઈ રહ્યો છે. ભેજ ઘટીને ૨૭ ટકા થઈ જવા પામ્યો છે. રવિપાકને ઠંડીના કારણે સારી અસર જોવા મળી રહી છે.

અમરેલી શહેર સહિત જિલ્લામાં છેલ્લા બે દિવસથી કોલ્ડવેવની અસર હોય ભારે પવન સાથે કડકડતી ઠંડીમાં લોકો ઠુંઠવાયા છે. ત્યારે આજે વ્હેલી સવારેઅમરેલી ૧૧.૮ ડિગ્રી અને ધારીમાં ૧૨ ડિગ્રી

## જુનાગઢમાં ૧૦.૨, ભુજમાં ૧૧, પોરબંદરમાં ૧૩.૮ ડીગ્રી, ભાવનગર-જામનગરમાં ઠંડા પવન ફુંકાયા

તાપમાન નોંધાયું છે.અમરેલી શહેર સહિત જિલ્લામાં છેલ્લા બે દિવસથી ભારે ઠંડી પડી રહી છે. ઠંડીના કારણે આજે સવારે શહેરના મુખ્ય માર્ગો મોડે સુધી સૂમસામ જોવા મળતા હતા. ત્યારે સવારે સ્કૂલે જતાં બાળકો પણ રંગબેરંગી ગરમ કપડામાં ઢબુરાઈને સ્કૂલેજતાં જોવા મળતા હતા. જયારે મોર્નિંગવોકમાં નીકળતા લોકો પણ ઠંડીના કારણે ઓછા જોવા મળી રહયા હતા.આજે દિવસભર હવામાન ઠંડુગાર રહેતા અને રાત ઢળતા જ ઠંડી વધી જતાં શહેરના વેપારીઓ પણ રાત્રે વહેલાસર ધંધા રોજગાર આટોપી અને ઘર તરફ નીકળી ગયા હતા.ત્યારે આજે અમરેલી ખાતે મહત્તમ તાપમાન ૨૬.૪, લઘુત્તમ તાપમાન ૧૧.૮, ભેજનું પ્રમાણ ૬૦ ટકા અને પવનની ગતિ ૭.૧ કિ.મી. નોંધાયેલ છે. જયારે શેત્રુંજી નદીના કાંઠે વસેલા ધારી ગામે પણ આજે લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રી નોંધાતા સૌ કોઈએ શિયાળાની ઋતુનો અનુભવ કર્યો હતો. જામનગરમાં આજે પણ બર્ફીલા પવનથી લોકો રીતસર ધ્રુજી ઉઠયા. હતાં. ઠંડીનો પારો ૧૪.૨ ડિગ્રી રહ્યો હતો.પવનની ગતિ ૮.૧ કિમિ રહેતા સુસવાટા મારા પવન ફૂંકાયો હતો.દિવસભર શીતલહેર યથાવત રહેતા લોકો ગરમ વસ્ત્રોમાં ઢબુરાયા હતાં. સવારે અને રાત્રીના માર્ગો પર કુદરતી સંચારબંધી જોવા મળી હતી.

**ઉત્તર ભારતમાં થયેલી હિમવર્ષાની અસર જામનગરમાં**

પણ વર્તાઈ રહી છે. જેના કારણે તાપમાનનો પારો નીચે શરકતા ફરી એક વખત ઠંડીમાં વધારો થયો છે. હાલારમાં પણ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. જામનગરમાં આજે સવારે ૮ વાગ્યે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન નહીંવત ઘટીને લઘુતમ તાપમાન ૧૪.૨ અને અડધાડીગ્રીના ઘટાડા સાથે મહત્તમ તાપમાન ૨૫.૫ ડીગ્રી નોંધાયું હતું. પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૮.૧ કિમી રહેવા પામી હતી.આ સાથે તાપમાન ઘટતા તથા પવનની ગતિમાં થયેલા પગલે શહેર આખું ઠંડુગાર થઈ ગયું હતું. નગરસીમ, અને ગ્રામ્ય વિસ્તારો તથા ધોરીમાર્ગો પર તીવ્ર ઠંડી અનુભવાતા લોકો ધ્રુજી ઉઠયા હતાં. ઠંડીના કારણે લોકોએ રાત્રે કારણ વગર ઘરની બહાર જવાનું ટાળ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ છ ટકા ઘટીને ૪૮ ટકા રહ્યું હતું.

ભાવનગરમાં પણ આજે ઠંડો પવન ફૂંકાતા વાતાવરણ ટાઢુંબોર બની ગયું હતું. સુસવાટા મારતા કાતિલ પવનને કારણે લોકો ઠુંઠવાયા હતા.ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૨૫.૨ ડીગ્રી નોંધાયું હતું .જ્યારે લઘુત્તમ તાપમાન ૧૪.૭ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ડિગ્રી ૪૮% રહ્યું હતું .જ્યારે પવનની ઝડપ ૨૦ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી.

# પતિની સંપત્તિ પર હિન્દુ મહિલાનો કેટલો અધિકાર? સુપ્રીમ કોર્ટની મોટી બેન્ચ કરશે મહત્વનો ફેસલો

## હિન્દુ મહિલાઓના સંપત્તિ અધિકારની જટિલ વ્યાખ્યાનો મુદ્દો છેલ્લા ૬ દાયકાથી ચાલ્યો આવ્યો છેઃ આવા કેસોમાં કોર્ટનો વિરોધાભાસી ફેસલો આવ્યો છેઃ હાલનો કેસ ૬ દાયકા જૂનોઃ સુપ્રીમ કોર્ટે આવા મુદ્દા પર સ્પષ્ટતાની આવશ્યકતા પર જોર આપ્યું છે

નવી દિલ્હી તા.૧૧

પતિની સંપતી પર હિન્દુ મહિલાનો કેટલો અધિકાર? આ મુદ્દે સુપ્રિમ કોર્ટની મોટી બેન્ચ કરશે મહત્વનો ફેસલો સુપ્રિમ કોર્ટે હિન્દુ ઉતરાધિકારી અધિનીયમ ૧૯૫૬ ની ધારા ૧૪ અંતર્ગત હિન્દુ મહિલાઓને આપવામાં આવેલ સંપતી અધિકારોની જટીલ વ્યાખ્યાઓને ઉકેલવાનો નિર્ણય કર્યો છે.

જે સંભવતઃ ૬ દાયકાથી ચાલતો આવતો મહત્વપૂર્ણ મુદ્દો બની ગયો છે.

ન્યાયમુર્તિ પીએસ નરસિમ્હા અને ન્યાયમુર્તિ સંદીપ મહેતાની પીઠ જે આ મુદ્દા પર કાનુની રસાકસીથી ઝઝુમી રહી છે જેના કારણે છેલ્લા ૬ દાયકામાં ૨૦ થી વધુ ફેસલા આવી ચુકયા છે. જેણે આ મુદ્દાનો હંમેશને માટે ઉકેલવા માટે સોમવારે એક મોટી પીઠની સ્થાપનાનું આહવાન કર્યુ છે. આ મામલો કાનુની શબ્દાવલીથી ઘણો આગળ સુધી જઈ શકે છ લાખો હિન્દુ મહિલાઓ માટે ધારા ૧૪ ની વ્યાખ્યા એ નિર્ધારીત કરી શકે છે કે તેમને હસ્તક્ષેપ વિના સંપતીનો ઉપયોગ કરવા અને હસ્તાંતરીત કરવા કે વેચવાની સ્વાયતતા છે કે નહિં.



હાલના કેસની જડ લગભગ ૬ દાયકા જૂની છે. જે ૧૯૬૫માં કંવર ભાન નામના વ્યક્તિ દ્વારા તૈયાર કરાવાયેલી વસીયત સાથે જોડાયેલી છે. જેમાં તેણે પોતાની પત્નીને તેના જીવનકાળમાં એક ભૂખંડ પર કબજો કરવા અને તેનો આનંદ લેવાનો અધિકાર આપ્યો હતો પણ એ શરતની સાથે કે તેના મૃત્યુ બાદ સંપતિ, તેના ઉતરાધિકારીઓને પરત કરી દેવામાં આવશે. કેટલાક વર્ષો બાદ પત્નીએ જમીન વેચી નાખી અને ખુદને તેની માલિક ગણાવી હતી. બાદમાં દીકરા અને પૌત્રે વેચાણને પડકાર આપ્યો હતો અને મામલો અદાલતમાં પહોંચ્યો હતો, જેથી દરેક સ્તર પર વિરોધાભાસી ફેસલા આવ્યા હતા. ટ્રાયલ કોર્ટ અને અપીલીય કોર્ટે પત્નીનો પક્ષ લીધો હતો અને ૧૯૭૭માં સુપ્રીમ કોર્ટના તુલસામ્મા વર્સીસ શેષા રેડ્ડી કેસના એક કેસનો હવાલો આપ્યો હતો. જયારે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે આ મામલે અસહમતી દર્શાવી હતી. તેણે ડર્મી વર્સીસ અમરુ (૧૯૭૨)ના કેસનો હવાલો આપ્યો હતો.

હવે ઉપરોક્ત મામલો સુપ્રીમ કોર્ટમાં ગયો છે ત્યારે સુપ્રીમ કોર્ટે આ મુદ્દે સ્પષ્ટતાની જરૂરિયાત પર ભાર આપ્યો હતો અને કહ્યું હતું કે આ વિષય પર કાનૂની સ્થિતિને સ્પષ્ટ કરવી અત્યંત જરૂરી છે. હવે સુપ્રીમ કોર્ટની મોટી પીઠે એ નિર્ણય લેવો પડશે કે શું વસીયતમાં અપાયેલી શરતો હિન્દુ મહિલાના સંપતિ અધિકારોની ધારા ૧૪(૧) અંતર્ગત સીમીત કરી શકે છે કે નહીં.

# તારા પગ દુખે છે, તેની એક દવા છે તુ ખાઈ લે કહીં ત્યકતાને ઘેની સીરપ પીવડાવી શખ્સે દુષ્કર્મ આચર્યું

## ત્રિકોણ બાગ પાસે સિક્યુરીટીની ઓફીસ ધરાવતાં ઉર્મીશ થાનકી નામના શખ્સે પ્રપોઝ કરી રીંગ પહેરાવી લગ્નની લાલચ આપી કૃત્ય આચરતાં ફરીયાદ નોંધાઈઃ આરોપી ઝડપાયો

રાજકોટ. તા.૧૧

ત્રિકોણ બાગ પાસે સિક્યુરીટીની ઓફીસ ધરાવતાં ઉર્મીશ થાનકી નામના શખ્સે તારા પગ દુખે છે, તેની એક દવા છે તુ ખાઈ લે કહીં ત્યકતાને ઘેની સીરપ પીવડાવી શખ્સે દુષ્કર્મ આચરતાં એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. પોલીસે ગણતરીની કલાકોમાં આરોપીને દબોચી કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે મવડી પ્લોટના એક વિસ્તારમાં રહેતી ત્યકતાએ એ. ડિવીઝન પોલીસમાં જામનગર રોડ પર રહેતા ઉર્મીશ થાનકીનું નામ આપતા પોલીસે દુષ્કર્મની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૦ માં તેણીના રાજેશ લક્ષ્મણ ચાંદેગરા સાથે લગ્ન થયા હતા. પરંતુ બન્ને વચ્ચે મનમેળ ન થતા વર્ષ ૨૦૨૪ ના જુલાઈ માસમાં છુટાછેડા લઈ લીધા હતા. બાદમાં તેણીની મુલાકાત ઉમીશ થાનકી સાથે થઈ હતી. બાદમાં આરોપીએ તેમની સાથે લગ્ન કરશે તેમ વાયદાઓ કરી ત્રિકોણબાગ ચોકમાં આવેલ તેની ઓફિસે લઈ જઈ ઘેનની દવા પીવડાવી દુષ્કર્મ આચર્યુ હતું. બાદમાં આરોપીએ તેણીને કહ્યું કે, જો આપણા લગ્નની મારા પિતા ના પાડશે તો પણ હું લગ્ન તારી સાથે જ કરીશ તેવા વાયદો કર્યો હતો. બાદમાં તેની ઓફિસે લઈ જઈ કહ્યું કે, તું મને પસંદ છે, મારે તારી સાથે લગ્ન કરવા છે કહી મેરેજ માટે પ્રપોઝ કરી રીંગ પહેરાવી હતી. બાદમાં બન્ને સાથે નાસ્તો કરવા ગયા હતા અને ત્યાંથી પરત ઓફિસે ગયા ત્યારે આરોપીએ કહ્યું કે, તારા પગ દુખે છે તો મારી પાસે એક દવા છે તુ ખાઈ લે તને સારૂ થઈ જશે કહી શીરપ આપ્યું હતું.

જે પીતા જ તેણી થોડીવારમાં બેભાન થઈ ગઈ હતી. બાદમાં જાગીને જોતા તેણીના કપડા અસ્તવ્યસ્ત હતા. જેથી આરોપીને પુછયું કે, તે મારા કપડા શું કામ કાઢેલ હતા મે તને ના પાડી હતી કે લગ્ન પહેલા આપણે શરીર સંબંધ નહી રાખવો જેથી આરોપીએ કહ્યું કે, હવે તો આપણે એક બીજાના પતિ પત્નિ બની ગયા છીએ તેમ વાત કરી હતી. બાદમાં અવાર નવાર લગ્ન કરવાના વાયદાઓ કરી દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી એ. ડિવિઝન પોલીસ મથકના પીઆઈ આર.જી.બારોટ અને ટીમે આરોપીને પકડી પાડી કાર્યવાહી કરી હતી.

# ચેતજોઃ રાજકોટમાં મહિલાનું ફેસબુક એકાઉન્ટ હેક કરી ગઠિયાએ રૂા.૨૫૦૦ પડાવી લીધાં

## ગઠિયાએ અન્ય એક મહિલાનું ફેસબુક એકાઉન્ટ હેક કરી મેસેન્જર મારફત ફ્રેન્ડ પાસે રૂપિયાની માંગણી કરીઃ સાયબર ક્રાઈમમાં બે ગુના નોંધાયા, આરોપીને ખેડા પોલીસે દબોચી લીધો

રાજકોટ. તા.૧૧

નિર્મલા રોડ પર રહેતાં મહિલાનું ફેસબુક એકાઉન્ટ હેક કરી ગઠિયાએ રૂ.૨૫૦૦ પડાવી તેમજ જામનગર રોડ પર રહેતાં મહિલાનું ફેસબુક એકાઉન્ટ હેક કરી મેસેન્જર મારફત ફ્રેન્ડ પાસે રૂપીયાની માંગણી કરતાં સાયબર ક્રાઇમમાં બે ગુના નોંધાયા હતાં. જે મામલે આરોપીને ખેડા પોલીસે પકડી લીધો હોવાનું સામે આવ્યું છે.

બનાવ અંગે નિર્મલા રોડ પર રહેતાં ક્રીમીબેન પંકજ વાગડીયા (ઉ.વ.૩૧) એ નોંધાવેલ ફરીયાદમાં તરીકે પ્રીતેષ મહેશ પ્રજાવતી (રહે. અજીત સોસાયટી, ખેડા) નું નામ આપી જણાવ્યું હતું કે, તે ઘરકામ કરે છે અને પોતાના મોબાઈલમાં ફેસબુક એપનો વપરાશ કરે છે, જે હાલ બંધ થય ગયેલ છે. ગઈ તા.૨૪/૦૩/૨૦૨૪ ના સાંજના સમયે ફેસબૂક એકાઉન્ટના મેસેન્જરમાં તેમની ફેસબૂક ફ્રેન્ડ મીતલ પાટડીયાનો મેસેજ આવેલ અને તેમની પાસે ફેસબૂકના નોટીફીકિશનમાં આવેલ કોડ માંગેલ હતો. જેથી તેમને કોડની તમારે શું જરૂર છે પૂછતાં તેણે જણાવેલ કે, હમણા ખબર પડી જશે. જેથી તેણીએ ફેસબૂકના નોટીફીકિશનમાં આવેલ કોડ આપેલ હતો. થોડીવારમાં બિજો કોડ નોટીફીકિશનમાં આવેલ જે કોડ પણ તેને આપેલ હતો.

બાદ તુરંત જ તેણીનું ફેસબૂક એકાઉન્ટ ઓટોમેટીક લોગ આઉટ થઈ ગયેલ હતુ. જેથી તેણીએ ફરી ફેસબૂકમાં લોગઈન કરવાનો પ્રયત્ના કરતા લોગ-ઈન થયેલ નહિ, જેથી તેને જાણ થયેલ કે, મારૂ ફેસબૂક હેક થયેલ છે જેથી તેણીએ વોટ્સએપમાં સ્ટેટ્સ રાખેલ કે, તેમનું ફેસબૂક એકાઉન્ટ હેક થયેલ છે જેથી કોઈએ નાણાકીય વ્યવહાર કરવો નહિં, બાદ રાત્રીના તેમના પતિના ફોનમાં વેપારી પુર્વેશભાઈ શાહનો ફોન આવેલ કે, ક્રિમી સોની વાળા ફેસબૂક આઈ.ડી.ના કહેવાથી મેં રૂ.૨૫૦૦ ટ્રાન્સફર કરેલ છે. જેથી તેણીના ફેસબૂક એકાઉન્ટનો ઉપયોગ કરી કોઈ અજાણી વ્યકતી તેમના નામથી ફ્રોડ કરે છે, તેવી જાણ થઈ હતી.

ઉપરાંત સાથે સાથે પુર્વેશભાઈ અને મીતલબેન પાટડીયાના પતિ નીલભાઈ પાટડીયા સાથે વાત કરતા જાણવા મળેલ કે, તેમનુ પણ ફેસબૂક હેક થયેલ છે. બાદમાં તેણીએ ઓનલાઈન સાયબર ક્રાઇમમાં અરજી નોંધાવ્યા બાદ અરજીની તપાસમાં જાણવા મળેલ કે, આ એકાઉન્ટ હેક કરી ફ્રોડ કરનાર વ્યકતી પ્રિતેશ મહેશ પ્રજાપતી છે, જેથી તેમના વિરુદ્ધ સાયબર ક્રાઇમ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

જયારે અન્ય એક ફરીયાદમાં જામનગર રોડ પર જૈન દેરાસર પાછળ અજમેરા એપાર્ટમેંટમાં રહેતાં અભયભાઈ કીરીટભાઈ શાહ (ઉ.વ.૪૦) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ વિમા એજન્સીમાં પોલીસી ચેકીંગ ઓફીસર તરીકે નોકરી કરે છે. તેમના પત્નીનું ફેસબૂક એકાઉન્ટ હતું જે હાલ બંધ થય ગયેલ છે. ફેસબૂક એકાઉન્ટ મારફતે ગઈ તા.૨૭/૧૧/૨૦૨૩ ના તેમના મામાજી સસરા નયનભાઈ ફોફરીયાનો કોલ આવેલ કે, કેની ને પૈસાની શું જરૂર પડી છે, તે ફેસબુક મારફતે પૈસા માંગે છે. જેથી તેની પત્નીને બાબતે વાત કરતા જાણવા મળેલ કે, તેને કોઈ પણ પૈસા માંગવા ફેસબૂકમાં કોઈને મેસેજ કરેલ નથી.

જેથી તુરંત તેમની પત્નીના ફેસબૂક લોગ-ઈન કરતા હેક થયાની જાણ થયેલ હતી. તેઓએ તુરંત ઓનલાઈન અરજી પોલીસમાં કરેલ હતી. બાદ તેમના મામાજી સસરાએ જણાવેલ કે, આ હેક થયેલ એકાઉન્ટમાંથી તેમને રૂ.૧૩ હજાર ટ્રાન્સફર કરવા જણાવેલ હતું. બીજા દિવસે તેમના મીત્ર બલદેવસિંહ જાડેજાએ જણાવેલ કે, તમારી પત્નીના ફેસબૂક એકાઉન્ટમાંથી મને અરજટ રૂ.૧૨ હજાર ટ્રાન્સફર કરવા માટે મેસેજ આવેલ હતો. જેથી સાયબર ક્રાઇમમાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની બંને ફરીયાદ પરથી સાયબર ક્રાઈમે ગુનો નોંધી પીઆઈ મહેન્દ્ર ઝણકાંત અને પઢીયારે તપાસ હાથ ધરી હતી. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, આરોપીને ખેડા પોલીસે પકડી પાડેલ છે અને તેને ત્યાંથી ટ્રાન્સફર વોરંટથી પકડવા તજવીજ હાથ ધરી છે.

# સૈયદ-મુશ્તાકઅલી ટ્રોફી

## મધ્યપ્રદેશ સામે કવાર્ટર ફાઈનલમાં સૌરાષ્ટ્રની હાર

બેંગ્લોર તા.૧૧

સૈયદ મુશ્તાકઅલી ટુર્નામેન્ટનાં કવાર્ટર ફાઈનલ મેચમાં મધ્યપ્રદેશ સામે સૌરાષ્ટ્રની ૬ વિકેટે હાર થઈ હતી.

મધ્યપ્રદેશે ટોસ જીતીને સૌરાષ્ટ્રને પ્રથમ દાવ લેવા ઉતાર્યું હતું. સૌરાષ્ટ્રએ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૭૩ રન બનાવ્યા હતા તેમાં ચિરાગ જાનીનાં ૮૦, જય ગોહીલ તથા હાર્વિક દેસાઈનાં ૧૭-૧૭ રન મુખ્ય હતા. મધ્યપ્રદેશે ૧૯.૨ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને ૧૭૪ રનનો ટારગેટ હાંસલ કરી લીધો હતો. અર્પિતે ૪૨, વેંકટેશ ઐય્યરે ૩૩, રજત પાટીદારે ૨૮ રન બનાવ્યા હતા. સૌરાષ્ટ્ર વતી જયદેવ ઉનડકટ ૨, ચિરાગ જાની, પ્રેરક માંકડ તથા અંકુરે ૧૦૧ વિકેટ લીધી હતી. ૩૮ રન તથા બે વિકેટ ઝડપનાર વેંકટેશ ઐય્યરને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

# કાશ્મીરમાં હુમલાનું ષડયંત્ર નિષ્ફળઃ હાઈવે પરથી બોંબ મળ્યો

## સુરક્ષાદળોએ બોંબ ડીમ્યુઝ કરી દીધો

કાશ્મીર,તા.૧૧

કાશ્મીરનાં હંદવાડા-બારામુલા હાઈવે પર સુરક્ષા દળોને એક શંકાસ્પદ ઈમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ મળી આવ્યો હતો. સુરક્ષા દળોએ આતંકીઓના કાવતરાને નિષ્ફળ બનાવ્યું હતું. સુરક્ષા દળોએ આઇઈડીને નષ્ટ કરી દીધાં છે

અધિકારીઓએ જણાવ્યું કે પોલીસ અને સેનાની સંયુક્ત પેટ્રોલિંગ ટીમને કુપવાડા જિલ્લાનાં હંદવાડા વિસ્તારમાં હાઇવે પર એક શંકાસ્પદ બેગ મળી આવી હતી. તેમણે કહ્યું કે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી અને શંકાસ્પદ બેગને એકાંત સ્થળે લઈ જવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું કે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડે નિયંત્રિત વિસ્ફોટમાં શંકાસ્પદ આઈઈડીનો નાશ કર્યો હતો. આ ઘટનામાં કોઈ નુકશાન થયું નથી. અગાઉ, ૯ ડિસેમ્બરનાં રોજ, શ્રીનગર-બારામુલ્લા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર એક શંકાસ્પદ બેગ મળી આવતાં ખળભળાટ મચી ગયો હતો. માહિતી મળતાં જ સુરક્ષાદળો ઘટનાસ્થળે પહોંચી ગયાં હતાં. તપાસ બાદ જાણવા મળ્યું કે બેગમાં ઈમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ લગાવવામાં આવ્યું હતું. સુરક્ષા દળોએ આઇઈડી કબજે કરી આતંકવાદીઓના નાપાક કૃત્યને નિષ્ફળ બનાવ્યું હતું. બાદમાં સેનાએ શંકાસ્પદ વસ્તુનો નાશ કર્યો હતો.

# જન ફરિયાદ માટે ડેશબોર્ડ-કોર્પોરેટરો માટે ખાસ એપ શરૂ કરવા કમિશ્નરની જાહેરાત

## લોકો સરળતાથી ફરિયાદ કરી શકે એ માટે કોર્પો.માં નવી સુવિધા અપાશેઃ નગરસેવકો ફરિયાદના ફોલોઅપ મોબાઈલમાં જોઈ શકશેઃ મેયર, ચેરમેન, ભાજપ પ્રમુખની હાજરીમાં નવા વિચારો અંગે ચર્ચા







મનપામાં શાસક પક્ષના પદાધિકારીઓ અને નગરસેવકો સાથે આજે કમિશ્નરે શુભેચ્છા મુલાકાત સાથે નવી વ્યવસ્થાઓ અંગે પણ ચર્ચા કરી હતી.(તસ્વીરઃ દેવેન અમરેલીયા)

રાજકોટ તા. ૧૧

મનપા સ્ટે. કમિટિની બેઠક પૂર્વે આજે ભાજપ સંકલનની બેઠક યોજાઇ હતી. તે બાદ નવા કમિશ્નર તૂષાર સુમેરા સાથે ચૂંટાયેલી શાસક પક્ષની બોડીની મીટીંગ યોજાઇ હતી. ભાજપ પ્રમુખ અને પદાધિકારીઓની હાજરીમાં કમિશ્નરે રાજકોટના વિકાસ માટે ટીમ વર્કથી કામ કરવા કોલ આપ્યો હતો. તો અરજદારો તથા નાગરિકો તંત્રને સરળતાથી ફરિયાદ કરી શકે અને સમયસર ઉકેલ સાથે કોર્પોરેટરો ફોલોઅપ લઇ શકે તે માટે ૧૮ વોર્ડની ખાસ એપ બનાવવા પણ જાહેરાત કરી છે.

ભરૂચમાં જનતા માટે ડેશ બોર્ડ અને એપનો સફળ પ્રયોગ તુષાર સુમેરા કરીને રાજકોટ આવ્યા છે. આ સિસ્ટમ રાજકોટમાં લાગુ કરી લોકોને અપાતા સુવિધાનું સ્તર વધુ ઉંચુ લાવવા અને લોકોની ફરિયાદ વહેલામાં વહેલી ઉકેલાય તેવો કમિશ્નરનો અભિગમ છે.

શહેરના તમામ ૧૮ વોર્ડના કોર્પોરેટરોને એક નવી મોબાઇલ એપથી જોડવામાં આવશે. કોર્પોરેટરો અને જે તે વિભાગની સમિતિના ચેરમેનો પણ આ ફરિયાદ અને રજૂઆતોનું સ્ટેટસ ચકાસી શકશે. આ રીતે વિભાગની કામગીરી અને લોકોના પ્રશ્ન પર ટેકનોલોજી મારફત કમિશ્નરનું સીધુ સુપરવિઝન રહેશે. આ નવી વ્યવસ્થા પર કામ પણ શરુ થઇ ચૂક્યું છે.

ભાજપ સંકલનની બેઠક બાદ નવા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ હાજરી આપતા તેમને તમામ સભ્યોએ આવકારી અનેક મુદ્દે ચર્ચા કરી હતી. તેમજ કોર્પોરેટરો સાથે કમિશનરે પરિચય કેળવી સંકલનથી કામ કરવા સહિતના મુદ્દે ચર્ચા કરી હતી.

બેઠક દરમિયાન કમિશનર તુષાર સુમેરાએ જણાવેલ કે, શહેરનો દરેક નાગરિક પોતાની ફરિયાદ કમિશનર સુધી અને શાસક પક્ષ સુધી પહોંચાડી શકે તે માટે હવે મનપામાં અરજદારો માટે ડેશબોર્ડ મુકવામાં આવશે. જેના દ્વારા દરેક નાગરિક પોતાની ફરિયાદ સરળતાથી કરી શકશે. આ પ્રકારની વ્યવસ્થા ભરૂચમાં કાર્યરત છે. જેને સારો પ્રતિસાદ સાપડ્યો છે અને લોકોના કામ પણ સરળતાથી થઈ રહ્યા હોવાથી આ વ્યવસ્થા રાજકોટ મહાનગરપાલિકામાં લાગુ કરવામાં આવશે. દરરોજ મુલાકાતીઓ માટે પણ સમયની ફાળવણી કરવામાં આવશે.

આજની બેઠકમાં કમિશનર દ્વારા અનેક મુદ્દે પદાધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી.

ભાજપ સંકલનમાં તમામ કોર્પોરેટરો સાથે પરિચય કરાવવામાં આવ્યો હતો. પ્રજાલક્ષી કામગીરી ઉપરાંત લોકોએ ચુંટીને મોકલેલા પ્રજાના પ્રતિનિધિઓ એટલે કે કોર્પોરેટરો પણ પોતાના પ્રશ્નો તેમજ વિકાસના કામો સહિતની ચર્ચા કમિશનર સાથે કરી શકે અથવા તેની વિગતો કમિશનરને સરળતાથી આપી શકે અને પ્રોજેક્ટો અંગેની માહિતી પણ મેળવી શકે તેવી વ્યવસ્થા અમલમાં મુકવાની વાત તેમણે કરી છે. મોબાઈલ એપ લીંકથી સોફ્ટવેર મારફત ભાજપના કોર્પોરેટર સાથે સંકલનમાં રહીને પ્રશ્નો અને રજૂઆતોનું ફોલોઅપ લઇ શકાશે.

મ્યુનિ. કમિશ્નર સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ હાલ શુક્રવારના મુખ્યમંત્રીના કાર્યક્રમમાં વ્યસ્ત બન્યા છે. જુદા-જુદા વિભાગોની કામગીરી અંગે કમિશ્નરે રીપોર્ટ લેવાનું શરુ કર્યું છે. આગામી સપ્તાહમાં નવા કમિશ્નરની ઘણી નવી કાર્ય પદ્ધતિના અમલના ફેરફાર પણ દેખાય તેવા નિર્દેશ વહીવટી પાંખમાંથી મળ્યા છે.

## સ્ટે.કમિટિની 'ઠંડી' મીટીંગમાં પ્રથમ વખત વિકાસકામો અદ્રશ્યઃ દરખાસ્તો મંજૂર





મ્યુનિ. કોર્પોરેશનની સ્ટે. કમિટિની 'ઠંડી' મીટીંગ આજે ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષ સ્થાને મળી હતી. લાંબા સમય બાદ સ્ટે. કમિટિની મીટીંગ એકટ મુજબ અનિવાર્યપણે માસિક ધોરણે બોલાવવાની ફરજ પડી હતી. બાકી એજન્ડા પર લગભગ કોઇ મહત્વની દરખાસ્તો ન હતી. કર્મચારીઓને આર્થિક તબીબી સહાય પેટે ૭.૮૧ લાખનો ખર્ચ મંજુર કરાયો હતો. મેયર એવોર્ડ માટેનું બાકીનું રૂા.૧૬ હજારનો ખર્ચ મંજુર કરાયું હતું. જાહેર વિકાસ કામની કોઇ દરખાસ્તો છેલ્લા મહિનામાં આવી ન હોય, હવે આવતી મીટીંગમાં મહત્વના કામોની દરખાસ્તો આવશે તેમ માનવામાં આવે છે. ઉપરની તસ્વીરોમાં ઔપચારિક મીટીંગમાં હાજર પદાધિકારીઓ અને અધિકારીઓ નજરે પડે છે.

(તસ્વીરઃ પંકજ શીશાંગીયા)

### કોરોના રસીથી વાસ્તવમાં મોતનું જોખમ ઘટ્યું છે

# યુવાઓમાં અચાનક મોતને કોરોના રસી સાથે સંબંધ નથીઃ સંસદમાં આરોગ્ય મંત્રીનું નિવેદન

### ICMRના અભ્યાસ-સંશોધન રીપોર્ટને ટાંકીને જે.પી. નડ્ડાનો દાવો





નવી દિલ્હી, તા.૧૧

ગુજરાત સહિત દેશના અનેક ભાગોમાં હાર્ટએટેકથી યુવાઓના મોતના પ્રમાણમાં ચિંતાજનક વધારો છે પરંતુ તેને કોરોનાની રસી સાથે કોઇ લેવાદેવા નથી કે કોરોનાની રસી તે પાછળ કારણરૂપ ન હોવાનું કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જે.પી. નડ્ડાએ સંસદમાં કહ્યું હતું.

ઇન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિકલ રિસર્ચ (આઇસીએમઆર)ના રીપોર્ટને ટાંકીને આરોગ્ય મંત્રીએ કહ્યું કે કોવિડકાળ વખતે લોકોને આપવામાં આવેલી રસીને કારણે યુવાઓમાં હાર્ટએટેકથી મોતનું જોખમ કે પ્રમાણ વધ્યું હોવાના દાવામાં કોઇ વજુદ નથી. વાસ્તવમાં આઇસીએમઆરના અભ્યાસમાં રસીને કારણે મોતનું જોખમ ઓછું થતું હોવાનું માલુમ પડ્યું હતું.

ICMRની નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ એપિડેમિયોલોજીએ આ અભ્યાસ ૧૮-૪૫ વર્ષની વયના વ્યક્તિઓ પર કર્યો હતો જેઓ સ્વસ્થ હતા અને તેમને કોઈ રોગ નહોતો અને ૧ ઓક્ટોબર, ૨૦૨૧ અને ૩૧ માર્ચ, ૨૦૨૩ની વચ્ચે અણધાર્યા કારણોસર અચાનક મૃત્યુ પામ્યા હતા. આ સંશોધન ૧૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૪૭ હોસ્પિટલોમાં કરવામાં આવ્યું હતું. સંશોધન દરમિયાન આવા ૭૨૯ કેસો નમૂના તરીકે લેવામાં આવ્યા હતા જેનું અચાનક મૃત્યુ થયું હતું અને ૨૯૧૬ નમૂના એવા હતા જે હાર્ટ એટેક પછી સાચવવામાં આવ્યા હતા. સંશોધનના તારણો દર્શાવે છે કે કોવિડ-૧૯ રસીના ઓછામાં ઓછા એક કે બે ડોઝ લેવાથી કોઈ પણ કારણ વગર અચાનક મૃત્યુની શક્યતાઓ નોંધપાત્ર રીતે ઘટી જાય છે.

**અચાનક મૃત્યુનું કારણ શું હતું?**

સંશોધનમાં કેટલાંક પરિબળોની પણ ઓળખ કરવામાં આવી છે જે અચાનક મૃત્યુનું જોખમ વધારે છે, જેમાં મૃતકનું કોવિડ-૧૯ હોસ્પિટલમાં દાખલ થવું, પરિવારમાં કોઈનું આકસ્મિક મૃત્યુ, મૃત્યુના ૪૮ કલાક પહેલાં વધુ પડતું પીવું, ડ્રગનો ઉપયોગ અને વધુ પડતી શારીરિક પ્રવૃત્તિ (જીમમાં કસરત સહિત) મૃત્યુ પહેલાના ૪૮ કલાકમાં. કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે ICMR અભ્યાસથી તે સ્પષ્ટ થઈ ગયું છે કે કોવિડ -૧૯ રસીકરણ અને યુવાન વયસ્કોના અચાનક મૃત્યુ વચ્ચે કોઈ સંબંધ નથી. તેના બદલે, કોવિડ-૧૯ હોસ્પિટલમાં દાખલ થવાનો ઈતિહાસ, પરિવારમાં આવા આકસ્મિક મૃત્યુનો ઈતિહાસ અને જીવનશૈલીની અમુક વર્તણૂકો જેવાં પરિબળો આવા મૃત્યુની સંભાવનાને વધારે છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ કહ્યું કે, રસીકરણની આડ અસરોને ટ્રેક કરવા માટે 'એડવર્સ ઈવેન્ટ ફોલોઈંગ ઈમ્યુનાઈઝેશન' (AEFI) નામની મજબૂત સર્વેલન્સ સિસ્ટમ બનાવવામાં આવી છે. તેમણે કહ્યું કે રસીકરણ કેન્દ્રો પર એનાફિલેક્સિસ કીટ ઉપલબ્ધ કરાવવામાં આવે છે અને રસીકરણ પછી વ્યક્તિને ફરજિયાતપણે ૩૦ મિનિટ સુધી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવે છે. AEFI વિશે જાગરૂકતા વધારવા માટે, નડ્ડાએ જણાવ્યું હતું કે રસીની આડઅસરો સંબંધિત કેસોની રિપોર્ટિંગ વધારવા માટે રાજ્યોને માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. સરકાર જાગૃતિ ફેલાવવા માટે સોશિયલ મીડિયાનો પણ ઉપયોગ કરી રહી છે.

### વોરંટી પિરીયડમાં જ ઈ-સ્કુટર બગડવા છતાં ડીલરે દાદ ન આપતા કાનૂની જંગ

# નવા જ ઓલા ઈલેકટ્રીક સ્કુટરમાં ખામીઃ રાજકોટના ગ્રાહકને વળતર આપવા -બેટરી બદલાવી દેવા આદેશ



રાજકોટ,તા.૧૧

ઓલા ઈલેક્ટ્રીક સ્કૂટર વારંવાર બગડી જતું હોવાથી તેમજ તેની સર્વિસ પણ સમયસર નહીં થતી હોવાના વિડિયો અવારનવાર સોશિયલ મીડિયામાં ફરતા રહેતા હોય છે અને ખૂબ જ વાયરલ થાય છે ત્યારે આવા જ એક કિસ્સામાં ગ્રાહક સુરક્ષા ની અદાલતે રાજકોટમાં ઓલા ઈલેક્ટ્રીક ને ગ્રાહકને આપેલા સ્કૂટરની બેટરી બદલી આપવા અને કાનૂની ખર્ચ પેટે રૂા.૫,૦૦૦ ચૂકવવાનો આદેશ કર્યો હતો.

કેસની વિગતો મુજબ રાજકોટના રહીશ મનોજભાઈ જીવરામભાઈ પરમાર (રહે. ગુજરાત હાઉસિંગ બોર્ડ, કટારીયા ચોક પાછળ મોટા મવા, રાજકોટ) દ્વારા વર્ષ ૨૦૨૩ માં ૧.૩૯ લાખના ખર્ચે ઈલેક્ટ્રીક સ્કૂટરની ખરીદી કરવામાં આવી હતી. આ સ્કૂટર તેઓએ મવડી પુનિતનગર ખાતે આવેલા ઓલાના ડીલરશીપ પાસેથી ખરીદી હતી. પરંતુ ખરીદી કર્યાના બે માસના સમયમાં જ તેમાં સમસ્યાઓ આવવાની શરૂ થઈ ગઈ હતી.ફરિયાદ મુજબ સ્કૂટર ખરીદીના બે માસમાં જ ડિસ્પ્લે અને બ્રેકમાં અવાજ આવતો હતો એટલું જ નહીં વારંવાર વાહન હેંગ થઈ જતું હતું. બેટરી પણ અવારનવાર ઉતરી જતી હતી. સ્કૂટર ચાલુ કરવામાં તકલીફ થતી હતી. આ બાબતે ડીલરશીપ ને રજૂઆત કર્યા છતાં કોઈપણ જાતના પગલાં લેવામાં આવ્યા ન હતા. આથી પરમાર દ્વારા રાજકોટની ગ્રાહક સુરક્ષા અદાલતમાં કેસ કરવામાં આવ્યો હતો. જેમાં અદાલત સામેવાળાને નોટિસ કાઢી હતી અને તેઓ જવાબ રજૂ કર્યો હતો પરંતુ પુરાવાના અભાવે કોર્ટે આ જવાબ સ્વીકાર્યો નહતો. બંને પક્ષકારો સાંભળ્યા બાદ અદાલતે ઓલા ઈલેક્ટ્રીક ને સેવાઓમાં ખામી માટે જવાબદાર ઠેરવીને ગ્રાહકને કોઈપણ જાતનો ખર્ચ લીધા વગર બેટરી બદલી આપવા અને રૂપિયા ૫૦૦૦ લીગલ ખર્ચ તરીકે ચૂકવવાનો આદેશ કર્યો હતો.

## Tvs jupiter રીપેરીંગ કરી આપવા ગ્રાહક કોર્ટનો આદેશ

બીજી બાજુ રાજકોટ એક અન્ય રહીશ દ્વારા ગ્રાહક કોર્ટમાં કરવામાં આવેલી ફરિયાદના આધારે ઓટો ડીલરને ટીવીએસ જ્યુપિટર સ્કૂટર ની ખામી દૂર કરવા માટે આદેશ આપ્યો હતો. કેસની વિગતો મુજબ ગાંધીગ્રામ ના જીવંતિકા નગર ખાતે રહેતા કનૈયા હીરાભાઈ છૈયા દ્વારા એક tvs jupiter વાહન ગત ફેબ્રુઆરી મહિનામાં ખરીદવામાં આવ્યું હતું પરંતુ ખરીદી અને ટૂંકા સમયમાં આ સ્કૂટર અવારનવાર બંધ પડી જતું હતુ. પહેલી સર્વિસ કરાવ્યા બાદ પણ તેમાં કોઈ સુધારો આવ્યો નહોતો અને અંતે ડીલર દ્વારા વોરંટી પીરીયડ હોવા છતાં યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવતા થઈ ગયા દ્વારા ગ્રાહક કોર્ટમાં કેસ કરવામાં આવતો ગ્રાહક અદાલતે કનૈયાલાલ છૈયા ની તરફેણમાં ચુકાદો આપીને આ ડીલરને વાહન યોગ્ય રીતે રીપેર કરી આપવા આદેશ કર્યો હતો. અદાલતે જણાવ્યું હતું કે ખામી દૂર કરીને ગ્રાહકને ચાલુ હાલતમાં વાહન આપવાનું રહેશે.

# રાજકોટ-૬૯માં અમુક દસ્તાવેજો રદ્દ થવાના ભણકારાઃ પ્રાંત દ્વારા સુનાવણી પૂર્ણ

### ધારાસભ્ય ડો.દર્શિતા શાહની અશાંતધારાના મામલે કલેકટરને કરેલી ફરિયાદના પગલે તપાસનો ધમધમાટઃ ૧૨ આસામીઓના નિવેદનો લેવાયાઃ ૧૫ જેટલા કેસો પેન્ડીંગ

રાજકોટ તા.૧૧

રાજકોટ-૬૯ (પશ્ચિમ) મત વિસ્તારમાં અશાંત ધારાનો ભંગ થતો હોવાની ધારાસભ્ય ડો.દર્શિતા શાહે સંવેદનશીલ વિસ્તારોના લતાવાસીઓ સાથે જીલ્લા કલેકટરને કરેલી ફરીયાદના પગલે સીટી પ્રાંત-૧ અધિકારી ડો.ચાંદની પરમાર દ્વારા આ પ્રકરણમાં તપાસ હાથ ધરવામાં આવી છે.

જેમાં વોર્ડ નં.૨માં હિન્દુઓના નામે દસ્તાવેજ કરી મુસ્લીમ સમાજના સદસ્યો વસવાટ કરી રહ્યાની ફરીયાદમાં આ તમામ બારેય આસામીઓને પ્રાંત-૧ કચેરી ખાતે રૂબરૂ બોલાવી તેઓની સુનાવણી પૂર્ણ કરી દેવામાં આવી છે. આ આસામીઓના જરૂરી નિવેદનો પણ પ્રાંત-૧ અધિકારી ડો.ચાંદની પરમાર દ્વારા લેવામાં આવેલ છે.

આ પ્રકરણમાં અમુક દસ્તાવેજો રદ થવાની શકયતા પણ વ્યકત કરવામાં આવી રહી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે પ્રાંત-૧ કચેરીમાં અશાંત ધારાના મા ૧૫ જેટલા જ કેસો પેન્ડીંગ છે જયારે મોટાભાગના કેસોનો નિકાલ કરી દેવામાં આવેલ છે.

રાજકોટ-૬૯ (પશ્ચિમ) વિસ્તારમાં અશાંત ધારાનો ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો હોવાનું અને પોલીસ દ્વારા નાણા લઈ મકાનોના ખરીદ વેચાણ માટે આ વિસ્તારના આસામીઓને અભિપ્રાય અપાતા હોવાનો આક્ષેપ કરવામાં આવેલ હોય આ પ્રકરણે ભારે સનસનાટી મચાવી દીધી છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે અગાઉ શહેરના તમામ ધારાસભ્યો દ્વારા અશાંત ધારામાં વધુ વિસ્તારોને આવરી લેવા માટે રજૂઆતો કરવામાં આવી હતી. પરંતુ આ બાબતે હજુ સુધી કોઈપણ જાતની કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. આ ઉપરાંત કલેકટર કચેરી ખાતે ફરીયાદ સંકલનની બેઠકમાં પણ આ અશાંત ધારાનો મામલો ઉઠયો હતો. હવે આ અશાંત ધારાનો શહેરમાં ચુસ્તપણે અમલ થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા કેવા પગલા લેવાય છે? તેના તરફ નગરજનોની મીટ મંડાયેલી છે.

### કેવી કરૂણતાઃ પત્નીએ જમવાનું પૂછવા ફોન કર્યો ત્યારે અકસ્માતની જાણ થઇ

# જૂના યાર્ડ પાસે જીવલેણ અકસ્માતઃ ટેન્કર પાછળ સ્કૂટર ઘુસી જતાં મોરબી રોડના યુવાનનું મોત

### માંડા ડુંગર પાસે ઓટો ગેરેજ ચલાવતા યુવાનનો ભોગઃ ત્રણ વર્ષના પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવી







રાજકોટ, તા.૧૧

રાજકોટમાં જીવલેણ માર્ગ અકસ્માતમાં વધુ એકનો ઉમેરો થયો હોય તેમ આજે બપોરે જુના માર્કેટ યાર્ડ પાસે સર્જાયેલા અકસ્માતમાં સ્કૂટર ચાલક યુવકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. પાણીના ટેન્કર પાછળ સ્કૂટર ઘુસી જતાં આ પ્રાણઘાતક અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતની પ્રાથમિક વિગતો પ્રમાણે જુના માર્કેટ યાર્ડ પાસે બપોરે ૧૨-૩૦ વાગ્યાના અરસામાં પાણીના ટેન્કરની પાછળ સ્કૂટર ઘુસી ગયું હતું અને તેના ચાલકનું ઘટના સ્થળે જ મોત થઇ ગયું હતું. અકસ્માત સર્જાયાના પગલે લોકોના ટોળા એકઠા થઇ ગયા હતા અને યુવકને સારવાર માટે ખસેડવાના પ્રયત્ન થયા હતા પરંતુ ઘટના સ્થળે જ પ્રાણ પંખેરુ ઉડી ગયું હોવાનું જાહેર થયું હતું. દુર્ઘટનામાં મોતને ભેટેલો યુવાન આજી ડેમ માંડાડુંગર પાસે જલારામ ઓટો ગેરેજ ચલાવતો હોવાનું બહાર આવ્યું છે. મોરબી રોડ પર સેટેલાઇટ ચોક નજીક ઘનશ્યામનગરમાં રહેતા યુવકનું નામ પ્રદિપ રાજેન્દ્રભાઇ પ્રજાપતિ હોવાનું બહાર આવ્યું છે. ૨૭ વર્ષીય યુવાન પરિણીત હોવાનું અને સંતાનમાં ત્રણ વર્ષનો પુત્ર હોવાનું બહાર આવ્યું છે. ઘટનાની જાણ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો અને ત્રણ વર્ષના માસૂમ પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવી છે.

દુર્ઘટનાની કરૂણતા તો એ છે કે યુવકને અકસ્માત નડ્યો તે દરમિયાન તેના મોબાઇલ ફોન પર તેની પત્નીનો 'ક્યારે જમવા આવો છો ' તેવું પુછાણ કરતો ફોન આવ્યો હતો. આ સમયે ઘટના સ્થળે હાજર લોકોએ ફોન ઉપાડીને બનાવ વિશે જાણ કરતાં પરિવાર પર આભ તુટી પડ્યું હતું.

# રાજકોટ બારની ચૂંટણીમાં સેક્રેટરી અને કારોબારી સભ્યપદે બે ફોર્મ પાછા ખેંચાયા : ૧૬ પદ માટે ૫૧ ઉમેદવારનું ચિત્ર સ્પષ્ટ

### સેક્રેટરી પદે ઉમેદવારી કરનાર એક વકીલ અને કારોબારી સભ્ય પદે ઉમેદવારી કરનાર એક મહિલા વકીલે પોતાના ફોર્મ પાછા ખેંચી લીધા

રાજકોટ, તા.૧૧

રાજકોટ બાર એસો.ની ચૂંટણી માટે તા. ૨૦ ડિસેમ્બરના રોજ મતદાન થવાનું છે. ગઈકાલે ઉમેદવારી ફોર્મ પાછા ખેંચવાના અંતિમ દિવસ હતો. સેક્રેટરી પદે ઉમેદવારી કરનાર એક વકીલ અને કારોબારી સભ્ય પદે ઉમેદવારી કરનાર એક મહિલા વકીલે પોતાના ફોર્મ પાછા ખેંચી લીધા છે. જેથી હાલના તબક્કે ૬ હોદ્દેદારો અને ૧૦ કારોબારી સભ્ય પદ માટે કુલ ૫૧ વકીલોએ ઉમેદવારી નોંધાવી છે.

રાજકોટ બારની હાલની ચૂંટણીમાં ત્રિપાંખિયા જંગમાં દિલીપ જોષીની કાર્યદક્ષ પેનલ, બકુલ રાજાણીની એક્ટિવ પેનલ અને પરેશ મારુની સમરસ પેનલ એમ ત્રણ પેનલ બની છે. જોકે આમાંથી એક પેનલ સંપૂર્ણ બની શકી નથી. બારની ચૂંટણીમાં પ્રમુખ, ઉપ-પ્રમુખ, સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી, ખજાનચી, લાઇબ્રેરી સેક્રેટરી એમ ૬ હોદ્દા અને મહિલા અનામત સહિત ૧૦ કારોબારી સભ્યો મળી કુલ ૧૬ જગ્યાઓ માટે ચૂંટણી થશે. હાલ પ્રમુખપદ માટે છ, ઉપપ્રમુખ પદ માટે ત્રણ, સેક્રેટરી પદ માટે ચાર, જોઇન્ટ સેક્રેટરી પદ માટે બે, ટ્રેઝરર માટે ત્રણ, લાઇબ્રેરી સેક્રેટરી માટે બે, કારોબારી મહિલા અનામતમાં ચાર અને જનરલ કારોબારીમાં ૨૭ ઉમેદવારોનું આખરી ચિત્ર હોવાનું બહાર આવ્યું છે.

જેમાં બેઠકવાઈઝ ઉમેદવારો જોઈએ તો પ્રમુખપદ માટે પાંચ ઉમેદવારોમાં હરીસિંહ મનુભા વાઘેલા, દિલીપભાઈ, નટવરલાલ જોષી, બકુલભાઈ રાજાણી, પરેશભાઈ ભગવાનજીભાઈ મારુ, અતુલકુમાર મોહનલાલ જોશી અને કૌશિક કાંતિલાલ પંડ્યાનો સમાવેશ થાય છે. ઉપપ્રમુખમાં ત્રણ ઉમેદવારોમાં મયંકકુમાર રમણીકલાલ પંડ્યા, નીરવકુમાર કરૂણાશંકર પંડ્યા અને સુમિત ધીરજલાલ વોરા. સેક્રેટરીપદમાં ચાર ઉમેદવારોમાં સંદીપ મનજીભાઈ વેકરીયા, વિનેશ કદમકાંત છાયા, કેતનકુમાર પ્રફુલચંદ્ર દવે અને પરેશકુમાર મનસુખલાલ વ્યાસ. જોઈન્ટ સેક્રેટરીના બે ઉમેદવારોમાં જીતેન્દ્ર હિંમતલાલ પારેખ અને ગિરિરાજસિંહ ચંદ્રસિંહ જાડેજા. ટ્રેઝરરમાં ત્રણ ઉમેદવારોમાં કૈલાશ જીતેન્દ્રભાઈ જાની, રાજેશ બચુભાઈ ચાવડા અને પંકજ રામજીભાઈ દોંગા. લાઇબ્રેરી સેક્રેટરીના બે ઉમેદવારોમાં રવિ ભુપેન્દ્રભાઈ ધ્રુવ અને કેતન વાજસુરભાઈ મંડ. કારોબારી સભ્ય મહિલા અનામતમાં ચાર ઉમેદવારોમાં અરુણા/ અલ્કા હરિલાલ પંડ્યા, રૂપલબેન ભાસ્કરભાઈ થેકેશ્વર, હર્ષા નીરવકુમાર પંડ્યા અને રક્ષા ગિરીશભાઈ ઉપાધ્યાયનો સમાવેશ થાય છે. ચૂંટણીનું મતદાન તા.૨૦/૧૨/૨૦૨૪ને શુક્રવારે સવારે ૯થી બપોરે ૩ વાગ્યા સુધી ન્યુ ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડીંગ પ્રથમ માળે યોજાશે, આ જ દિવસે બપોરે ૪ વાગ્યાથી મતગણતરી શરૂ થશે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૯૫-૨૫૪૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૪૫-૨૪૯૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૪૦-૨૧૯૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૦૯૦-૨૧૪૦ |
| પામોલીયન તેલ | ૨૧૫૦-૨૧૫૫ |
| મસ્ટર્ડ તેલ | ૨૧૬૦-૨૧૮૦ |
| સનફ્લાવર તેલ | ૨૧૦૦-૨૧૨૦ |
| મકાઇ તેલ | ૨૦૮૦-૨૧૧૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૧૦-૨૨૪૦ |
| કોપરેલ | ૩૦૫૦-૩૧૦૦ |
| દિવેલ | ૨૨૪૦-૨૨૫૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) | ચાંદી |
|---|---|
| ૮૦૪૦૦(+૯૦૦) | ૯૬૧૦૦(+૫૦૦) |

# દુનિયાભરમાં આજથી છ દિવસ સુધી ઉલ્કાવર્ષાનો નજારો

## રાજકોટમાં વહેલી પરોઢે સૂર્યોદય પહેલા ૬ થી ૬.૩૦ કલાક સુધી ઉલ્કા નિહાળવા મળશે: તા.૧૩-૧૪મીનાં રાત્રે આતશબાજી જેવો માહોલ

રાજકોટ,તા.૧૧

દુનિયાભરના લોકોએ ઓકટોબર - નવેમ્બરમાં આકાશમાં ઉલ્કાવર્ષાનો અદ્‌ભૂત આનંદ મેળવ્યો હતો ત્યારે વર્ષ ૨૦૨૪ નો આખરી ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો આજથી તા. ૧૬ મી ડિસેમ્બર સુધી સ્વચ્છ આકાશમાં નરી આંખે જોઈ શકાશે. રાજયના લોકો તા. ૧૩ અને ૧૪ એમ બે દિવસ આકાશમાં ઉલ્કાવર્ષા આહલાદક જોઈ શકશે. રાજયમાં જેમીનીડસ ઉલ્કાવર્ષાનો આનંદ મેળવવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે.

જાથા ના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે દુનિયાભરમાં દર વર્ષે ડિસેમ્બર માસમાં તા. ૭ મી થી ૧૬ સુધી જેમીનીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ અભૂત જોવા મળે છે. દેશ-વિદેશમાં કલાકમાં ૧૦ થી ૫૦ અને વધુમાં વધુ ૧૨૦ (એકસો વીસ) ઉલ્કાવર્ષા દિવાળીની આતશબાજીના શ્યો જેવી અવકાશમાં જોવા મળે છે. વાસ્તવમાં અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળે છે. આજથી ક્રમશ: ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. તા. ૧૩ અને ૧૪ બે દિવસ દક્ષિણ ગોળાર્ધમાંથી મધ્યરાત્રિ બાદ પરોઢ સુધી સુધી ખૂબ જ સારી રીતે જેમીનીડીસ ઉલ્કાવર્ષા જોવા મળવાની છે. જો કે તા. ૧૩, ૧૪ ના રોજ અમદાવાદમાં સવારે ૫ કલાકે, રાજકોટમાં સવારે ૬ થી ૬-૩૦ કલાકની વચ્ચે સૂર્યોદય પહેલા ઉલ્કાવર્ષા જોવા મળવાની છે. રાજયના લોકો તા. ૧૩ અને ૧૪ ના રોજ મધ્યરાત્રિ બાદથી વહેલી પરોઢ સુધી આહલાદક ઉલ્કાવર્ષા જોઈ શકવાના છે.

ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ પહેલા અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે મધ્યરાત્રિ બાદથી વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. ઉત્તર, પૂર્વ દિશા જોવામાં શ્રેષ્ઠ છે. ચારેય દિશામાં ગમે ત્યારે દિવસે-રાત્રે ઉલ્કાવર્ષા થાય છે. તા. ૧૩ અને ૧૪ બે દિવસ ઉલ્કા જોવાનું ચુકશો નહિ. જાથા દ્વારા રાજકોટ, અમરેલી, બોટાદ, દેવભૂમિ ારકા, અરવલ્લી, રાજપીપળા, ભાવનગર, જુનાગઢ, પોરબંદર, જામનગર, સુરેન્નગર, કચ્છ, અમદાવાદ, આણંદ, નડીયાદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ધાનેરા, ડીસા, હિંમતનગર, ગાંધીધામ, માંડવી, અંજાર, મોરબી, પાવગઢ, ગોધરા, વિગેરે નાના-મોટા નગરોમાં ત્રણ દિવસીય મધ્યરાત્રિ - પરોઢે વ્યવસ્થાની આખરી ઓપની તૈયારી આરંભી છે.

જેમીનીડસ ઉલ્કાવર્ષાનો નજારો નિહાળવાની તૈયારીમાં જાથાના દિનેશ હુંબલ, નિર્ભય જોશી, રાજુ યાદવ, કાર્તિક ભટ્ટ, અશ્વિન કુગશીયા, નિર્મળ મેત્રા, વિક્રમ કુગશીયા, ભોજાભાઈ ટોયટા, આકાશ પંડયા, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, હર્ષાબેન વકીલ, ભક્તિબેન રાજગોર, ભાનુબેન ગોહિલ, વિગેરે અનેક સદસ્યો જોડાયા છે.

# રેલનગરમાં બનતા ૧૦૧૦ આવાસોનો રેસકોર્ષમાં મુખ્યમંત્રી ડ્રો કરશે



રાજકોટ, તા.૧૧

મહાનગરપાલિકાના રૂ.૫૬૯.૧૯ કરોડના ૪ પ્રકલ્પોના લોકાર્પણ તથા રૂ.૨૨૪.૨૬ કરોડના જુદા જુદા ૫૬ પ્રકલ્પોના ખાતમુહૂર્ત તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણાધિન ૧.૫ બીએચકે ના ૧૦૧૦ આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસ ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો તથા શહેરી વિકાસ સત્તા મંડળના ઇડબલ્યુએસ-૨ કેટેગરીના ખાલી ૨૧૦ આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસ ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે તા.૧૩ના શુક્રવારે બપોરે ૧૨ વાગ્યે રેસકોર્ષ મેદાનમાં મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને થશે.

ગઇકાલે સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે મેયરના અધ્યક્ષ સ્થાને પદાધિકારીઓ અને અધિકારીઓની મીટિંગ યોજાઈ હતી. જેમાં ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે. ચેરમેન જયમીનભાઇ ઠાકર, કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, બાંધકામ ચેરમેન ભાવેશભાઈ દેથરીયા, વોટર વર્કસ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, હાઉસિંગ સમિતિ ચેરમેન નીતિનભાઈ રામાણી, ડે. કમિશનર સી.કે. નંદાણી, રૂડા સી.ઇ.ઓ. જી.વી. મિયાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પદાધિકારી દ્વારા પાર્કિંગ, મંડપ, આવાસના લાભાર્થીઓને આવવા-જવા માટે ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા, મિનિટ ટુ મિનિટ કાર્યક્રમની વિગતવાર ચર્ચા-વિચારણા, સાઉન્ડ-એલઇડી, નિમંત્રણ કાર્ડ, અન્ય મેનેજમેન્ટ અંગે માર્ગદર્શન અપાયું હતું.

રૂ. ૧૧૯.૦૫ કરોડના ખર્ચે ટી.પી. ૧૯ (રાજકોટ) એફ.પી. ૧૨/અ તથા ૧૨/ઇ પર રેલનગર વિસ્તારમાં ઇડબલ્યુએસ- ટુ પ્રકારના ૧૦૧૦ આવાસોની કામગીરી કાર્યરત છે. આવાસ યોજનાઓ ઈન્ટીગ્રેટેડ ઇન્કલુંઝીવ પ્રકારની બનાવવામાં આવેલ છે. જેમાં આવાસોની આંગણવાડી તેમજ શોપિંગ સેન્ટરનું નિર્માણ પણ કરવામાં આવેલ છે. જેથી નાગરિકોને રોજ-બરોજની જીવન જરૂરિયાતની વસ્તુઓ નજીકના વિસ્તારમાં મળી રહે.

આવાસ યોજનામાં કોમન લાઈટીંગ માટે રૂફટોપ સોલાર સિસ્ટમની વ્યવસ્થા, પાણીની લાઈન, ડ્રેનેજ સિસ્ટમ, ગેસ પાઈપલાઈન, વીજ કનેકશન, લાઈટીંગ અરેસ્ટર, ઓટો ડોર લીફ્ટ(ફાયર તથા કોમન), રેઈન વોટર હાર્વેસ્ટિંગ, બિલ્ડીંગ દીઠ ઓટો ડીજી જનરેટર સેટ્સ, ચિલ્ડ્રન પ્લે એરિયા, હોલ, બેડરૂમ તથા રસોડામાં વિટ્રીફાઇડ ટાઈલ્સ ફ્લોરિંગ, રસોડામાં માર્બલ સેન્ડવીચ પ્લેટફોર્મ તથા વોલ ટાઈલ્સ તેમજ વોશ એરિયા, છત પર વોટર પ્રુફ ફ્લોરીંગ, પ્લાન્ટેશનની સુવિધા છે.

આ કાર્યક્રમમાં સૌને ઉમટવા આમંત્રણ અપાયું છે તો લાભાર્થીઓ માટે બપોરે ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

## લીફ્ટ, જનરેટર, હોલ, દુકાનો સહિતની સુવિધા: શુક્રવારના કાર્યક્રમ માટે મેયર સહિતના પદાધિકારીઓ, કમિશ્નરની હાજરીમાં મીટીંગ યોજાઇ






# ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ શુક્રવારે સદભાવના વૃદ્ધાશ્રમની મુલાકાત લેશે

## ભુપેન્દ્રભાઈ પટેલ વડીલો સાથે સીધો સંપર્ક કરી સેવાઓ અને સુવિધાઓનું નિરીક્ષણ કરશે

રાજકોટ, તા.૧૧

ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તા. ૧૩, શુક્રવારે પીપળીયા ભવન, સદ્‌ભાવના વૃદ્ધાશ્રમની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ વડીલો સાથે સીધો સંપર્ક કરી તેમની સમસ્યાઓ અને આવશ્યકતાઓને સાંભળશે. મુખ્યમંત્રીના આગમનથી વૃદ્ધાશ્રમમાં રહેલા વડીલોમાં અત્યંત ઉલ્લાસ જોવા મળી રહ્યો છે, આ મુલાકાત માનવીય સંવેદનાઓનો એક અનોખો ઉદાહરણ બનશે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું આ પગલું એ રાજ્યના નાગરિકોની જાળવણી અને આદર દર્શાવે છે. સદભાવના વૃદ્ધાશ્રમના વડીલો માટે મુખ્યમંત્રી સાથેની આ મુલાકાત એક મહત્ત્વપૂર્ણ ક્ષણ બની રહેશે. આ સાથે જ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આ મુલાકાતમાં વૃદ્ધાશ્રમની સેવાઓ અને સુવિધાઓનું નિરીક્ષણ પણ કરશે.

માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા દસ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે.અત્રે ઉલેખ્ખનીય છે કે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા નિ:સંતાન, નિરાધાર, પથારીવશ,બીમાર વડીલ માવતરના લાભાર્થે ખૂબ આનંદ અને ભક્તિભાવ સાથે પ્રખર રામાયણી પૂ.મોરારિબાપુ દ્વારા, વૃક્ષો અને વડીલોનાં લાભાર્થે વૈશ્વિક રામકથા માનસ''સદભાવના'' યોજાઈ હતી. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ૩૦ એકર જગ્યામાં, ૫૦૦૦ નિ:સંતાન, નિરાધાર વડીલોને આજીવન સમાવી શકાય તેવું ૧૪૦૦ રૂમ યુક્ત નવું પરિસર ૩૦૦ કરોડનાં માતબર ખર્ચે બની રહ્યું છે.

સદભાવના વૃદ્ધાશ્રમનાં વડીલો અને તેની વૃક્ષારોપણની પ્રવૃત્તિનાં લાભાર્થે આ વૈશ્વિક રામકથા યોજાઈ હતી. રામકથા દરમિયાન વડિલોનું માન, પર્યાવરણ જતન અને જીવનમાં વૃક્ષોના મહત્વ અંગેની પણ વાત કરવામાં આવી રહી છે. આ કથા દરમિયાન જે પણ અનુદાન એકત્રિત થયું છે તે સદભાવના વૃધ્ધાશ્રમની સેવા-સુશ્રુસા, નવા અધતન પરિસરના નિર્માણ અને સમગ્ર ભારતમાં ૧૫૧ કરોડ વૃક્ષો વાવીને તેનો ૪ વર્ષ સુધી ઉછેર કરવાની પ્રવૃતિના વિકાસ માટે, સમગ્ર ભારતને ગ્રીન કરવા માટે વાપરવામાં આવશે.

# માલવીયા ફાટક બાદ હવે ત્રણ દિવસ એસ્ટ્રોન રેલવે ફાટક બંધ રહેશે

## તા.૧૩થી૧૫ સુધી એસ્ટ્રોન ફાટક મેન્ટેનન્સ કામગીરી માટે બંધ: તમામ વાહનોને ભક્તિનગર-એસ્ટ્રોન નાલાના અંડરબ્રીજમાં ડાયવર્ટ કરાશે: ફાટક ટ્રેકમાં રબરરાઈઝ થતા વાહનને થડકા લાગવા, સ્લીપ થવા સહિતની સમસ્યાથી મુક્તિ મળશે

રાજકોટ તા.૧૧

એક સમય હતો રેલવેના ફાટક પર પસાર થતા વાહન ચાલકો ટ્રેનનાં પાટા પાર કરવામાં ગબડી પડયા હતા તો ઘણી વખત ફાટકમાં ગાબડા પડતા વાહનો ફુટબોલના દડાની માફક ઉછળતા હોવાના દ્રશ્યો નજરે પડતા હતા પરંતુ પશ્ચિમ રેલવે તંત્ર તરફ ફાટક પર વાહનો આસાનીથી પસાર થાય તેવી સમયાંતરે આધુનિક સીસ્ટમ અપનાવતા અકસ્માતોનાં બનાવોમાં ઘટાડો થયો છે. હાલ રેલવે તંત્રએ અત્યંત આધુનિક રબરરાઈઝ કાર્યવાહી હાથ ધરી ફાટકોમાં આ સુવિધા આપવાની કામગીરી હાથ ધરી છે.મહાનગરમાં ગત તા.૯થી૧૧ દરમિયાન માલવીયા ફાટક ત્રણ દિવસ બંધ રાખી આ ફાટકમાં રબરરાઈઝ ફીટીંગ કામગીરી પૂર્ણ થયા બાદ પુર્વવત શરૂ થશે. આ ફાટકની કામગીરી પૂર્ણતાના આરે હોય ત્યારે હવે ભક્તિનગર એકશનમાં આવેલ એસ્ટ્રોન ફાટક (રેલવે ક્રોસીંગ નં.૮) તા.૧૩મી સવારે ૧૦થી તા.૧૫મી સુધી રાત્રીના ૮ કલાક સુધી મેન્ટેનન્સ કામ માટે ત્રણ દિવસ બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન ટ્રાફિકને ભક્તિનગર સેકશનના એસ્ટ્રોન નાલા (અંડરબ્રિજ)માંથી ડાયવર્ટ કરાશે તેમ પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝનની યાદીમાં જણાવાયું છે.

શું છે રબરરાઈઝ કામગીરી



રેલ્વે ક્રોસીંગ પર પસાર થતા વાહનો ખાસ કરીને દ્વિચક્રી સહિતનાં તમામ વાહનો ફાટક પરથી આસાનીથી પસાર થાય તે ફાટક માટે હાલ રાજકોટ રેલવે ડિવિઝનમાં રેલવે ફાટક રબરરાઈઝ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ફાટક પરથી વાહનો થડકો, સ્લીપ, ઉછળ્યા વિના સરળતાથી પસાર થાય તે માટે ફાટક એરીયાનાં ટ્રેક આસપાસ રબર સીટનું ફીટીંગ થઈ રહ્યું છે. રબરરાઈઝ ફાટક થતા શિયાળો-ઉનાળો-ચોમાસુ ઋતુમાં તમામ વાહનો સરળતા અને આસાનીથી સલામત રીતે પસાર થઈ શકશે. આ પ્રકારની સુવિધાનો હેતુ સરળતા-સલામતી-સુરક્ષાલક્ષી છે. સાથે અકસ્માત નિવારણકારક છે.



## પદાધિકારીઓ-કમિશ્નર વચ્ચે પરિચય બેઠક: વિકાસને વેગની પ્રતિબધ્ધતા

આજરોજ રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક પહેલા મળેલ બેઠક સમયે નવનિયુક્ત કમિશનર તુષાર સુમેરા હાજર રહેલ હતા. તેઓએ બેઠકમાં હાજર તમામ કોર્પોરેટરોને સંબોધન કરેલ હતુ. તેમજ શહેરના વિકાસને વેગ આપવાની દિશામા કામ કરવા તંત્ર તરફથી કટિબધ્ધતા વ્યક્ત કરી હતી. આ બેઠકમાં મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા તથા મહાનગર પાલિકાના કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતાં.

# યુવા સેના ટ્રસ્ટ, દ્વારા તા. ૧૪ ડિસેમ્બર થી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ

## ૧૧ દિકરીઓના સમુહલગ્ન તેમજ ૧૧ વિપ્ર બટુકોના યજ્ઞોપવિત સંસ્કાર લાભાર્થે આયોજન

રાજકોટ, તા.૧૧

યુવા સેના ટ્રસ્ટ, રાજકોટ દ્વારા ૧૧ દિકરીઓના સમુહ લગ્ન તેમજ ૧૧ વિપ્ર બટુકોની યજ્ઞોપવિત સંસ્કાર ના લાભાર્થે આગામી શનિવાર તા. ૧૪-૧૨-૨૦૨૪ થી શુક્રવાર ૨૦-૧૨-૨૦૨૪ ના રોજ નવી પપૈયા વાડી શેરી નં. ૩ ના ખુણે દોશી હોસ્પિટલ સામે રાજકોટ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સંગીતમય શૈલીમાં પ્રખર ભાગવત આચાર્ય શાસ્ત્રી પિયુષભાઈ (રાજકોટ) ના વ્યાસાસને રસાળ શૈલીમાં કથાનું રસપાન કરાવવામાં આવશે.

પોથીયાત્રા તા. ૧૪-૧૨-૨૦૨૪ શનિવાર સાંજે ૩-૩૦ કલાકે શ્રી અન્નપૂર્ણેશ્વર મહાદેવ મંદિર પપૈયા વાડી શેરી નં ૧ ખાતે થી વાજતે ગાજતે ડીજે સાથે નીકળશે. કથાના મુખ્ય પાવન પ્રસંગો તા. ૧૪-૧૨-૨૦૨૪ શનિવાર સાંજે ૩-૩૦ કલાકે પોથીયાત્રા, તા. ૧૬-૧૨-૨૦૨૪, સોમવારે નૃસિંહ પ્રાગટય, તા. ૧૭-૧૨-૨૦૨૪ ના રોજ ભગવાન શ્રી રામ નો જન્મોત્સવ તેમજ શ્રી કૃષ્ણ જન્મોત્સવ, તા. ૧૮-૧૨-૨૦૨૪ ના રોજ ગોવર્ધનલીલા ચરિત્ર, તથા શ્રી કૃષ્ણ-રૂકમણી વિવાહ અને તા. ૧૯-૧૨-૨૦૨૪ ના રોજ તથા ૨૦-૧૨-૨૦૨૪ સુદામા ચરિત્ર અને પરિક્ષિત પ્રસંગોનું શાસ્ત્રી પિયુષભાઈ સંગીતમય શૈલીમાં કથાશ્રવણ પાન ભાવિક ભકતજનોને કરાવશે.



# બી ટી. સવાણી કિડની હોસ્પિટલમાં ડાયાબિટીસ બાળકો માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## ૭૦ થી વધુ બાળકોએ ઝુમ્બા, ટેટુ પેન્ટિંગ અને નેલ આર્ટ જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં સહભાગી થયા

રાજકોટ, તા.૧૧

એન્ડોકેર હોસ્પિટલ, જુવેનાઇલ ડાયાબિટીસ ફાઉન્ડેશન અને બી ટી. સવાણી કિડની હોસ્પિટલના સહયોગથી ટાઈપ ૧ ડાયાબિટીસ બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓ અને જાગૃતિ કાર્યક્રમનું બી ટી. સવાણી કિડની હોસ્પિટલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૭૦ થી વધુ ડાયાબીટીક બાળકો અને તેમના માતાપિતા હાજર રહ્યા.

આ કાર્યક્રમમાં વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ થયો હતો. જેમાં ઝુમ્બા, ટેટુ પેન્ટિંગ અને નેલ આર્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ટાઈપ ૧ ડાયાબિટીસના બાળકો દ્વારા ડાન્સ, સ્પીચ અને પેન્ટિંગ દ્વારા પોતાની અંદર રહેલી કલાનું પ્રદર્શન કર્યું હતું. બાળકો તથા તેમના માતા પિતા માટે ડાયાબિટીસ જાગૃતિ પર ડો. ઝલક શાહ ઉપાધ્યાય (એન્ડોકેર હોસ્પિટલ) દ્વારા માહિતી આપવામાં આવી હતી, બાળકોને કિડનીની તકલીફ ન થાય તેના માટે શું તકેદારી રાખવી તે માટે બાળકોની કિડનીના નિષ્ણાંત ડો. મહિપાલ ખંડેલવાલ દ્વારા માહિતી આપવામાં આવી હતી અને ડાયાબિટીસના બાળકોને વિવિધ પ્રકારની ૧૫ જાતની હેલ્થી રેસીપી ડાયટેશન ઝલક વઘાસિયા (એન્ડોકેર હોસ્પિટલ) દ્વારા સમજાવવામાં આવી હતી.

## ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજના સામાજીક કાર્યકર્તા માનસી રાઠોડનો આજે જન્મ દિવસ

રાજકોટ,તા.૧૧

મૂળ રાજકોટના વતની રાજકોટમાં જ રહેતા એવા માનસીબેન રાઠોડ ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજના નાનીવયે સારી લોકચાહના હાંસલ કરી અનેક નામી-અનામી સંસ્થા સાથે રહી સેવાના કાર્ય કરતા માનસીબેનનો



આજે જન્મદિવસ છે. તેઓ ૨૭ મા વર્ષમાં પ્રવેશી રહ્યા છે. માનસીબેન રાઠોડ સેવાકીય પ્રવૃત્તિમાં જીવદયા, માનવસેવા જેવા અનેક કાર્યમાં રૂચિ ધરાવે છે. માનસીબેનનાં જન્મ દિવસે સેવા પ્રવૃતિ સાથે ઉજવાશે વિવિધ સામાજિક સંસ્થા, આગેવાનો, ગ્રુપ સર્કલ જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે.

## એડવોકેટ અલય ખખ્ખરનો જન્મદિન

હાઈકોર્ટ તથા ડીઆરટીમાં પ્રેકટીસ કરતા રાજકોટના યુવા એડવોકેટ અલય મનીષભાઈ ખખ્ખરનો જન્મ દિવસ છે. તેઓ સીનીયર એડવોકેટ મનીષ



ખખ્ખરના પુત્ર છે તેમજ રાજકોટ લોહાણા મહાજનના ભૂતપૂર્વ પ્રમુખ ડો. હર્ષદભાઈ પી. ખખ્ખરના પૌત્ર છે. જન્મ દિવસે મો.૭૭૭૮૦ ૦૦૦૯૫ ઉપર શુભેચ્છા મળી રહી છે.

## રિદ્ધિબા વાળાને પી.જી.ડી.સી.એ. નાં કોર્ષમાં સૌરાષ્ટ્ર યુનીવર્સીટી દ્વારા પ્રથમ ક્રમાંક સાથે ગોલ્ડ મેડલ એનાયત થશે

રાજકોટ,તા.૧૦

સર્વોદય કોલેજ ઓફ કોમ્પ્યૂટર સાયન્સની વિદ્યાર્થીની કુમારી વાળા રિદ્ધિબા ઘનશ્યામસિંહએ પી.જી.ડી.સી.એ. નાં કોર્ષમાં સૌરાષ્ટ્ર યુનીવર્સીટીમાં પ્રથમ ક્રમાંક સાથે ગોલ્ડ મેડલ મેળવશે.સંસ્થાપક



ભરતભાઈ ગાજીપરાએ કુમારી વાળા રિદ્ધિબાને બુક આપી સન્માનીત કરવામાં આવ્યાં. સાથે રિદ્ધિબાનાં મોટા બાપુ સુખદેવભાઇ વાળા અને પિતાશ્રી ઘનશ્યામભાઇ વાળા પણ સાથે જોડાયા હતાં. તેમજ સર્વોદય સ્કૂલ્સ અને કોલેજ પરિવાર દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ધી રાજકોટ કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લી.ના સીઈઓ ડો. પુરૂષોત્તમ પીપરીયાનો આજે જન્મદિવસ

## ડો. પુરૂષોત્તમ પીપરીયા કાર્યકાળ દરમિયાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ૭૫ ઉપરાંત એવોર્ડ્સ અને પ્રમાણપત્રથી સન્માનિત થયેલ

રાજકોટ, તા.૧૧

ધી રાજકોટ કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લી. ના સીઈઓ જેણે અનેક ક્ષેત્રોમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે તેવા ડો. પુરૂષોત્તમ પીપરીયાનો આજે જન્મદિવસ છે. જેને સમાજે કાયદેઆઝમ તરીકેના ઉપનામથી નવાજેલ છે, તેઓ યશસ્વી જીવનના ૬૪ વર્ષ પૂર્ણ કરી ૬૫ ના વર્ષમાં યશસ્વી અને ઝળહળતી કારકીર્દી સાથે પ્રવેશી રહ્યા છે.

ડો. પુરૂષોત્તમ પીપરીયા ભારત સરકારની ઓડિટ ક્ષેત્રેની સંસ્થા એકાઉન્ટ જનરલની ગુજરાત ક્ષેત્રેની સલાહકાર સમિતીમાં સેવા આપી રહ્યા હોવાની સાથોસાથ રાજકોટની ખ્યાતનામ આરસીસી બેંકના સીઈઓ, સૌરાષ્ટ્ર કચ્છ અર્બન કો-ઓપરેટીવ બેંકસ ફેડરેશનના સીઈઓ, સાધુ વાસવાણી હોસ્પિટલના સીઈઓ, માતુશ્રી વિરબાઈમાં મહિલા સાયન્સ એન્ડ હોમ સાયન્સ કોલેજના સીઇઓ, સદગુરૂ સદન ટ્રસ્ટના કો-ઓર્ડિનેટર, રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલના કો-ઓર્ડિનેટર, જંકશન પ્લોટ હાઉસીંગ કો-ઓપરેટીવ સોસાયટીના સીઈઓ તરીકે ફરજ બજાવી સતત કાર્યરત રહે છે. તેઓ તેમના કાર્યકાળ દરમિયાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ૭૫ ઉપરાંત એવોર્ડસ અને પ્રમાણપત્રથી સન્માનિત થયેલ છે.

રાજકોટ લોહાણા મહાજન ટ્રસ્ટ, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્સ્ટ્રીઝ સહિત અનેક સંસ્થાના બંધારણના ઘડવૈયા તરીકે આગવી ઓળખ ઉભી કરનાર ડો. પુરૂષોત્તમ પીપરીયાએ ચેમ્બર ઓફ કોમર્સ, રાજકોટ લોહાણા મહાજન ટ્રસ્ટ, ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ (રાજ બેંક) સહિત અનેક સંસ્થામાં ચૂંટણી અધિકારી તરીકે કાર્યરત રહી ચૂંટણીનું નિર્વિવાદ સફળતાપૂર્વક સંચાલન કરેલ છે.



ડો. પુરૂષોત્તમ પીપરીયાના વિશાળ શુભચિંતકો, મિત્રો, ચાહકો અને ગ્રાહકો તરફથી મો.નં.૯૪૨૭૨ ૨૦૫૪૪ અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## નાગર યુવક મંડળ અને નરસિંહજી ફાઉન્ડેશન દ્વારા BizCraft '24 નું બેનમૂન આયોજન

### ૬૦ જેટલા સ્ટોલની મુલાકાત લઈ શકશે લોકો

રાજકોટ, તા.૧૧

આગામી તા. ૨૧ અને ૨૨ ના રોજ ધર્મેન્દ્રસિંહજી કોલેજ ગ્રાઉન્ડ, રાજકોટ ખાતે 'બિઝનેસ કમ ટ્રેડ ફેર' નું આયોજન કરવામાં આવ્યું છે.રાજકોટ શહેર અને આસપાસ ના વ્યાપારીઓ - વ્યાવસાયિકો અને સર્વિસ સેકટર સાથે સંકળાયેલા ઉધ્યમીઓ પોતાની પ્રોડક્ટ્સ અને સેવાઓ નું મુલાકાતીઓ સમક્ષ પદ્ધતિસર નિદર્શન અને વેચાણ કરી શકે તે માટે BizCraft '24 ટ્રેડ ફેર માં કૂલ ૬૦ સ્ટોલ ઉભા કરવામાં આવનાર છે જેમાં ૧૦ સ્ટોલ ફૂડ કોર્ટ તરીકે અનામત રાખવામાં આવશે. જેમાં કપડાં, IT વિભાગ, ઇન્સ્યોરન્સ, એસ્ટ્રોલોજર સહિતના સ્ટોલ રાખવામાં આવશે. બે દિવસ ચાલનાર આ ટ્રેડ ફેર માં સ્ટોલ્સ ઉપરાંત મુલાકાતીઓ ના મનોરંજન માટે વિવિધ પ્રકારના રંગારંગ કાર્યક્રમો નું પણ આયોજન થઇ રહ્યું છે.આ ટ્રેડ ફેર ને સફળ બનાવવા ઓજસ માંકડ (૯૮૨૫૧૯૫૯૦૦), હિરેન આચાર્ય (૯૮૨૪૮૦૪૬૧૦) જહેમત ઉઠાવી રહ્યા છે.




## આંખોની તપાસ અને ચશ્મા વિતરણ કેમ્પ યોજાયો

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા ટોકન દરે ચશ્માની સગવડ મળી રહે તે હેતુથી એક કેમ્પ તારીખ: ૦૯ અને ૧૦ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, રાજકોટ જીલ્લા શાખા, રાજકોટ ખાતે યોજવામાં આવેલ હતો, આ કેમ્પ લગભગ ૩૬૫ જેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ અને તેમની આંખોની તપાસ અને જરૂરિયાતમંદોને ચશ્મા નું વિતરણ કરવામાં આવેલ.






દીક્ષા પૂર્વે

દીક્ષા બાદ

### સત્યપુનધામ-ગાંધીગ્રામ જૈન સંઘના આંગણે પૂ.ગુરૂ ભગવંતોની નિશ્રામાં વહેલી સવારે

# મુમુક્ષુ તીર્થનો સંયમના માર્ગે પ્રયાણઃ નૂતન દીક્ષિતનું મુનિ હેમપ્રેમ વિ. મહારાજની ઘોષણા

**ભદ્રંકર ક્રિયા મંડપમાં આ.શ્રી મનમોહનસૂરિજી મ. જૈનાચાર્ય શ્રી હેમપ્રભસૂરિજી મ. આદિની નિશ્રામાં ઉજવાયો દીક્ષા મહોત્સવઃ પૂ.ગુરૂ ભગવંતો સાથે નૂતનદીક્ષિત પૂ.મુનિ હેમપ્રેમ વિ.મ. આદિનો 'સાંજે વિહારઃ ધર્મસભામાં દીક્ષાર્થી અમર રહો તથા જૈનં જયંતી શાસનમ્'નો નાદ ગુંજી ઉઠયો**

સત્યપુન ધામ-ગાંધીગ્રામ શ્વે.મૂ.જૈન સંઘના આંગણે પ્રથમવાર મુમુક્ષુ તીર્થનો દીક્ષા મહોત્સવ ભવ્ય રીતે સંપન્ન થયો. પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય મનમોહનસૂરિશ્વરજી મ. તથા જિનશાસન પ્રભાવક આચાર્ય ભગવંત પૂ.શ્રી હેમપ્રભસૂરિશ્વરજી મહારાજી મહારાજ આદિ ઠાણા તથા પૂ.સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં રાજકોટના કમલેશભાઈ શેઠ તથા સોનલબેન શેઠના પુત્ર ચિ. તીર્થની

આજે વહેલી સવારે ૪-૩૫ કલાકે દીક્ષા વિધિ શરૂ થઈ હતી. વહેલી સવારે મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ તથા વિવિધ જૈન સંઘોના અગ્રણીઓ તેમજ બહાર ગામથી દીક્ષાર્થીના સ્નેહીજનોની ઉપસ્થિતિમાં મુમુક્ષુ ચિ.તીર્થએ સંયમનો માર્ગ ધારણ કર્યો હતો. દીક્ષા ગ્રહણ કર્યા પછી નૂતન દીક્ષિતનું નામ મુનિ હેમપ્રેમ વિ.મ.ની ઘોષણા કરવામાં આવી હતી. ત્યારે ધર્મસભામાં દીક્ષાથી અમર રહો. જૈનં જયતી શાસનમ્'ના નાદ ગુંજી ઉઠયા

હતા. ભદ્રંકર ક્રિયા મંડળમાં જયારે મુમુક્ષુને શુભ મુહૂર્ત રજાહરણ પ્રદાન કરાયું ત્યારે દીક્ષાર્થી નૃત્ય કરીને પોતાની સંયમ ધારણ કરવાની મનોકામના પૂર્ણ થયાનો ઉત્કૃષ્ટ ભાવ જોવા મળ્યો હતો.

આજે વહેલી સવારે ચાર વાગે પૂજ્ય ગુરૂ ભગવંતો સાથે મુમુક્ષુ તીર્થનો ભદ્રંકર ક્રિયા મંડપમાં પ્રવેશ થયો હતો ત્યારબાદ દીક્ષાવિધીનો પ્રારંભ થયો હતો. પૂ.ગુરૂદેવે શુભ મુહૂર્તે મુમુક્ષુ ચિ.તીર્થને રજોહરણ પ્રદાન કર્યુ. ત્યારબાદ કેશલુંચનની વિધિ કરવામાં આવી. નૂતનદીક્ષિત જયારે શ્વેત વસ્ત્રોમાં આવ્યા ત્યારે સભામાં દીક્ષાર્થી અમર રહોના સૂર ગુંજી ઉઠયો હતો. પૂ.ગુરૂદેવે નૂતન દીક્ષિતના નામની ઘોષણા કરી અને મુનિ હેમપ્રેમ વિજયજી મહારાજ નામ જાહેર કર્યુ.

આજે બપોરે પૂ.ગુરૂ ભગવંતો સાથે નૂતન દીક્ષિત મુનિ હેમપ્રેમ વિ.મહારાજે વિહાર કર્યો છે.

ઉપરોકત તસ્વીરમાં ભદ્રંકર ક્રિયા મંડપ (ધર્મસભા)માં પૂ. ગુરૂ ભગવંતોના આશીર્વાદ લેતા મુમુક્ષુ તીર્થકુમાર, બીજી તસ્વીરમાં દીક્ષા પૂર્વે આશીર્વાદ ગ્રહણ કરતા મુમુક્ષુ તીર્થકુમાર ત્રીજી તસ્વીરમાં વહેલી સવારે ચાર વાગે આ પ્રસંગે આવેલા શ્રાવક શ્રાવિકાગણ પ્રવચન સાંભળતા છેલ્લી તસ્વીરમાં ઉમટી પડેલા ભાવિકો નજરે પડે છે.

---

### પાલીતાણામાં આ.શ્રી નયપદ્મસાગરસૂરિજી મ.આદિની નિશ્રામાં

## હસ્તગિરિ મહાતીર્થમાં પ્રભુ આદિનાથના ચૌમુખી જિનાલયની પ્રતિષ્ઠા ભવ્ય રીતે સંપન્ન



રાજકોટ તા.૧૧

પાલીતાણામાં જિનશાસન પ્રભાવક, જીઓ, જીતોના પ્રેરક પરમપૂજય આચાર્ય ભગવંત શ્રી નયપદ્મસાગરસૂરીજી મ., મુનીરાજ શ્રી ધ્યાનપદ્મ સાગરજી મહારાજ, મુનિ શ્રી અક્ષયપદ્મસાગરજી મ. તેમજ વિદુષી સાધ્વીજી ભગવંત શ્રી મયણાશ્રીજી મહારાજ, સાધ્વીજી શ્રી સિધ્ધિમયણશ્રીજી મ., સાધ્વીજી શ્રી અર્હમમયણશ્રીજી મ.ની પ્રેરણાથી શત્રુંજય ગીરીરાજની ૩૫મી ટુંક તથા ભરત ચક્રવર્તી દ્વારા હસ્તિસેન મહામુનિની સ્મૃતિમાં સ્થાપિત હસ્તગીરી મહાતીર્થમાં પ્રભુ આદિનાથના ચૌમુખી જિનાલયનો આજે તા.૧૧ના મૌન અગિયારસના દિને ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો છે.



ઉપરોકત પ્રતિષ્ઠાના લાભાર્થી ઘમંડીરામ ગોવાણી તતા શ્રીમતી અંકીબાઈ ગોવાણી (રૂદ્રાક્ષ, ત્રિશલા, નિદર્શના રમેશભાઈ) પરિવાર છે.

---

### જૈનાચાર્ય શ્રી કિર્તિયશસુરિજીમ.આદિની પાવન નિશ્રામાં

## શનિવારે પાલીતાણામાં એકી સાથે ૯-૯ મુમુક્ષુઓ સામુહિક જૈન દીક્ષા ગ્રહણ કરશેઃ મહોત્સવનો પ્રારંભ




(વિપુલ હિરાણી)

ભાવનગર તા.૧૧

જૈનોના શાશ્વત તીર્થ શ્રી ક્ષત્રુંજય મહાતીર્થ પાલીતાણામાં વિશ્વહિત ચિંતાકારક પ્રવચન પ્રભાવક પુજય આચાર્યશ્રી

પૂજ્ય કીર્તિ યસ સુરીશ્વરજી મહારાજા આદિ ૪૦૦ થી શ્રમણ-શ્રમણી ભગવંતોનો ભવ્ય ચાર્તુમાસ પૂર્ણ થયા બાદ ૪+૨=૬ દિક્ષા પૂર્ણ થયા બાદ એકી સાથે ૯-૯ (નવ) મુમુક્ષુઓ પરિવાર અને સ્વજનોનો ત્યાગ કરી પુજય આચાર્યશ્રી વિજય કિર્તીસૂરીશ્વરજી મહારાજા ની નિશ્રામાં તા. ૧૪/૧૨/૨૦૨૪ ને શનિવાર ના રોજ ખરતગચ્છ ગ્રાઉન્ડ-જાલોરી ભવનની બાજુમાં, તળેટી રોડ, પાલીતાણામાં જૈન દિક્ષા સામુહીક રીતે દિક્ષા ગ્રહણ કરશે.

૯-૯ (નવ) મુમુક્ષુઓ માં પાંચ ભાઈઓ શૈલેષભાઈ (ઉ.વ.૫૭), રૂપેશભાઈ (ઉ.વ.૫૦), સ્વયંમભાઈ (ઉ.વ.૨૦), ધૈર્યભાઈ (ઉ.વ.૧૬), રત્નભાઈ (ઉ.વ.૧૪) તથા ચાર બહેનો જયોતિબેન (ઉ.વ.૪૯), નિધીબેન (ઉ.વ.૨૬), આર્યાબેન (ઉ.વ.૨૦) અને મુમુક્ષાબેન (ઉ.વ.૧૫) છે.આ અંગે પાંચ દિવસીય ભવ્ય દિક્ષા મહોત્સવ યોજવાનું નકકી કરેલ છે જેમાં તા.૧૦/૧૨/૨૦૨૪ ના રોજ સ્નાત્રપુજા, તા.૧૧ ના રોજ મૌન એકાદશીના દિવસે સવારે ૯ કલાકે સંયમ મનોરથ પુજા, બપોરે ૨:૩૦ કલાકે મૌન એકાદશીના દેવવંદન થશે. તા.૧૨ ના રોજ નિશ્રાદાતા ગુરૂ ભગવંતોનો મંગલ પ્રવેશ, સવારે ૯:૩૦ કલાકે વસ્ત્ર વધામણા, બપોરે ૩:૦૦ કલાકે પ્રવચન પ્રભાવકશ્રીનું પ્રવચન, સાંજે ૬ કલાકે જય તળેટીએ ભવ્યાતી ભવ્ય મહાપુજા અને ૭:૩૦ કલાકે બહુમાન સમારંભ અને સંઘ વધામણા થશે.

તા.૧૩/૧૨ ના રોજ ૯-૯ મુમુક્ષુઓની અંતિમ વર્ષીદાન યાત્રા સહરથયાત્રા તળેટી માર્ગો ઉપર ફરી મંડપમાં ઉપકરણોના ચડાવા અને પૂજયશ્રીનું પ્રવચન થશે. બપોરે ૩ કલાકે અંતિમ વાયણુ, સાંજે ૭:૩૦ કલાકે સંસારને અલવિદા કરનારા ૯-૯ પુણ્યાત્માના હૃદયસ્પર્શી ઉદગાર અને અંતિમ વિદાય સમારંભ યોજાશે. તા.૧૪/૧૨ ના રોજ સવારે ૭:૧૫ કલાકે સિંહત્વના ધારક પૂજય ગુરુદેવ સાથે ૯-૯ મુમુક્ષુઓનો દિશા મંડપે સિંહનાદ પ્રવેશ અને સવારે ૮:૦૦ કલાકે ૯-૯ મુમુક્ષુઓની દિશા વિધીનો મંગલ પ્રારંભ થશે. ત્યારબાદ પૂ.આ.શ્રી વિષયપૂજ્ય કીર્તિ યસ સુરીશ્વરજી મહારાજા દરેકને રજોહરણ આપશે. તેમ દિવ્યકાન્ત સલોત એ જણાવ્યું હતું.

---

### આજે પૂ.રાજેશમુનિમ.આદિ સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં

## જામનગરમાં નવદીક્ષિત પૂ.હિતમુનિજીની વડીદીક્ષા સંપન્ન : ધર્મોલ્લાસ છવાયો

રાજકોટ,તા.૧૧

ગોંડલ સંપ્રદાયના ચારિત્રનિષ્ઠ પરમ પૂજ્ય ગુરુભગવંત બા.બ્ર. શ્રી રાજેશમુનિજી મહારાજસાહેબ તથા પૂજ્યશ્રીના સુશિષ્ય-સુશિષ્યાઓ આદિ સંત-સતીજી ભગવંતોની નિશ્રામાં તથા ભારતભરમાંથી પધારેલ સેંકડો શ્રાવક-શ્રાવિકાજીઓની ઉપસ્થિતિમાં આજે તા.૧૧ના ડિસેમ્બર ૨૦૨૪, બુધવારે મંગલ ભૂમિ શ્રી સ્થા. જૈન ચાંદી બજાર મોટા સંઘ - જામનગર મુકામે વડીદીક્ષા યોજાયેલ.વડી દીક્ષા અર્થાત છેદોપસ્થાપનીય ચારિત્ર ભરત અને ઇરવત ક્ષેત્રમાં પહેલા અને ૨૪માં તીર્થંકરના શાસનમાં પૂજય સાધુ-સાધ્વીજી ભગવંતોને અંગીકાર કરાવવામાં આવે છે.પૂજ્યશ્રી ગુરુભગવંતે નવદીક્ષિત બા.બ્ર. પરમ પૂજયશ્રી હિતમુનિજી મહારાજસાહેબને પાંચ મહાવ્રત અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ અને છઠ્ઠા રાત્રી ભોજન ત્યાગ વ્રતની વિસ્તારપૂર્વક મહત્તા બતાવી અને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાય, દરેકમાં જીવ છે એનું પણ વિસ્તારપૂર્વક જ્ઞાન આપી મહામૂલા મહાવ્રતોને નવ કોટીએ (મન, વચન અને કાયાથી ન કરવા, ન કરાવવા અને અનુમોદના ન કરવાનો) યાવત જીવન માટે ધારણ કરાવેલ.

સવારે ૯.૦૦ વાગ્યાથી પૂજ્ય ગુરુભગવંતે અનંતી કૃપા કરી શ્રી દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયનનું વિસ્તૃત વર્ણન ખૂબ જ સરળ ભાષામાં સર્વેને સમજાય તેવી અદ્ભુત અને અનુપમ શૈલીમાં ફરમાવેલ તથા જિનાજ્ઞાની મહતા તથા સંયમી તથા અપ્રમાદી જીવનનું મૂલ્ય જણાવી સમસ્ત ચતુર્વિધ સંઘને પ્રેરણા કરેલ તેમ જણાવ્યું છે.

### ક્વોન્ટમ મિકેનિક્સ કોઝાલીટી અને ભારતીય દર્શન વિષે લોકભોગ્ય વ્યાખ્યાન

ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન રાજકોટ અને ધ ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટી મુંબઈ સ્થાપિત ''પ્રોફેસર પી. સી. વૈદ્ય એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફીઝીક્સ રિસર્ચ સેન્ટર'' અંતર્ગત '' ક્વોન્ટમ મિકેનિક્સ કોઝાલીટીઃ એ હોલિસ્ટિક એપ્રોચ વિથ રેફેરેંસ ટૂ ઇન્ડિયન ફિલોસોફી'' શીર્ષક ધરાવતા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૩ ડિસેમ્બર ૨૦૨૪ને શુક્રવારે સાંજે ૬.૦૦ વાગ્યે આયોજિત આ વ્યાખ્યાનના વક્તા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ફિલોસોફી વિભાગના પૂર્વ વડા તેમજ પ્રાચીન ભારતીય વૈજ્ઞાનિક ગ્રંથોના નિષ્ણાંત એવા પ્રો. ડો. શૈલેન્દ્ર એસ. શર્મા રહેશે.




## પટ્ટણી દેરાસરના પ્રવેશદ્વારે જ ગંદકી, ખાડાથી દર્શનાર્થીઓ પરેશાનઃ ઉકેલ લાવવા તંત્રને અપીલ

રાજકોટમાં જયુબેલી બાગ પાસે આવેલ શ્રી મુનિવ્રતસ્વામી જિનાલય (પટ્ટણી દેરાસર)માં જવા માટે આગળના ભાગે ભારે ગંદકી સર્જાતા દર્શનાર્થે જતા ભાવિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પટ્ટણી દેરાસર ૮૦ વર્ષ પ્રાચીન છે. અહીં બિરાજમાન શ્રી મુનિસુવ્રત સ્વામી અત્યંત પ્રભાવક અને નયનરમ્ય છે. દેરાસરનું પ્રવેશદ્વાર રોડ પર છે અને પ્રવેશદ્વારે જ દુર્ગંધ મારતી ગંદકી અને ખાડા પડી ગયાના કારણે પાણી ભરાતું રહેતું હોવાથી ભાવિકોને અવરજવરમાં ભારે પરેશાની થઈ રહી છે. આ અંગે રાજકોટ મ્યુ. કોર્પોરેશન તાત્કાલીક આ પવિત્ર જગ્યાના પ્રશ્નનો નિકાલ લાવે તેવી અહીંના રહીશોની માંગ છે.

---

## આધ્યાત્મિક સાધક સમણ શ્રુતપ્રજ્ઞજીનો આજે જન્મદિન

રાજકોટ,તા.૧૧

આજે તા.૧૧ના સમણ શ્રૃતયજ્ઞજીનો જન્મદિન છે.આધ્યાત્મિક યોગ ગુરુ સમણજી શ્રુતપ્રજ્ઞજીએ ૨૦૦૬માં પીસ ઓફ માઇન્ડ ફાઉન્ડેશનની રાજકોટમાં સ્થાપના કરી. તેઓ મૂળ ભુજ કચ્છના વતની છે.તેમણે રાજસ્થાનમાં જૈન વિશ્વ ભારતીમાં તેમનું શિક્ષણ પૂર્ણ કર્યું, અને ત્યાંથી તેમણે મનોવિજ્ઞાનમાં એમ.એ ની ડિગ્રી પ્રાપ્ત કરી.સમણજી એક પ્રભાવશાળી, આધ્યાત્મિક માર્ગદર્શક, પ્રસિદ્ધ લેખક અને પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રી છે, જેમણે વિશ્વભરના ૩૫થી વધુ દેશોનો આધ્યાત્મિક પ્રવાસ કર્યો છે. તેઓ ખાસ કરીને અમેરિકા, બ્રિટન, કેન્યા, મલેશિયા, જાપાન, રશિયા, અને સિંગાપોરમાં લોકપ્રિય છે.



તેમણે ઓકસફોર્ડ, કેમ્બ્રીજ, બર્કલી અને લંડન જેવી નામી યુનિવર્સિટીઓમાં પ્રવચનો આપ્યા છે. તેમણે સમગ્ર વિશ્વમાં અનેક યોગ અને ધ્યાન સેમિનારો પણ યોજયા છે. હમણાં જ ૧૦૦ થી વધુ જાપાની મૂળના લોકોને ધ્યાનની દિશા બતાવીને તેઓ આવ્યા છે. માનવીની સુખાકારીતા માટે એક સારા લેખક તરીકે એમને ૭૫ જેટલા પુસ્તકો લખી સમાજને સ્વસ્થ કરવાનો સંકલ્પ કરેલો છે. ઘર એજ સ્વર્ગ, ત્રિવેણી સંગમ, પરિવર્તન, જીવનમાં શું ખૂટે છે? જેવા એમના લોકપ્રિય પુસ્તકો છે.તેમના આધ્યાત્મિક પ્રયાસો ઉપરાંત, એમના ફાઉન્ડેશન દ્વારા આધ્યાત્મિક શિબિરો અને શૈક્ષણિક કાર્યક્રમો સક્રિયપણે યોજાય છે. તેઓ અહીંયાના તેજસ્વી પરંતુ જરૂરિયાતવાળા બાળકોને સ્કોલરશીપ આપીને એમને ઉચ્ચ અભ્યાસમાં મદદ કરે છે.

---

## ઈશ્વરભાઈ અમરચંદભાઈ મહેતાનુ અવસાન થતાં પરિવાર દ્વારા ચક્ષુદાન

રાજકોટ, તા.૧૧

મોઢ વણિક સમાજ રાજકોટના સેવાભાવી જ્ઞાતિ અગ્રણી વડીલ ઈશ્વરભાઈ અમરચંદભાઈ મહેતાનુ અવસાન થતાં પરિવાર દ્વારા ચક્ષુ નું દાન કરી બે દષ્ટિ હિન વ્યક્તિ ને દષ્ટિ દાન આપ્યું છે.

રાજકોટ નિવાસી મોઢ વણિક સમાજ રાજકોટના સેવાભાવી જ્ઞાતિ અગ્રણી વડીલ ઈશ્વરભાઈ અમરચંદભાઈ મહેતાનુ દુ:ખદ અવસાન થતાં સદગતના પુત્ર સીનીયર પત્રકાર રાજુભાઇ મહેતા તેમજ પરિવારજનોએ ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે. ડો ધર્મેશ શાહ દ્વારા સ્વીકારવામાં આવેલ હતું. બન્ને સંસ્થાઓ નું આ ૧૩૭ મુ ચક્ષુદાન છે.

---

## આરએસએસનાં તૃતિય સરસંઘ ચાલક પૂ.બાળાસાહેબ દેવસરનો આજે જન્મદિવસઃ શ્રદધાસુમન અર્પણ

### અસ્પૃશ્યતા ભુલ જ છે અને અસ્પૃશ્યતા તો જવી જ જોઈએ તેવુ માનતા હતા

રાજકોટ,તા.૧૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એક પ્રશિક્ષણ શિબિરમાં સંઘ શિક્ષણ વર્ગ ૧૯૭૩ માં પુનામાં આયોજન થયેલું હતું ત્યારે પ.પૂ.સંઘચાલક શ્રી ગુરુજી ઉભા થઈને એક રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ નો પરિચય દીધો હતો તે દિવસે બૌદ્ધિક આપવાના હતા



ગુરુજીને કીધું કે તમારા માંથી કોઈએ ડોક્ટર હેડગેવારજીને નથી જોયા, તો આપણે બાલાસાહેબ દેવરસને જોઈ લઈ તો આપણી સામે ડો. હેડગેવાર ઊભા હોય તેવુ દેખાશે.

આંધ્ર પ્રદેશના આદિલાબાદ જિલ્લાની ગોદાવરી નદીના કાંઠે વેસલુ ચેન્નુર ગામે દેવરસ કુટુંબ રહેતું ત્યારબાદ નાગપુરનાં રાજા ભોસલેએ તેમની વિદ્વતા જોઈને આ દેવરસ કુટુબંને નાગપુરમાં આશ્રય આપ્યો... દત્તાત્રેય (ભૈયાજી) જે કારંજ ખાતે રહેવા આવ્યા હતા અને તેમને નવ સંતાન થયા જેમા ચાર દિકરા અને પાંચ દિકરી માતા પાર્વતીબાઈને ત્યાં બાળાસાહેબ દેવરસ આઠમાં અને ભાઉરાવ દેવરસ નવમાં શાલિવાહક રાહે ૧૮૩૭ માગસર સુદ-૫ને સવારે પાંચ કલાકે (૧૧,ડીસેમ્બર) ૧૯૧૫ના જન્મ થયો. દિકરાનું નામ મધુકર રાખવામાં આવ્યું નાનપણથી ઉત્તમ આરોગ્ય, ગોરોવાન, હસમુખ બાળક બધાને જ તેડવું ગમે રમાડવું ગમે, આમ નાનપણથી 'બાળ'' મધુકરનું નામ રૂઢ થયું. ઘરમાં નાનપણથી સામુહીક જીવન ,દેશભક્તિ સંસ્કાર સાથે માતા પાર્વતીનું અનંત પ્રેમ અને માતાજીના પ્રગતિશિલ વિચારોએ તેમના જીવનમાં બહુજ કામ આવ્યા. મધુકરના તમામ મિત્રો સાથે જમવા બેસાડવાની ટેવ પણ ઉચ-નીચના ભેદભાવ આવવા ન દિધા. આમ, નાનપણથી મા પાર્વતી બાઈની મમતા બધાની પ્રસંશા કરતા કોઈ દિવસ ગુસ્સે ન કરતા કાયમ માટે પ્રસન્નલ રહેતા. પૂ. બાળાસાહેબનું પૂ. ગુરૂજી સંપર્કમાં આવ્યાને પુ. ગુરૂજી બાળાસાહેબની ઉમરમાં ફકત નવ વર્ષનું અંતર હતું. પૂ. બાળાસાહેબ ડોકટર સાહેબ અને પૂ. ગુરુજી સાથે કાયમ રહ્યા હતા. બાળાસાહેબમાં ડોકટરસાડેબનું પ્રતિબિંબ હતું, પુ. ગુરૂજી સ્વાભાવિક પણે અનુભવતા. ૧૯૪૩ પુણેમાં સંઘશિક્ષણ વર્ગમાં પૂ. ગુરૂજી બાળાસાહેબને જે પરિચય આપ્યો કે સંઘનું નિર્માણ કરનાર પૂજનીય ડોકટર સાહેબનું નામ આપણે સાંભળ્યું છે પણ આપણા પૈકી ઘણાએ તેમને જોયા નહી હોય. તેઓનું બોલવું કેવું હતં, વ્યવડાર કેવો હતો તેની માહિતી નથી

તો આપણે પૂ. બાળાસાહેબ દેવરસ પૂજનીય ડોકટર સાહેબની નાનકડી પ્રતિકૃતિ છે. આમ, પૂ. ગુરૂજીથી માંડીને અનેક યુવાનોને પ્રચારક તર્રીકે આગળ આવવા આહવાન કરેલ ''હમણા નહી તો કદી નહી'' ૧૯૪૨થી ૧૯૪૮માં આ આહવાનનો ભવ્ય પ્રતિસાદ મળ્યો હતો. પૂ. ગુરૂજી સાથે ૩૩ વર્ષ રહી બહુજ સરસ સંઘનું કામ સાથે રહી વધાર્યુ.

આમ ૨૧ વર્ષ સુધી પૂ. બાળાસાહેબ પુરા ભારતનો અખંડ પ્રવાસ કરી અનેક પ્રશ્નો જેવા કે, વર્ણ વ્યવસ્થા, જાતિવ્યવસ્થા અસંગતા જવી જ જોઈએ અને અસ્પૃશ્યતા ભુલ જ છે અને અસ્પૃશ્યતા તો જવી જ જોઈએ તેવુ સ્પષ્ટ માનતા હતા. અખંડભારતની સમસ્યા,આસામની સમસ્યા, મીનાક્ષીપુરમ પ્રકરણ, ખાલિસ્તાન ચળવળ, રામજન્મભૂમિ, જમ્મુ-કાશ્મિર સમસ્યા, વનવાસી કલ્યાણ, વિદેશમાં વસતા સ્વયંસેવકોની ચિંતા દેશના ભીષણ સંકટમાં સંઘના સ્વયંસેવકોની દેશવાસીઓને ઉચિત માર્ગદર્શન આપી સંગઠન શક્તિનો પરીચય કરાવીએ અને સેવા દ્વારા ડો. હેડગેવાર જન્મ શતાબ્દી દવારા પુરા સમાજને જોડવાની જે યોજના બનાવી સેવાની નવિ દ્રષ્ટિ આપી સંપર્ક દ્વારા સંગઠનનો નવો રાહ આપ્યો

અને સામાજિક સમરસતા દ્વારા દેશનું કલ્યાણ આમ સંઘ પરના ત્રણ પ્રતિબંધે જે સ્વયંસેવકોને દ્રષ્ટિ આપી છે તે અદભુત રહી આમ ''સંઘ એજ જીવન ગાથા'' એવું જીવન જીવ્યા આમ, સંઘના ત્રણેય સરસંઘચાલકો વ્યકિત / સમાજ અને રાષ્ટ્રના જીવનને હંમેશ અજવાળશે.આમ, ડો. હેડગેવાર, શ્રી ગુરૂજી, શ્રી બાળાસાહેબ દેવરસ સંઘ માટે વિશ્વના બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સમાન ત્રિમૂર્તિ જ માનવા રહ્યા, કહેવામાં જરાય અતિશ્રીયુકત નહી હોય.

આમ વિશ્વના મહાન સંગઠનના વડાની તબીયત બગડી અને પોતાની જવાદારી સહજ રીતે રજજૂ ભૈયાને પૂરા વિશ્વમાં આદર્શ સ્વયંસેવકોની સંસ્કાર દેખાડી અને પૂ. ગુરૂજીએ કીધુ હતુ કે પૂજય ડોક્ટર સાહેબની નાનકડા પ્રાતકાંતિ. જ બાળાસ્હેબ દવરસને સાર્થક કરી દેખાડયું અને 'સ્વરાષ્ટ્ર'' સિવાય બીજા કોઈ દેવ નહી આમ મૃત્યુ પછી પણ તેમની અંતિમવિધિ રેશેમબગમાં નહિ કરીને સાધારણ સ્મશાનભૂમિમાં જ કરવી.પ.પુ. બાળા સાહેબ દેવરસ નું અવસાન પુના મહારાષ્ટ્ર માં તારીખ ૧૭ જૂન ૧૯૯૬ના દિવસે થયેલ હતું.

# પોતાના હક્કની બહારનું અને જરૂરિયાત કરતા વધારાનું મેળવવા લોકો ભ્રષ્ટાચારને પોષે છેઃ ભુપેન્દ્ર પટેલ

## આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસે એસીબીને સહાયક બનેલા ૧૦ સામાન્ય નાગરિકોને સન્માનીત કરવામાં આવ્યાં

## લાંચ રૂશ્વત એટલે માત્ર એક શબ્દ નહીં, પરંતુ તે આપણાં સમાજમાં વિકાસના માર્ગ આડે રહેલો એક મોટો અવરોધ છે, જેમની લડાઈમાં એસીબીની ટીમ સફળ થઈ છેઃ હર્ષ સંઘવી

રાજકોટ. તા.૧૧

ગાંધીનગરમાં યોજાયેલ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરપ્સન વિરુદ્ધની લડાઈમાં દ્રઢ મનોબળ અને મજબૂતી સાથે આગળ વધવાનું આહવાન કરી કહ્યું કે, ભ્રષ્ટાચારમાં બે શબ્દો છે ભ્રષ્ટ અને આચાર જ્યારે કોઈ વ્યક્તિ પોતાના હક્કની બહારનું અને જરૂરિયાત કરતા વધારાનું મેળવવાના શોર્ટકટ શોધે ત્યારે નૈતિકતા ગુમાવે છે અને ભ્રષ્ટાચારને પોષે છે. આપણે જે વાતાવરણ બન્યું છે તેને તોડવું પડશે અને મજબૂતીથી મક્કમ નિર્ધારથી ભ્રષ્ટાચાર સામેની લડાઈ તેજ બનાવવી પડશે.

તેમજ આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસે રાજ્ય સરકારના લાંચરુશ્વત વિરોધી બ્યુરો દ્વારા આયોજિત કાર્યક્રમમાં ભ્રષ્ટાચાર - લાંચરુશ્વતની બદી સામે અવાજ ઉઠાવીને ભ્રષ્ટાચાર આચરનારા રુશ્વત માંગનારા અધિકારીઓ-કર્મચારીઓને જબ્બે કરવામાં એસીબીને સહાયક બનેલા સામાન્ય નાગરિકો એવા ૧૦ જેટલા ફરિયાદીઓનું કેર અંતર્ગત સન્માન પણ મુખ્યમંત્રીએ ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને મુખ્ય સચિવ રાજકુમારની ઉપસ્થિતિમાં કર્યું હતું.







ભ્રષ્ટાચાર વિરુદ્ધ ફરિયાદ આપનારા ફરિયાદીને કોઈ હેરાનગતિ ન થાય તે માટે યોગ્ય સુરક્ષા, સહાયતા પૂરી પાડવા સાથે ફરિયાદીનો રૂબરૂ સંપર્ક કરી વિગતો, સૂચનો મેળવીને તેની રજૂઆતોના અનુસંધાને નિવારણ પણ લાવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ કેર પ્રોગ્રામ અંતરગ ૧૮૬૪ ફરિયાદીનો રૂબરૂ સંપર્ક કરવામાં આવ્યો છે. તેમજ તે ફરિયાદીઓ પાસેથી મળેલા ૧૭૫ સૂચનો અને કર જેટલી રજૂઆતો મેળવીને ૨૩ જેટલા કેસમાં નિરાકરણ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેર અંતર્ગત ફરિયાદ કરનારા નાગરિકોને તેમની જાગરૂક્તા અંગે પ્રમાણપત્રો આપી સન્માનિત કરી જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં એક મોટો બદલાવ આવ્યો છે. જો લોકોનું ભલું કરવાની ઈચ્છાશક્તિ હોય તો એક વ્યક્તિ કેવા સારા પરિણામો લાવી શકે તેનું દેશ સમક્ષ આ એક મોટું ઉદાહરણ છે.

વડાપ્રધાનએ દેશને ૧૧મી આર્થિક મહાસત્તાથી પાંચમા ક્રમે લાવી દીધો છે, હવે વિકસિત ભારત ૨૦૪૭ અંતર્ગત ભારતને ત્રીજી મોટી આર્થિક મહાસત્તા બનાવવાનો તેમનો સંકલ્પ છે. દેશમાં જ્યારે આવો મોટો બદલાવ આવ્યો છે ત્યારે કરપ્શનનો અવરોધ દૂર કરવાના સહિયારા પ્રયાસો પણ એટલા જ જરૂરી છે. એન્ટીકરપ્શન બ્યુરોના રાજ્યભરના અધિકારીઓ-કર્મચારીઓને પ્રેરણા આપતા ઉમેર્યું કે, ટીમવર્કથી અને ક્યાંય કોઈ ખચકાટ વિના કરપ્શન સામેની લડાઈ લડવામાં પાછા ના પડશો. રાજ્ય સરકાર તમારી પડખે રહેશે.

મુખ્યમંત્રીએ ધર્મ અને કર્મનો મર્મ સચોટતાથી સમજાવતા કહ્યું કે, આપણાં ધર્મ, સંસ્કૃતિ, સંપ્રદાય બધામાં નકારાત્મકતાથી બહાર આવી પોઝિટિવિટીથી જીવન જીવવાની વાત કહી છે. નિજાનંદમાં અને સુખમાં રહેવું હોય તો નૈતિકતા પૂર્ણ આચરણ વ્યવહારને એવી રીતે અપનાવીએ કે રાત્રે નિરાંતની નિંદ્રા લઈ શકાય. તેઓએ એસીબીની ભ્રષ્ટાચાર વિરુદ્ધની લડાઈની સરાહના કરી અભિનંદન પાઠવ્યા હતા.

ગૃહ રાજ્ય મંત્ર હર્ષ સંઘવીએ રાજ્યના સામાન્ય નાગરિકોને પોતાનો હક્ક અને ન્યાય અપાવવા લાંચ રૂશ્વત વિરુદ્ધ લડાઈ લડી રહેલી એન્ટી કરપ્શન બ્યુરોની સમગ્ર ટીમને અભિનંદન પાઠવતા કહ્યું કે, લાંચ રૂશ્વત એટલે માત્ર એક શબ્દ નહીં, પરંતુ તે આપણાં સમાજમાં વિકાસના માર્ગ આડે રહેલો એક મોટો અવરોધ છે. જે ન્યાય, સમાનતા અને પારદર્શકતાના મૂલ્યોની સાથે-સાથે નાગરિક હિતોને પણ નુકસાન પહોંચાડે છે.

ભૂપેન્દ્રભાઇ પટેલે જ્યારથી મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો ત્યારથી ભ્રષ્ટાચારીઓ સામે કડક કાર્યવાહી કરવા માટે એન્ટી કરપ્શન બ્યુરોની ટીમને ખુલ્લા હાથની છૂટ મળી છે. તેના પરિણામે ગુજરાતમાં સૌથી વધુ લાંચિયા અધિકારી-કર્મચારીઓને ગંગાજળ પીવડાવવાનો શ્રેય પ્રાપ્ત થયો છે. તેમજ સમાજના ગરીબ અને સામાન્ય વર્ગના નાગરિકોને ન્યાય અપાવવાનું અને માનવતાનો ધર્મ અદા કરવાની કાર્ય એસીબી કરી રહી છે. એસીબી સુધી ફરિયાદ કરવા પહોંચેલો પ્રત્યેક નાગરિક અનેક પીડાઓ સહન કર્યા બાદ ચોક્કસ વિશ્વાસ સાથે એસીબી સુધી પહોંચતો હોય છે. ત્યારે તેના વિશ્વાસ અને મનોબળને વધુ મજબૂત બનાવવા કોઈ પણ ભેદભાવ વિના કાર્યવાહી કરવી અત્યંત જરૂરી છે. જેને ગુજરાત એસીબીની ટીમ નિષ્ઠાપૂર્વક કરી રહી છે.

હર્ષ સંઘવીએ આ પ્રસંગે નાગરિકોને વિશ્વાસ અપાવ્યો હતો કે, ગુજરાત એન્ટી કરપ્શન બ્યુરોની ટીમ હજુ વધુ મજબૂતાઈથી કામ કરશે અને સામાન્ય નાગરિકોને વધુને વધુ ન્યાય અપાવી ભ્રષ્ટાચારીઓને કડક સજા અપાવશે.

એન્ટી કરપ્શન બ્યુરોના નિયામક શમશેર સિંઘે આ પ્રસંગે જણાવ્યું હતું કે, સરકારે ભ્રષ્ટાચાર વિરુદ્ધ ઝીરો ટોલરેન્સની નીતિ અપનાવીને ભ્રષ્ટાચારી અધિકારી-કર્મચારીઓને પકડીને ફરિયાદીને ન્યાય અપાવ્યો છે. રાજ્યમાંથી ભ્રષ્ટાચારને અટકાવવા એસીબી દ્વારા કેર પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત એ.સી.બી દ્વારા ૧૮૬૪ થી વધુ ફરિયાદીનો રૂબરૂ સંપર્ક કરી ફરિયાદી પાસેથી સૂચનો અને રજૂઆતો મેળવવામાં આવી છે.

તેમજ કેર પ્રોગ્રામથી પ્રેરિત થઈને એ.સી.બીના ફરિયાદીઓ ફરિયાદ કરવા પુનઃ પ્રોત્સાહિત થયા જેને પરિણામે નવી ફરિયાદો દાખલ કરવામાં સફળતા મળી છે. એસીબી દ્વારા ફાઇનાન્શિયલ ટાસ્ક ફોર્સની રચનાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતની શાળાઓમાં એ.સી.બી દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનારા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને મુખ્યમંત્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત ભ્રષ્ટાચાર વિરુદ્ધની લડાઈમાં સામે આવી ફરિયાદ કરનાર ફરિયાદીઓ તેમજ ભ્રષ્ટાચાર વિરુદ્ધના કેસો કોર્ટમાં લડીને ફરિયાદીને ન્યાય અપાવનારા સરકારી વકીલ તથા ભ્રષ્ટાચાર વિરુદ્ધ સારી કામગીરી કરનારા એ.સી.બીના અધિકારીઓને મુખ્યમંત્રીના હસ્તે સન્માનિત કરી તેમની કામગીરી બિરદાવવામાં આવી હતી.

કાર્યક્રમમાં મુખ્ય સચિવ રાજકુમાર, ગૃહ વિભાગના અને મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસ, વિઝલન્સ કમિશનર સંગીતા સિંઘ, એન.એફ.એસ.યુ.ના વાઇસ ચાન્સેલર ડો.જે.એમ.વ્યાસ તેમજ ગુજરાત રાજ્ય લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો સાથે જોડાયેલા અધિકારી- કર્મચારીશ્રીઓ, વિદ્યાર્થીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



## રાજકોટના ૨૭ સહીત ૪૫ ભ્રષ્ટ્રાચારના કેસમાં સુપરવિઝન કરનાર ડીવાયએસપી કે.એચ.ગોહીલ સન્માનીત થયાં

રાજકોટ,તા.૧૧

એસીબી ડીવાયએસપી કે.એચ.ગોહીલનું રાજકોટના ૨૭ સહીત ૪૫ ભ્રષ્ટ્રાચારના કેસમાં સુપર વિઝન કરવા બદલ ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.ડીવાયએસપી ગોહીલે વર્ષ ૨૦૨૪માં કુલ ૪૫ ભ્રષ્ટાચારી સામે કાર્યવાહી કરી હતી.જેમાં ખાસ રાજકોટમાં જ ૨૭ ભ્રષ્ટ્રાચારીઓને પકડયા હતો.મહત્વના ગણી શકાય તેમાં ટીઆરપી ગેમઝોન આગકોડમાં પૂર્વ ટીવીઓ મનસુખ સાગઠીયા સહીતના લાંચીયા અધિકારી સામે કાર્યવાહી કરવામાં આવી છે.

ઉપરાંત તેઓને ૩૦ જૂલાઈના ડી.જી.ડિસ્ક એવોર્ડ કારકીર્દીની સુપર કામગીરી બદલ ૧૫ ઓગસ્ટના રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનીત કરાયા છે.

# ડો. કે. એલ. એન. રાવ રાજકોટમાં : સાંજે ન્યારા પાસે નવા જેલ બિલ્ડીંગનું ભૂમિપૂજન

## રાજકોટની ભાગોળે ન્યારા પાસે સૌરાષ્ટ્ર-કચ્છની સૌથી મોટી મધ્યસ્થ જેલ બનશે

રાજકોટ, તા.૧૧

રાજ્યના જેલ વડા ડો. કે. એલ. એન. રાવ આજે રાજકોટ આવ્યા છે. તેઓ સાંજે ન્યારા પાસે નવા જેલ બિલ્ડીંગનું ભૂમિપૂજન કરશે.

રાજકોટની સેન્ટ્રલ જેલમાં પણ ક્ષમતા કરતા વધુ કેદીઓ ભરવામાં આવ્યા છે. નવી જેલ બનાવવા માટે કલેક્ટર સમક્ષ જમીનની માંગણી કરવામાં આવી હતી. જે અંગે સર્વે કરયા બાદ રાજ્ય સરકારને દરખાસ્ત મોકલી આપતા રાજ્ય સરકારે કલેક્ટરની દરખાસ્તને મંજૂરીની મહોર મારી દીધી છે. અદ્યતન સેન્ટ્રલ જેલ માટે જેલના સતાવાળાને જમીનની ફાળવણી કરી દેવામાં આવી છે. રાજકોટની ભાગોળે ન્યારા પાસે સૌરાષ્ટ્ર-કચ્છની સૌથી મોટી મધ્યસ્થ જેલ બનવા જઈ રહી છે.

રાજકોટની સેન્ટ્રલ જેલમાં ૧૨૩૬ કેદીઓ રાખવાની ક્ષમતા છે. જેની સામે અત્યારે સેન્ટ્રલ જેલમાં ૨૨૦૦ કેદીઓ રાખવામાં આવ્યા છે. સેન્ટ્રલ જેલમાં કેદીઓને રહેવા માટેની ૫૨ બેરેક પણ કેદીઓ માટે ઓછી પડી રહી છે. જેલના સતાવાળાઓએ નવી જેલ બનાવવા માટે જમીનની માંગણી કરતી અરજી ડીસેમ્બર મહિનામાં કરી હતી. જે અરજી કલેક્ટર સમક્ષ આવતા રાજકોટની આજુબાજુમાં સરકારી જમીનની તપાસ શરૂ કરાવી હતી. કલેક્ટરના આદેશથી પડધરી મામલતદારે ન્યારા પાસે ૬૫ એકરનો સરકારી ખરાબો સેન્ટ્રલ જેલ બનાવવા માટે લાયક હોય તે અંગેનો અભિપ્રાય આપ્યો હતો. સરકારી જમીનમાં રહેલું દબાણ પણ દુર કર્યુ હતું. સરકારે મંજૂરી આપતા હવે આ જમીન પર જેમાં બનશે. અગાઉ જ પ્લાન ડ્રાફ્ટ કરી લેવાયો હોય, હવે આજે સાંજે રાજ્યના જેલ વડા ભૂમિ પૂજન કરશે.



## રાજકોટ જેલના કેદી વસંત ચૌહાણે તિનકા તિનકા ઈન્ડિયા એવોર્ડમાં પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત કર્યો

તિનકા તિનકા જેલ સુધારણાના સ્થાપક ડો.વર્તિકા નંદાન દ્વારા બંદિવાનોના કૌશ્યલ ખીલવવા માટે તેમજ જેલ સુધારણા માટે પ્રોત્સાહિત કરવાના શુભ આશયથી ચિત્રકામ, બંદીવાનો દ્વારા જેલમાં મહત્વપુર્ણ યોગદાન તેમજ જેલ અધિકારી/કર્મચારીઓ દ્વારા જેલ સુધારાણામાં સકારાત્મક યોગદાન બદલ તિનકા તિનકા ઇન્ડીયા એવોર્ડનું આયોજન દર વર્ષે કરી સન્માનિત કરવામાં આવે છે. જેમાં ભારતભરની તમામ જેલોના બંદીવાનો તથા જેલના અધિકારી/કર્મચારીઓ દ્વારા ભાગ લેવામાં આવે છે. આ વર્ષે ચિત્રકામની થીમ જેલમાં મુલાકાત હતી. જેમાં રાજકોટ મધ્યસ્થ જેલના કુલ ૧૬ બંદીવાનો તેમજ ૩ અધિકારી/કર્મચારીઓ દ્વારા ભાગ લેવામાં આવેલ હતો. જેમાં રાજકોટ જેલના કેદી જેલના વસંતભાઇ કરશનભાઇ ચૌહાણ દ્વારા આકૃત કરેલ ચિત્રકામ સમગ્ર ભારતના બંદીવાનોમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.

ઉત્તર પ્રદેશની લખનઉ જીલ્લા જેલ ખાતે કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જ્યાં વિજેતા થયેલ બંદીવાને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રાજકોટ મધ્યસ્થ જેલના બંદીવાનો તેમજ અધિક્ષક રાઘવ જૈને વિડીયોકોન્ફરસ માધ્યમથી જોડાયેલ હતા. ગુજરાતની જેલોના વડા ડો.કે.એલ.એન.રાવ દ્વારા પણ જેલ અધિક્ષકને ટેલીફોનિક શુભેચ્છા પાઠવી બંદીવાન વસંતભાઇ ચૌહાણનાઓની ઉત્કૃષ્ટ કામગીરી બીરદાવેલ હતી.




## ખ્યાતિકાંડ

(છેલ્લા પાનાનું ચાલું)

મંજુરી મળી જતી હતી જેમાં હવે બે કલાક કે તેથી વધુનો સમય લાગે છે નવી કે નાની હોસ્પીટલોનાં દાવાઓમાં વધુ ચકાસણી થાય છે. અમદાવાદ હોસ્પીટલ એન્ડ નર્સીંગ હોમ એસોસીએશનનાં પ્રમુખ ડો.ભરત ગઢવીએ કહ્યુ કે અમદાવાદમાં દરરોજ ૨૦૦ વિમા દાવા પ્રોસેસ થતા હતા તે સંખ્યા ૧૪૦ થઈ ગઈ છે.દર્દીના હિત અથવા ગોટાળા રોકવા સાવચેતી આવકાર્ય છે. પરંતુ ચકાસણીના નામે બિનજરૂરી ઢીલ દર્દી માટે જ નુકશાનકારક છે. આરોગ્ય વિભાગનાં અધિકારીએ જોકે એવો દાવો કર્યો હતો કે પીએમજેવાય યોજના હેઠળના વિમા દાવાની સંખ્યામાં કોઈ નોંધપાત્ર ઘટાડો જણાતો નથી ખાનગી હોસ્પીટલોનાં દાવા આવતા થયા હોઈ શકે છે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પણ આરોગ્ય વિમા દાવા ઓછા થયાનું નકાર્યું હતુ. પ્રમાણીક દર્દીઓનાં દાવામાં કોઈ અડચણ નથી. ગોટાળા કરનારાઓ પર સકંજો છે.

## અવસાન નોંધ

**રાજકોટઃ** મુળગામ વઘાસીયા હાલ રાજકોટ ગુર્જર સુતાર સ્વ.મનસુખભાઈ ગીરધરભાઈ પિલોજપરા (ઉ.વ.૪૯) તે સુરેશભાઈ, સ્વ.અમૃતલાલ, સ્વ.શૈલેષભાઈ તથા બીપીનભાઈના ભાઈનું તા.૯ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૨-૧૨ને ગુરૂવારના રોજ સાંજે ૪.૩૦ થી ૫.૩૦ કલાકે સ્થળ શ્રી વિશ્વકર્મા પ્રગતિ મંડળ ગોંડલ રોડ પટેલ કન્યા છાત્રાલય પાસે રાજકોટ ખાતે રાખેલ છે. સુરેશભાઈ ૯૮૨૪૨ ૪૭૪૧૬/ બીપીનભાઈ ૯૯૨૪૦ ૩૪૭૧૩

## સેબી

(છેલ્લા પાનાનું ચાલું)

૫૦૦ કંપનીઓ પર T+0 સેટલમેન્ટ સાયકલ લાગુ કરવામાં આવશે. આ સિસ્ટમ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ થી તબક્કાવાર લાગુ કરવામાં આવશે.શરૂઆતમાં ટોચની ૫૦૦માંથી નીચેની ૧૦૦ કંપનીઓનો સમાવેશ કરવામાં આવશે.દર મહિને, સિસ્ટમ નીચેની ૧૦૦ કંપનીઓને ઉમેરશે અને અંતે ટોચની ૫૦૦ કંપનીઓ સુધી પહોંચશે.

## રૂા.૧.૬૭ લાખ મારી સેવીંગનાં છે, દારૂ-રોકડ સાથે પકડાયેલા ઓપરેટરનો લુલો બચાવ

રાજકોટ તા.૧૧

પ્ર.નગર પોલીસે બોગસ દસ્તાવેજ કૌભાંડ મામલે કરેલી ત્વરીત કાર્યવાહીમાં પકડાયેલ કોમ્પ્યુટર ઓપરેટર જયદીપ ઝાલાની એકટીવામાંથી રૂા.૧.૬૭ લાખ રોકડ અને દારૂની ૧ બોટલ પણ મળી આવી હતી. જે મામલે પુછતાછમાં આરોપીએ પોતાના બચાવમાં કહ્યુ કે રોકડ તેમની બચતની મરણમુડી છે. રોકડ મામલે પણ પોલીસે તપાસ આદરી છે.

## કૌભાંડ

(છેલ્લા પાનાનું ચાલું)

હતી. પોલીસ પાસે જયદીપ ઝાલાએ વટાણા વેરી મોટો ખુલાસો કરતાં પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસના જણાવ્યા અનુસાર મઘરવાડામાં આવેલ એક મિલકત જે જુની શરતની હતી. તેમની માલીકી ધરાવતાં વૃદ્ધાનું અવસાન થતાં તે મિલકતનાં બોગસ દસ્તાવેજ બનાવી નાખ્યાનું સામે આવ્યું હતું.

ઉપરાંત પોલીસે જણાવ્યું હતુ કે એકથી વધુ આરોપીઓએ જે મિલકતનાં માલીકોનું અવસાન થયેલ હોય કે વિદેશ રહેતા હોય તેવી અનયુઝ મિલકતો શોધી તેનાં દસ્તાવેજમાં ટોળકી દ્વારા કોઈ એક વ્યકિતનો ફોટો તેમજ તેમનાં બોગસ આધારકાર્ડ પાનકાર્ડ બનાવી તે મિલકત પચાવી પાડવાની મોડસ ઓપરેન્ડીથી કામ કરતી હતી.

પ્રાથમીક તપાસમાં મઘરવાડા ગામ સહીત અન્ય વિસ્તારોની મળી કુલ ૨૦ થી વધુ મિલકતોનાં બોગસ દસ્તાવેજો બનાવી કરોડોની મીલકતો પચાવી પાડવાનું કૌભાંડ સામે આવી રહ્યું છે. હાલ પોલીસે કોમ્પ્યુટર ઓપરેટર જયદીપ ઝાલાને સકંજામાં લીધો હતો બનાવ અંગે ઝોન-૧ સબ-રજીસ્ટ્રાર કચેરીનાં અધિકારી અતુલ દેસાઈની ફરીયાદ પરથી ગુન્હો નોંધવા તજવીજ હાથ ધરાઈ છે.

## ૭૮ ધંધાર્થી પાસેથી ૩.૬૩ કિલો પ્લાસ્ટીક જપ્ત કરાયું

### જાહેરમાં ગંદકી કરતાં આસામીઓને ૧૮ હજારનો દંડ



રાજકોટ, તા.૧૧

મનપાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા છેલ્લા બે દિવસમાં ૭૮ આસામી પાસેથી ૩.૬૩ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરવામાં આવ્યું હતું. સેન્ટ્રલ ઝોનમાં ૨૫, વેસ્ટ ઝોનમાં ૧૮ અને ઇસ્ટ ઝોનમાં ૩૫ આસામી પાસેથી આ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. તો જાહેરમાં ગંદકી કરતાં ધંધાર્થીઓ પાસેથી રૂા.૧૮૨૫૦નો દંડ વસુલ કરાયાનું વિભાગે જણાવ્યું હતું.

## આજે પણ બસપોર્ટમાં વેરાની ટીમ ત્રાટકીઃ કાલાવડ, નાનામવા, ઢેબર રોડ પર વધુ ૨૯ મિલ્કતો સીલ

### રણછોડનગર, અમીન માર્ગની ગોવર્ધન સોસાયટીમાં નળ જોડાણો કટઃ કુલ આવક ૩૨૧ કરોડે પહોંચી

રાજકોટ, તા.૧૧

મ્યુનિ. કોર્પોરેશનની વેરા વસૂલાત શાખા દ્વારા કડક રીકવરી ઝુંબેશ આગળ વધારવામાં આવી છે. તેમાં આજે બસ પોર્ટથી માંડી કાલાવડ સુધીમાં વધુ ૨૯ મિલ્કત સીલ કરાઇ હતી, તો ચાર નળ કનેકશન કાપવામાં આવ્યા હતા.





વોર્ડ નં.૫માં રણછોડનગર-૧૩માં અને અન્ય એક વિસ્તારમાં બે નળ કનેકશન કપાયા હતા. વોર્ડ નં.૭માં ઢેબર રોડ, એસટી બસ સ્ટેશનમાં ત્રીજા માળે સાત ઓફિસ સીલ કરવા કાર્યવાહી કરતાં ૪.૪૩ લાખની રીકવરી થઇ હતી. ત્રીજા માળે એક ઓફિસ સીલ કરાઇ હતી. બસ પોર્ટમાં આ સિવાય અન્ય ચાર દુકાન અને પાંચ ઓફિસ મળી ૧૦ યુનિટને સીલ મારવામાં આવ્યા છે.

વોર્ડ નં.૮માં ગોવર્ધન સોસાયટી-૩માં બે નળ કનેક્શન કાપતા વેરાના ચેક જમા થયા હતા. વોર્ડ નં. ૧૦ કાલાવડ રોડ, સરકારી ક્વાર્ટર સામે રવિ ટાવરમાં, નાનામવા રોડ, શાસ્ત્રીનગર સામે બિઝનેશ ટર્મીનલમાં અને કાલાવડ રોડ, એવરેસ્ટ પાર્ક બીમાં પ્રથમ માળે એક-એક મિલ્કતો સીલ કરાઇ હતી. વોર્ડ નં. ૧૩માં અમરનગર, નરસંગપરા, ગોકુલનગર, વોર્ડ નં.૧૬માં કોઠારીયા રોડ પર રિકવરી કરાઇ હતી.

વોર્ડ નં.૧૪માં ઢેબર રોડ પર અજંતા કોમ્પ્લેક્ષના બીજા માળે, વોર્ડ નં.૧૫ આજી-જીઆઇડીસીમાં એક મિલ્કતને સીલ મરાયા હતા. આજે બપોર સુધીમાં ૪૧.૭૮ લાખની રીકવરી સાથે આજ સુધીમાં ૩૨૧ કરોડની આવક થઇ છે. ડે. કમિશ્નર સી.કે. નંદાણી, આસિ. કમિશ્નર સમીર ધડુકના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી ચાલી રહી છે.

## કંપની દ્વારા યોજાયેલ ત્રિદિવસીય ડિસ્કાઉન્ટ ઓફરમાં ગ્રાહકોનો ધસારો

# જય ગણેશ ટાટા ડિસેમ્બર મેગા કાર્નિવલને સુંદર પ્રતિભાવઃ ગ્રાહકોને વિન્ટર ગિફ્ટ વિતરણઃ ગ્રાહકો દ્વારા ઉત્સાહપૂર્વક લાભ લેવાયો





ઉપરોક્ત તસ્વીરમાં જય ગણેશ ટાટાના ઓનર રજનીકાંતભાઈ પટેલ ટાટા મોટર્સના અંકુર ખડેલવાલા અને સીઈઓ સંદીપ ખરચરીયા. બીજી તસ્વીરમાં મેગા કાર્નીવલમાં રાખવામાં આવેલ ટાટા મોટર્સની કારો.

રાજકોટઃ ૧૯૪૭થી કાર્યરત ઓટો મોબાઈલ ક્ષેત્રે રાજકોટ અને સૌરાષ્ટ્રમાં સુપ્રસિદ્ધ એવી ટાટા મોટર્સ દ્વારા ડિસેમ્બરની તા.૬,૭ અને ૮ના રોજ ત્રિદિવસીય ગ્રાહકો માટેની ડિસ્કાઉન્ટ ઈવેન્ટનું આયોજન કરવામાં આવેલ. જય ગણેશના ઓનર રજનીકાંતભાઈ પટેલ અને સીઈઓ સંદીપ ખચ્ચરીયા દ્વારા આયોજીત આ ઈવેન્ટ નાના મહુવા સર્કલ ખાતે આવેલ ટાટાના શોરૂમ પર યોજવામાં આવેલ.

દર વર્ષની જેમ આ વર્ષે ડિસ્કાઉન્ટ ઓફર સાથે યોજવામાં આવેલ મેગા કાર્નીવલમાં લાભ લેવા અનેક ગ્રાહકો પધારેલા હતા. ટાટા મોટર્સના નવા-નવા મોડેલો માટે લોકોનો ધસારો થયો હતો અને અલગ અલગ સેગમેન્ટમાં ઘણું બુકીંગ થયું હતું. આ શોરૂમમાં ટાટા કંપનીની પેટ્રોલ-ડિઝલ, સી.એન.જી. અને ઈલેક્ટ્રોનીક હાઈબ્રીડ મોટરોનું વેચાણ થાય છે. ઘણા લાંબા સમયથી રાજકોટમાં ગ્રાહકો સાથે જોડાયેલા જય ગણેશ ઓટોમાં વિવિધ ડિસ્કાઉન્ટ સાથે કાર બુકીંગ થયા હતા. ગ્રાહકોને પ્રોત્સાહીત કરવા માટે મેનેજમેન્ટ દ્વારા ખાસ ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવે છે.




જય ગણેશ ટાટા શોરૂમમાં મેગા કાર્નીવલમાં ગ્રાહકો દ્વારા સારો પ્રતિભાવ જોવા મળેલ હતો.

ખાસ કરીને જય ગણેશ ટાટાના ઓનર રજનીકાંતભાઈ પટેલના માર્ગદર્શન સાથે સીઈઓ સંદીપ ખચ્ચરીયાએ આ ડિસેમ્બર મેગા કાર્નીવલનું આયોજન સફળતાપૂર્વક કર્યુ હતું. ટાટા મોટર્સના અંકુર ખંડેલવાલ દ્વારા પણ સંતોષ વ્યક્ત કરવામાં આવેલ હતો. અને ટાટા મોટર્સ ભવિષ્યમાં વિવિધ નવા મોડેલ સાથે આવી રહ્યું છે તે માટે વાત કરી હતી. સાથે સાથે જય ગણેશ શો રૂમના સુંદર આયોજન માટે તેણે અભિનંદન આપેલ હતાં.

બે જીલ્લા પંચાયત- ૮૦ નગરપાલિકાઓ- ૧૭ તાલુકા પંચાયતો અને ૪૭૬૫ ગ્રામ્ય પંચાયત ચુંટણીઓની તૈયારી શરૂ

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઃ ભાજપ માટે લોખંડી વર્ચસ્વ, કોંગ્રેસ માટે 'કમબેક' ની તક

**મીની ધારાસભા જેવી ચુંટણીમાં હવે ગમે ત્યારે જાહેર થશેઃ માઈક્રોલેવલની ચૂંટણીમાં જ્ઞાતિ-જાતિ-સમુદાય મહત્વના; ભાજપના ૨૭% ઓબીસી કાર્ડની કસોટી**

**ભાજપે તમામ મંત્રી પ્રભારીઓને જે તે જીલ્લાની જવાબદારીઓની સંગઠન પ્રભારીઓ પણ જોડાશેઃ કલીન સ્વીપ કરવા આતુર સમરસનું કાર્ડ પણ વાપરશે**

**ધારાસભામાં ફીંડલું વળી ગયેલી કોંગ્રેસને ગ્રામીણ ક્ષેત્રમાં અસ્તિત્વ દર્શાવવાની તકઃ આગામી ધારાસભા ચૂંટણી માટે 'પાયો' નાખી શકેઃ માહોલ બદલવામાં પણ મદદરૂપ બનશે**

**ભાજપનું સંગઠન માળખું રચવાની પ્રક્રિયા સાથે ઉમેદવારો પસંદગી પ્રક્રિયામાં જોડાઈ જશે! ધારાસભા સત્ર પુર્વે તમામ કવાયત પુરી થશે**

રાજકોટઃ

ગુજરાતમાં લોકસભા ચૂંટણીના ધમધમાટ બાદ હવે મીની ધારાસભા ચૂંટણી ખેડા અને બનાસકાંઠા જીલ્લા પંચાયત, ૮૦ નગરપાલિકા અને ૧૭ તાલુકા પંચાયત તથા ૫૩૯ જેટલી નવી અસ્તિત્વમાં આવેલી ૪૭૬૫ ગ્રામ્ય પંચાયતની ચુંટણી માટે હવે ગમે તે સમયે જાહેરનામું બહાર પડી જશે.

જાન્યુઆરી માસમાં આ ચૂંટણીઓ યોજાશે અને રાજયમાં પ્રથમ વખત ૨૭% ઓબીસી અનામતની જોગવાઈ સાથે આ ચૂંટણી યોજાવાની છે અને તેથી ભાજપનું ઓબીસી કાર્ડ પણ કસોટીએ હશે. માઈક્રોલેવલે યોજાતી આ ચુંટણીમાં જ્ઞાતિ-જાતિ સમુદાય વિગેરે મહત્વના ફેકટર છે અને તેથી તેમાં ઓબીસી જે વસતિના ૫૦% આસપાસ હોવાનો અંદાજ છે તે પણ કેવું અસરકારક હશે તે પ્રશ્ન છે. ભાજપે તેની તૈયારીના ભાગરૂપે દરેક જીલ્લા પ્રભારી મંત્રીઓ તથા પક્ષના સંગઠન-જીલ્લા પ્રભારીઓને તેમના જીલ્લાઓની જવાબદારી સોંપી છે.

ભાજપ એક તરફ તાલુકા કક્ષાએ સંગઠન નવરચના પણ કરી રહ્યું છે તેથી તાલુકા ભાજપ પ્રમુખોની નિયુક્તિ-ગ્રામ્ય-પંચાયત તાલુકાઓની ચુંટણીઓ વિ. પ્રક્રિયા સમાંતર ચાલે કે હાલ જે સંગઠન બ્રેક લગાવાઈ છે તે લાંબી ચાલશે તે પ્રશ્ન છે.

બીજી તરફ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને જે રીતે જબરી પછડાટ લાગી અને માંડ ૧૭ બેઠકો જીત્યા બાદ પણ પાંચ ધારાસભ્યોના પક્ષાંતર અને હાલમાં વાવ પેટાચૂંટણીમાં પરાજય પછી તેને ગ્રામીણ કક્ષાએ ફરી તેનું અસ્તિત્વ બચાવવા આ ચૂંટણી મહત્વની છે. ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્રમા હજું પણ કોંગ્રેસનું અસ્તિત્વ છે. તેને પુનઃ જીવિત કરીને આગામી ધારાસભા ચૂંટણી માટે સંગઠન સહિતની નવરચનામાં પણ કોંગ્રેસ માટે તક છે. પક્ષનું સંગઠન માળખુ પણ 'એડહોક' છે તો ગ્રામીણ સહિતના ક્ષેત્રોની સમસ્યાઓનો કોઈ અંત જ નથી. આથી કોંગ્રેસ તેના મુદાઓ ઉઠાવીને પછી તેના આધારે ભાજપને ટકકર આપી તેને અસ્તિત્વ મજબૂત કરવા માટે તક મળી શકે છે.

રાજય વિધાનસભાનું સત્ર ફેબ્રુઆરીના મધ્યથી શરૂ થશે અને તે પુર્વે સમગ્ર પ્રક્રિયા પુરી કરવા માટે ચુંટણીપંચ આગળ વધી રહ્યું છે.

---

સંયુકત રાષ્ટ્રના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો

## દુનિયાની ૪૦ ટકા જમીન ઝડપથી ઉજજડ થઈઃ ૨૦૫૦ સુધીમાં ખેતીને મોટી અસર થશે

### ત્રણ દાયકામાં ભારતમાં એક તૃતિયાંશ ભૂમિ ભાગ શુષ્ક બન્યો

ન્યુયોર્ક (અમેરિકા) તા.૧૧

દુનિયાની ૪૦ ટકા ભૂમિ ઉજજડ થઈ ચુકી છે. ત્રણ દાયકામાં ભારતમાં લગભગ એક તૃતિયાંશે જેટલો મોટો ભૂમિ ભાગ શિષ્ક થયો છે, જયાં ખેતી નથી થઈ શકતી સંયુકત રાષ્ટ્રના સાયન્સ પોલિસી ઈન્ટરફેસ રિપોર્ટમાં આ માહિતી બહાર આવી છે. રિપોર્ટ અનુસાર શુષ્ક ભૂમિ હવે પૃથ્વી પર બધી ભૂમિના ૪૦ ટકા ભાગ બનાવે છે. છેલ્લા ૩૦ વર્ષમાં દુનિયાના ત્રણ ચતુર્થાંશ ભૂમિને શુષ્ક પરિસ્થિતિઓનો સામનો કરવો પડયો છે, જે સ્થાયી હોવાની સંભાવના છે. તેમાં એન્ટાર્કટિકાને સામેલ નથી કરાયો.



રિપોર્ટમાં જાણવા મળ્યું કે ૧૯૯૦ અને ૨૦૧૫ દરમિયાન વધતી શુષ્કતાના કારણે આફ્રિકાને પોતાના સ્થૂળ ઘરેલુ ઉત્પાદનના લગભગ ૧૨ ટકા નુકશાન થયું છે.

રણમાં બદલાતી જમીનને લઈને સંયુકત રાષ્ટ્ર સંમેલનના કાર્યકર સચિવ ઈબ્રાહીમ થિયાવે ચિંતા વ્યકત કરી છે. તેમણે જણાવ્યું હતું કે દુનિયા દુકાળ ઉપરાંત ઓછા વરસાદની સમસ્યાનો પણ સામનો કરી રહી છે. જલવાયુ પરિવર્તન (ગ્લોબલ વોર્મીંગ) અને ભીષણ ગરમી જમીનને કાયમને માટે ઉજજડ બનાવી શકે છે આ કારણે ખેતીને વર્ષ ૨૦૫૦ સુધીમાં ખરાબ અસર થઈ શકે છે.

---

## કાલથી રાજકોટ ભાજપની સંગઠન નવરચના કામગીરી ફરી શરૂઃ ત્રણ દિવસમાં વોર્ડ પ્રમુખ નિશ્ચિત થઈ જશે

રાજકોટ, તા.૧૧

ગુજરાત ભાજપમાં સંગઠન નવરચના સમયે પક્ષ દ્વારા વોર્ડ-તાલુકા અને મહાનગર તેમજ જિલ્લા પ્રમુખો માટે અગાઉ ઉંમર મર્યાદા નિશ્ચિત થઇ હોવાના અહેવાલ બાદ જે રીતે પક્ષમાં વ્યાપક વિરોધ થયો અને સીનીયર-જુનીયર વચ્ચે કોઇ બેલેન્સ રહેતું ન હોવાની વ્યાપક ફરિયાદ હતી તે પછી પણ પક્ષે વોર્ડ અને મંડલ પ્રમુખમાં ૪૦ વર્ષની ઉંમર મર્યાદા યથાવત રાખી છે. જો કે તેમાં બે-ચાર વર્ષની છૂટછાટ અપાશે પરંતુ કોઇ મોટો ફેરફાર કરાશે નહીં. આવતીકાલથી રાજકોટમાં નવા સંગઠનની રચનાની કામગીરી શરુ થઇ જશે. કાલે દરેક બુથ વાલીને બોલાવીને વોર્ડની ટીમ માટે અભિપ્રાય મેળવાશે અને ત્યારબાદ શહેરની સંકલનની બેઠક મળશે. આગામી ત્રણ દિવસમાં આ પ્રક્રિયા પુરી કરાશે. બીજી તરફ સંગઠનમાં પણ હવે અન્ય પક્ષમાંથી આવેલા લોકોને સ્થાન મળશે. ભાજપે ફકત વિચારધારાને જ મહત્વ આપ્યું છે અને તે રીતે પક્ષની વિચારધારાને અપનાવનારને હોદા અપાશે તે નિશ્ચિત છે.

સુરત તેમજ અમદાવાદ સિવાય ૬ મહાનગરોમાં કાલે ફરી પક્ષ દ્વારા નિયુક્ત થયેલા ચૂંટણી નીરીક્ષકો પહોંચી જશે અને તેઓ વોર્ડ કક્ષાની નવરચના માટે કામગીરી આગળ ધપાવશે. રાજકોટમાં અગાઉ નિરિક્ષક તરીકે નિયુક્ત થયેલા માયાબેન કોડનાણી અને સહ નિરિક્ષકો આવતીકાલે ફરી રાજકોટ આવી રહયા છે અને તેઓ વોર્ડ કક્ષાએ પ્રમુખ સહિતની નિયુક્તિ માટેની કામગીરી આગળ વધારશે જો કે જિલ્લા કક્ષામાં હાલ મંડલમાં થોડો સમય પછી પ્રમુખ સહિતની નિયુક્તિ થશે. સુત્રોના જણાવ્યા મુજબ પક્ષ દ્વારા હાલ જે મંડલમાં ૧૦૦ કે તેથી વધુ બુથ આવેલા છે તેનું બાયફરગેશન એટલે કે મોટા મંડલ કે જેમાં ૧૦૦ કે વધુ બુથ આવતા હોય તેમાં બુથની સંખ્યા ઘટાડી શકાશે અને નવા મંડલ ઉભા કરાશે અને તે કામગીરી પુરી થયા બાદ નવા મંડળમાં નિયુક્તિ આગળ વધશે. પક્ષે ઉંમર મર્યાદાને ચૂસ્ત રીતે લાગુ કરવામાં ફકત સ્થાનિક કક્ષાએ જ ખાસ ભલામણ હશે તો જ ફેરફાર કરાશે. રાજકોટમાં હાલ ૧૩૨ દાવેદારો વોર્ડ પ્રમુખ માટે આવ્યા છે અને તેમાંથી મોટાભાગે પસંદગી થાય તેવી ધારણા છે. અગાઉ જે ઉંમર મર્યાદાને કારણે વિવાદ થયો હતો તેમાં પક્ષે હાલ કોઇ ફેરફાર નહીં કરવા નિર્ણય લીધો છે અને તેના કારણે વોર્ડ કક્ષાએ જુનિયર-સિનિયર પર રાજ કરતાં થઇ જાય તે દિવસો દૂર નહીં હોવાનો કચવાટ શહેર ભાજપમાં વ્યકત થઇ રહ્યો છે.

### વોર્ડ-તાલુકા પ્રમુખ માટે ૪૫ વર્ષની ઉમર મર્યાદા ચાલશેઃ ભાજપે ઢીલુ મુકયું

**કોંગ્રેસ કે અન્ય પક્ષમાંથી આવેલાને પણ સમાન તકઃ સ્પષ્ટ વાત**

ગુજરાતમાં ભાજપ દ્વારા વોર્ડ અને તાલુકા કક્ષાએ પ્રમુખ માટે ૪૦ વર્ષની ઉમર મર્યાદા નકકી કરી હતી અને તેમાં પાંચ વર્ષની છુટછાટ અપાશે તેવું કહ્યું હતું અને હવે ૪૫ વર્ષે ઉમર મર્યાદા કરી દેવાઈ છે. આમ ભાજપે પાંચ વર્ષની છુટછાટને કાયમી બનાવી દીધી છે. તેથી અગાઉ ૪૦ વર્ષની ઉમર મર્યાદાને ધ્યાનમાં લઈ પોતાની ઉમેદવારી કરી ન હતી તેઓને હવે ફરી એક વખત દાવેદારી કરવા અપાશે કે નહીં તે પ્રશ્ન છે. આ ઉપરાંત કોંગ્રેસ કે અન્ય પક્ષમાંથી આવેલા અન્યને પણ પક્ષમાં સ્થાન અપાશે. અગાઉ બે ટર્મ સુધી સક્રિય સભ્ય રહ્યા હોય તેમને સ્થાન મળશે પણ જેમ જેમ પ્રક્રિયા આગળ વધતી ગઈ તેમ તેમ વાસ્તવિકતા સમજાતા આ છુટછાટ માટે ફરજ પડી હોવાનું માનવામાં આવે છે. ભાજપના મીડીયા ઈન્ચાર્જ યજ્ઞેશ દવેએ આ અંગે ખાસ વિડીયો સંદેશ બહાર પાડયો હતો.

---

સરકારે અમલમાં મુકેલા નવા ધારાનો વ્યાપક ગેરઉપયોગ થઈ રહ્યાનો સંકેત

## લેન્ડગ્રેબીંગ એકટ હેઠળના કેસમાં ગાઈડલાઈન આપતી હાઈકોર્ટ

**એક કાયમી 'માળખુ' ઉભુ કરશેઃ કમીટી સમક્ષ રજુ થતા કેસમાં નિર્ણય પુર્વે પક્ષોને નોટીસ આપવી પડશેઃ દસ્તાવેજોની ચકાસણી માટે ખાસ જોગવાઈ**

રાજકોટઃ ગુજરાતમાં જમીન-મકાનો પર ગેરકાનુની રીતે કબ્જો કરવા અને પચાવી પાડવા માટે લેન્ડમાફીયાઓની આમ વર્ગમાં વધી રહેલી પ્રવૃતિમાં રાજય સરકારે રચેલા લેન્ડગ્રેબીંગ એકટનો પણ દૂર ઉપયોગ થઈ રહ્યો છે તે નિશ્ચિત થતા જ ગુજરાત હાઈકોર્ટે હવે આ કાનૂન હેઠળ કેસ માટે એક ગાઈડલાઈન જાહેર કરી છે. જે નાગરિકોના અધિકારોનું પણ રક્ષણ કરશે. રાજય સરકારે લેન્ડગ્રેબીંગ એકટના કેસોની સમીક્ષા કરવા પ્રથમ તબકકે જ સાચા-ખોટા કેસનું પરિક્ષણ થઈ જાય તે માટે દરેક જીલ્લામાં લેન્ડગ્રેબીંગ એકટ હેઠળના દાખલ કેસોમાં પ્રથમ તબકકે જ જીલ્લા કલેકટરના અધ્યક્ષપદ હેઠળ એક કમીટીની રચના કરી છે. જેમાં હવે હાઈકોર્ટે એક અલગ કાયમી વિભાગ (સેક્રેટરીયેટ) હશે. કમીટી સમક્ષ રજુ થતા કેસમાં તે જો યોગ્ય માને તો જેની સામે ફરિયાદ થઈ જશે તેને અને સામાપક્ષ બન્નેને એક નોટીસ આપીને તેનો પક્ષ રજુ કરવા



તેમાં તમામ અધિકારી પહેલા સંબંધીત પક્ષકારોએ રજુ કરેલા તમામ દસ્તાવેજો-પુરાવા વિ.ની સમીક્ષા કરશે અને તેનો જણાવશે અને તે પછી જ આખરી નિર્ણય લેશે તથા કમીટીના નિર્ણયથી બન્ને પક્ષોને જાણ પણ કરવામાં આવશે. આ પ્રકારના કેસમાં જે દસ્તાવેજો-પુરાવા રજુ થાય છે રિપોર્ટ કમીટીને આપશે. કોઈ આખરી નિર્ણય પુર્વે બંને પક્ષોને નોટીસ આપવી તે જરૂરી બની જશે. કમીટીના જે સભ્યો છે તેનું જ કોરમ ગણાશે અને તે ૧૬ ડિસેમ્બર ૨૦૨૦થી અમલી ગણાશે. આ કેસમાં ૬૫ વર્ષના એક સીનીયર સીટીઝન સામે લેન્ડગ્રેબીંગ કેસમાં થયેલી ફરિયાદમાં જે રીતે સાત દિવસ જેલમાં રહેવું પડશે તે બાદ હાઈકોર્ટે આ ગાઈડલાઈન બહાર પાડી છે. આ કેસમાં જીલ્લા કલેકટરે પણ કોર્ટ સમક્ષ માફી માંગવી પડી હતી.

---

મહાવિકાસ અઘાડીના આરોપોનું સૂરસૂરિયુ

## મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીમાં ૧૪૪૦ વીવીપેટ સ્લિપની મેળવણીમાં ઈવીએમ ખરું ઉતર્યું

**MVAએ હાર માટે EVM પર ગરબડીના આરોપો લગાવેલા**

મુંબઈ તા.૧૧

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં હાર બાદ કોંગ્રેસ અને તેના સહયોગી દળોએ હાર માટે ઈવીએમમાં ગરબડીનો આરોપ લગાવ્યો હતો. જેના સંદર્ભમાં ચુંટણીપંચે જે તે પક્ષના ઉમેદવારોની હાજરીમાં ૧૪૪૦ વીવીપેટ સ્લીપ અને ઈવીએમ વોટોની મેળવણી કરવામાં આવી હતી જેમાં કોઈ ગરબડી બહાર નહોતી આવી અને ઈવીએમ ખરું ઉતર્યું હતું અને એમવીએ (મહારાષ્ટ્ર વિકાસ અઘાડી)ના આરોપો ખોટા નીકળ્યા હતા.



ભારતીય ચૂંટણી પંચે આરોપોને ફગાવીને જણાવ્યું હતું કે રાજયમાં વીવીપેટની ગણતરીમાં કોઈ ખામી બહાર નથી આવી. ચુંટણીપંચે જણાવ્યું હતું કે નિયમો મુજબ દરેક વિધાનસભા ક્ષેત્રના પાંચ પોલિંગ સ્ટેશનોના ઈવીએમ વોટોના વીવીપેટ સાથે મેળવણી કરવી જરૂરી હોય છે, આ પાંચ પોલીંગ સ્ટેશનોની પસંદગી લોટરીના માધ્યમથી થાય છે અને વીવીપેટ અને ઈવીએમના વોટોની મેળવણી દરમિયાન ચુંટણી પંચના ઓબ્ઝર્વર અને દરેક ઉમેદવારના પ્રતિનિધિ હાજર હોય છે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે ૨૩ નવેમ્બર ૨૦૨૪ના મત ગણતરીના દિવસે મહારાષ્ટ્રની ૨૮૮ વિધાનસભા સીટો માટે ૧૪૪૦ પોલીંગ સ્ટેશનથી વીવીપેટ સ્લીપની મેળવણી કરાઈ હતી. જેમાં કોઈ ગરબડ નહોતી બહાર આવી. આ પુરી પ્રક્રિયાનું રેકોર્ડીંગ સુરક્ષિત રખાયુ છે.

---

**વ્યાપાર સમાચાર**

## અદાણી ગ્રુપ પણ ૧.૭ બિલિયન ડોલરનું દેવુ ચુકવવા નવું ધિરાણ મેળવવાની તલાશમાં

મુંબઇ, તા.૧૧

દેશના ટોચના ઉદ્યોગ ગૃહો હાલ નવું ધિરાણ શોધી રહ્યા હોવાના અહેવાલ છે અને ગઇકાલે રીલાયન્સ ઇન્ડસ્ટ્રી તેના રી-ફાઇનાન્સ પ્લાનમાં અંદાજે ૩ બીલીયન ડોલર એકત્રીત કરવા માટે ૬ જેટલી બેન્કો સાથે વાતચીત ચલાવી રહ્યા હોવાના અહેવાલ વચ્ચે હવે અદાણી ગ્રુપને પણ આગામી માર્ચ સુધીમાં તેની ત્રણ કંપનીઓ મારફત મેળવાયેલ ૧.૭ બીલીયન ડોલરનું દેવુ ચુકવવાનું છે અને કંપનીએ આ માટે વિદેશી ધિરાણકારો સાથે સંપર્ક શરુ કરી દીધો છે અને નવું દેવુ મેળવીને જુનું દેવું ચુકવશે. અદાણી સિમેન્ટ કે જે અંબુજા, એસીસી સહિતની બ્રાન્ડ ધરાવે છે. તેના પર માર્ચ સુધીમાં ૩૦૦ મીલીયન ડોલરની લોન ચુકવવાની જવાબદારી છે. આ ઉપરાંત અદાણી પોર્ટ પર ૨૯૦ મીલીયન ડોલરની લોન ચુકવવાની છે જે જાન્યુઆરીમાં જ ડયુ થાય છે. આ ઉપરાંત અદાણી ગ્રુપ એનર્જીના પ્રોજેકટ માટે ૧.૦૫ બીલીયન ડોલરની જે લોન લેવામાં આવી હતી તે પણ માર્ચ સુધીમાં ચુકવાની છે જેમાં ફોરેન કરન્સીમાં પણ ધિરાણ ચુકવવું પડશે અને તેથી કંપની હવે રિ-ફાઇનાન્સ માટે વાતચીત ચલાવી રહી છે.



## સ્ટારલીંક બાદ ટેસ્લા પણ ભારતમાં આવે છેઃ નવી દિલ્હીમાં કંપનીના કાર શો રૂમ માટે જગ્યાની તલાશ શરૂ

નવી દિલ્હી, તા.૧૧

અમેરિકામાં ટ્રમ્પ શાસનના થઇ રહેલા આગમન સાથે ટેસ્લા અને સ્ટારલીંક સહિતની કંપનીઓ ભારતમાં આવવા આતુર થઇ ગઇ છે અને સ્ટારલીંકે તો સેટેલાઇટ મારફત ઇન્ટરનેટ સેવા પુરી પાડવા માટે ભારત સરકારની તમામ શરતો સ્વીકારી લીધી છે જેના કારણે રીલાયન્સ જીયો અને ભારતીય એરટેલના બીપી વધી ગયા છે. હવે ભારતની ઓટો કંપનીઓ માટે પણ એલન મસ્ક સ્પર્ધા લાવી રહ્યા છે. ટેસ્લા કંપની કે જે ભારતમાં લાંબા સમયથી પોતાની કાર વેંચવા માટે સરકાર સાથે વાટાઘાટ પર હતી તે હવે દિલ્હીમાં એન્ટ્રી કરશે. ટેસ્લાએ નવી દિલ્હીમાં તેના શો રૂમ માટે જગ્યાની શોધ શરુ કરી છે. સરકારના આયોજન મુજબ ભારતમાં કાર વેંચનાર કંપનીએ પાંચ વર્ષમાં તેના ઉત્પાદન પ્લાન્ટ સ્થાપવાના રહેશે અને ટેસ્લાએ તે મુજબ આગામી દિવસોમાં ભારતમાં ટેસ્લા કારના ઉત્પાદનની પણ શરત સ્વીકારી છે. મોદીના હાલમાં જ પ્રવાસ દરમ્યાન ટેસ્લાએ ભારતમાં બે થી ત્રણ બીલીયન ડોલરની રોકાણની તૈયારી બતાવી છે.




## હવે કવીક ડિલિવરીમાં એમેઝોને ઝંપલાવ્યું: બ્લીંકઇટ, ઝેપ્ટો અને સ્વીગી માર્ટ સાથે સ્પર્ધા



નવી દિલ્હી, તા.૧૧

ભારતમાં કિરાણા સ્ટોર સામે સૌથી મોટો હરિફ ક્વીક ડિલીવરીનો આવ્યો છે. દેશની જાણીતી ફુડ ડિલીવરી કંપનીઓ હવે કિરાણા સ્ટોરથી લઇ ડેરી અને દવાની દુકાનો સાથે હરિફાઇ કરી રહી છે. ફકત દસ મીનીટમાં તે કિચનથી લઇને કોઇપણ કિરાણાની ચીજ તમારા ઘરે પહોંચાડી દેશે જેમાં દુધનો પણ સમાવેશ થાય છે અને ક્વીક ડિલેવરી સેવાઓમાં હવે મોટી કંપનીઓ પણ ઝુકાઇ છે અને તેમાં અત્યાર સુધી ઇ-કોમર્સ જાયન્ટ તરીકે ઓળખાતી એમેઝોન દ્વારા પણ ૧૫ મિનીટમાં ડિલિવરી સેવા શરુ કરવામાં આવી છે. કંપનીનો દાવો છે કે તેનાથી ભારતમાં આગામી બે વર્ષમાં ૨૦ લાખ નવી રોજગારી સર્જાશે. એમેઝોન તેના પ્લેટફોર્મ પર વ્યાપક રીતે ઘરેલું સહિતની ચીજો વેંચે છે હવે તે ઝોમેટો ઉપરાંત સ્વીગી અને બીગ બાસ્કેટ સહિતની કંપનીઓ સાથે સ્પર્ધા કરવા જઇ રહી છે. એમેઝોન ઇન્ડિયાએ આ માટે તૈયારી શરુ કરી દીધી છે જ્યારે તે એમેઝોન ફ્રેટ એન્ડ સીપીંગ વ્યવસાયમાં પણ ઝંપલાવ્યું છે અને ભારતનો એક મોટી લોજીસ્ટીક સેવા શરુ કરશે.

## બેનામી કે અજાણ્યા રાજકીય પક્ષોને દાન આપનાર કરદાતા પર તવાઇઃ આઇટી દ્વારા નોટીસ આપવાનું શરૂ

અમદાવાદ, તા.૧૧

જો તમે કોઇ નોંધાયેલા પણ જાણીતા નહીં તેવા રાજકીય પક્ષને દાન આપીને આવકવેરામાંથી જે તે દાન કરમુક્ત કરવા માટે તમારા રીટર્નમાં દર્શાવ્યું હોય તો ચેતી જજો. આવકવેરા ખાતુ તમારા નિવાસે ટકોરા મારી શકે છે. આવકવેરાની કલમ ૮૦ જીજીસી/૮૦જીજીબી હેઠળ જે રીતે માન્ય રાજકીય પક્ષો દાન અપાય છે તે ૧૦૦ ટકા કરમુક્ત હોય છે પરંતુ રાજ્યમાં આ પ્રમાણે અપાતા દાનમાં મોટુ રેકેટ બહાર આવ્યું છે અગાઉ જ એવા અહેવાલ આવ્યા હતા કે ગુજરાતમાં નોંધાયેલા પરંતુ જાણીતા નહીં તેવા રાજકીય પક્ષોને દાન આપીને મોટી કરચોરી થઇ છે. સપ્ટેમ્બર-૨૦૨૨માં આવકવેરા વિભાગે આ હેતુથી ૨૩ જેટલા પક્ષોની ઓફિસ પર દરોડા પાડ્યા હતા પરંતુ તેનું અસ્તિત્વ જ નહીં હોવાનું કે તે કોઇ રાજકીય પ્રવૃત્તિ પણ નહીં કરતા હોવાનું બહાર આવ્યું હતું. છેક ઉત્તર પ્રદેશ સહિતના રાજ્યમાંથી આ રીતે ભંડોળ અપાયું હતું તેમાં હવે ભંડોળ આપનાર પર તવાઇ ઉતરી છે. અને તેઓને નોટીસ આપવાનું શરુ થઇ ગયું છે.

## સ્વીગીના ૬.૫ કરોડ શેર બજારમાં વેચાશેઃ સ્કીપના ભાવ દબાણમાં

મુંબઇ, તા.૧૧

જેના આઇપીઓ સમયે જબરુ સસ્પેન્સ સર્જાયું હતું અને પ્રારંભમાં જ તેનું ગ્રે-માર્કેટ પ્રીમીયમ પણ સાવ નહિવત બની ગયું હતું કે સ્વીગીના શેરના લીસ્ટીંગમાં મોટો ફાયદો થયો એટલું જ નહીં તેના શેરમાં કમાણી પણ થવા લાગી પણ હવે રૂા.૫૧૯.૫૦ના ભાવે પહોંચેલા સ્વીગીના શેરમાં ચાર ટકા જેવો ઘટાડો નોંધાયો છે. કારણ એ છે કે આઇપીઓ બાદ જે શેર લોક-ઇન-પીરીયડમાં હતા તે હવે બજારમાં વેંચાવા માટે આવી રહ્યા છે. કુલ ૬.૫ કરોડ શેર બજારમાં ઠલવાશે અને તેના કારણે સ્વીગીના શેરના ભાવ દબાણ હેઠળ આવી ગયા છે. સ્વીગી હાલ તેના ઇસ્યુ પ્રાઇસથી ૩૩ ટકા વધુ ભાવ સાથે ચાલે છે તેથી રોકાણકારોને બહુ મોટી નુકશાની નહીં જાય.

## એપલની સ્માર્ટ વોચ હવે સીધી સેટેલાઇટ ઈન્ટરનેટ સાથે જોડાશે

કેલીફોર્નીયા, તા.૧૧

દુનિયાની નંબર-૧ સ્માર્ટ ફોન કંપની એપલની સ્માર્ટ વોચ પણ સૌથી વેચાણ ધરાવે છે અને હવે આગામી વર્ષે જે એપલની સ્માર્ટ વોચ લોંચ થશે તે સીધી સેટેલાઇટ ઇન્ટરનેટ કનેક્ટીવીટી ધરાવતી હશે. ભારતમાં સેટેલાઇટ ઇન્ટરનેટ ટેકનોલોજી આવી રહી છે. પરંતુ અમેરિકા સહિત દુનિયાના મોટાભાગના દેશોમાં તે અત્યાર મૌજુદ છે અને એપલે તેના પરથી હવે ગ્લોબલ વોચ લોંચ કરવા તૈયારી કરી છે. જેમાં તમે આ ઘડિયાળ મારફત ટેક્ષ પણ મોકલી શકશો. એપલ તેની આ સ્માર્ટ વોચને સુપરહિટ બનાવવા માંગે છે.



## રીલ બનાવવાની ઘેલછાઃ ટ્રાફિકવાળા રોડ પર માતા ડાન્સ કરતી રહીઃ નાના પુત્રએ રોડ ક્રોસ કર્યો

નવી દિલ્હી, તા.૧૧

સોશ્યલ મીડિયા પર એક જબરો વીડિયો વાયરલ થયો છે જેમાં એક માતા ભરચક ટ્રાફિકવાળા રોડ પર પોતે એક ગીત પર રીલ બનાવવા માટે ડાન્સ કરવામાં વ્યસ્ત છે જ્યારે તેનો નાનો પુત્ર ટ્રાફિક વચ્ચે પણ રોડ ક્રોસ કરીને સામેના છેડે દર્શાવાયો છે. રીલ બનાવવાની જે ઘેલછા છે તેમાં માણસો પોતાના જીવને પણ જોખમમાં મુકી દે છે અને અનેક વખત આ પ્રકારના અકસ્માતો થયા છે. આ વીડિયોમાં માતા એક ગીતની ટયુન પર પોતાનો ડાન્સનો વીડિયો અત્યંત વ્યસ્ત રોડ પર બનાવી રહી છે જયારે તેનો નાનો પુત્ર ટ્રાફિક વચ્ચે થી માર્ગ કરતો સામે છેડે પહોંચી રહ્યો છે. ટ્રાફિકના વાહનો પણ સંભાળપૂર્વક આ નાના છોકરાને ઇજા ન થાય તે સાવચેતી રાખે છે પરંતુ તેની માતાને ભાગ્યેજ પુત્રની ચિંતા હોય તેવું દર્શાવાયું છે.



# RBIમાંથી ૪૮૦૦૦ કરોડ છોડાવવાના નામે ઠગાઇનો પ્લાનઃ રાજકોટના બે શખ્સ ઝડપાયા

## અબજો રૂપિયા રીલીઝ કરાવવા ૨૪૦૦ કરોડ આપનારને ૧૫% કમિશનની ઓફર આપીઃ ખંભાળિયાના વચલા બારાનો મૂળ રહીશ ઋતુ સોઢા સહિત બે ઝબ્બેઃ નકલી કાગળો જપ્ત કરતી પોલીસઃ લોકોને ચેતવા અપીલ

(કુંજન રાડીયા)

**જામ ખંભાળિયા, તા.૧૧**

ખંભાળિયા તાલુકાના વચલા બારા ગામે રહેતા એક શખ્સ દ્વારા પોતાના રૂપિયા ૪૮,૦૦૦ કરોડ રિઝર્વ બેન્કમાં જમા છે, તે છોડાવવા માટે ભરવાના થતા ટેક્સમાં ફંડિંગ બદલ તોતિંગ રકમનું કમિશન આપવાના આયોજનબદ્ધ રીતે આસામીઓ સાથે ઠગાઈ થાય, તે પૂર્વે એસ.ઓ.જી. પોલીસે આ પ્રકરણના બે આરોપીઓને ઝડપી પાડ્યા છે.

આ સમગ્ર પ્રકરણની સિલસિલાબંધ વિગત એવી છે કે ખંભાળિયા તાલુકાના વચલા બારા ગામના મૂળ રહીશ અને હાલ રાજકોટમાં નવા રીંગ રોડ ઉપર અટલ સરોવરની બાજુમાં આવેલા એક એપાર્ટમેન્ટમાં ૨૦૫ નંબરના ફ્લેટમાં રહેતા ઋતુરાજસિંહ ઉર્ફે ઋતુ અજીતસિંહ સોઢા નામના ૨૧ વર્ષના શખ્સ દ્વારા ખંભાળિયા તાલુકાના સલાયા મરીન પોલીસ મથકમાં ચારિત્ર્ય તથા કોઈ ગુનો નોંધાયો ન હોવા બાબતે પોલીસ વેરિફિકેશનના દાખલાનો ઉપયોગ ચોક્કસ કામ માટે કરવામાં આવ્યો હતો. આ વચ્ચે ગઈકાલે મંગળવારે દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓજી. પોલીસ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન ઉપરોકત બાબત અંગેની મળેલી માહિતીના આધારે એસ.ઓ.જી.ના જવાનો દ્વારા વધુ માહિતી મેળવતા ઉપરોક્ત શખ્સ દ્વારા આરબીઆઈના ખોટા બનાવેલા દસ્તાવેજોથી પોતાના ખાતામાં રૂપિયા ૪૮ હજાર કરોડ જમા થયા છે તેને છોડાવવા માટે ટેક્સ ભરનારને ચોક્કસ ટકાવારીનો હિસ્સો અપાશે તેવી અલગ અલગ વ્યક્તિઓ સાથે મિટિંગ ગોઠવવામાં આવતી હોવા ઉપરાંત આ મીટીંગ સાથે જે-તે આસામી પાસેથી નાણાં મેળવવા માટેની તજવીજ ચાલતી હતી.

આ પ્રકરણમાં આરોપી ઋતુરાજસિંહ સોઢા અને અન્ય એક આરોપી માધવ કિરણકુમાર પ્રતાપરાય વ્યાસ (ઉ.વ. ૨૪, રહે. નાગેશ્વર રોડ, રાજકોટ) દ્વારા ખંભાળિયામાં કોઈ વ્યક્તિ સાથે મીટીંગ કરવામાં માટે આવ્યા હોવાનું વધુમાં ધ્યાને આવ્યું હતું. આથી એસ.ઓ.જી. પોલીસે વચલા બારા ગામેથી આરોપી ઋતુરાજસિંહ ઉર્ફે ઋતુ અજીતસિંહ સોઢાની અટકાયત કરી લીધી હતી.

આ શખ્સની પૂછતાછમાં તેણે સિંગાપુર ખાતે ડિપ્લોમા બી.ઈ.નો અભ્યાસ કર્યો છે અને એક આર્ટીકલ બેંગલોરની કંપનીને વેચાણ કરેલ છે. અને તેના કુલ રૂપિયા ૪૮,૦૦૦ કરોડ હાલ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયામાં જમા છે, અને તેને છોડાવવા માટે રૂપિયા ૨,૪૦૦ કરોડનો ટેક્સ ભરવાનો થતો હોય, જેના ફંડિંગ કરી શકે તેવી પાર્ટીઓ સાથે મીટીંગ કરતા આવવાનું તેણે જણાવ્યું હતું.

તેની પાસે રહેલી ફાઈલ પોલીસે ચકાસતા તેમાં રિઝર્વ બેન્કનું ડેકલેરેશન લેટર, એચ.એસ.બી.સી.નું કસ્ટમર ક્રેડિટ પત્ર, રિઝર્વ બેન્કનો કસ્ટમર ઇન્ફોર્મેશન રિપોર્ટ, નોટિફિકેશન લેટર, એન.ઓ.સી., એપ્રુવલ લેટર વિગેરે અલગ અલગ પ્રકારના કુલ ૧૭ દસ્તાવેજો મળી આવ્યા હતા.

આ તમામ દસ્તાવેજો જોતા જ પોલીસને દેખીતી રીતે જ ખોટા અને બનાવટી લાગ્યા હતા. આથી પોલીસે ઉપરોક્ત શખ્સની આગવી ઢબે પૂછપરછ કરતા તેના દ્વારા આર્થિક ફાયદો મેળવવા માટે બેંગ્લોરના પ્રભુભાઈ નામના એક શખ્સ પાસેથી આ પ્રકારની બનાવટી ફાઈલ તૈયાર કરાવી હતી. જેમાં આરબીઆઈમાં રૂપિયા ૪૮,૦૦૦ કરોડ બ્લોક હોય, તે અનબ્લોક કરવા માટે રૂપિયા ફંડિંગ કરનારને ૧૫ ટકા આપવાની લાલચ આપીને તે મીટીંગ કરવા માટે બોલાવશે તેવું નક્કી થતું હતું. આ પ્રકરણમાં આરોપીને આજ દિન સુધી કોઈએ રૂપિયા આપ્યા ન હતા. આટલું જ નહીં, આરબીઆઈમાં કે પોતાના બેન્ક એકાઉન્ટમાં કોઈ રકમ જમા ન થઈ હોવાનું પણ વધુમાં જાહેર થયું છે.

આ રીતે બંને શખ્સોએ પૂર્વયોજિત કાવતરું રચીને આરોપી ઋતુરાજસિંહ સોઢાના ખાતામાં રૂપિયા ૪૮ હજાર કરોડ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા બ્લોક કરવામાં આવેલા તે મુજબના તેના મળતિયાઓ મારફતે આરબીઆઈના ખોટા દસ્તાવેજો (ફાઈલ) તૈયાર કરાવડાવી અને રૂપિયા ૨,૪૦૦ કરોડનો ટેક્સ ભરવા સહિતના આ સમગ્ર ખોટા ઉપજાવી કાઢેલા પ્રકરણ સંદર્ભે પોલીસે બંને શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતાની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, ગત સાંજે આરોપીઓની વિધિવત રીતે અટકાયત કરી લેવામાં આવી છે.

આ પ્રકરણમાં અન્ય સંડોવાયેલા મનાતા શખ્સોની પણ શોધખોળ હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર પ્રકરણ હાલ ચર્ચામાં છે, ત્યારે આ પ્રકારની નવતર ઠગાઈથી સાવચેત રહેવા પણ લોકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# પારડીની ૧૯ વર્ષીય યુવતી પર દુષ્કર્મ આચરી હત્યા કરનાર સિરિયલ કિલરને પકડનાર ૧૭૨ પોલીસ કર્મીઓનું સન્માન

## મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રીએ રૂા.૧૨.૦૯ લાખ રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરી પોલીસનો જુસ્સો વધાર્યોઃ લાજપોર જેલના બે સિપાહી અને રેલવે પોલીસના બે પોલીસ જવાનને પણ સન્માન અપાયું

## આઠ હત્યા અને દુષ્કર્મ ઉપરાંત અનેક ગંભીર ગુનાઓ આચરનાર આંતરરાજ્ય સિરિયલ કિલર વિરૂદ્ધ સજ્જડ પુરાવાઓ એકઠાં કરી ફાંસીની સજા તે રીતે ચાર્જશીટ કરવામાં આવશેઃ હર્ષ સંઘવી

રાજકોટ. તા.૧૧

વલસાડ જિલ્લાના પારડીમાં અત્યંત અને વેદના સભર બનાવ ૧૯ વર્ષિય દીકરી પર દુષ્કર્મ અને હત્યાની બનેલી ઘટના બાદ વલસાડ પોલીસે અત્યંત કુનેહ પૂર્વક કામ કરી સીસીટીવી ફુટેજના આધારે આરોપીને ઝડપી લીધો હતો. તપાસમાં આરોપી એટલો ક્રુર અને નિર્દયી હતો કે, તેને આઠ હત્યા સહિત સંખ્યાબંધ ગુનાઓને અંજામ આપ્યાં હોવાનું ખુલતાં ખળભળાટ મચી ગયો હતો. સિરિયલ કિલરને પકડનાર વલસાડ પોલીસ, રેલ્વે પોલીસ અને લાજપોર જેલના કર્મીઓને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં બેખૌફ બનેલા આંતરરાજ્ય સિરિયલ કિલરને પકડવામાં દિવસ-રાત એક કરી એક મજબુત ટીમ વર્ક સાથે ગણતરીના દિવસોમાં ગુનો ડિટેક્ટ કરી આ પ્રસંશનિય કામગરી બદલ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના હસ્તે ૧૭૨ પોલીસ અધિકારી-કર્મચારીશ્રીઓને રૂ.૧૨.૦૯ લાખના રોકડ ઇનામ આપ્યા હતા.



સન્માનિત માટેની પ્રપોઝલને ડબલ કરી પોલીસને પ્રોત્સાહિત કરવામાં આવ્યાંઃ ભુપેન્દ્ર પટેલ

વધુમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત આજે પણ દેશનું સૌથી સુરક્ષિત રાજ્ય છે, તેનો શ્રેય રાજ્યના નાગરિકો, ગુજરાત પોલીસ અને તમામ ફોર્સને જાય છે. ગુજરાતમાં કોઇ ગુનો બને ત્યારે તે ગુનાની ગંભીરતા સમજીને ગુજરાત પોલીસ મજબુત ટીમ વર્કથી ટેક્નોલોજીના ઉપયોગની સાથે હ્યુમન ઇન્ટેલિજન્સની મદદથી જે રીતે રાત-દિવસ એક કરીને ગણતરીના કલાકોમાં ગુનેગારો શોધી કાઢે છે તેના ઉપર મને ગર્વ છે.

તેમજ કર્ણાટક, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને ગુજરાતમાં મળી કુલ છ ગુનાઓ આચર્યા હોવાની કબુલાત કરનાર આ સિરિયલ કિલરે વધુ બે હત્યાના ગુનાઓની કબુલાત પોલીસ પુછપરછ દરમિયાન કરી છે. દુષ્કર્મ અને હત્યા જેવા ગંભીર આઠ ગુનાઓ ઉપરાંત આ ગુનેગારે ટ્રક ચોરી, આર્મ્સ એક્ટ, સરકારી નોકર પર હુમલો જેવા અન્ય ૧૩ થી વધુ ગુનાઓ આચર્યા છે. જો ગુજરાત પોલીસે આ સિરિયલ કિલરને ના પકડ્યો હોત તો હજુ ક્યા ક્યા જઇને આ કિલર ગુનાઓ આચરતો તે કહેવુ અને અંદાજ લગાવવો પણ મુશ્કેલ હતો.

હર્ષ સંઘવીએ સંવેદના સાથે ઉમેર્યું કે, આટલા રાજ્યોમાં દીકરીઓને પીંખી નાંખીને હત્યા કરનાર આ ગુનેગાર જો પહેલા જ ગુનામાં પકડાઇ ગયો હોત કે તેને હ્યુમન ગ્રાઉન્ડ ઉપર જામીન ન મળ્યા હોત તો આજે આપણી ગુજરાતના પારડી વિસ્તારની ૧૯ વર્ષિય દીકરી સુધી તે પહોંચી શક્યો ન હોત. આ ગુનેગારને ગુજરાતમાં જ ફાંસીની સજા થશે ત્યારે આ દીકરીના પરિવારને અને ગુજરાતના નાગરિકોને ન્યાય મળશે. ખુબ જ ટુંકા સમયમાં આ ગુનેગારની ચાર્જશીટ કરી તેને ફાંસીની સજા થાય તે રીતે સજ્જડ પુરાવાઓ જોડી કડક કાર્યવાહી કરવા વલસાડ પોલીસને સૂચના આપી છે.

ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તમામ પોલીસ અધિકારી કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હોવાનો સંદેશો આપી કહ્યુ કે, આ પ્રસંશનીય કામગીરી કરનાર પોલીસ અધિકારી કર્મચારીઓ માટે આવેલી ઇનામની રકમની પ્રપોઝલને વાંચ્યા બાદ મુખ્યમંત્રીના નિર્દેશથી રાજ્ય સરકારે પોલીસ ટીમની મહેનતને બિરદાવતા ઇનામની રકમને બમણી કરી છે. જે અન્ય જિલ્લાઓના પોલીસ અધિકારી-કર્મચારીઓને કોઇપણ કેસ આ જ પ્રકારે ગંભીરતાથી તપાસ કરવા માટે પ્રેરણા પુરી પાડશે.

કાર્યક્રમમાં વન-પર્યાવરણ રાજ્ય મંત્રી અને વલસાડ જિલ્લા પ્રભારી મંત્રી મુકેશ પટેલ, રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય, સુરત રેન્જ આઇ.જી.પી પ્રેમવીર સિંઘ, સુરત ક્રાઇમ જોઇન્ટ કમિશનર રાઘવેન્દ્ર વત્સ, વલસાડ જિલ્લા પોલીસ વડા કરણરાજ વાઘેલા તેમજ ગુનાના ડિટેકશનમાં મહત્વપૂર્ણ ભુમિકા ભજવનાર પોલીસ અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાસરીયાઓએ દહેજ માંગી ગર્ભવતી પરિણીતાને ઢીકાપાટુનો ઢોર માર માર્યો

## ગોંડલના કંટોલીયા રોડ પર રહેતી ૨૪ વર્ષીય પરિણીતા ભાગીને પોલીસ મથકે દોડી ગઈઃ રાજકોટ રહેતી માતા દોડી ગઈ અને પુત્રીને સારવારમાં ખસેડી

રાજકોટ તા.૧૧

ગોંડલના કંટોલીયા રોડ પર રહેતી ૨૪ વર્ષીય ગર્ભવતી પરિણીતાને સાસરીયાઓએ દહેજ માંગી ઢીકાપાટુનો માર મારતા સારવારમાં રાજકોટ ખસેડવામાં આવી હતી. બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ગોંડલના કંટોલીયા રોડ પર ભારત મોબાઈલ પાસે ખાડામાં રહેતી મુસ્કાનબેન શાહરૂખ ધંધુકીયા (ઉ.૨૪)ને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે રાજકોટ સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે ગોંડલ પોલીસને જાણ કરી હતી.

બનાવ અંગે ઈજાગ્રસ્ત મુસ્કાનની માતાએ જાણાવ્યું હતું કે તેમની પુત્રીના સાત વર્ષ પહેલા લગ્ન થયેલ અને તેને સંતાનમાં એક પુત્ર છે. તેમજ હાલ તે ગર્ભવતી છે. તેમના સાસરીયાઓ દહેજ પેટે રૂા.૨ લાખ, ટીવી સહીતની વસ્તુઓ માંગી કેટલાય સમયથી પુત્રીને મારકુટ કરી માનસીક રીતે હેરાન કરે છે. ગઈકાલે તેણીના પતિ શાહરૂખ, સાસુ નસરીનબેન, દિયર અનીસે ઝઘડો કરી પેટમાં પાટુ મારી ઢોર માર માર્યો હતો. તેમની પુત્રી મારમાંથી પોતાને છોડાવી પોલીસ મથકે પહોંચી હતી અને બાદમાં તેમને સારવાર અર્થે સીવીલ હોસ્પીટલમાં ખસેડાઈ હતી.

# રાજકોટમાં ૩૪ વર્ષીય પરિણીતાનું હૃદય થંભી ગયુંઃ હાર્ટએટેક જીવલેણ નિકળતા મોત

## કુવાડવા રોડ પર અંબીકા રેસીડેન્સીમાં રહેતા મધુબેન માદરીયા ઘરે હતા ત્યારે જ બેભાન થઈ ઢળી પડયાઃ બે સંતાનો માતાવિહોણા બનતા પરિવારમાં શોક

રાજકોટ તા.૧૧

રાજકોટમાં કુવાડવા રોડ પર અંબીકા રેસીડેન્સીમાં ૩૪ વર્ષીય પરિણીતાને આવેલ હાર્ટએટેક જીવલેણ નિકળતા કરૂણ મોત નિપજતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટમાં કુવાડવા રોડ પર અંબીકા રેસીડેન્સીમાં રહેતા મધુબેન અશ્વિનભાઈ માદરીયા (ઉ.વ.૩૪) પોતાના ઘરે હતા ત્યારે અચાનક છાતીમાં દુ:ખાવો ઉપડયા બાદ બેભાન થઈ ઢળી પડયા હતા. જેમને પરિવારજનો દ્વારા તાત્કાલિક સારવાર અર્થે સીવીલ હોસ્પીટલમા ખસેડાયા હતા.



જયાં ફરજ પરના તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે બી ડીવીઝન પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પી.એમ. અર્થે ખસેડયો હતો.

વધુમાં જાણવા મળેલ વિગત મુજબ મૃતકના પતિ ઈલેકટ્રીક કામ કરે છે અને સંતાનમાં બે પુત્રો છે જે મા વિહોણા બનતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

# સંભવ સમિટની પાંચમી એડિશનમાં એમેઝોને વિકસિત ભારત માટેની તેની પ્રતિબદ્ધતા મજબૂત બનાવી

નવી દિલ્હી, તા.૧૧

પોતાની વાર્ષિક સંભવ સમિટની પાંચમી એડિશનમાં એમેઝોને વિકસિત ભારત માટે તેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવતી શ્રેણીબદ્ધ પહેલની જાહેરાત કરી છે. સંભવ સમિટએ ભારતના નાના વ્યવસાયોની ઊજવણી કરવા, સપોર્ટ કરવા અને સશક્ત બનાવવા માટે એમેઝોનના પ્રયાસોનો ભાગ છે જેનું લક્ષ્ય સમગ્ર ભારત અને વિશ્વમાં તેમના વિકાસને વેગ આપવાનો છે. આના ભાગરૂપે એમેઝોને ભારતને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ તરીકે સ્થાપિત કરવાની સરકારની મુખ્ય પ્રાથમિકતાને વેગ આપવા માટે ડીપીઆઈઆઈટી સાથે એમઓયુ કર્યો છે. એમેઝોને ભારતમાં કન્ઝ્યુમર ગુડ્સ મેન્યુફેક્ચરિંગને ડિજિટાઇઝ કરે અને સ્થાનિક તથા વૈશ્વિક માંગ સંતોષીને હજારો નોકરીઓનું સર્જન કરે તેવા સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરવા માટે તેના સંભવ વેન્ચર ફંડથી ૧૨૦ મિલિયન ડોલરની ફાળવણી કરી છે. એમેઝોન તેની નિકાસ પ્રતિબદ્ધતાને પણ ચાર ગણી વધારી રહી છે અને ૨૦૩૦ સુધીમાં કુલ ૮૦ અબજ ડોલરની નિકાસો સક્ષમ કરવાની યોજના ધરાવે છે. ભારતીય એમએસએમઈ, ઉત્પાદકો અને ડીટુસી સ્ટાર્ટઅપ્સ તેમજ એમેઝોન ગ્લોબલ માર્કેટપ્લેસીસ પર વેચાનાર મેડ ઈન ઈન્ડિયા પ્રોડક્ટ્સ મેળવવા માટે એમેઝોનના ગ્લોબલ સેલિંગ પ્રોગ્રામ થકી નિકાસો સક્ષમ બનાવવાના મિશ્રણ સાથે આ મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ થશે. એમેઝોન હોમ એન્ડ કિચન પ્રોડક્ટ્સ, એપરલ એન્ડ ટેક્સટાઇલ્સ, ટોય્ઝ, હેલ્થ એન્ડ ન્યૂટ્રીશનલ સપ્લીમેન્ટ્સ, આયુર્વેદિક પ્રોડક્ટ્સ વગેરે સહિત વિવિધ સેક્ટર્સની નિકાસો સક્ષમ બનાવવાનું ચાલુ રાખશે.

આ ઉપરાંત એમેઝોન સમગ્ર ભારતમાં વ્યવસાયોને તેની વિશ્વ સ્તરની, વિશ્વસનીય અને પોસાય તેવા દરની લોજિસ્ટિક્સ સર્વિસીઝ હવે પૂરી પાડશે. કંપનીએ વિવિધ ક્ષમતા જરૂરિયાતો સમાવવા માટે ૫ ફૂટથી ૪૦ ફૂટના વિવિધ ફુલ ટ્રકલોડ વિકલ્પો સાથે દેશભરમાં ઇન્ટ્રા-સિટી અને ઇન્ટર-સિટી ટ્રાન્સપોર્ટેશન સર્વિસીઝ માટે એમેઝોન ફ્રેઇટ શરૂ કરી છે. આ ઉપરાંત વચન મુજબની ડિલિવરી તારીખો અને પિક અપ અનુભવો સાથે ૧૪,૦૦૦થી વધુ પિન કોડ્સને આવરી લેતી લાસ્ટ-માઇલ ડિલિવરી સર્વિસીઝ માટે એમેઝોન શિપિંગ પણ લોન્ચ કરવામાં આવી છે.

# ઈન્ટરનેશનલ જેમોલોજીકલ ઈન્સ્ટિટ્યૂટ (ઈન્ડિયા) લિમિટેડનો રૂા. ૪,૨૨૫ કરોડનો આઈપીઓ શુક્રવાર, ૧૩ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ખૂલશે

અમદાવાદ,તા.૧૧

ઇન્ટરનેશનલ જેમોલોજીકલ ઇન્સ્ટિટ્યૂટ (ઈન્ડિયા) લિમિટેડ શુક્રવાર, ૧૩ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ તેના ઇક્વિટી શેર્સના આઈપીઓ સંદર્ભે તેની બિડ/ઓફર ખોલવા જઈ રહી છે. રૂા.૪,૨૨૫ કરોડના મૂલ્યના પ્રત્યેક રૂા.૨ની ફેસ વેલ્યુના ઇક્વિટી શેર્સની કુલ ઓફર સાઇઝમાં રૂા.૧,૪૭૫ કરોડા સુધીના મૂલ્યના ફ્રેશ ઇશ્યૂ અને રૂા. ૨,૭૫૦ કરોડ સુધીના મૂલ્યના ઇક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફર નો સમાવેશ થાય છે. ઇશ્યૂની પ્રાઇઝ બેન્ડ ઇક્વિટી શેર દીઠ રૂ. ૩૯૭થી રૂા.૪૧૭ નક્કી કરવામાં આવી છે.ઇક્વિટી શેર દીઠ રૂા.૩૯.૭થી રૂા.૪૧.૭ના ડિસ્કાઉન્ટ સહિતનો પ્રાઇઝ બેન્ડ એમ્પ્લોઇ રિઝર્વેશન પોર્શનમાં ભાગ લઈ રહેલા લાયક ઠરેલા કર્મચારીઓને ઓફર કરવામાં આવે છે .બિડ્સ લઘુતમ ૩૫ ઇક્વિટી શેર્સ અને ત્યારબાદ ૩૫ ઇક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે.

કંપની ઇશ્યૂમાંથી મળેલી કુલ રકમનો નીચેના હેતુઓ માટે ઉપયોગ કરવાની દરખાસ્ત કરે છે. પ્રમોટર તરફથી આઈજીઆઈ નેધરલેન્ડ્સ ગ્રુપ અને આઈજીઆઈ બેલ્જિયમ ગ્રુપના હસ્તાંતરણ માટે ખરીદીની કિંમત ચૂકવવા માટે અંદાજિત રૂા.૧,૩૦૦ કરોડ અને બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે.વેચાણ માટેની ઓફરમાં બીસીપી એશિયા મમ ટોપકો પીટીઈ લિમિટેડ દ્વારા રૂા. ૨,૭૫૦ કરોડ સુધીના ઇક્વિટી શેર્સનો સમાવેશ થાય છે.

# જંગલેશ્વરના નદી કાંઠે મેગા ડિમોલીશન પૂર્વે મનપામાં ટોળા પહોંચ્યાઃ હિયરીંગ

## સુપ્રિમ કોર્ટના માર્ગદર્શન મુજબ અસરગ્રસ્તોને સાંભળતા અધિકારીઓઃ ધાર્મિક સહિત ૯૮૭ દબાણો હટાવાશેઃ આવાસની માંગણીનો પણ ઢગલો

રાજકોટ, તા.૧૧

શહેરના વોર્ડ નં.૧૬માં જંગલેશ્વરના નદી કાંઠે કાચા-પાકા મકાન બાંધીને ગેરકાયદે રહેતા ૯૮૭ મિલ્કત ધારકોને ડિમોલીશનની નોટીસ એક થી વધુ વખત અપાઇ ચૂકી છે ત્યારે આજે સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન મુજબ ઓપરેશન પૂર્વે અસરગ્રસ્તોને સાંભળવા જરૂરી હોય. ટી.પી., બાંધકામ સહિતની શાખાના અધિકારીઓ દ્વારા તેઓને સાંભળવામાં આવ્યા હતા. દસ્તાવેજ ધરાવતા અને ન હોય તેવા પરિવારોએ પણ વિકલ્પમાં આવાસની માંગણી મુકી છે.

આજી રીવરફ્રન્ટ પ્રોજેક્ટ અને ડૂબમાં આવતા વિસ્તારને સલામત કરવા આ ઓપરેશન માટે લાંબા સમયથી તૈયારી ચાલી રહી છે. જંગલેશ્વરમાં થોડા સમય પહેલા ૯૮૭ દબાણકર્તાઓને નોટીસ અપાઇ હતી. ગઈકાલે વોર્ડ નં. ૩ માં બે ધાર્મિક સ્થળો તોડી પાડતા અને જંગલેશ્વર સહિતના વિસ્તારોમાં આપાયેલ નોટીસની મુદત પણ પુર્ણ થતાં આજે મનપાની ઈસ્ટઝોન કચેરી ખાતે પોતે આ સ્થળ ઉપર વર્ષોથી રહેતા હોવાના લાઈટબીલ-વેરાબીલ સહિતના પુરાવાઓ રજૂ કરી ડિમોલેશન ન કરવાની વિનંતી કરી હતી.



જંગલેશ્વરના નદી કાંઠાના દબાણકારોના બાંધકામ તોડવાની તૈયારી વચ્ચે આજે વિસ્તારના લોકો ઇસ્ટ ઝોન મનપા કચેરીએ પહોંચ્યા હતા. ત્યાં અધિકારીઓએ તેમને સાંભળીને ચકાસણી કરી હતી. હવે આ વિસ્તારમાં નજીકના સમયમાં ડીમોલીશન થઇ શકે છે. (તસ્વીરઃ દેવેન અમરેલીયા)

શહેરના ભગવતીપરા, પોપટપરા અને જંગલેશ્વરના નદી કાંઠાના તેમજ મુખ્યમાર્ગો પર થયેલા ગેરકાયદેસર બાંધકામો તેમજ ધાર્મિર સ્થળોના દબાણો દૂર કરવા માટે આ નોટીસો અપાઇ છે. પરંતુ સુપ્રીમ કોર્ટની સુચના અન્વયે મુખ્યમાર્ગો પર આવતા કોઈ પણ દબાણો દૂર કરવાની કાર્યવાહી કરવાની હોવાથી ગઇકાલે વોર્ડ નં.૨ અને ૩માં ઓપરેશન કરાયા હતા. હવે જંગલેશ્વરના દબાણકારોની મુદત પણ પુરી થઇ છે. આથી આજે તેઓ પોતાની વાત મુકવા દોડી આવ્યા હતા.

જંગલેશ્વર વિસ્તારમાં સૌથી વધુ નોટીસો અપાયેલ હોય આ વિસ્તારની મહિલાઓ તેમજ પુરુષોએ આજે ઈસ્ટઝોન કચેરી ખાતે જઈ ડિમોલેશન ન કરવામાં આવે તે માટે અધિકારીઓને રજૂઆત કરી હતી. અધિકારીઓએ તેમની પાસે દસ્તાવેજો માંગ્યા છે. નિયમ મુજબ મળવા પાત્ર હોય તેઓને આવાસ પણ આપવાના છે પરંતુ મોટી સંખ્યામાં પરિવારો આવાસ વગરના હોય, આ અસરગ્રસ્તોનો પ્રશ્ન મોટો થાય તેવું લાગી રહ્યું છે.

મહાનગરપાલિકાના અલગ અલગ હેતુ માટેના પ્લોટ ઉપર વર્ષોથી દબાણો થઈ ગયા છે. તેમજ છેલ્લા બે વર્ષ દરમિયાન મંજુર થયેલ ટીપી સ્કીમોમાં મહાનગરપાલિકાને મળેલા સાર્વજનિક પ્લોટ ઉપર પણ દબાણો છે. આથી ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા મનપાના અનામત પ્લોટની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. અને દબાણ હોય તેવા પ્લોટની યાદી અલગથી તારવી ટુક સમયમાં તમામને નોટીસ આપવામાં આવશે ત્યાર બાદ મેગા ડિમોલેશન હાથ ધરાશે તેમ જાણવા મળ્યું છે.

# ઇન્વેન્ચરસ નોલેજ સોલ્યુશન્સ લિમિટેડનો આઈપીઓ આવતીકાલ, ૧૨ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ખૂલશે

અમદાવાદ, તા.૧૧

ઇન્વેન્ચરસ નોલેજ સોલ્યુશન્સ લિમિટેડ મંગળવાર, ૧૨ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ઇક્વિટી શેર્સ ના તેના આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરે છે. એન્કર ઇન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખૂલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે બુધવાર, ૧૧ ડિસેમ્બર, ૨૦૨૪ રહેશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ સોમવાર, ૧૬ ડિસેમ્બર, ૨૦૨૪ છે.

ઓફરની પ્રાઇઝ બેન્ડ ઇક્વિટી શેર દીઠ રૂ. ૧,૨૬૫થી રૂ. ૧,૩૨૯ નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૧૧ ઇક્વિટી શેર્સ અને ત્યારબાદ ૧૧ ઇક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે.

આ ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૩૧ સાથે વાંચતા અને સુધારેલા સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (નિયગન) નિયમો, ૧૯૫૭ના નિયમ ૧૯(૨) (બી)ના સંદર્ભે કરવામાં આવી છે. આ ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૬(૨)ના અનુસંધાનમાં બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા કરવામાં આવી રહી છે જેમાં નેટ ઓફરના લઘુત્તમ ૭૫ ટકા પ્રમાણસર ધોરણે ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યૂશનલ બાયર્સને ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, એ શરતે કે અમારી કંપની અને વેચાણકર્તા શેરધારકો સેબી આઈસીડીઆર નિયમનો મુજબ બીઆરએલએમ સાથેની ચર્ચા બાદ ક્યુઆઈબી હિસ્સાનો ૬૦ ટકા સુધીનો હિસ્સો વિવેકાધીન ધોરણે એન્કર ઇન્વેસ્ટર્સને ફાળવી શકે છે જે પૈકી એક-તૃત્યાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ માટે અનામત રાખવામાં આવશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ તરફથી જે કિંમતે એન્કર ઇન્વેસ્ટર્સને ફાળવણી કરવામાં આવી હોય તે અથવા તેનાથી વધુ કિંમતે મળેલી માન્ય બિડ્સને આધીન રહેશે. આ ઉપરાંત ક્યુઆઈબી પોર્શનનો ૫ ટકા હિસ્સો - માત્ર મ્યુચ્યુઅલ ફંડ્સને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, જે ઓફર પ્રાઇઝ કે તેનાથી વધુ કિંમતે મળેલી માન્ય બિડ્સને આધીન રહેશે અને બાકીનો હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ સહિત તમામ ક્યુઆઈબીને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, એ શરતે કે ઓફર પ્રાઇઝ અથવા તેનાથી વધુ કિંમતે માન્ય બિડ્સ પ્રાપ્ત થઈ હોય. આ ઉપરાંત નેટ ઓફરના મહત્તમ ૧૫ ટકા નોન ઇન્સ્ટિટ્યૂશનલ કેટેગરી પૈકીનો એક તૃત્યાંશ હિસ્સો રૂ. ૦.૨૦ મિલિયનથી રૂ. ૧.૦૦ મિલિયન વચ્ચેની એપ્લિકેશન સાઇઝ વચ્ચેના બિડર્સ માટે અનામત રહેશે અને નોન-ઇન્સ્ટિટ્યૂશનલ કેટેગરીનો બે-તૃત્યાંશ હિસ્સો રૂ. ૧.૦૦ મિલિયનથી વધુની એપ્લિકેશન સાઇઝ ધરાવતા બિડર્સને ફાળવણી માટે અનામત રહેશે.



**લાલપરી તળાવ પાસે ગાંડીવેલ પથરાઈ ગઈઃ ટીમ દ્વારા સફાઈ**

રાજકોટમાં શિયાળાના પ્રારંભે મચ્છરોનો ઉપદ્રવ અનેક વિસ્તારમાં દેખાતો હોય, મનપાની મેલેરીયા શાખા દ્વારા ફોગીંગથી માંડી સર્વેલન્સ સહિતની કામગીરી સતત ચાલુ હોય છે. તેવામાં નદી કાંઠાના જુદા-જુદા ભાગોમાં મચ્છરોની ઉતપત્તીના કેન્દ્ર જેવી ગાંડીવેલનો સંપૂર્ણ નાશ થતો ન હોય તે દૂર કરવાની કામગીરી સતત ચાલે છે. બેડી યાર્ડ પાસેના આ દુષણને હટાવવા અગાઉ મશીનરી પણ વસાવવામાં આવી હતી. હવે લાલપરી તળાવ સામેના ભાગમાં પણ ગાંડીવેલ ફેલાઇ ગઇ હોય મનપા દ્વારા આ વેલ સાફ કરવા કામ ચાલી ર રહ્યું છે. (તસ્વીરઃ દેવેન અમરેલીયા)

ગુજરાતના 'પ્રશ્નો'થી 'પ્રોજેકટ'ની ચર્ચા થશે તેવા સંકેત

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દિલ્હીમાં: PM મોદી- HM શાહને મળશે

## રાજકીય તર્કવિતર્ક પણ શરૂ: મંત્રીમંડળ વિસ્તરણનો મુદો હજુ કેટલો પાછો ઠેલાશે! સ્થાનિક ચુંટણીઓ આવી ગઈ છે: પ્રદેશ પ્રમુખ પાટીલ પણ બેઠકમાં જોડાઈ શકે

## આવતીકાલે સરકારની બીજી ટર્મના બે વર્ષ પુર્વે જ મુલાકાત સૂચક: ઓલિમ્પિક તૈયારી પણ એજન્ડા

## રાજયના ખ્યાતિકાંડની ગુંજ છેક સંસદમાં પહોંચતા મોદી સરકાર ચિંતામાં: કાયદો વ્યવસ્થામાં પણ 'મોડેલ' સ્ટેટ ઢીલુ પડયું હોવાનો સ્થિતિ પર નજર કરાય તેવી સંભાવના

રાજકોટ: ગુજરાતની ભુપેન્દ્ર પટેલ સરકાર આવતીકાલે તેની બીજી ટર્મના બે વર્ષ પુરા કરવા જઈ રહી છે તેના એક દિવસ પુર્વે જ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ આજે તેમના ખાસ વિમાનમાં દિલ્હી જવા રવાના થતા જ ફરી એક વખત રાજયમાં રાજકીય તર્કવિતર્કની ચર્ચા થવા લાગી છે. શ્રી પટેલ તેમની દિલ્હી મુલાકાત સમયે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહને મળનાર છે. જોકે તેમની આ મુલાકાત ઓચિંતી નથી તે સ્પષ્ટ થયુ છે. સામાન્ય રીતે દર બુધવારે મળતી રાજય કેબીનેટ બેઠક એક દિવસ વહેલી એટલે કે ગઈકાલે મંગળવારે જ બોલાવી લેવામાં આવી હતી. આમ તેમનો દિલ્હી પ્રવાસ નિશ્ચિત હતો અન હાલ ગુજરાતમાં ભાજપના પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ પણ સંસદનું સત્ર ચાલતું હોવાથી દિલ્હીમાં જ છે અને તેથી તેઓ પણ આ બેઠકમાં સામેલ થાય તેવી ધારણા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ તેમની સરકારની છેલ્લા ત્રણ માસની કામગીરીનો રિપોર્ટ રજુ કરવા દિલ્હી ગયા છે.



ગુજરાતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી શ્રી અમીત શાહનું હોમગ્રાઉન્ડ છે અને બન્ને નેતાઓ ગુજરાત અંગે સતત અપડેટ રહે છે. હજુ ગત રવિવારે જ શ્રી શાહ અમદાવાદ હતા. જો કે તેમાં પોતાના સંસદીય ક્ષેત્રના કાર્યક્રમોમાં નિયમીત હાજરી આપતા રહે છે અને સતત લોકો સાથે સંપર્કમાં રહે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાતમાં આગામી સમયમાં ઓલિમ્પિક તૈયારીને સૌથી મહત્વ અપાઈ રહ્યુ છે અને અમદાવાદ તેનું કેન્દ્ર બનશે તે સમયે આ શહેરને વર્લ્ડ કલાસ સીટી તરીકે દર્શાવવા અને આધુનિક સુવિધાઓ માટે સરકાર આતુર છે અને ૨૦૩૬ના ઓલિમ્પિકના દાવા માટે મજબૂત બ્લુપ્રિન્ટ જરૂરી છે તેથી તે માટે પણ આ બેઠકમાં ચર્ચા થઈ શકે છે. મહત્વનું એ છે કે ગુજરાતમાં લાંબા સમયથી મંત્રીમંડળના વિસ્તરણની ચર્ચા છે.

શ્રી ભુપેન્દ્ર પટેલ પ્રારંભથી જ મર્યાદીત મંત્રીઓ સાથે સરકાર ચલાવે છે તો ભાજપના ૧૫૬ બેઠકો પર વિજય બાદ લાંબા સમયથી આ ચર્ચા છે પણ એક યા બીજા કારણોથી મંત્રીમંડળ વિસ્તરણ થયુ નથી પણ હવે સંભવત આ એજન્ડા હાથમાં લેવાયો હોય તો તેની પણ ચર્ચા થશે તેવુ સૂત્રો કહ છે. આ ઉપરાંત ખ્યાતિ હોસ્પીટલ કાંડે ગુજરાતમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ જે કૌભાંડ ચાલે છે તેને ખુલ્લા કર્યા છે અને સરકારને એક બાદ એક હોસ્પીટલોને આ યોજનામાંથી સસ્પેન્ડ કરવાની ફરજ પડી રહી છે. ઉપરાંત સરકારી અધિકારીઓની સંડોવણી પણ ખુલ્લી છે. આમ વડાપ્રધાનની આ મહત્વાકાંક્ષી યોજનાને તેના ગૃહ રાજયમાંજ જે રીતે ભ્રષ્ટાચારનો લુણો લાગી ગયો તે વડાપ્રધાન માટે ચિંતા હોઈ શકે છે. જોકે ગુજરાત સરકાર કંઈ છુપાવ્યા વગર જ 'ઓલ-કલીન' કરવા માટે જે રીતે આગળ વધી રહી છે તે સરકારની મકકમતા દર્શાવે છે. આ અંગે પણ ચર્ચા થાય તે શકય છે. રાજયમાં કાયદો અને વ્યવસ્થાના પશ્નો પણ હાલ વધી ગયા છે અને તેને અંકુશમાં રાખવામાં પણ સરકારન આકરૂ થવું પડયું છે. ગુજરાત એ જે રીતે દેશમાં 'મોડેલ' સ્ટેટ છે તેમાં કોઈ પ્રશ્ન ન સર્જાય તે જોવા મોદી-શાહ આતુર છે. ખ્યાતિકાંડ છેક સંસદ સુધી પહોંચી ગયા છે અને તે પણ ચિંતા છે. બીજુ મહત્વનું સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓ આવી રહી છે. ભાજપને નવા પ્રદેશ પ્રમુખ પણ મળવાના છે. આમ ગુજરાતએ આ વર્ષે ધમધમતુ અને કેન્દ્રમાં રહેવાનું છે તેથી રાજયમાં તેની શ્રેષ્ઠતા જાળવી રાખે તે જોવા મોદી-શાહ આતુર છે. છેલ્લે હરિયાણા ચૂંટણીના દિને તા.૬ ઓકટોના દિલ્હીમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલની આ બે રાષ્ટ્રીય નેતાઓ સાથે બેઠક યોજાઈ હતી.

## ભુપેન્દ્ર પટેલ ૨.૦ને કાલે બે વર્ષ પૂરા થશે: કાલે મહાત્મા મંદિરમાં ખાસ કાર્યક્રમ

### સ્ટાર્ટઅપને પ્રોત્સાહન; સરકારી નોકરીમાં નિયુક્તિપત્રો અપાશે

ગાંધીનગર: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ફરીથી મુખ્યમંત્રી બન્યા તેના બે વર્ષની ઉજવણીના કાર્યક્રમો કરવા સરકારી તંત્રએ તૈયારી શરૂ કરી છે. ૧૨ ડિસેમ્બર- ૨૦૨૨માં તેમણે નવી ટર્મમાં સીએમ તરીકે શપથ લીધા તેના બે વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે તે નિમિત્તે આગામી ૧૨ ડિસેમ્બરે ગાંધીનગર મહાત્મા મંદિરમાં મુખ્ય અને અમદાવાદમાં જનહિતના કાર્યક્રમો યોજાશે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં ચાર જ જાતિ યુવા, કિસાન, મહિલા અને ગરીબ તેમ કહ્યું છે તેને લઈને આયોજન કરાઈ રહ્યું છે.

બે વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરનારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વડપણ હેઠળ સરકારમાં અનેક નિર્ણયો લેવાયા છે ત્યારે ૧૨ ડિસેમ્બરે મહાત્મા મંદિર ખાતે મંત્રી મંડળના સભ્યો અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન કરાયું છે. ૧૨ ડિસેમ્બરે ગરીબ, યુવા, મહિલા અને કિસાનને સાંકળી લેતા કાર્યક્રમો યોજાશે. ખેડૂતો માટે સવારે ફાર્મર પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન (એફપીઓ) નો કાર્યક્રમ યોજાશે.

ગરીબ-શ્રમજીવી વર્ગ માટે અમદાવાદમાં પાંચ રૂપિયામાં ભોજન પૂરૂ પાડતી શ્રમિક અન્નપૂર્ણા યોજનાના નવા કેન્દ્રો શરૂ કરાશે. યુવાઓને મહાત્મા મંદિર ખાતે રોજગારી પત્રો એનાયત કરાશે. મહિલાઓ માટે અમદાવાદમાં આઈ ક્રિએટ ખાતે સ્ટાર્ટ અપને પ્રોત્સાહનનો કાર્યક્રમ યોજાશે. મહાત્મા મંદિર ખાતે ૫૦૦ જેટલા યુવાનોને રોજગારી પત્રો આપવામાં આવશે.

દુષ્કર્મ કેસમાં આજીવન સજા ભોગવતા....

## આસારામને રાજસ્થાન હાઈકોર્ટ સારવાર માટે ૧૭ દિવસના પેરોલ પર છોડશે

જોધપુર( રાજસ્થાન) તા.૧૧

અંતિમ શ્વાસ સુધી સખત કેદની સજા ભોગવી રહેલા આસારામને સારવાર માટે રાજસ્થાન હાઈકોર્ટમાંથી ફરી એકવાર ૧૭ દિવસની પેરોલ મળી છે. આસારામના વકીલે મહારાષ્ટ્રના પૂણેની હોસ્પિટલમાં સારવાર માટે રાજસ્થાન હાઈકોર્ટમાં અરજી કરી હતી.



તેમાં આસારામની સારવાર માટે પેરોલની માંગણી કરવામાં આવી હતી. આ અરજીની સુનાવણી બાદ આસારામને ૧૭ દિવસની સારવાર માટે પેરોલ આપવામાં આવ્યો છે. જેમાં સારવાર માટે ૧૫ દિવસ અને મુસાફરી માટે બે દિવસ આપવામાં આવે છે. કોર્ટ વતી પોલીસ પ્રશાસનને અગાઉ આપવામાં આવેલી પેરોલની શરતોનો અમલ કરવા જણાવ્યું છે. આસારામને એર એમ્બ્યુલન્સ દ્વારા મહારાષ્ટ્રની માધવબાગ હોસ્પિટલમાં લઈ જવામાં આવશે.

આસારામ આ દિવસોમાં જોધપુરની ખાનગી આરોગ્ય આયુર્વેદ હોસ્પિટલમાં સારવાર કરાવી રહ્યા છે. આસારામ ૧૫ ડિસેમ્બર સુધી જોધપુરની આરોગ્ય હોસ્પિટલમાં રહેશે. ૧૫ ડિસેમ્બરે આસારામને એર એમ્બ્યુલન્સ દ્વારા જોધપુરથી મહારાષ્ટ્રની માધવ બાગ આયુર્વેદ હોસ્પિટલ લઈ જવામાં આવશે. ૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ જોધપુર પહોંચશે.

## ધૂળેટીની રજાના પગલે ધો.૧૨ સાયન્સ પ્રવાહની પરીક્ષાનાં કાર્યક્રમમાં કરાયો ફેરફાર: હવે તા.૧૭ માર્ચે પરીક્ષા પુર્ણ થશે

### આંકડાશાસ્ત્ર અને ભૂગોળના એક જ દિવસે રખાયેલા પેપરમાં પણ ફેરફાર: નવો કાર્યક્રમ જાહેર

અમદાવાદ તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હોળી-ધુળેટીની રજાના પગલે ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરાયો છે જે અનુસાર હવે ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા તા.૧૩ માર્ચના બદલે તા.૧૭ માર્ચના રોજ પૂર્ણ થશે.જયારે ધો.૧૦ અને ૧૨ ની સાયન્સની પરીક્ષા તા.૧૦ માર્ચે પૂર્ણ થશે.

આ ઉપરાંત ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં એક જ દિવસે આંકડાશાસ્ત્ર અને ભુગોળનાં રખાયેલા પેપર હવે અલગ અલગ દિવસે લેવામાં આવનાર છે નવો કાર્યક્રમ શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર જાહેર કરી દેવામાં આવેલ છે.

અગાઉ ૧૫ ઓકટોબરના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાનું સમયપત્રક જાહેર કરવામાં આવ્યું હતુ. જો કે હવે શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ.૧૨ના સામાન્ય પ્રવાહના પરીક્ષામાં ફેરફાર કરવામાં આવ્યો છે.

હકીકતમાં રાજ્ય સરકાર દ્વારા આગામી વર્ષે ૨૦૨૪-૨૦૨૫ની જાહેર રજાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેમાં આગામી હોળી અને તેના પછીના દિવસે ધૂળેટીની રજા આવી રહી છે. આથી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

એટલે કે આગામી ૧૨મી માર્ચના રોજ સામાજિક વિજ્ઞાન, ચિત્ર અને સંગીતની પરીક્ષા ૧૫ માર્ચના રોજ લેવામાં આવશે. જ્યારે ૧૩ માર્ચના રોજ લેવાતી સંસ્કૃત, ફારસી, અરબીની પરીક્ષા ૧૭મી માર્ચના રોજ લેવામાં આવશે. આમ બે દિવસના પેપરમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવા ફેરફાર બાદ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા જે ૧૩મી માર્ચે પૂર્ણ થવાની હતી, તે હવે ૧૭મી માર્ચના રોજ પૂર્ણ થશે.

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષા તા.૨૭-૦૨ થી તા.૧૭-૦૩-૨૦૨૫ દરમ્યાન યોજાશે. આમ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનો સુધારેલ કાર્યક્રમ બોર્ડની બોર્ડની વેબસાઇટ www.gseb.org ઉપર મૂકવામાં આવ્યો છે.

જ્યારે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સાયન્સની બોર્ડની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીએ શરૂ થશે અને ૧૦ માર્ચના રોજ પૂરી થશે. જેમાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો સમય સવારે ૧૦ થી બપોરે ૧:૧૫ કલાક સુધીનો રહેશે. જ્યારે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની પરીક્ષાનો સમય બપોરે ૩ થી સાંજે સાડા ૬ સુધીનો રહેશે. આ ઉપરાંત સામાન્ય પ્રવાહની પરીક્ષા રોજના બે સેશનમાં યોજવામાં આવશે. જેમાં સવારના ૧૦ થી સવા ૧ સુધીના સેશનમાં એક પેપર, જ્યારે બીજુ પેપર ૩ થી સવા ૬ વાગ્યા સુધીમાં આપવાનું રહેશે.

## બધુય બરાબર જ છે: દંડ પર સિરાજની પ્રતિક્રિયા



એડિલેડ ,તા.૧૧

એડિલેડમાં રમાયેલી ડે-નાઈટ ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાનાં બેટ્સમેન ટ્રેવિસ હેડ અને ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજ વચ્ચે શબ્દયુદ્ધ જોવા મળ્યું હતું. આ મેચમાં સિરાજે હેડને ક્લીન બોલ્ડ કર્યો હતો. જે બાદ હેડે ગુસ્સામાં સિરાજને ગાળો આપી અને પછી સિરાજે તેને પેવેલિયનમાં જવાનો ઈશારો પણ કર્યો હતો. જોકે, ૯ ડિસેમ્બરે, આઇસીસીએ સિરાજ પર કાર્યવાહી કરી હતી અને તેની મેચ ફીમાંથી ૨૦ ટકા રકમ કાપવાની જાહેરાત કરી હતી. જો કે હવે સિરાજની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે.

આઈસીસીએ સિરાજની મેચ ફીના ૨૦ ટકા કાપવાની જાહેરાત કરી હતી, જ્યારે હેડને કડક ચેતવણી આપીને છોડી દેવામાં આવ્યો હતો. હવે ૨૦ ટકા મેચ ફી કાપ્યાં બાદ સિરાજની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. સિડની મોર્નિંગ હેરાલ્ડ અનુસાર, જ્યારે સિરાજને આ અંતર્ગત પૂછવામાં આવ્યું ત્યારે તેણે આ પ્રશ્નને ગંભીરતાથી લીધો નહીં અને કહ્યું કે હા યાર, બધું ઠીક છે. જ્યારે તેને આગળ પૂછવામાં આવ્યું કે શું તે આઇસીસીની કાર્યવાહીથી નારાજ છે તો સિરાજે સવાલ ટાળ્યો અને કહ્યું કે હું જિમ જાઉં છું, મે બે દિવસથી જીમ નથી કર્યું.

## આવકવેરાના અધિકારીની ઓળખ આપી પિસ્તોલની અણી પર એક કરોડની લૂંટના કેસમાં આરોપીના જામીન હાઈકોર્ટે ફગાવ્યા

અમદાવાદ,તા.૧૧

સુરતમાં આવકવેરાના અધિકારી તરીકે ઓળખ આપી પિસ્તોલની અણી પર એક કરોડ રૂપિયાની લૂંટ કરવાના કેસમાં આરોપી રોહિત ઠુમ્મરની જામીન અરજી કેસની ગંભીરતા અને ગુનાનો પ્રકાર જોતાં ગુજરાત હાઇકોર્ટે ફગાવી દીધી હતી.

કેસની વિગત મુજબ, ગત ફેબ્રુઆરીમાં સુરતમાં હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા મશીનો બનાવતી કંપનીની એક શાખામાંથી રૂ.એક કરોડની માતબર રકમ લઇને કંપનીના કર્મચારીઓ બીજા શાખાના સેફ વોલ્ટમાં મૂકવા જતા હતા તે દરમ્યાન રસ્તામાં આરોપી રોહિત ઠુમ્મરે ગાડી આંતરી પોતાની ઇન્કમટેક્સ ઓફિસર તરીકે ઓળખ આપી હતી અને બાદમાં કર્મચારીઓને ડરાવી ધમકાવી તે ગાડીમાં બેસી ગયો હતો. એ પછી તે કર્મચારીઓને બંદૂક બતાવી તેઓને નીચે ઉતારી ગાડીમાંના પૈસા, કર્મચારીઓના મોબાઇલ ને બધુ લઇને ગાડી સાથે જ રફુચક્કર થઇ ગયો હતો. આ બાબતે કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.

સુરત પોલીસે આ કેસમાં આરોપી રોહિત ઠુમ્મરની ધરપકડ કરી હતી. તેની તપાસમાં બહાર આવ્યું હતું કે, લૂંટની આ ઘટના પાછળનો મુખ્ય સૂત્રધાર કંપનીનો જ કર્મચારી નરેન્દ્ર દુધાત છે. દુધાતે કંપનીમાંથી આઠ કરોડ રૂપિયાની ઉચાપત કરી હતી. પોલીસ તપાસમાં એ વાતનો પણ ખુલાસો થયો હતો કે, રોહિત ઠુમ્મરે જે બંદૂક બતાવી હતી, તે નકલી હતી.

આરોપીએ હાઇકોર્ટ સમક્ષ જામીનઅરજીમાં બચાવ રજૂ કર્યો હતો કે, તેણે જે બંદૂક બતાવી હતી, તે નકલી હતી, વળી, ગાડીમાં જે રૂપિયાની વાત છે, તેમાં ખરેખર કાગળિયા હતા. મુખ્ય સૂત્રધાર નરેન્દ્ર દૂધાત છે. જો કે, સરકારપક્ષ તરફથી આરોપીની જામીન અરજીનો સખત વિરોધ કરાયો હતો., જેને ગ્રાહ્ય રાખી હાઇકોર્ટે આરોપી રોહિત ઠુમ્મરના જામીન ધરાર ફગાવી દીધા હતા.

## ભારતે નવુ મિશન શરૂ કર્યું: સિરિયામાંથી ૭૫ નાગરિકોને બહાર કાઢયા

### વિદ્રોહીઓએ તખ્તાપલટ કર્યા બાદ ગૃહયુદ્ધની સ્થિતિમાં નાગરિકોને બચાવવા બીડું ઝડપ્યું





નવી દિલ્હી ,તા.૧૧

સિરિયામાં રાષ્ટ્રપતિ અલ અસદના પરિવારનાં ૫૦ વર્ષનાં શાસનને ઉથલાવી દીધાં બાદ અને વિદ્રોહી જૂથો દ્વારા રાજધાની દમાસ્કસ પર કબજો કર્યા બાદ સીરિયામાં સ્થિતિને સામાન્ય બનાવવાનાં પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. જો કે દેશમાં રહેતાં વિદેશી નાગરિકોમાં ભયનો માહોલ છે. આ બધાની વચ્ચે ભારતે તેનાં ૭૫ નાગરિકોને સીરિયામાંથી બહાર કાઢ્યાં છે. ભારત સરકારે સીરિયામાં તેનાં નાગરિકોની સુરક્ષા અને ત્યાંની રાજકીય પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યા બાદ આ પગલું ભર્યું છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારતીય નાગરિકો સુરક્ષિત રીતે લેબનોન પહોંચી ગયાં છે અને તેઓ ઉપલબ્ધ કોમર્શિયલ ફ્લાઈટ્સ દ્વારા ભારત પરત ફરશે. વિદેશ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલાં નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સીરિયામાં તાજેતરની ઘટનાઓ બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ''જે લોકોને બહાર કાઢવામાં આવ્યાં છે તેમાં જમ્મુ અને કાશ્મીરનાં ૪૪ જાયરીનનો પણ સમાવેશ થાય છે જેઓ સૈદા ઝૈનબમાં ફસાયેલાં હતાં.'' ''તમામ ભારતીય નાગરિકો સુરક્ષિત રીતે લેબનોન પહોંચી ગયાં છે અને ઉપલબ્ધ કોમર્શિયલ ફ્લાઈટ્સ દ્વારા ભારત પરત ફરશે.'' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ સ્થળાંતર દમાસ્કસ અને બેરૂતમાં ભારતીય દૂતાવાસો દ્વારા સુરક્ષા પરિસ્થિતિના અમારાં મૂલ્યાંકન અને સીરિયામાં ભારતીય નાગરિકોની વિનંતીઓને પગલે લાગું કરવામાં આવ્યું હતું. ''સીરિયામાં આંતરિક પરિસ્થિતિનું આ પ્રથમ સુરક્ષા મૂલ્યાંકન છે.''

### ભારતીય દૂતાવાસે ઈમરજન્સી હેલ્પલાઈન નંબર જાહેર કર્યો :-

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ભારત સરકાર વિદેશમાં ભારતીય નાગરિકોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. સીરિયામાં રહેતાં ભારતીય નાગરિકોને દમાસ્કસમાં ભારતીય દૂતાવાસના ઈમરજન્સી હેલ્પલાઈન નંબર +૯૬૩ ૯૯૩૩૮૫૯૭૩ અને ઈમેલ આઈડી hoc. damascusmea.gov.in પર સંપર્કમાં રહેવાની સલાહ આપવામાં આવે છે.

પીએમ મોદીએ કરીનાના બન્ને પુત્રો જેહ-તૈમુરને સ્પેશ્યલ ગિફ્ટ મોકલાવી

## રાજકપુરની જન્મ શતાબ્દી નિમિતે પીએમ મોદીને મળ્યો કપુર પરિવાર

### ૧૪મી ડિસેમ્બરે રાજકપુરનાં ૧૦૦ મા જન્મ દિન નિમિતે વડાપ્રધાન મોદીએ કપુર ફેમીલીને મળવાનું ખાસ આમંત્રણ આપેલુ: કરીનાકપુર પીએમ મોદીએ જયારે ૨૦૧૪ માં શપથ લીધા ત્યારથી તેમને મળવાનું સપનુ હતું જે હવે પુરૂ થયુ: ઋષિકપુરની પુત્રી રિદ્ધિમાં











નવી દિલ્હી તા.૧૧

ભારતીય સિનેમા જગતને એક એકથી ચડીયાતી ગાઈડ લાઈન સ્ટોન ફિલ્મો આગ, આવારા, શ્રી૪૨૦, મેરા નામ જોકર, બોબી, સત્યમ શિવમ સુંદરમ, જેવી ફિલ્મો આપનાર અભિનેતા નિર્માતા, નિર્દેશક રાજકપુરની ૧૦૦ મી જન્મ જયંતી આવનાર છે. ત્યારે આ ઈવેન્ટ પહેલા કપુર ફેમિલીએ વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરી હતી. આ ખાસ પ્રસંગ નિમિતે વડાપ્રધાન મોદીએ કરીનાકપુરનાં બન્ને બાળકો તૈમુર અને જેહ માટે એક સ્પેશ્યલ ગિફ્ટ પણ મોકલાવી હતી.

બોલિવુડનાં લેજેન્ડરી એકટર, ડાયરેકટર, પ્રોડયુસર, રાજકપુરની ૧૪ મી ડિસેમ્બરે ૧૦૦ મી જન્મ જયંતિ આવી રહી છે. આ ખાસ પ્રસંગ માટે કપુર ફેમિલી ઘણા પ્લાનીંગ કરી રહી છે. ૧૪ ડીસેમ્બરે ફિલ્મ ફેસ્ટીવલનું આયોજન થઈ રહ્યું છે. ઈવેન્ટ પહેલા પુરૂ કપુર ફેમીલી તાજેતરમાં નવી દિલ્હી ખાતે વડાપ્રધાન મોદીને મળવા પહોંચ્યુ હતું. પીએમને મળ્યા બાદ કરીનાકપુરે ઈન્સ્ટ્રાગ્રામ પર કેટલીક તસ્વીરો શેર કરી છે તેમાં એક કયુટ તસ્વીર બહાર આવી છે. જેમાં પીએમ કરીશ્મા કપુરના બે બાળકો માટે સ્પેશ્યલ ગિફ્ટ મોકલતા જોવા મળે છે.

### પીએમે જેહ-તૈમુરને શું ભેટ આપી?

કરીના કપુરખાને આ ખાસ મુલાકાત બાદ કેટલીક તસ્વીરો ઈન્સ્ટ્રાગ્રામ પર શેર કરી છે. આ દરમ્યાન પીએમ મોદી એક કાગળ પર સિગ્નેચર કરતા જોવા મળે છે. જયારે તેની સામે કરીનાકપુર દેખાઈ રહી છે. ખરેખર તો આ પેપર પર કરીનાકપુર અને સૈફઅલીખાનનાં બન્ને પુત્ર જેહ અને તૈમુરનું નામ લખેલુ છે અને વડાપ્રધાન મોદીએ બન્ને બાળકોના નામની નીચે પોતાની સાઈન કરી છે. આ સ્પેશ્યલ ગીફ્ટ કરીનાકપુર ખાને પોતાના બન્ને પુત્રો માટે માગી હતી.

આ તસ્વીરોને શેર કરતાં કરીનાકપુરે કેપ્શનમાં લખ્યુ છે વડાપ્રધાન મોદીએ રાજકપુરની ૧૦૦ મી જન્મ જયંતી પહેલા અમને આમંત્રીત કર્યા હતા તેમને મળીને ખૂબ જ લાગી રહ્યુ છે.આ સ્પેશ્યલ બપોર માટે આપનો આભાર

### રણબીરકપુરની બહેન રિધ્ધિમાનું સપનું થયું સાકાર:

આ દરમ્યાન ઋષિકપુરની અને નિતસિંઘ કપુરની દિકરી અને રણબીરકપુરની બહેન રિધ્ધિમાં સાહની પણ વડાપ્રધાન મોદીને મળવા પહોંચી હતી તસ્વીરોને શેર કરતાં રિદ્ધિમાએ લખ્યું જે મેનીફેસ્ટ કર્યુ અને તે થઈ ગયુ. જયારે પીએમે પહેલીવાર ૨૦૧૪ માં પીએમ બનવાના શપથ લીધા હતા ત્યારથી તેમને મળવાની ઈચ્છા હતી જે હવે પુરી થઈ ગઈ છે.

# હાઈકોર્ટમાં કેસ પડતર હોવા છતાં મિલ્કત તોડી પાડતા ચિફ ઓફિસરને દંડ અને અદાલતના તિરસ્કારની કાર્યવાહી

અમદાવાદ,તા.૧૧

ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે હાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર સામે એક મિલકત તોડી પાડવા બદલ કોર્ટના તિરસ્કારની કાર્યવાહી શરૂ કરી હતી. સંબંધિત મામલો ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પેન્ડિંગ હતો તેમ છતાં આ પગલું ભરવામાં આવ્યા બાદ હાઈકોર્ટે કડક કાર્યવાહી શરૂ કરી હતી. એટલું જ નહીં હાઈકોર્ટે હાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર હિરલ ઠાકર અને નગરપાલિકાને ચાર અઠવાડિયાના સમયગાળામાં હાઈકોર્ટની રજિસ્ટ્રીમાં જમા કરાવવા માટે પ્રત્યેક રૂ.૫૦૦૦૦નો દંડ પણ લાદ્યો છે.



હાઈકોર્ટે ખોટી એફિડેવિટ દાખલ કરવા બદલ ડેપ્યુટી કલેક્ટર પાસે પણ ખુલાસો માંગ્યો હતો. હાઈકોર્ટે નોંધ્યું હતું કે અધિકારીઓ દ્વારા અદાલતી કાર્યવાહીની ઉપરવટ જઈને કોર્ટનો અનાદર કરવામાં આવ્યો હતો. કારણ કે મામલો નિર્ણય માટે પેન્ડિંગ હતો. HC એ ફાઈલને સુરક્ષિત કસ્ટડીમાં રાખવાનો આદેશ પણ આપ્યો છે. કેસની સુનાવણી ૧૮ ડિસેમ્બરે મુલતવી રાખવામાં આવી હતી.

કેસની વિગતો મુજબ, હાલોલ નગરપાલિકાના સત્તાવાળાઓએ કબજેદારો દ્વારા કથિત રીતે અતિક્રમણ કરાયેલા ગેરકાયદે બાંધકામોને તોડી પાડવા માટે નોટિસ પાઠવી હતી. સ્પેશિયલ સેક્રેટરી રેવન્યુ ડિપાર્ટમેન્ટ (SSRD) દ્વારા સ્ટે આપવાનો ઈન્કાર કર્યા બાદ કબજેદારોએ બાંધકામ તોડી પાડવાની કાર્યવાહીની નોટિસ સામે ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતાં.

HCએ ૧૮ નવેમ્બરે વધુ સુનાવણી રાખી હતી. જો કે, સુનાવણી થાય તે પહેલા ૧૧ નવેમ્બરે હાલોલ નગરપાલિકા મિલકત તોડી નાખી હતી. આ બાબતે અરજદારો દ્વારા હાઈકોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી.

અરજી સાંભળ્યા બાદ હાઈકોર્ટે ચીફ ઓફિસરને સમન્સ પાઠવ્યા હતા અને હાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર હિરલ ઠાકર સામે કોર્ટના તિરસ્કારની કાર્યવાહી શા માટે શરૂ ન કરવી જોઈએ તે માટે નોટિસ પાઠવી હતી. હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે મ્યુનિસિપાલિટી દ્વારા ખોટી ઉતાવળ કરીને મનસ્વી રીતે આકરી કાર્યવાહી કરવામાં આવી હતી. જે અદાલતના તિરસ્કાર સમાન છે. ચીફ ઓફિસર કોર્ટમાં હાજર થયા અને પોતાનો જવાબ દાખલ કર્યો. જો કે, હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે અધિકારીએ તેની કાર્યવાહીને ઓવરરીચ કરી અને તેની સામે અદાલતનાં તિરસ્કારની કાર્યવાહી શરૂ કરી હતી.

# બુલેટ ગતિઃ બુલેટ ટ્રેન માટે પાટા બિછાવવાનું શરૂ

## આર.સી.ટ્રેક બેડનુ ૬૪ કિ.મી.નું નિર્માણ પૂર્ણઃ ૨૫ મીટર લાંબા પાટાઓના વેલ્ડીંગ

અમદાવાદ, તા.૧૧

અમદાવાદ-મુંબઇ વચ્ચે બુલેટ ટ્રેન સેવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ગુજરાતમાં બુલેટ ટ્રેન સ્ટેશનની સાથે ટ્રેક નિર્માણ કાર્ય પણ વેગવંતી ઝડપે આગળ વધી રહ્યું છે. NHSRCL દ્વારા આજે પ્રોજેક્ટ અંગે આપવામાં આવેલી વિગતો અનુસાર, અમદાવાદ-મુંબઇ વચ્ચે વાયડક્ટ પર રેલના પાટાના વેલ્ડિંગ એટલે કે એકબીજા સાથે જોડાવાનું કામ શરૂ થઇ ગયું છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ ગુજરાતના ચાર ટ્રેક નિર્માણ બેઝ હાલની સ્થિતિએ ચાલુ થઇ ચૂક્યા છે, જેમાં સુરત અને બીલીમોરા વચ્ચે બે તથા વડોદરા અને આણંદ વચ્ચે બે છે.





આ પ્રોજેક્ટ માટે જાપાન પાસેથી ૨૫ મીટર લાંબા પાટાઓની ખરીદી કરવામાં આવી છે. ૨૦૦ મીટર લાંબી રેલ પેનલ બનાવવા માટે આ રેલવે પાટાને હાઈ-સ્પીડ રેલ કોરીડોરના વાયડક્ટ પર આધુનિક ફ્યૂઝન વેલ્ડિંગ મશીનો દ્વારા વેલ્ડિંગ કરવામાં આવી રહ્યાં છે. અત્યાર સુધીમાં ૨૯૮ રેલવે પાટાને વેલ્ડિંગ કરવામાં આવ્યા છે. જે ૬૦ કિ.મી. લાંબા રેલવે ટ્રેક જેટલું થાય છે.

ટ્રેક કન્સ્ટ્રક્શન બેઝનું આયોજન અને નિર્માણ કરવામાં આવી રહ્યું છે જેથી ટ્રેક બાંધકામને સરળ બનાવી શકાય, જેમાં રેલ, ટ્રેક સ્લેબ મશીનરી અને ગ્રાઉન્ડ અને વાયડક્ટ્સ પરના સાધનોનો સમાવેશ થાય છે. જે ટ્રેક બાંધકામ પર કામ કરતા એન્જિનિયરો માટે એક બેઝમ રૂપમાં મદદરૂપ થશે. ટ્રેક ઈન્સ્ટોલેશનની સમગ્ર પ્રક્રિયા અત્યાધુનિક મશીનો દ્વારા મિકેનાઈઝ કરવામાં આવે છે, જે ખાસ કરીને જાપાનીઝ વિશિષ્ટતાઓ અનુસાર ભારતમાં બનાવવામાં આવે છે અને તેનું ઉત્પાદન કરવામાં આવે છે અથવા સીધા જ જાપાનથી ખરીદવામાં આવે છે. પ્રોજેક્ટ માટે અત્યાર સુધીમાં ટ્રેક કન્સ્ટ્રક્શન મશીનરીના ચાર સેટ ગોઠવવામાં આવ્યા છે. જેમાં રેલ ફીડર કાર, ટ્રેક સ્લેબ નાખવાની કાર, સંબંધિત વેગન અને મોટર કાર, સીએએમ લેઈંગ કાર અને ફ્લેશ બટ વેલ્ડીંગ મશીનનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં આણંદ, વડોદરા, સુરત અને નવસારી જિલ્લામાં અનેક સ્થળોએ RC Track Bedનું નિર્માણ કાર્ય શરૂ થઈ ચૂક્યુ છે અને અંદાજે ૬૪ કિ.મી. RC Track Bedનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે. સુરતમાં કિમ પાસે તથા આણંદમાં સ્થાપિત ટ્રેક સ્લેબ નિર્માણ સુવિધામાં ટ્રેક સ્લેબ અલગથી નાખવામાં આવી રહ્યા છે. આ ફેક્ટરીઓ ટ્રેક બાંધકામ માટે ચોકસાઈવાળા સ્લેબ બનાવવા માટે સૌથી અત્યાધુનિક અને અત્યાધુનિક ટેકનોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ છે.

# ગુજરાતના જાણીતા ગાયક વિજય સુવાળા પર ઘાતક હુમલોઃ ઘાયલ

## ‘તુ અમારા પ્રોગ્રામ કેમ નથી કરતો’ તેવી ફોનમાં ધમકી આપ્યા બાદ હુમલો કરાયો

ગુજરાતના સુપ્રસિદ્ધ ગાયક વિજય સુવાળા પર હુમલો થયો હોવાના સમાચાર સામે આવ્યાં છે. મળતી વિગતો પ્રમાણે ૭ લોકોના ટોળાએ વિજય સુવાળાના ઘાતકી હુમલો કર્યો હતો વિગતો મુજબ વિજય સુવાળા પોતાના મિત્રો સાથે કોઈ સામાજિક પ્રસંગમાં જઈ રહ્યાં હતા ત્યારે અમદાવાદના ઝુંડાલ સર્કલ પાસે આશરે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ હુમલો થયો હોવાનું જાણવા મળ્યું છે.



જાણવા મળતી વિગત મુજબ કોઈએ પહેલા ફોન કરીને ધમકી આપી હતી કે, તું અમારા પ્રોગ્રામ કેમ નથી કરતો અને બીજાના પ્રોગ્રામ કરે છે. આ મામલે ફોનમાં બોલાચાલી પણ થઈ હતી. ત્યારે બાદ પોતાના પ્રોગ્રામ ખુબ જ શિડ્યુઅલ હોય છે તેવું વિજય સુવાળાએ જણાવ્યું હતું. જેથી ફોન કરનારાઓએ ધમકી આપી કે, તારે અમે કહીંએ તો પ્રોગ્રામ કરવા પડશે, નહીં તો તને જાનથી મારી નાખીશું. નોંધનીય છે કે, પહેલા આવી ધમકી મળી અને બાદમાં કાલે મોડી રાત્રે તલવારો સહિતાના હથિયારો વડે હિંસક હુમલો થયો હતો.

નોંધનીય છે કે, વિજય સુવાળાને મારવા માટે કેટલાક લોકો આવ્યાં ત્યારે ડ્રાઈવરે ગાડીને ભગાડી દીધી હતી. જો કે, હુમલાખોરોએ ગાડીનો પીછો કરવાનું ચાલુ રાખ્યું હતું જેથી વિજય સુવાળાએ પોલીસને જાણ કરીને જાણ કરી હતી. પોલીસને ફોન કરતા આરોપીઓ ત્યાંથી ભાગી ગયા હતા. નોંધનીય છે કે, આ સમગ્ર ઘટના ગાંધીનગરની હદમાં થઈ હોવાથી વિજય સુવાળાએ અડાલજ પોલીસ સ્ટેશનમાં હુમલાની ફરિયાદ નોંધાવી હતી. અડાલજ પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરી દીધી છે.



# ૧૨ માં ધોરણ બાદ હવે કોઈપણ છાત્ર કોમન યુનિવર્સીટી એન્ટ્રેન્સ ટેસ્ટ આપી શકશે

## પાંચ પેપરોનું ઓપ્શન મળશેઃ બધા પ્રશ્નો ફરજીયાત

નવી દિલ્હી તા.૧૧

કોમન યુનિવર્સીટી એન્ટ્રેન્સ ટેસ્ટ (સીયુઈટી-યુજી) ૨૦૨૫ માં અનેક ફેરફાર કરવામાં આવ્યા છે. જેનો ઉદ્દેશ છાત્રોને સમાન અવસર ઉપલબ્ધ કરાવવાનો છે હવે છાત્ર કોઈપણ વિષયમાં સીયુઈટી-યુજી પરીક્ષા આપી શકશે. ભલે તેમણે ૧૨ માં ધોરણમાં તેમનો વિષય કોઈપણ રહ્યો હોય ૫ વિષયનાં ઓપ્શન હશે.બધા વિદ્યાર્થીઓ બધા પ્રશ્નોનાં ઉતર આપવા જરૂરી છે.

બધાને પેપર હલ કરવા માટે એક કલાકનો સમય મળશે.આ ઉપરાંત વિષયની સંખ્યા ઘટાડાઈ છે.૨૦૨૪ની પરીક્ષામાં ૬૩ વિષય હતા જેને ઘટાડીને ૩૭ કરવામાં આવ્યા છે. હાઈબ્રિડ માંડને સમાપ્ત કરી દેવાયો છે. સીયુઈટી એકઝામ હવે માત્ર કોમ્પ્યુટર બેઝ્ડ (સીબીટી) જ રહેશે.

યુજીસી ચેરમેન પ્રો.એમ.જગદીશે જણાવ્યું હતું કે સીયુઈટી-યુજીનાં કવેશ્ચન પેપરમાં મળનારી ચોઈસને ખતમ કરી દેવાઈ છે. અર્થાત હવે બધા છાત્રો માટે એક સરખા પેપર જ હશે બધા છાત્રો માટે બધા પ્રશ્નો હલ કરવા જરૂરી રહેશે આ ફેરફાર સીયુઈટીમાં એક રૂપતા લાવવા માટે કરાયા છે. વિદ્યાર્થીઓ જે પેપરોમાં સૌથી ઓછા પ્રયત્ન કરે છે તેમને હટાવાયા છે.

### પીએમજેડીવાય અંતર્ગત કુલ ૫૪.૦૩ કરોડ ખાતા ખોલાયા છે

# જનધનનાં ૧૧ કરોડથી વધુ ખાતા નિષ્ક્રિય

## નિષ્ક્રિય ખાતામાં ૧૪૭૫૦ કરોડ રૂપિયા જમા : રાજયસભામાં રાજય નાણામંત્રીએ આપી માહિતી

નવી દિલ્હી તા.૧૧

પ્રધાનમંત્રી જનધન યોજના (પીએમજેડીવાય) અંતર્ગત અત્યાર સુધી ૫૪.૦૩ કરોડ ખાતા ખોલવામાં આવ્યા છે.જેમાંથી ૧૧.૩૦ કરોડ ખાતા નિષ્ક્રિય ખાતામાં ૨૦ નવેમ્બર ૨૦૨૪ સુધી ૧૪૭૫૦ કરોડ રૂપિયા જમા છે.




રાજયસભામાં મંગળવારે એક પ્રશ્નના જવાબમાં નાણા રાજયમંત્રી પંકજ ચૌધરીએ આ બાબતની જાણકારી આપી હતી તેમણે જણાવ્યું હતું કે બેન્કોને નિષ્ક્રિય ખાતાની સંખ્યાને ઘટાડવા માટે તત્કાલ પગલા ઉઠાવવાનો નિર્દેશ અપાયો છે. આરબીઆઈના દિશા નિર્દેશ મુજબ બચતની સાથે સાથે ચાલુ ખાતાને ત્યારે નિષ્ક્રિય માનવામાં આવે છે જો ખાતામાં ગ્રાહકે બે વર્ષથી વધુ સમય ગ્રાહક દ્વારા કોઈપણ પ્રકારની કોઈ લેવડ ન કરવામાં આવી હોય.

કયાં રાજયમાં કેટલા નિષ્ક્રિય ખાતાઃ ઉતર પ્રદેશમાં સૌથી વધુ લગભગ ૯.૬૩ કરોડ ખાતા પીએમજેડીવાયથી ખોલવામાં આવેલા. પણ તેમાં લગભગ ૨.૩૪ કરોડ ખાતા નિષ્ક્રિય છે.જયારે પશ્ચિમ બંગાળમાં ૫.૨૫ કરોડ ખાતા ખોલાયા પણ હાલમાં ૭૮.૫ લાખ ખાતા નિષ્ક્રીય છે.

# દાહોદમાંથી નકલી પામતેલની ફેકટરી ઝડપાઈ

## ખરેડી જીઆઈડીસીમાં એસઓજીનો દરોડોઃ રીફીલીંગ કરાયેલા પાઉચ, ડબ્બા, બોટલ સહિત ૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત

દાહોદ તા.૧૧

દાહોદ તાલુકાના ખરેડી જીઆઈડીસીમાં ખાનગી માલિકીના એક પ્લોટમાં ધમધમતા ન્યુ બાબજી એન્ટરપ્રાઈઝ નામની ફેકટરીમાં આધાર પુરાવા વગર રિફિલિંગ કરેલા ખોટા નામ વાળી અલગ અલગ બ્રાન્ડના રૂપિયા ૧,૧૭,૩૦૯/- ઉપરાંતની કિંમતના ખાદ્યતેલના પાઉચ, ડબ્બાઓ તથા બોટલો તેમજ શંકાસ્પદ પામોલીન તેલનો જથ્થો અલગ અલગ બ્રાન્ડના સ્ટીકરો તથા છોટા હાથી ગાડી મળી કુલ રૂપિયા ૧૫,૪૫,૨૯૦/-ની કિંમતનો શંકાસ્પદ મુદ્દામાલ દાહોદ એસઓજી પોલીસે રેડ દરમિયાન ઝડપી પાડી કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.



દાહોદ જિલ્લામાં નકલી કચેરી, એન.એ. ના નકલી હુકમ બાદ હવે ખોટા નામવાળી અલગ અલગ બ્રાન્ડના સ્ટીકરો લગાવી શંકાસ્પદ પામોલીન તેલનું રિફિલિંગ કરવાનું રેકેટ બહાર આવતા તંત્ર ચોંકી ઉઠયું છે. શહેરના ગોદી રોડ, ઉકરડી રોડ પર નૂર મહોલ્લા ખાતે રહેતા મુરતુજાભાઈ કુત્બુદ્દીન ઝાબુઆવાલાની માલિકીના ખરેડી જીઆઈડીસી વિસ્તારમાં આવેલા પ્લોટ નંબર ૫૨૫માં ચાલતી ન્યુ બાબજી એન્ટરપ્રાઈઝ નામની ફેક્ટરીમાં શંકાસ્પદ પામોલીન તેલનું મોટાપાયે રેકેટ ચાલતું હોવાની બાતમી દાહોદ એસ.ઓ.જી. પોલીસને મળી હતી.

આ આધારે દાહોદ એસ.ઓ.જી. ટીમે ખરેડી જીઆઈડીસીમાં આવેલ ન્યુ બાબજી એન્ટરપ્રાઈઝ નામના કારખાનામાં ઓચિંતો છાપો માર્યો હતો અને કોઈપણ પ્રકારના આધાર પુરાવા વગર રિફિલિંગ કરેલ બ્રાન્ડના તેલના પાઉચ ૪૫૬, તથા પતરાના તેલના ડબ્બા ૧૦૦, તેમજ બોટલ નંગ ૨૪ મળી, ૧,૧૭,૨૦૦નો તેલનો જથ્થો તેમજ ૧૭ જેટલી બ્રાન્ડના કુલ સ્ટીકરો ૪૨૫ તેમજ સ્થળ પરથી જીજે.૨૦.એ.ટી.૨૧૯૮ નંબરની ગાડીમાંથી ૨૭૦૯૦ની કુલ ૧૫ કિલોના ૧૦૪ ડબ્બા ભરેલ ૧૫૦૫ કિલોગ્રામ શંકાસ્પદ પામોલીન તેલ (વેસ્ટ ઓઈલ) તથા કાચા બિલ નંગ ૨ તથા ખાલી બેરલ નંગ ૦૫ તેમજ ૨૫ હજાર લીટરના ટાંકામાં આશરે રૂપિયા ૧૨ લાખની કિંમતનું ૧૦૦૦૦/- લીટર પામોલીન તેલ અને ૨ લાખનો છોટા હાથી મળી કુલ રૂપિયા ૧૫,૪૫,૨૯૦/-નો શંકાસ્પદ જથ્થો કબ્જે લીધો હતો.



## આજનું ચિંતન

### લાગણીભર્યો સ્વભાવ લોકોને તમારા તરફ આકર્ષિત કરનારૂં લોહચુંબક બની જાય છે

૫૦,૦૦૦ રૂપિયા ખર્ચીને ખરીદેલ કૂતરા સામે તમે ભલેને કેસરિયા દૂધનો ગ્લાસ મૂકી દો છો, કૂતરો પૂંછડી પટપટાવશે જ એ નકકી નથી, પણ કૂતરાને જો તમે લાગણી દર્શાવો છો, કૂતરો અચૂક પૂંછડી પટપટાવે જ છે.

આ વાસ્તવિકતા એટલું જ કહે છે કે શરીર માટે અન્ન-જળ અને પ્રાણવાયુ જો અનિવાર્ય છે તો જીવન માટે સ્નેહ-પ્રેમ અને લાગણી એટલા જ અનિવાર્ય છે.

અલબત્ત લાગણીના જગતની કમાલની વાસ્તવિકતા એ છે કે વાતાવરણમાં પ્રાણવાયુ જેમ પર્યાપ્ત પ્રમાણમાં કાયમ માટે ઉપલબ્ધ હોય છે તેમ હૃદયમાં લાગણીનું જળ કાયમ માટે પર્યાપ્ત પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે.

પણ જીવનની કરૂણતા કહો તો એ છે કે કેટલાક જીવો લાગણી દર્શાવવામાં કે લાગણી આપવામાં કાયમ માટે ટૂંકા જ પડતા હોય છે.

મનની પ્રસન્નતાને આસમાન સ્પર્શી બનાવી રાખવી છે ? આ સૂત્રને અમલી બનાવતો જા. બીજા તરફથી મને લાગણી મળે કે ના મળે, મારે સહુને લાગણી આપવા જ રહેવું છે.

લોહચુંબક તરફ કાટવાળુ લોખંડ નહીં પણ ખેંચાય, પણ લાગણીસભર સ્વભાવ તરફ તો કાતિલ-કપટી અને ક્રુર પણ ખેંચાઈને જ રહેશે.

– પદ્મભૂષણ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીજી મ.
(‘સ્પર્શ’ પુસ્તકમાંથી સાભાર)

## સુવિચાર

જરૂરી નથી કે બધા લોકો આપણને સમજી શકે
ક્રેમ કે ત્રાજવા વજન માપી શકે, ક્વોલિટી નહીં

# મહિલાઓ પ્રતિ સમ્માન

**‘માતાઓ, બહેન-દીકરીઓ સાથે આપણો આદરપૂર્વકનો વ્યવહાર હોવો જોઈએ. વળી વડિલો કે બુઝુર્ગોની વાતો પર ધ્યાન આપવું અને શીખવું એ તેનો આદર છે.’**

મહિલાઓને એમના અધિકારો અને એમની સ્વતંત્રતા પ્રતિ પહેલેથી જ કાયમ એવું વાતાવરણ બની રહે તે માટે સમાજ પ્રતિરોધ પ્રગટ કરતો આવ્યો છે. અર્થાત તેઓને શિક્ષિત ન થવા દેવી, વંશ પરમ્પરાગત એમને પુરૂષ સમોવડી પણ ન થવા દેવી, તેઓએ પુરૂષોની જ વાત માનવી વગેરે વર્તમાન સમયે ચલાવી લેવા યોગ્ય નથી. અહીં આ વાતો એમ પ્રેરિત કરે છે કે દરેક મહિલાઓ એ જ એકબીજા પ્રત્યે સમ્માનનો ભાવ પ્રગટ કરવો જોઈએ. જયારે કે સ્વયં પિતા પરમાત્મા માતાઓ અને બહેનો, દીકરીઓને આગળ કરીને ફરી નવી દુનિયાના સ્થાપન માટે નિમિત્ત બનાવ્યા છે. ત્યારે સર્વએ બહેનો પ્રતિ ઉચ્ચ દ્રષ્ટિકોણ કેળવીને તેઓને સ્વતંત્ર રીતે પોતાના જીવનના નિર્ણયો લેવા દેવાની છૂટ આપવી જોઈએ. આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરી અને તેવું જીવન જીવવા માટે સ્ત્રી-પુરૂષ સર્વ સમાન હક્કદાર છે. આથી દરેકે પોતાના જીવનને સત્યના માર્ગ પર લઈ જવું જોઈએ.

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

સામાજિક પોશાક(પરિવેષ), શિક્ષણનું સ્તર, આર્થિક પરિસ્થિતિઓ અને લોકોની દ્રષ્ટિમાં કોઈપણ મહિલાની છાપ(વધારે તો ગંદી જ ઉભી કરાય છે) સારી બનાવવી અથવા કોઈપણ ભેદભાવ વગર આદર કે સમ્માનનું પ્રદર્શન કરવાથી મહિલાઓ પોતાનું ખોવાયેલું આત્મસમ્માન ફરી પ્રાપ્ત કરી શકશે અને દ્રઢતા તથા આશા(ઉમ્મીદ) સાથે કોઈપણ પરિસ્થિતિનો સામનો કરી શકશે. ક્હેવાય છે ને જે પિતાના ઘરમાં સર્વ અગત્યના નિર્ણય જો માતા-પિતા ઘરની દીકરીઓને પુછીને લે તો તે દીકરી જ્યારે બીજા ઘરે જાય છે તો ત્યાં પણ પોતાના કુળને ઉજાગર કરે છે.

એક વખતે એક વડિલે એક યુવા ભાઈ કે જેને માતા-બહેનો પ્રત્યે હીન ભાવના અને દ્રષ્ટિ રહેતી હતી તેને શીખ આપવામાં એક વડિલ એટલું જ ક્હે છે કે -‘દરેક માતા-બહેનોની રિસ્પેક્ટ જાળવશો.’ આ શબ્દ એક હતો પરંતુ ભારપૂર્વક ક્હેવામાં આવેલો. થોડા દિવસ પછી પેલો યુવાન સંગ દોષમાં આવી પોતાના સ્વભાવગત એક બહેનને હેરાન કરે છે. સમાજ પણ તેનો સ્વીકાર નથી કરતો. પરિણામે તેમને સમાજમાં નીચું જોવાનુ થયુ. પોતાના દુષ્કૃત્યની તેમને સજા મળી. વર્તમાન સમયે બહેનો સાથે આવું બેહુદુ કૃત્ય ખુબ જ જોવા મળે છે.

આથી જ પરમાત્મા પિતા ફરી યાદ અપાવતા ક્હે છે- ‘ મેરે લાડલે બચ્ચે, વ્યવહારમેં આતે ભી યાદ રહે, હમ સબ એક પિતા કી સંતાન આપસમેં ભાઈ-બહન હૈં... લેકિન ઉન સે ભી ઉપર, તુમ સબ આત્માયે આપસમેં ભાઈ ભાઈ હો. યહી પાઠ પક્કા કરો. યહ શરીર ભી બાદ મેં મિલા હૈ... પહલે તો તુમ સબ આત્માયે હો. જિસસે યહ દેહભાન કી દ્રષ્ટિ ભી ખત્મ હો જાયેગી ...‘ આમ પરમાત્માની શ્રીમત છે- જ્ઞાની બનો, યોગી બનો. આ ઉચી સમજ જ્ઞાનસાગર પરમાત્મા દ્વારા મળી છે તેને બરાબર સમજીને અમલમાં લાવીએ.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૫
માગસર સુદ-૧૨, તા.૧૨/૧૨/૨૪, ગુરૂવાર

સૂર્યોદય : ૭-૧૮, સૂર્યાસ્ત : ૬-૦૨, જૈન નવકારશી : ૮.૦૬
રાશિ : મેષ (અ.લ.ઈ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-વૃશ્ચિક, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-વૃશ્ચિક, ગુરૂ-વૃષભ, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મકર, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર- મેષ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** નોકરી વ્યવસાયમાં અનુકુળતાવાળો દિવસ રહેવાનો, પિતાશ્રીનો સાથ સહકાર સારો રહે, કર્જમાં રાહત.
**વૃષભ :** કારણ વગરનો માનસિક તનાવ રહેવાનો, સ્વાસ્થ્ય બાબત જાળવવુ, વિદેશ જવાની કે સ્થળાંતરની ઈચ્છા ફળે.
**મિથુન :** દિવસ દરમ્યાન સંસ્થામાં સારો હોદો મળે, નોકરીમાં બદલીના ચાન્સ, કાર્યભાર રહે, મિલ્કતથી લાભ રહે.
**કર્ક :** નવી ભાગીદારી યોજનાઓ માટે અનુકુળતા રહે, સગાઈ લગ્નના કાર્યોમાં સફળતા, માતુશ્રીથી લાભ.
**સિંહ :** આત્મવિશ્વાસ કેળવવો, કાલ્પનીક ટેન્શન રહેવાનું, નોકરી વ્યવસાયમાં કોઈ મહત્વના ફેરફારો ન કરવા.
**કન્યા :** અચાનક લાભની આશા ફળે, મિલ્કતના પ્રશ્નોમાં લાભ, નોકરીમાં આજનો દિવસ ઉતમ લાભદાયક રહે.
**તુલા :** તમારા પ્રયત્નો યોગ્ય દિશામાં હશે તો જરૂરથી સફળતા મળવાની છે, નોકરીમાં પ્રમોશનના ચાન્સ ઉભા થાય.
**વૃશ્ચિક :** તમો ખુબ જ મહેનત કરશો, તમારા ધ્યેય તરફ પહોંચી શકશો, મનગમતી વ્યકિતની મુલાકાત થાય, કર્જમાં રાહત.
**ધન :** સામાજિક પ્રતિષ્ઠા વધારવાના પ્રયત્નો ફળવાના, નોકરીમાં ચીવટ રાખજો, વિદેશથી નાણાકીય લાભ મળવાનો.
**મકર :** તબીયત બાબત જાળવવુ, આત્મવિશ્વાસને કાબુમાં રાખજો, મહત્વના કાર્યોને પ્રાધાન્ય આપજો, મિલ્કતથી લાભ મળવાનો.
**કુંભ :** આવકની સાથે ખર્ચ પણ રહેવાનો છે, મહત્વના કાર્યોને પ્રાધાન્ય આપજો, અધિકારીઓ સાથે સુમેળ રાખવો, પ્રવાસ થાય.
**મીન :** નાણાકીય બાબતોમાં સતર્કતા રાખજો, નોકરીમાં લાભ રહે, મહત્વના કાર્યોમાં અનુકુળતા રહે, કર્જમાં રાહત.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત






### આડી ચાવી

૧. કોંગ્રેચ્યુલેશન (૫)
૫. પાર્ટી, જલસો (૪)
૮. દવા-હિન્દી (૩)
૯. નાગણ-હિન્દી (૩)
૧૦. અવઢવ (૩)
૧૩. ચાચા (૨)
૧૪. સીડી, દાદરો (૪)
૧૫. કચ્છનું એક નગર (૩)
૧૯. મારી ભૂલ ... કરશોજી (૫)
૨૧. શ્વાસો ... (૨)
૨૩. વસુંધરા ... (૨)
૨૩. હનુમાનજીનું શસ્ત્ર (૨)
૨૫. ફિયાન્સ (૪)
૨૭. ...મહેલ, આગ્રા (૨)
૨૯. દુઃખ, પીડા (૨)
૩૦. પાર વગરનું, અઢળક (૫)
૩૧. રસ વગરનું (૩)
૧૧. વીસ-ખોટી જોડણી કરો (૨)
૧૨. અણીદાર (૪)
૧૬. લિ.નું ફુલફોર્મ (૪)
૧૭. આપણું રાજય (૪)
૧૮. અત્યાચાર (૨)
૧૯. પીડા-હિન્દી (૨)
૨૦. મારે ...ની માહિતી જોઇએ ! (૪)
૨૧. કૂતરો (૨)
૨૪. મુંબઇનું એક પરૂ (૩)
૨૫. સગાઇ (૩)
૨૬. રમવાનો ઉસ્તાદ-અંગ્રેજી (૩)
૨૭. સૂર્યની ‘ગરમી’ (૨)
૨૮. રંજ-ઉંધુ લખો (૨)

### ઉભી ચાવી

૧. રાજેશ ખન્નાની એક ફિલ્મ (૫)
૨. નંદન અને વન (૫)
૩. મેડિસીન (૨)
૪. એક હિન્દી સામયિક (૫)
૬. ટોપી અંગ્રેજી (૨)
૭. આહવાન (૪)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | હે | શ | ભ | ટ્ટ | | બે | | દા | ળ |
| જા | ર | | વ | | કા | | કાં | દા | |
| | | | સા | ગ | ર | ખે | ડુ | | પા |
| અ | નુ | રા | ગ | | ભા | | | અ | લ |
| દા | | હ | ર | હ | ર | મ | હા | દે | વ |
| | દા | દા | | ળ | | નો | | ખા | |
| મ | ગ | રી | બ | | | ર | જા | ઈ | |
| ન | | | | અ | ના | થ | | | કા |
| હૂ | | | સ | જા | ગ | | કા | ય | ર |
| સ | વા | ર | | ત | ર | વૈ | યા | | જ |



હાલ તો એક સંતાન એજ મોટાભાગના યુગલોનો મંત્ર બની ગયો છે.તેઓને ભાગવતની ચિંતા નહિં પોતાના જીવન ધોરણની ચિંતા છે

# ભાગવતનો વસ્તીવધારા મંત્ર કેટલો વ્યાજબી!

**સંઘના સર્વોચ્ચ વડા જે વિધાન કરે તે સરકારને સંદેશ હોય તેમ માનવામાં આવે છે, દેશની વસ્તી અંગે તેઓએ હાલમાં જ જે રીતે યુગલોને ત્રણ સંતાનો હોવા જ જોઈએ તેવું મંતવ્ય આપ્યું તેની પાછળનો હેતુની ચર્ચા અનેક રીતે થાય છે પણ મહત્વનું એ છે કે ભારત હજુ જાપાન કે સાઉથ કોરિયા કે યુરોપની સ્થિતિમાં નથી કે જયાં જન્મદર વધારવો એ આજની ચિંતા પણ બની રહે, વાસ્તવમાં ભારતમાં હાલ જે વસ્તી છે તેને મેનેજ કરવી એ જ સૌથી મોટી સમસ્યા છે અને ભવિષ્યમાં વૃદ્ધોની વસ્તી વધશે તે સમસ્યા ઉકેલવાની પણ તૈયારી રાખવી પડશે.**

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

જાપાનમાં ઘટતી જતી વસતી પછી દેશની સરકાર એક અભૂતપુર્વ નિર્ણયમાં હવે આગામી વર્ષથી ચાર દિવસનું સપ્તાહ તમામ કર્મચારી માટે નિશ્ચિત કર્યું છે.ટોકીયોથી તે લાગુ થશે અને જાહેર કર્યું છે કે એપ્રિલ માસથી મેટ્રોપોલીન ગવર્નમેન્ટ સ્ટાફ માટે ત્રણ દિવસ વિક-ઓફ રહેશે.કારણ પણ રસપ્રદ છે જાપાનમાં ઘટતી જતી વસતી એ, સમસ્યા બનવા લાગી છે અને આ દેશનો જન્મદર એટલો નીચો ગયો છે કે કદાચ દક્ષિણ કોરીયા કરતા પણ જાપાનની સમસ્યા સૌથી વધુ ગંભીર છે જાપાનમાં પ્રતિ મહિલા જન્મદર ૧.૨ બાળકનો છે.જયારે આ દેશમાં કમસેકમ ૨.૧ બાળકનો જન્મ થાય તે જરૂરી દર્શાવ્યુ છે તો પછી ભારતમાં શા માટે આરએસએસના વડા મોહન ભાગવતે હાલમાં જ દેશમાં યુગલોને વધુ સંતાનોને જન્મ આપવા માટે કરેલી અપીલ સૌના ભંવા ઉંચકાવી ગઈ એ ચોકકસ છે કે ભારતમાં પણ વસ્તી દર ઘટતો જાય છે પરંતુ તે જાપાન કે દક્ષિણ કોરીયા અથવા તો યુરોપના દેશ જેટલો કોઈ એલર્ટ કરે તેવો નથી. હજુ હમણાં સુધી દેશની વસતી નિયંત્રણ માટે સરકાર અનેક પ્રયાસો કરતી હતી હજુ પણ નસબંધીના ટાર્ગેટ અપાય છે. તે સમયે મોહન ભાગવતને જે ચિંતા છે તે અંગે પણ ચિંતા વ્યકત થઈ છે કે ભાગવતનો સંદેશ શુ છે અને કોના માટે છે.તેમણે દેશમાં દરેક યુગલ દીઠ ઓછામાં ઓછા ત્રણ સંતાનો હોવા જોઈએ તેવો આગ્રહ કર્યો છે.

પરંતુ જેઓ આ ક્ષેત્રમાં નિષ્ણાંત મુસ્લીમ વચ્ચે જે વસતી વૃધ્ધિદર છે તે કદાચ ભાગવત માટે ચિંતાનો વિષય હોઈ શકે.બીજો તર્ક એ થાય છે કે એ નાના સમુદાયો જેની વસતી જ અત્યંત ઓછી છે તેનું અસ્તિત્વ ભવિષ્યમાં ખતરામાં છે.તો આ પ્રકારની સ્થિતિ દુનિયાભરમાં છે.કેનેડામાં મુળ કેનેડીયન લોકોની વસતી તમે એક સ્થળે ઉભા રહીને ગણી શકો તેમ છો. એવી જ રીતે ત્રિપુરામાં કારબાંગ સમુદાયની હિન્દુઓની વસતી દેશમાં જુઓ તો ૧૧૫ કરોડની છે અને તેથી તે ખત્મ થવાની કે તેનું અસ્તિત્વ ખતરામાં મુકાય તેવી ચિંતા પણ અસ્થાને છે.

રસપ્રદ બાબત એ છે કે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હજુ પાંચ વર્ષ પહેલા લાલકિલ્લા પરથી ભાષણ આપતા સમયે દેશમા વસતી વિસ્ફોટ અંગે ચિંતા વ્યકત કરી હતી અને સરકાર ૧૯૯૪ અસંતૂલન છે તે મહત્વનું છે.અત્યાર સુધી આપણે ભ્રુણ હત્યા એટલે કે એ સમયે જેને દિકરીને દુધ પીતી જ મારી નાખવાની જે વાત હતી તેનું આધુનિક સ્વરૂપ જોવા મળતુ હતું સરકારે તેમાં આકરા કાનુન લાદયા અને ગર્ભપાતને નિયંત્રીત બનાવ્યો તે પછી પણ તે પરિસ્થિતિ સુધરી નથી અને હજુ પણ પરિવારો છે કે જયાં દિકરીના જન્મને નાકનુ ટીચકુ ચડાવીને જોવામાં આવે છે જોકે રાજકીય પક્ષો માટે બહેના લાડલી છે તે અલગ બાબત છે.પરંતુ ભાગવત માટે જે ચિંતા છે તે પણ કદાચ છે તેઓ કહે છે કે ભાગવતનો ડર કદાચ વહેલો અને વધુ પડતો છે.વાસ્તવમાં ભારતમા ફર્ટીલીટી રેઈટ અથવા તો રીપ્લેસમેન્ટ રેઈન્ટ ૨.૧ થી નીચે આવે તો પણ કદાચ હાલ ભારત માટે કોઈ ચિંતા નથી.કારણ કે આપણે દુનિયાનાં સૌથી વધુ વસતી ધરાવતો દેશ બની ગયો છે.ચીનને આપણે ઘણા સમયથી પાછળ રાખી દીધુ છે અને આપણે છેલ્લી વસતી ગણતરી ૨૦૧૧ માં કરી હતી. અને હવે ૨૦૨૫-૨૬ માં કરવા જઈ રહ્યા છીએ તેથી વસતીનું સાચૂ ચિત્ર તો હજુ આપણને મળતુ નથી. મોહન ભાગવતના વિધાનોનો એક તર્ક કરવામાં આવે છે કે ભારતમાં હિન્દુ અને

**ભાગવતની ચિંતાનો અર્થ એ પણ કરવામાં આવી રહ્યો છે કે ભારતમાં મુસ્લીમોની વસ્તી વધી રહી છે અને સંઘને કદાચ તે ચિંતા હોય તો પણ એ ચોકકસ છે કે ભારતમાં મુસ્લિમોના વસ્તી દર એટલે કે બાળ જન્મદર સૌથી તીવ્ર રીતે ઘટયો છે અને બાળજન્મને ગરીબી-પછાતપણા સાથે સીધો સંબંધ છે અને તેથી જ દેશની વધતી વસ્તીને બ્રેક મારીને વધુ સમૃદ્ધ સમાજના સર્જનની જરૂર છે, મર્યાદીત જમીન સહિતના સ્ત્રોતો અને વધતી વસ્તી એ અંતે તો ગરીબી અને પછાતપણું જ વધારશે**



વસ્તી સતત ઘટી રહી છે અને ફકત થોડા સોમાં ગણી શકાય તો આપણી સામે જ પારસી સમુદાય કે જેના માટે આપણે સૌથી વધુ ગૌરવ લઈ શકીએ તેની વસ્તી ૬૦,૦૦૦ થી પણ ઓછી છે અને સૌ માને છે કે પારસી સમુદાયમાં આ ટ્રેન્ડ આજકાલનો નથી પરંતુ લાંબા સમયથી ચાલ્યો આવે છે. અને સુધી તો બે બાળકોની નિતિને પ્રોત્સાહન આપી રહી હતી હજુ પણ ચૂંટાયેલા પ્રતિનિધિથી લઈ સરકારી કર્મચારીઓને જે લાભો મળે છે તેમાં પણ બે બાળકોની મર્યાદા છે.તો પછી ભાગવતનો સંદેશ કોની પાસે હતો.વાસ્તવમાં ભારતની ચિંતા એ પુરૂષ અને સ્ત્રીની વસતી વચ્ચે જે પોલીટીકલી મોટીવેટેડ હોઈ શકે.એ વાસ્તવિકતા છે કે ભારત આજે વિશ્વનો સૌથી યુવા દેશ ગણાય છે. ૩૫ ટકાથી વધુ જનસંખ્યા યુવા વર્ગની છે પરંતુ ભવિષ્યમાં તે જ સમસ્યા જાપાન અને ચીનની જેમ વૃદ્ધોની બની શકે છે અને તેના માટે ઉપાય અલગ હોય શકે પણ જન્મ દર વધારવો તે ખરેખર ભારત માટે કમસે કમ હાલ કોઈ આવશ્યકતા નથી તે પણ નિશ્ચિત છે. વાસ્તવમાં ભારતમાં જન્મદર ઘટી રહ્યો છે.તે વાસ્તવિકતા છે ૧૯૫૦ માં ભારતમાં ફર્ટીલીટી રેઈટ ૬.૨ ટકા હતો જે ૨૦૨૪ માં ૧.૮ ટકા થઈ ગયો છે. ધર્મની દ્રષ્ટિએ જોઈએ તો શિખમાં તે ૧.૫ ટકા, ક્રિશ્ચીયનમાં ૧.૪૫ ટકા, જૈનમાં ૧.૪ ટકા, અને મુસ્લીમમાં ૨.૯૫ ટકા છે.આમ દેશમાં મુસ્લીમોની વસતી વધી રહી છે તે પણ વાસ્તવિકતા છે.તેમ છતાં ભારતમાં જેને રીપ્લેસમેન્ટ રેઈટ ઘટવાની ચિંતા છે તે કદાચ બે સદીઓ પછીની છે.ફ્રાન્સમાં રીપ્લેસમેન્ટ ૨.૧ થતા ૨૮૫ વર્ષ લાગ્યા. ઈંગ્લેન્ડમાં તે ૯૦ વર્ષ જેવો સમય લાગ્યો પછી ભાગવત માટે કમસે કમ બે સદી પછીની ચિંતા હોય તે વ્યાજબી ગણાશે પરંતુ અત્યારે તો તે સૌથી અગત્યની બાબત નથી કે તેને આ રીતે સંબોધવી પડે.

ભાગવતની ચિંતાને અન્ય રીતે પણ લેવામાં આવે છે. એક અહેવાલ એવો છે કે ૨૦૫૦ સુધીમાં ભારતમાં સૌથી વધુ મુસ્લીમ સમુદાય હશે પરંતુ આ સમુદાયનો બર્થરેટ પણ ઘટી રહ્યો છે જેમ જેમ આ સમુદાયમાં શિક્ષણ અને જાગૃતિ વધતી જાય છે તેમ તેમ મુસ્લીમ યુગલો પણ સમજવા લાગ્યા છે કે વધુ સંતાનો તેમના હિતમાં નથી પરંતુ આ એક મર્યાદિત વર્ગ સુધીની સમજ છે.વાસ્તવમાં હિન્દુઓ કરતાં મુસ્લીમોમાં પ્રજનન દરમાં વધૂ ઘટાડો જોવા મળ્યો છે.૧૯૯૨ માં મુસ્લીમ સમુદાયનો જન્મદર ૪.૪ નો હતો તે ૨.૯ નો થઈ ગયો છે.

પ્રશ્ન એ છે કે વધુ મોટુ કુટુંબ તે આજના યુગલોની કોઈપણ રીતે પ્રાથમીકતા નથી કારણ કે દેશનો એક મોટો વર્ગ હજુ સંઘર્ષ કરી રહ્યો છે કે તે વધુ સારા જીવન ધોરણ ભણી જાય. બાળકોનાં ઉછેર માટેનો,ખર્ચ હાલના એક રીપોર્ટ મુજબ તે અઢાર વર્ષનો થાય ત્યાં સુધીમાં અંદાજે રૂપિયા ૧ કરોડનો થાય છે,જો તમે તમારા બાળકને વધુ સારૂ ભવિષ્ય આપવા માંગતા હો તો અને હાલ તો એક સંતાન એજ મોટાભાગના યુગલોનો મંત્ર બની ગયો છે.તેઓને ભાગવતની ચિંતા નહિં પોતાના જીવન ધોરણની ચિંતા છે અને તેથી જ આ ફકત ચર્ચાનો વિષય બન્યો છે.નહિં કે કોઈ અનુશરણનો.

**રસપ્રદ રીતે જાપાનમાં ગઈકાલે જ ટોકીયો મેટ્રોપોલીટીન ગવર્નમેન્ટના કર્મચારીઓને ફોર ડે વીકની સુવિધા આપવા જાહેરાત થઈ, કારણ બતાવાયુ કે યુગલો તેમના વધારાની રજાનો લાભ કુટુંબને વધારવામાં કરશે પણ આ તમામ ફકત પ્રયોગો છે, વાસ્તવમાં ભારતમાં પણ વસ્તી વધારા દર સતત નીચો જઈ રહ્યો છે પણ રિપ્લેસમેન્ટ રેટ જે મહત્વનો છે તે ચિંતાની સ્થિતિએ પહોંચે તે માટે ભારતે હજુ ત્રણ સદી રાહ જોવી પડશે જે આજે યુરોપ અને અન્ય વિકસીત દેશો સામનો કરી રહ્યા છે.**



## પર્થમાં હાર બાદ ટીકાઓથી ઓસ્ટ્રેલિયાનાં ખેલાડીઓ સ્તબ્ધ હતા : ગિલક્રિસ્ટ



એડિલેડ : ઓસ્ટ્રેલિયાનાં વિકેટ-કીપર બેટ્સમેન એડમ ગિલક્રિસ્ટે જણાવ્યું હતું કે પર્થમાં ભારત સામેની હાર બાદ ઓસ્ટ્રેલિયાનાં ખેલાડીઓ ટીકાથી ચોંકી ગયાં હતાં, પરંતુ કેપ્ટન પેટ કમિન્સની નિયંત્રિત આક્રમકતાને કારણે તેઓ તેમનાં શ્રેષ્ઠ પ્રદર્શનથી બાઉન્સ બેક કરવામાં સફળ રહ્યાં હતાં.

પર્થમાં હાર બાદ ટીમને ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. ગિલક્રિસ્ટે ફોક્સ ક્રિકેટને કહ્યું કે '' કમિન્સની ટીમે જે પણ વિકેટ લીધી તે તેની ઉજવણી પરથી જોઈ શકાય છે. તેણે લીધેલી દરેક વિકેટ પર તેની ઉજવણી વધુ આક્રમક દેખાય રહી હતી.'' તેમણે કહ્યું કે એવું નથી કે ઓસ્ટ્રેલિયન ટીમે બહુ ખરાબ રીતે રમી પરંતુ પર્થમાં હાર બાદ ખેલાડીઓને થોડું ખરાબ લાગ્યું હતું. ટીકાનો સામનો કરવો પડ્યો હતો. આનાથી તેઓ નિરાશ થયાં હશે.

## ટીમ ઈન્ડિયાની નેટ પ્રેક્ટિસમાં ખૂબ મહેનત





### વિરાટ અને રોહિત શર્માએ લય હાંસલ કરવા પ્રયત્નો કર્યા : પંત અને યશસ્વી આક્રમક દેખાયાં

એડિલેડ : ગુલાબી બોલ ટેસ્ટમાં ૧૦ વિકેટની શરમજનક હાર બાદ ટીકાનો સામનો કરી રહેલાં ભારતીય ટીમે મંગળવારે નેટ પ્રેક્ટિસ શરૂ કરી દીધી હતી. કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલીના નેતૃત્વમાં બેટ્સમેનોએ નેટ સેશન દરમિયાન લાલ બોલથી પોતાની તૈયારીઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

જ્યારે ઓસ્ટ્રેલિયા ત્રીજી ટેસ્ટ માટે શનિવારે બ્રિસ્બેન માટે રવાનાં થયું હતું, ત્યારે ભારતીય ટીમે પોતાની ડિફેન્સિવ ટેકનિક અને બોલિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો નિર્ણય કર્યો હતો. બીસીસીઆઈએ એક્સ પર એક વિડિઓ શેર કર્યો હતો અને લખ્યું હતું કે હવે ભુતકાળને બદલે આગળ શું થશે તે જોવાનો સમય છે. બ્રિસ્બેન ટેસ્ટની તૈયારી અહીં જ એડિલેડમાંથી શરૂ થાય છે. ભારતીય ટીમ બુધવારે બ્રિસ્બેન પહોંચશે. રોહિતે છેલ્લી ૧૨ ઈનિંગ્સમાં માત્ર ૧૪૨ રન અને એક અડધ સદી ફટકારી હતી. પોતાનાં પુત્રના જન્મ બાદ ટીમમાં ફરી જોડાતાં રોહિત આઉટ ઓફ ફોર્મ છે અને સંઘર્ષ કરી રહ્યાં છે. તેણે ભારતીય સ્પિનરો અને ઝડપી બોલરો સામે નેટ સેશનમાં પોતાની લય હાંસલ કરવાનો પ્રયાસ કર્યો હતો. ગુલાબી બોલની ટેસ્ટમાં છઠ્ઠા નંબર પર બેટિંગ કરવા આવેલાં રોહિતે ત્રણ અને છ રન બનાવ્યાં હતાં. પહેલાં તેઓ એક ફૂલર બોલ પર એલબીડબલ્યુ આઉટ થયાં હતાં. જ્યારે બીજી ઈનિંગ્સમાં રોહિત કેચ આઉટ થયાં હતાં. વિરાટ કોહલીએ પણ નેટ સેશનમાં ખૂબ જ કાળજીપૂર્વક પ્રેક્ટિસ કરી હતી અને ધીમે ધીમે તેને લય મળી હતી. કેએલ રાહુલે વધુ સંયોજિત અભિગમ અપનાવ્યો અને તેની રક્ષણાત્મક તકનીક પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જ્યારે પંતે આક્રમક શોટ રમ્યાં હતાં. યશસ્વી જયસ્વાલ સૌથી વધુ આક્રમક લાગી રહ્યો હતો. તેણે ચપળ શોટ રમ્યાં અને ભારતીય બોલરો સામે ફોરવર્ડ શોટ પણ લીધાં હતાં. બોલરોમાં હર્ષિત રાણા, યશ દયાલ, આકાશદીપ, રવિન્દ્ર જાડેજા, રવિચંદ્રન અશ્વિન અને વોશિંગ્ટન સુંદરનો સમાવેશ થાય છે. કેટલાક થ્રો ડાઉન નિષ્ણાતો પણ હાજર હતાં. સીમ બોલિંગ ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડીને



## ભારત માટે પહેલો દાવ પઝલ બન્યો

ભારતીય ક્રિકેટ લાંબા સમયથી બેટ્સમેનોના ખભા પર ટકેલું છે. આ બેટ્સમેનો માત્ર પ્રેક્ષકોને જ આકર્ષતા નથી પરંતુ મેચનો માર્ગ બદલવાની ક્ષમતા પણ ધરાવે છે. પરંતુ વર્તમાન ઓસ્ટ્રેલિયા પ્રવાસ તેનાં માટે મુશ્કેલી ઉભી કરી રહ્યો છે. ખાસ કરીને પ્રથમ દાવ ભારતીય ટીમ માટે એક કોયડો બની ગયો છે. આમાં સુધારાની જરૂર છે, અને તે પણ ઝડપથી સુધારાની જરૂર છે. છેલ્લાં પાંચ વર્ષમાં વિદેશી ટીમો માટે ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ મેચની પ્રથમ ઈનિંગમાં રન બનાવવા સૌથી મુશ્કેલ રહ્યાં છે. આ સમયગાળા દરમિયાન, ૨૪ મેચોમાં, વિદેશી બેટ્સમેનોએ પ્રથમ દાવમાં માત્ર ૨૧.૭૫ ની એવરેજથી રન બનાવ્યાં છે અને માત્ર બે સદી ફટકારી છે.

ભારતે ચાલું પ્રવાસમાં સારું કમબેક કર્યુ હતું, પરંતુ એડિલેડમાં વાત અલગ હતી. પાંચ ટેસ્ટની બોર્ડર-ગાવસ્કર શ્રેણી હાલમાં ૧-૧ થી બરાબર છે. આવી સ્થિતિમાં ભારત માટે સૌથી મહત્વની બાબત એ છે કે મજબૂત બેટિંગ શરૂઆત કરવી. આ સિઝનમાં ભારતીય ટીમે પ્રથમ દાવમાં માત્ર એક જ સદી ફટકારી છે. રસપ્રદ વાત એ છે કે આ સદી પણ આર. અશ્વિને ચેન્નાઈમાં બાંગ્લાદેશ સામે ફટકારી હતી. આ સિવાય ભારતીય બેટ્સમેનો ૧૬ વખત શૂન્ય પર આઉટ થયાં છે. આ આંકડા ભારતીય ટીમનું પ્રથમ દાવમાં ખરાબ પ્રદર્શન દર્શાવે છે. વર્તમાન શ્રેણીમાં પ્રથમ દાવમાં સારું પ્રદર્શન ન કરી શકવાનું એક કારણ કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવાં દિગ્ગજ ખેલાડીઓનું આઉટ ઓફ ફોર્મ હોવું પણ છે. રોહિત એડિલેડમાં બંને ઈનિંગ્સમાં બે આંકડા સુધી પણ પહોંચી શક્યો ન હતો, જ્યારે વિરાટે પર્થમાં ચોક્કસપણે સદી ફટકારી હતી, પરંતુ એડિલેડમાં દબાણ હેઠળ તેની નબળાઇ ફરી છતી થઈ હતી.



## ભારતીય બેટર્સ માટે છેલ્લા પાંચ ટેસ્ટ શરમજનકઃ ૨૦ વખત '૦'માં આઉટ

### ૧૦માંથી ૬ ઈનિંગમાં ૨૦૦ રનથી ઓછો સ્કોર

એડીલેડ તા.૧૧

બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ત્રીજી ટેસ્ટ પહેલાં ભારતીય ટીમ માટે શરમજનક આંકડા સામે આવ્યા છે. ન્યુઝીલેન્ડ સામેની ત્રણ અને ઓસ્ટ્રેલિયા સામેની છેલ્લી બે મળીને છેલ્લી પાંચ ટેસ્ટમાંથી ભારતીય ટીમ માત્ર એક ટેસ્ટ જીતી શકી છે. આ પાંચ ટેસ્ટમાં પહેલી ઈનિંગ્સમાં ભારતની બેટીંગ-એવરેજ ૧૫.૨૮ અને બીજી ઈનિંગ્સમાં ૨૯.૮૪ રહી છે. ભારતીય ટીમ છેલ્લી પાંચ ટેસ્ટની ૧૦ ઈનિંગ્સમાંથી છમાં ૨૦૦ રનનો સ્કોર પણ નથી કરી શકી. છેલ્લી પાંચ ટેસ્ટમાં ૨૦ વાર ભારતીય બેટર એક પણ રન બનાવ્યા વગર આઉટ થયા છે. ભારતીય પ્લેયર્સ પહેલી ઈનિંગ્સમાં ૧૫ અને બીજી ઈનિંગ્સમાં પાંચ વાર ઝીરો પર ગયા છે. ઓસ્ટ્રેલિયા સામેની છેલ્લી બે ટેસ્ટમાં વીસમાંથી ૬ ડક આવ્યા છે. ભારતીય બેટર્સ છેલ્લી પાંચ ટેસ્ટમાં ૮ ફિફટી અને ત્રણ સેન્ચુરી ફટકારી શકયા છે જેમાંથી પહેલી ઈનિંગ્સમાં એક પણ સેન્ચુરી નથી આવી, માત્ર બે ફિફટી જોવા મળી છે. બીજી ઈનિંગમાં ભારતીય બેટર્સ ત્રણ સેન્ચુરી અને છ ફિફટી ફટકારવામાં સફળ રહ્યા છે.

### દુનિયાના બે મહાન બેટરોના ૧૫૧ ટેસ્ટ સુધીની કેરિયરના લેખાજોખા

# જો રૂટની સચિન તેંડુલકરના રેકોર્ડ તરફ રેસ

### તેંડુલકરના વર્લ્ડ રેકોર્ડ સુધી પહોંચવાનું કોઈપણ ખેલાડી માટે મુશ્કેલ છતાં નંબર-ટુ પર પહોંચવા રૂટને માત્ર ૪૯૨ રનની જરૂર

નવી દિલ્હી

સ્ટાર ઈંગ્લિશ બેટર જો રૂટ ક્રિકેટની મહાનતા તરફ સતત આગળ વધી રહ્યો છે, તેની સરખામણી મહાન સચિન તેંડુલકર સાથે થઈ રહી છે. કોવિડ પછીનાં તેનાં અદભૂત પ્રદર્શનથી, રૂટે ટેસ્ટ ક્રિકેટની ઉંચાઈઓ સર કરી છે, ફ્લેર અને સાતત્ય સાથે વિશ્વભરમાં રન બનાવ્યાં છે. બેન સ્ટોક્સને ઈંગ્લેન્ડની કમાની સોંપવી એ આશીર્વાદરૂપ સાબિત થયું છે, જેનાથી રૂટ તેની ફોકસ ફક્ત તેની બેટિંગ પર કરી શકે છે.





ન્યુઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટમાં સદી ફટકારીને, રૂટની ટેસ્ટ કારકિર્દી હવે ૧૫૧ મેચોમાં ૧૨૮૮૬ રન થઈ ગઈ છે, જે તેને સર્વકાલીન રન-સ્કોરર્સની યાદીમાં પાંચમા સ્થાને મૂકી દે છે. તે નંબર ૨ પર રિકી પોન્ટિંગને પછાડવામાં માત્ર ૪૯૨ રનથી પાછળ છે.

૨૦૨૧ થી, રૂટ આકર્ષક ફોર્મમાં છે, તેણે ૫૪ ટેસ્ટમાં ૫૬.૨૫ ની સરેરાશથી ૧૯ સદી સાથે ૫૦૬૩ રન બનાવ્યાં છે. ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન એલિસ્ટર કૂક અને માઈકલ વોન તેને પહેલાથી જ તેંડુલકરના ૧૫૯૨૧ રનના રેકોર્ડને પડકારવાની સૂચના આપી ચૂક્યાં છે. તેંડુલકર એકમાત્ર એવો ખેલાડી છે જેણે ટેસ્ટમાં ૫૦ થી વધુ સદી ફટકારી છે, તેણે ૫૧ સદી અને ૬૮ અડધી સદી સાથે નિવૃત્તિ લીધી છે.

**૧૫૧ ટેસ્ટ પછી રૂટ અને તેંડુલકરની સરખામણી :-**

તેમની કારકિર્દીની ૧૫૧મી ટેસ્ટ સુધીમાં, રૂટે તેંડુલકર કરતાં ૩૦ વધુ ઈનિંગ્સમાં બેટિંગ કરી અને ૧૨૮૮૬ રન કર્યા, જેણે ભારતીય મહાનના ૧૧૯૩૯ રનને વટાવી દીધાં છે. જો કે, તેંડુલકર રૂટની ૫૦.૯૩ની સરખામણીમાં ૫૪.૯૨ની એવરેજ જાળવી રાખે છે અને વધુ સદીઓ ધરાવે છે. બીજી તરફ, રૂટે એટલી જ મેચોમાં વધુ અડધી સદી ફટકારી છે.

**આંતરરાષ્ટ્રીય રેકોર્ડ :-**

૧૫૧ ટેસ્ટ પછી, સચિન તેંડુલકરે ૮૭ ટુર ટેસ્ટમાં ૫૩.૭૦ની એવરેજથી ૨૩ સદી અને ૨૮ અર્ધસદી સાથે ૬૮૨૧ રન બનાવ્યાં હતાં. તેની સરખામણીમાં, જો રૂટે ૭૩ ટુર ટેસ્ટમાં ૪૭.૬૬ની એવરેજથી ૬૧૨૮૬ રન બનાવ્યાં છે, જેમાં ૧૫ સદી અને ૩૨ અર્ધસદીનો સમાવેશ થાય છે.

**બે દિગ્ગજોની સરખામણી**

| કેટેગરી | સચિન | જો |
|---|---|---|
| મેચ | ૧૫૧ | ૧૫૧ |
| ઈનિંગ | ૨૪૬ | ૨૭૬ |
| રન | ૧૧૯૩૯ | ૧૨૮૮૬ |
| એવરેજ | ૫૪.૦૨ | ૫૦.૯૩ |
| અર્ધસદી | ૪૯ | ૬૪ |
| સદી | ૩૯ વખત | ૩૬ |

**હોમ રેકોર્ડ :-**

જયારે ઘરની પરિસ્થિતિઓમાં પ્રદર્શનની વાત આવે છે, ત્યારે તેંડુલકરે ૬૪ ઘરેલું ટેસ્ટમાં ૫૪.૪૪ની એવરેજથી ૧૬ સદી અને ૨૧ અર્ધસદી સાથે ૫૧૧૮ રન બનાવ્યાં હતાં. બીજી તરફ, જો રૂટે ૭૮ ઘરેલું ટેસ્ટમાં ૫૪.૯૪ની એવરેજથી ૨૧ સદી અને ૩૨ અર્ધસદી સાથે ૬૭૫૮ રન બનાવ્યાં છે.

**સદી કરવાનો દર :-**

અન્ય રસપ્રદ માપદંડ એ છે કે જે દરે બંને બેટ્સમેનોએ સદી ફટકારી હતી. તેંડુલકરે ૨૪૬ ઈનિંગ્સમાં ૩૯ સદી સાથે ૧૫૧ ટેસ્ટ રમી ત્યાં સુધીમાં સદી ફટકારવા માટે લગભગ ૬ ઈનિંગ્સ લીધી હતી. તેનાથી વિપરીત, રૂટને સદી ફટકારવામાં લગભગ ૮ ઈનિંગ્સ લાગી, જેમાં ૨૭૬ ઈનિંગ્સમાં ૩૬ સદી હતી. આ સૂચવે છે કે તેંડુલકર તેની ઈનિંગ્સને સદીમાં પરિવર્તિત કરવામાં વધુ સક્ષમ હતો.

પ્રતિ ઈનિંગ રન દ્વારા સાતત્યને જોતાં, તેંડુલકરે પ્રતિ ઈનિંગ લગભગ ૪૮ રનનો દર જાળવી રાખ્યો છે, જ્યારે રૂટે ૪૬ રન પ્રતિ ઈનિંગ બનાવ્યાં છે. આ દર્શાવે છે કે તેંડુલકર રનના સંદર્ભમાં થોડો વધુ સુસંગત હતો.

**૧૫૧ ટેસ્ટ પછી કોણ સારું છે ? :-**

સંખ્યાની દષ્ટિએ, રૂટે ૧૫૧ ટેસ્ટ મેચો પછી તેંડુલકર કરતાં વધુ રન બનાવ્યાં છે. જો કે, તેંડુલકર સદી, સાતત્ય અને કાર્યક્ષમતાના સંદર્ભમાં આગળ છે. ઝડપી દરે સદી ફટકારવાની અને ઉચ્ચ બેટિંગ એવરેજ જાળવી રાખવાની તેની ક્ષમતા તેને એકંદર રૂટ કરતા આગળ રાખે છે.

## ગોટાળાનું કારણ કે સરકારી વિભાગનો ચકાસણીમાં અતિરેક?

# ખ્યાતિકાંડ બાદ PMJAY હેઠળ દર્દીના વિમા દાવા ૩૦ ટકા ઘટયા

### ૪૫ મિનીટમાં મળતી 'એપ્રુવલ'માં હવે કલાક થતી હોવાનો નિર્દેશઃ પ્રમાણિક દર્દીઓને નુકશાન થવાનો દાવો

અમદાવાદ તા.૧૧

અમદાવાદના ખ્યાતિ હોસ્પીટલ કાંડ બાદ સમગ્ર આરોગ્ય ક્ષેત્રે ગંભીર પ્રત્યાઘાતો પડયા છે અને સરકાર પણ સ્તબ્ધ છે. જયારે પીએમજેવાય યોજના હેઠળ હોસ્પીટલમાં દાખલ થતા દર્દીઓની સંખ્યામાં એકાએક ૩૦ ટકાનો ઘટાડો જણાયો છે. આ ઘટાડા વિશે પણ અનેકવિધ સવાલ ઉઠવા લાગ્યા છે.

સુત્રોના કહેવા પ્રમાણે ખ્યાતિકાંડ પૂર્વે ગુજરાતમાં કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમજેવાય) હેઠળ દરરોજ સરેરાશ ૩૮૦૦ દર્દી દાખલ થતા હતા અને તેઓના વિમા દાવા પ્રોસેસ થતા હતા મેથી ઓકટોબર મહિના સુધી આ સરેરાશ રહી હતી પરંતુ ૧૧ નવેમ્બરે ખ્યાતિકાંડ સર્જાયા બાદ છેલ્લા એક મહિનામાં આ યોજના હેઠળ વિમા દાવાની રોજની પ્રોસેસ માટે ૨૭૦૦ થઈ ગઈ છે જે અંદાજીત ૩૦ ટકાનો ઘટાડો સુચવે છે.




ખ્યાતિ કાંડ બાદ આરોગ્ય યોજનામાં સંભવીત ગોટાળા અને ભ્રષ્ટાચાર રોકવા માટે સરકાર દ્વારા નવી આકરી એસઓપી લાગુ કરવામાં આવી હતી એક મહિનામાં ૧૨ હોસ્પીટલો તથા તેની સાથે સંકળાયેલા ડોકટરોને યોજના હેઠળ સસ્પેન્ડ કરી દેવાયા હતા.

તબીબી ક્ષેત્રના સુત્રોએ કહ્યું કે ગોટાળા રોકવા માટે વધુ પડતી સાવચેતી દર્દીઓને નુકશાન કરી રહી છે હવે એવી સ્થિતિ સર્જાઈ છે કે એન્જીયોપ્લાસ્ટીના દાવાની મંજુરી પુર્વે બ્લડ રીપોર્ટ તથા ટીએમટી જેવા પરિક્ષણોનાં રીપોર્ટ મોકલવા પડે છે અગાઉ ૪૫ મીનીટમાં

(અનુસંધાન ૧૨ મા પાને)

### અમદાવાદની ૧૪૫ હોસ્પિટલોની તપાસ થશેઃ આરોગ્ય વિભાગનાં નવ અધિકારીઓની પૂછપરછ

ખ્યાતિ હોસ્પીટલકાંડ બાદ તપાસનીસ ક્રાઈમ બ્રાંચે અમદાવાદની અન્ય હોસ્પીટલ પર પણ સકંજો કસ્યો છે. અમદાવાદની ૧૪૫ હોસ્પીટલોનાં રેકર્ડ ચકાસવાનું નકકી કર્યું છે અને તે અંતર્ગત દરરોજ છ હોસ્પીટલ સંચાલકોને પૂછપરછ માટે તેડાવવામાં આવી રહ્યા છે.

ક્રાઈમ બ્રાંચનાં સુત્રોએ કહ્યુ કે આરોગ્ય વિભાગનાં ૯ અધિકારીઓની પૂછપરછ કરવામાં આવી છે હજુ તેઓને કલીનચીટ અપાઈ નથી. અમુકને ખ્યાતિ હોસ્પીટલમાંથી નાણાકીય લાભ મળ્યાની શંકા છે.

# રાજકોટમાં બોગસ દસ્તાવેજ બનાવી મિલકતો પચાવી પાડવાનું મોટુ કૌભાંડ

### સબ-રજીસ્ટ્રાર ઓફીસમાં થયેલ અરજીનાં અનુસંધાને ગઈકાલે રાત્રે પ્ર.નગર પોલીસે કોમ્પ્યુટર ઓપરેટર જયદીપ ઝાલાને દબોચી પુછતાછ હાથ ધરતાં ભાંડાફોડ થયોઃ મઘરવાડ ગામ સહીત ૨૦ થી વધુ કરોડોની મિલકતોનાં બોગસ દસ્તાવેજ બની ગયાનું સામે આવતાં પોલીસ પણ ચોંકી

### વર્ષોથી અનયુઝ પડેલા પ્રોપર્ટીમાં ચેડા કરી મુળ માલીકોના ફોટા બદલાવી કારસ્તાન ચાલતુ હોવાનો ધડાકોઃ પોલીસે સબ-રજીસ્ટ્રાર કચેરીના અન્ય ઓપરેટરોની પણ પુછતાછ આદરીઃ ગુનો નોંધવા તજવીજ

રાજકોટ તા.૧૧

રાજકોટમાં બોગસ દસ્તાવેજ બનાવી મિલકતો પચાવી પાડવાનું મોટુ કૌભાંડ સામે આવતાં ખળભળાટ મચી ગયો હતો. સબ રજીસ્ટાર ઓફીસમાં થયેલી અરજીનાં અનુસંધાને ગઈકાલે પ્ર.નગર પોલીસે ફેમીલી કોર્ટ પાસે આવેલ સબ-રજીસ્ટ્રારની ઓફીસનાં કોમ્પ્યુટર ઓપરેટર જયદીપ ઝાલાને દબોચી પુછતાછ હાથ ધરતાં મોટો ધડાકો થયો હતો જેમાં મઘરવાડા સહીતની ૨૦ થી વધુ કરોડોની મિલકતોનાં બોગસ દસ્તાવેજ બની ગયાનું સામે આવ્યું છે.

હાલ સબ રજીસ્ટ્રાર કચેરીના અધિકારીઓ પ્ર.નગર પોલીસ મથકે દોડી જઈ ગુન્હો નોંધવા તજવીજ હાથ ધરી છે.

વધુમાં પ્ર.નગર પોલીસ મથકનાં પીઆઈ ભાર્ગવ ઝણકાંતે ચકચારી બનાવ અંગે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૩ માં મઘરવાડા બોગસ દસ્તાવેજ બની ગયા હોવાની અરજી સબ રજીસ્ટ્રાર ઓફીસમાં આપી હતી. જે મામલે તપાસનાં અંતે દસ્તાવેજ સાથે ચેડા થયાનું માલુમ પડતાં સબ રજીસ્ટ્રારનાં અધિકારીએ પ્ર.નગર પોલીસને જાણ કરી શંકાસ્પદ વ્યકિત તરીકે જયદીપ શાંતિલાલ ઝાલા જે ઓફીસમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કામ કરે છે તેનુ નામ આપ્યું હતું.

બાદમાં પ્ર.નગર પોલીસે ગઈરાતે શંકાસ્પદ જયદીપ ઝાલા (રહે.કેસરકૃપા ખોડીયાર કૃપા સોસાયટી શેરી નં.૩) કોઠારીયા રોડને પકડી પાડી પોલીસ મથકે લાવી પીઆઈ પીયુષ ડોબરીયા અને ટીમે તેની સઘન પુછતાછ હાથ ધરવામાં આવી

(અનુસંધાન ૧૨ મા પાને)

### આઈપી એડ્રેસ બદલાવી કે કર્મચારીઓની મીલીભગતથી કૌભાંડ થયાનું અનુમાન

રાજકોટ તા.૧૧

કરોડોની બોગસ મિલકત કૌભાંડનાં બનાવમાં મળતી વિગત મુજબ કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા કૌભાંડ આચર્યાનું પ્રાથમીક પોલીસ સુત્રોમાંથી જાણવા મળ્યુ હતું. જેમાં કોમ્પ્યુટર ઈજનેરો દ્વારા કોમ્પ્યુટર હેક કરી અથવા આઈપી એડ્રેસ અન્ય કોમ્પ્યુટરમાં લઈ કે ઓફીસનાં અધિકારીઓ-કર્મચારીઓની મીલી ભગતથી કૌભાંડ થયાનું પ્રાથમીક અનુમાન છે. જે અંગે તપાસ ચાલી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# ઝોન-૧ કચેરીમાંથી ૧૫થી વધુ દસ્તાવેજો ગુમ?: ખળભળાટ

### તમામ ગુમ થયેલા દસ્તાવેજ વર્ષ-૧૯૭૦ની આસપાસનાઃ બોગસ દસ્તાવેજના કૌભાંડ તેમજ દારૂ અને રોકડ સાથે ઓપરેટર ઝડપાતા ચકચારઃ તપાસનો ધમધમાટઃ ખુદ સબ રજિસ્ટ્રાર ફરિયાદ કરવા દોડયા

રાજકોટ તા.૧૧

રાજકોટની સબ રજિસ્ટ્રાર કચેરીમાં બોગસ દસ્તાવેજ કૌભાંડ ધણધણી ઉઠતા ખળભળાટ મચી જવા પામેલ છે. આ પ્રકરણમાં ઝોન-૧ની સબ રજીસ્ટ્રાર કચેરીમાંથી ૧૫થી વધુ દસ્તાવેજો ગુમ થયાનું જાણવા મળ્યું છે.

સબ રજીસ્ટ્રાર કચેરીના વર્તુળોમાંથી જાણવા મળ્યા મુજબ ઝોન-૧ની સબ રજીસ્ટ્રાર કચેરીમાંથી ગુમ થયેલા આ દસ્તાવેજો વર્ષ ૧૯૭૦ની સાલની આસપાસના હોવાનું ખુલ્યું છે. ઝોન-૧ની આ સબ રજીસ્ટ્રાર કચેરીનો ઓપરેટર દારૂ અને રોકડ સાથે ઝડપાયા બાદ આ કૌભાંડનો ભાંડાફોડ થતા આ પ્રકરણમાં પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

ઝોન-૧ની આ સબરજીસ્ટ્રાર કચેરીમાં ફરજ બજાવતો અને દારૂ તેમજ રોકડ રકમ સાથે ઝડપાયેલો આ ઓપરેટર છેલ્લા ૧૦ વર્ષથી આ કચેરીમાં ફરજ બજાવતો હોવાનું બહાર આવ્યું છે. બોગસ દસ્તાવેજ કૌભાંડ ધણધણી ઉઠતા ઝોન-૧ સબ રજીસ્ટ્રાર કચેરીના રજીસ્ટ્રાર અનીલ દેસાઈ ખુદ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા માટે દોડી ગયા હતા.

ચર્ચાતી વિગતો મુજબ સબ રજીસ્ટ્રાર કચેરીમાં કોન્ટ્રાકટ બેઈઝ અમુક કર્મચારી-ઓપરેટરો દ્વારા વ્યવસ્થિત રીતે આ કૌભાંડ છેલ્લા લાંબા સમયથી આચરવામાં આવી રહ્યું હોવાની ફરીયાદના પગલે આ પ્રકરણમાં પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

# શેરબજારમાં ૫૦૦ કંપનીના શેરોના સોદાની 'સેઈમ-ડે' પતાવટ થશેઃ સેબીની જાહેરાત



મુંબઈ,તા.૧૧

ભારતીય સ્ટોક માર્કેટ રેગ્યુલેટર, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાએ એક મોટા પગલામાં ટોચની ૫૦૦ કંપનીઓના શેરો માટે T+0 સેટલમેન્ટ સાયકલ લાગુ કરવાનો નિર્ણય લીધો છે.સેબીનો આ નિર્ણય ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪થી અમલમાં આવશે. આ નવી સિસ્ટમનો ઉદ્દેશ્ય શેરબજારમાં ટ્રેડિંગ અને સેટલમેન્ટ પ્રક્રિયાને ઝડપી અને વધુ અસરકારક બનાવવાનો છે. આ સાથે સેબીએ સ્ટોક એક્સચેન્જો, ક્લિયરિંગ કોર્પોરેશનો અને ડિપોઝિટરીઝને પણ જરૂરી ટેક્નોલોજી અને પ્રોસેસિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા માટે નિર્દેશ આપ્યો છે. જેથી સંસ્થાકીય રોકાણકારો પણ આ સિસ્ટમમાં કોઈપણ અવરોધ વિના ભાગ લઈ શકે.

T+0 સેટલમેન્ટ સાયકલનો અર્થ એ છે કે ટ્રાન્ઝેક્શન ટ્રેડિંગ દિવસે જ પતાવટ કરવામાં આવે છે. હાલમાં, T+1 પતાવટ ચક્ર મોટાભાગના શેરો માટે લાગુ પડે છે, જેમાં પતાવટ વ્યવહારના એક દિવસ પછી થાય છે. T+0 સિસ્ટમ સાથે, વેપારીઓ અને રોકાણકારોને તેમના નાણાં અને શેર તરત જ મળશે, જે રોકડ પ્રવાહ અને રોકાણ વ્યવસ્થાપનમાં સુધારો કરશે.

સેબીના નવા પરિપત્ર મુજબ, ટોચની

(અનુસંધાન ૧૨ મા પાને)

### જુદી બ્રોકરેજ ફીની છુટ

એ તમામ સ્ટોક બ્રોકર્સને આ નવી સિસ્ટમમાં ભાગ લેવાની મંજૂરી આપી છે અને તેમને T+0 અને T+1 સેટલમેન્ટ સાઈકલ માટે અલગ બ્રોકરેજ ચાર્જ કરવાની સત્તા આપી છે, જો તે નિયમનકારી મર્યાદામાં રાખવાની રહેશે.

T+0 સેટલમેન્ટ સાયકલની સફળતાની ખાતરી કરવા માટે, તે માત્ર નોન-કસ્ટોડિયન ક્લાયન્ટ્સ માટે માર્ચ ૨૦૨૪માં લાગુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, સપ્ટેમ્બર ૨૦૨૪ માં, ૨૫ શેરોમાંથી ટોચની ૫૦૦ કંપનીઓ સુધી પહોંચવા માટે સિસ્ટમનો વિસ્તાર કરવામાં આવ્યો. આ સિસ્ટમના બીટા વર્ઝનની કામગીરીની સમીક્ષા કર્યા બાદ સેબીએ આ નિર્ણય લીધો છે.

# 'ગોપાલ સ્નેકસ'ના પાપડમાંથી જીવાત નિકળી!

### રાજકોટ જીલ્લા ફુડ એન્ડ ડ્રગ વિભાગને ગ્રાહકની ફરીયાદ મળતા મેટોડા સ્થિત ફેકટરીમાંથી પાંચ નમુના લેવાયાઃ રૂા.૯ લાખના શંકાસ્પદ જથ્થાને સીઝ કરાયો

રાજકોટ તા.૧૧

રાજકોટના મેટોડા ખાતે ઉત્પાદીત અને સૌરાષ્ટ્ર-ગુજરાતની જાણીતી જુદી જુદી નમકીન ઉત્પાદિત 'ગોપાલ સ્નેકસ'નાં પાપડમાંથી જીવાત નીકળતા ભારે ચકચાર મચી ગયાનું બહાર આવેલ છે.

આ પ્રશ્ને આજે રાજકોટ જીલ્લા ફૂડ એન્ડ ડ્રગ વિભાગને પાપડ ખરીદનાર એક ગ્રાહક દ્વારા ફરીયાદ કરાતા તંત્રએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શંકાસ્પદ માલ સિઝ કરી દીધો છે.

આ અંગેની રાજકોટ જીલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનાં સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ તાજેતરમાં રાજકોટનાં એક ગ્રાહકે સાધુ વાસવાણી રોડ પર આવેલ ગંગોત્રી ડેરીમાંથી ગોપાલ સ્નેકસનાં પાપડનું પેકેટ લીધુ હતું અને આ પેકેટ ખોલ્યુ ત્યારે તેમાંથી મરેલી જીવાત નીકળી હતી.

પાપડમાંથી આ જીવાત મળતા ગ્રાહકે રાજકોટ જીલ્લા ફૂડ એન્ડ ડ્રગ વિભાગને ફરીયાદ કરી હતી. આ ફરીયાદના પગલે ફૂડ એન્ડ ડ્રગ વિભાગે ગત તા.૯-૧૨ ના રોજ મે.ગોપાલ સ્નેકસ લી.ની મેટોડા સ્થિત ફેકટરી ખાતે તપાસ હાથ ધરી હતી અને ઉત્પાદીત સ્થળેથી પાપડના ૩, હિંગનો-૧, અને મરીફડાનો-૧, મળી કુલ પાંચ નમુના લેવામાં આવેલ હતા અને આ તમામ સેમ્પલોને લેબોરેટરી ચકાસણી માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે મોકલી આપેલ છે.

તેમજ આ સાથે જીલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ફેકટરી ખાતે તપાસ દરમ્યાન



આશરે રૂા.૯ લાખની કિંમતનો શંકાસ્પદ રો-મટીરીયલ્સ અને માલનાં જથ્થાને સીઝ કર્યો છે.

ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનાં સુત્રોના જણાવ્યા મુજબ સેમ્પલોનો લેબોરેટરી રીપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.


એકેલીક ફોટો
બાળકો, કપલ, ફેમીલી, મોટી સાઈઝમાં કરાવી આપના ડ્રોઈંગ રૂમને સજાવો
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, રાજકોટ. M.: 94297 85836

ધાધર!!! થી પરેશાન છો ?
તો માત્ર ૭ દિવસમાં રાહત મેળવો
બાલાજી ફાર્મસી 2 to 5pm બંધ
રાજશ્રી ટોકીઝ સામે, ભુપેન્દ્ર રોડ, રાજકોટ.
70401 99999
દવા રૂા. ૪૯૦/- થી શરૂ.

ઈન્ડસ્ટ્રીઅલ શેડ વેચવાનો છે
GIDC મેટોડામાં, ૨૫૦૦+ મીટર જગ્યામાં આશરે ૨૨,૦૦૦ ફુટ બાંધકામ સાથેનો શેડ
M. 88498 36918

શ્રી લોહાણા સ્થાપિત મહિલા વિકાસ ગૃહ ટ્રસ્ટ, રાજકોટ. જોઈએ છે
રસોયા બહેન : (૨)
સંસ્થામાં રસોઈ કામ કરી શકે તેવા ઉંમર ૩૫ થી ૫૦ વર્ષ સુધીના પીઢ, ઉત્સાહી, રસોઈની જાણકારી ધરાવતા બહેન.
રસોડાના હેલ્પર : (૨)
સંસ્થામાં રસોઈ કામમાં તથા રસોડા કામમાં સફાઈ, વાસણ સફાઈ, સ્ટોર સફાઈમાં મદદ કરી શકે તેવા ઉંમર ૩૫ થી ૫૦ વર્ષ.
પટ્ટાવાળા
સંસ્થાનું અંદરનું તથા બહારનું કામ તેમજ રૂટીન કામકાજ કરી શકે તેવા, ધોરણ ૧૦ પાસ, ઉંમર ૩૦ થી ૪૦ વર્ષ, ટુ વ્હીલરનું લાઈસન્સ ધરાવતા ભાઈ.
ઉપરોકત જે તે જગ્યા માટે લાયકાત ધરાવનાર વ્યકિતએ અપેક્ષીત પગાર, અનુભવ, લાયકાત અને બે નામાંકિત વ્યકિતની ભલામણ સાથે નિચેના સરનામે અરજી સાથે રૂબરૂ મળો : સમય સવારે ૧૧ થી સાંજે ૫
મેનેજર : શ્રી લોહાણા સ્થાપિત મહિલા વિકાસ ગૃહ ટ્રસ્ટ
'સ્વસ્તિક ભુવન', કસ્તુરબા રોડ, બહુમાળી ભવન સામે, રાજકોટ.

દુકાનો વેચવાની છે
૧૩૦ વાર-ઉપર નીચે બાંધકામ લીફટ, ઓફીસ સાથે
૧૦૦ વાર ઉપર નીચે બાંધકામ + ઓફીસ
૧૩-વિજય પ્લોટ,ગોંડલ રોડ,રાજકોટ
રાજ પટેલ : 81283 33338

પ્લોટ વેચવાનો છે
૧૨૫ વાર-કોર્નર પ્લોટ
૬૭ વાર - લાઈનમાં ૩ પ્લોટ
સાધુવાસવાણી કુંજ મેઈન રોડ અમૃત પુષ્પ ચોક, રેલનગર
રાજ પટેલ : 81283 33338

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
ગોલ્ડ લોન
0% પ્રોસેસીંગ ચાર્જ
રૂા. ૩ લાખ સુધી
તાત્કાલીક ધોરણે લોન પ્રોસેસ કરી આપવામાં આવશે.
આ યોજનાનો લાભ લેવા માટે આજે જ નજીકની શાખાનો સંપર્ક કરો
SHASHI

ભારતીય રિઝર્વ બેંકે જનતાને સોશિયલ મીડિયા પર પ્રસારિત ઉચ્ચ પ્રબંધન દ્વારા નાણાંકીય સલાહ આપવા વાળા નકલી (ડીપ ફેક) વિડિયોની બાબતમાં સતર્ક કર્યા

ભારતીય રિઝર્વ બેંકના ધ્યાનમાં આવ્યું છે કે સોશિયલ મીડિયા પર ગવર્નરના નકલી વિડિયો પ્રસારિત કરવામાં આવી રહ્યા છે, જેમાં રિઝર્વ બેંક દ્વારા ચોક્કસ રોકાણ યોજનાઓને શરૂ કરવા અથવા એમને સમર્થન પ્રદાન કરવાના દાવા કરવામાં આવ્યા છે. આ વિડિયોમાં લોકોને તકનીકી ઉપકરણોના માધ્યમથી આવી યોજનાઓમાં પોતાના પૈસાનું રોકાણ કરવાની સલાહ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ભારતીય રિઝર્વ બેંકે સ્પષ્ટ કર્યું છે કે એના અધિકારી આવી કોઈ પણ ગતિવિધિમાં સામેલ નથી અને એનું સમર્થન પણ નથી કરતા તથા આ વિડીયો નકલી છે. રિઝર્વ બેંક આવા કોઈ નાણાંકીય રોકાણની સલાહ નથી આપતી.

આ સાથે, સામાન્ય જનતાને સોશિયલ મીડિયા પર પ્રસારિત આવા નકલી (ડીપ ફેક) વિડિયો અને એમના શિકાર થવાથી બચવા માટે સતર્ક કરવામાં આવે છે.

આરબીઆઈ ની વેબસાઈટ પર જવા માટે અહીં સ્કેન કરો
જનહિતમાં પ્રકાશિત
ભારતીય રિઝર્વ બેંક
RESERVE BANK OF INDIA
www.rbi.org.in

### બે જીલ્લા પંચાયત– ૮૦ નગરપાલિકાઓ– ૧૭ તાલુકા પંચાયતો અને ૪૭૬૫ ગ્રામ્ય પંચાયત ચુંટણીઓની તૈયારી શરૂ

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઃ ભાજપ માટે લોખંડી વર્ચસ્વ, કોંગ્રેસ માટે 'કમબેક' ની તક

**મીની ધારાસભા જેવી ચુંટણીમાં હવે ગમે ત્યારે જાહેર થશેઃ માઈક્રોલેવલની ચૂંટણીમાં જ્ઞાતિ-જાતિ-સમુદાય મહત્વના; ભાજપના ૨૭% ઓબીસી કાર્ડની કસોટી**

**ભાજપે તમામ મંત્રી પ્રભારીઓને જે તે જીલ્લાની જવાબદારીઓની સંગઠન પ્રભારીઓ પણ જોડાશેઃ કલીન સ્વીપ કરવા આતુર સમરસનું કાર્ડ પણ વાપરશે**

**ધારાસભામાં ફીંડલું વળી ગયેલી કોંગ્રેસને ગ્રામીણ ક્ષેત્રમાં અસ્તિત્વ દર્શાવવાની તકઃ આગામી ધારાસભા ચૂંટણી માટે 'પાયો' નાખી શકેઃ માહોલ બદલવામાં પણ મદદરૂપ બનશે**

**ભાજપનું સંગઠન માળખું રચવાની પ્રક્રિયા સાથે ઉમેદવારો પસંદગી પ્રક્રિયામાં જોડાઈ જશે! ધારાસભા સત્ર પુર્વે તમામ કવાયત પુરી થશે**

રાજકોટઃ

ગુજરાતમાં લોકસભા ચૂંટણીના ધમધમાટ બાદ હવે મીની ધારાસભા ચૂંટણી ખેડા અને બનાસકાંઠા જીલ્લા પંચાયત, ૮૦ નગરપાલિકા અને ૧૭ તાલુકા પંચાયત તથા ૫૩૯ જેટલી નવી અસ્તિત્વમાં આવેલી ૪૭૬૫ ગ્રામ્ય પંચાયતની ચુંટણી માટે હવે ગમે તે સમયે જાહેરનામું બહાર પડી જશે.

જાન્યુઆરી માસમાં આ ચૂંટણીઓ યોજાશે અને રાજયમાં પ્રથમ વખત ૨૭% ઓબીસી અનામતની જોગવાઈ સાથે આ ચૂંટણી યોજાવાની છે અને તેથી ભાજપનું ઓબીસી કાર્ડ પણ કસોટીએ હશે. માઈક્રોલેવલે યોજાતી આ ચુંટણીમાં જ્ઞાતિ-જાતિ સમુદાય વિગેરે મહત્વના ફેકટર છે અને તેથી તેમાં ઓબીસી જે વસતિના ૫૦% આસપાસ હોવાનો અંદાજ છે તે પણ કેવું અસરકારક હશે તે પ્રશ્ન છે. ભાજપે તેની તૈયારીના ભાગરૂપે દરેક જીલ્લા પ્રભારી મંત્રીઓ તથા પક્ષના સંગઠન-જીલ્લા પ્રભારીઓને તેમના જીલ્લાઓની જવાબદારી સોંપી છે.

ભાજપ એક તરફ તાલુકા કક્ષાએ સંગઠન નવરચના પણ કરી રહ્યું છે તેથી તાલુકા ભાજપ પ્રમુખોની નિયુક્તિ-ગ્રામ્ય-પંચાયત



તાલુકાઓની ચુંટણીઓ વિ. પ્રક્રિયા સમાંતર ચાલે કે હાલ જે સંગઠન બ્રેક લગાવાઈ છે તે લાંબી ચાલશે તે પ્રશ્ન છે.

બીજી તરફ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને જે રીતે જબરી પછડાટ લાગી અને માંડ ૧૭ બેઠકો જીત્યા બાદ પણ પાંચ ધારાસભ્યોના પક્ષાંતર અને હાલમાં વાવ પેટાચૂંટણીમાં પરાજય પછી તેને ગ્રામીણ કક્ષાએ ફરી તેનું અસ્તિત્વ બચાવવા આ ચૂંટણી મહત્વની છે. ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્રમા હજું પણ કોંગ્રેસનું અસ્તિત્વ છે. તેને પુનઃ જીવિત કરીને આગામી ધારાસભા ચૂંટણી માટે સંગઠન સહિતની નવરચનામાં પણ કોંગ્રેસ માટે તક છે. પક્ષનું સંગઠન માળખુ પણ 'એડહોક' છે તો ગ્રામીણ સહિતના ક્ષેત્રોની સમસ્યાઓનો કોઈ અંત જ નથી. આથી કોંગ્રેસ તેના મુદ્દાઓ ઉઠાવીને પછી તેના આધારે ભાજપને ટકકર આપી તેને અસ્તિત્વ મજબૂત કરવા માટે તક મળી શકે છે.

રાજય વિધાનસભાનું સત્ર ફેબ્રુઆરીના મધ્યથી શરૂ થશે અને તે પુર્વે સમગ્ર પ્રક્રિયા પુરી કરવા માટે ચુંટણીપંચ આગળ વધી રહ્યું છે.

### કેનેડાએ ઈમિગ્રેશન પોલીસી કડક બનાવતા...

## કેનેડાથી હકાલપટી થનારા ૩૦ હજાર ઈમિગ્રેન્ટસ લાપતાઃ સૌથી મોટી સંખ્યા ભારતીયોની!

ટોરન્ટો (કેનેડા) તા.૧૧

કેનેડાએ પોતાની ઈમિગ્રેશન પોલિસી કડક બનાવી છે ત્યારે જે લોકોના વિઝાની વેલિડિટી પૂરી થઈ હોય, જેમણે વિઝાની શરતોનો ભંગ કર્યો હોય કે પછી જે ઈમિગ્રન્ટ્સના અસાયલમના દાવાને

**ડિપોર્ટ થનારા ઈમિગ્રેશન્સને સરકાર શોધી રહી છે**

નામંજૂર કરવામાં આવ્યા હોય તેવા લોકોને ડિપોર્ટ કરવાનું પણ શરૂ થઈ ગયું છે.

હાલ કેનેડામાં રહેતા આવા ૪,૫૭,૬૪૬ ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કરી દેવાનો ઓર્ડર થઈ ગયો છે, પરંતુ તેમાંથી ૨૯,૭૩૦ જેટલા ઈમિગ્રન્ટ્સ અચાનક ગાયબ થઈ ગયા છે. કેનેડાના સાંસદ લૈલા ગુડરિજ દ્વારા આ અંગે પૂછવામાં આવેલા સવાલના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે કેનેડા બોર્ડર સર્વિસ એજન્સી ડિપોર્ટેશનનો સામનો કરી રહેલા અને હાલ ગુમ થઈ ગયેલા ત્રીસ હજાર જેટલા ઈમિગ્રન્ટ્સને શોધી રહી છે.આ તમામ લોકોને તેમની સામે ચાલી રહેલી કાર્યવાહીમાં હાજર રહેવાનું હતું, પરંતુ તેમનો કોઈ અતોપતો ના હોવાથી હવે તેમની સામે વોરન્ટ ઈશ્યૂ કરીને તેમને શોધવાની કામગીરી ચાલી રહી છે. સમગ્ર કેનેડામાં ગુમ થયેલા ઈલીગલ ઈમિગ્રન્ટ્સમાં સૌથી વધુ ૨૧,૩૨૫ લોકો ઓન્ટારિયોમાંથી મિસિંગ છે, આ જ પ્રાંતમાં ઈન્ડિયન્સની સંખ્યા પણ સૌથી વધારે છે.

## સતત તેજીઃ સોનુ ૮૦૦૦૦ને પાર

રાજકોટ તા.૧૧

વૈશ્વિક સ્તરે યુદ્ધ અને તનાવના વધતા માહોલ વચ્ચે સોના-ચાંદીના ભાવમાં ભડકો સર્જાયો છે અને સતત બીજા દિવસે ભાવ વધારો થયો છે. આજે ફરી સોનામા રૂા.૯૦૦ અને ચાંદીમા રૂા.૫૦૦નો વધારો થયો છે. જેને પરિણામે સોનુ ફરી રૂા.૮૦૦૦૦ને પાર પહોંચ્યુ છે.

મળતી માહિતી મુજબ આવતા સપ્તાહમાં અમેરિકી ફેડરલ રિઝર્વ વધુ એકવાર વ્યાજદર ઘટાડવાની શકયતાએ પ્રત્યાઘાત સામે આવ્યા છે. આ ઉપરાંત ચીનની સેન્ટ્રલ બેંકે છ મહિના પછી ફરી સોનાની ખરીદી શરૂ કરતા માર્કેટનુ સ્વરૂપ બદલાયુ છે. સીરીયામાં તખ્તાપલટને પણ ભાવવધારાનું કારણ જાણવા મળ્યુ છે. આજે સોનામાં રૂા.૯૦૦ વધતા ભાવ રૂા.૮૦૪૦૦ અને ચાંદીમાં રૂા.૫૦૦ વધતા ભાવ ૯૬૧૦૦ એ પહોચ્યો છે.

## કાલથી રાજકોટ ભાજપની સંગઠન નવરચના કામગીરી ફરી શરૂઃ ત્રણ દિવસમાં વોર્ડ પ્રમુખ નિશ્ચિત થઇ જશે

રાજકોટ, તા.૧૧

ગુજરાત ભાજપમાં સંગઠન નવરચના સમયે પક્ષ દ્વારા વોર્ડ-તાલુકા અને મહાનગર તેમજ જિલ્લા પ્રમુખો માટે અગાઉ ઉંમર મર્યાદા નિશ્ચિત થઇ હોવાના અહેવાલ બાદ જે રીતે પક્ષમાં વ્યાપક વિરોધ થયો અને સીનીયર-જુનીયર વચ્ચે કોઇ બેલેન્સ રહેતું ન હોવાની વ્યાપક ફરિયાદ હતી તે પછી પણ પક્ષે વોર્ડ અને મંડલ પ્રમુખમાં ૪૦ વર્ષની ઉંમર મર્યાદા યથાવત રાખી છે. જો કે તેમાં બે-ચાર વર્ષની છૂટછાટ અપાશે પરંતુ કોઇ મોટો ફેરફાર કરાશે નહીં. આવતીકાલથી રાજકોટમાં નવા સંગઠનની રચનાની કામગીરી શરુ થઇ જશે. કાલે દરેક બુથ વાલીને બોલાવીને વોર્ડની ટીમ માટે અભિપ્રાય મેળવાશે અને ત્યારબાદ શહેરની સંકલનની બેઠક મળશે. આગામી ત્રણ દિવસમાં આ પ્રક્રિયા પુરી કરાશે. બીજી તરફ સંગઠનમાં પણ હવે અન્ય પક્ષમાંથી આવેલા લોકોને સ્થાન મળશે. ભાજપે ફકત વિચારધારાને જ મહત્વ આપ્યું છે અને તે રીતે પક્ષની વિચારધારાને અપનાવનારને હોદા અપાશે તે નિશ્ચિત છે.

સુરત તેમજ અમદાવાદ સિવાય ૬ મહાનગરોમાં કાલે ફરી પક્ષ દ્વારા નિયુક્ત થયેલા ચૂંટણી નીરીક્ષકો પહોંચી જશે અને તેઓ વોર્ડ કક્ષાની નવરચના માટે કામગીરી આગળ ધપાવશે. રાજકોટમાં અગાઉ નિરિક્ષક તરીકે નિયુક્ત થયેલા માયાબેન કોડનાણી અને સહ નિરિક્ષકો આવતીકાલે ફરી રાજકોટ આવી રહયા છે અને તેઓ વોર્ડ કક્ષાએ પ્રમુખ સહિતની નિયુક્તિ માટેની કામગીરી આગળ વધારશે જો કે જિલ્લા કક્ષામાં હાલ મંડલમાં થોડો સમય પછી પ્રમુખ સહિતની નિયુક્તિ થશે. સુત્રોના જણાવ્યા મુજબ પક્ષ દ્વારા હાલ જે મંડલમાં ૧૦૦ કે તેથી વધુ બુથ આવેલા છે તેનું બાયફરગેશન એટલે કે મોટા મંડલ કે જેમાં ૧૦૦ કે વધુ બુથ આવતા હોય તેમાં બુથની સંખ્યા ઘટાડી શકાશે અને નવા મંડલ ઉભા કરાશે અને તે કામગીરી પુરી થયા બાદ નવા મંડળમાં નિયુક્તિ આગળ વધશે. પક્ષે ઉંમર મર્યાદાને ચૂસ્ત રીતે લાગુ કરવામાં ફકત સ્થાનિક કક્ષાએ જ ખાસ ભલામણ હશે તો જ ફેરફાર કરાશે. રાજકોટમાં હાલ ૧૩૨ દાવેદારો વોર્ડ પ્રમુખ માટે આવ્યા છે અને તેમાંથી મોટાભાગે પસંદગી થાય તેવી ધારણા છે. અગાઉ જે ઉંમર મર્યાદાને કારણે વિવાદ થયો હતો તેમાં પક્ષે હાલ કોઇ ફેરફાર નહીં કરવા નિર્ણય લીધો છે અને તેના કારણે વોર્ડ કક્ષાએ જુનિયર-સિનિયર પર રાજ કરતાં થઇ જાય તે દિવસો દૂર નહીં હોવાનો કચવાટ શહેર ભાજપમાં વ્યકત થઇ રહ્યો છે.

### વોર્ડ-તાલુકા પ્રમુખ માટે ૪૫ વર્ષની ઉંમર મર્યાદા ચાલશેઃ ભાજપે ઢીલુ મુકયું

**કોંગ્રેસ કે અન્ય પક્ષમાંથી આવેલાને પણ સમાન તકઃ સ્પષ્ટ વાત**

ગુજરાતમાં ભાજપ દ્વારા વોર્ડ અને તાલુકા કક્ષાએ પ્રમુખ માટે ૪૦ વર્ષની ઉંમર મર્યાદા નકકી કરી હતી અને તેમાં પાંચ વર્ષની છુટછાટ અપાશે તેવું કહ્યું હતું અને હવે ૪૫ વર્ષે ઉંમર મર્યાદા કરી દેવાઈ છે. આમ ભાજપે પાંચ વર્ષની છુટછાટને કાયમી બનાવી દીધી છે. તેથી અગાઉ ૪૦ વર્ષની ઉંમર મર્યાદાને ધ્યાનમાં લઈ પોતાની ઉમેદવારી કરી ન હતી તેઓને હવે ફરી એક વખત દાવેદારી કરવા અપાશે કે નહીં તે પ્રશ્ન છે. આ ઉપરાંત કોંગ્રેસ કે અન્ય પક્ષમાંથી આવેલા અન્યને પણ પક્ષમાં સ્થાન અપાશે. અગાઉ બે ટર્મ સુધી સક્રિય સભ્ય રહ્યા હોય તેમને સ્થાન મળશે પણ જેમ જેમ પ્રક્રિયા આગળ વધતી ગઈ તેમ તેમ વાસ્તવિકતા સમજાતા આ છુટછાટ માટે ફરજ પડી હોવાનું માનવામાં આવે છે. ભાજપના મીડીયા ઈન્ચાર્જ યજ્ઞેશ દવેએ આ અંગે ખાસ વિડીયો સંદેશ બહાર પાડયો હતો.

### સરકારે અમલમાં મુકેલા નવા ધારાનો વ્યાપક ગેરઉપયોગ થઈ રહ્યાનો સંકેત

## લેન્ડગ્રેબીંગ એકટ હેઠળના કેસમાં ગાઈડલાઈન આપતી હાઈકોર્ટ

**એક કાયમી 'માળખુ' ઉભુ કરશેઃ કમીટી સમક્ષ રજુ થતા કેસમાં નિર્ણય પુર્વે પક્ષોને નોટીસ આપવી પડશેઃ દસ્તાવેજોની ચકાસણી માટે ખાસ જોગવાઈ**

રાજકોટઃ ગુજરાતમાં જમીન-મકાનો પર ગેરકાનુની રીતે કબ્જો કરવા અને પચાવી પાડવા માટે લેન્ડમાફીયાઓની આમ વર્ગમાં વધી રહેલી પ્રવૃતિમાં રાજય સરકારે રચેલા લેન્ડગ્રેબીંગ એકટનો પણ દૂર ઉપયોગ થઈ રહ્યો છે તે નિશ્ચિત થતા જ ગુજરાત હાઈકોર્ટે હવે આ કાનૂન હેઠળ કેસ માટે એક ગાઈડલાઈન જાહેર કરી છે. જે નાગરિકોના અધિકારોનું પણ રક્ષણ કરશે. રાજય સરકારે લેન્ડગ્રેબીંગ એકટના કેસોની સમીક્ષા કરવા પ્રથમ તબકકે જ સાચા-ખોટા કેસનું પરિક્ષણ થઈ જાય તે માટે દરેક જીલ્લામાં લેન્ડગ્રેબીંગ એકટ હેઠળના દાખલ કેસોમાં પ્રથમ તબકકે જ જીલ્લા કલેકટરના અધ્યક્ષપદ હેઠળ એક કમીટીની



રચના કરી છે. જેમાં હવે હાઈકોર્ટે એક અલગ કાયમી વિભાગ (સેક્રેટરીયેટ) હશે. કમીટી સમક્ષ રજુ થતા કેસમાં તે જો યોગ્ય માને તો જેની સામે ફરિયાદ થઈ જશે તેને અને સામાપક્ષ બન્નેને એક નોટીસ આપીને તેનો પક્ષ રજુ કરવા જણાવશે અને તે પછી જ આખરી નિર્ણય લેશે તથા કમીટીના નિર્ણયથી બન્ને પક્ષોને જાણ પણ કરવામાં આવશે. આ પ્રકારના કેસમાં જે દસ્તાવેજો-પુરાવા રજુ થાય છે તેમાં તમામ અધિકારી પહેલા સંબંધીત પક્ષકારોએ રજુ કરેલા તમામ દસ્તાવેજો-પુરાવા વિ.ની સમીક્ષા કરશે અને તેનો રિપોર્ટ કમીટીને આપશે. કોઈ આખરી નિર્ણય પુર્વે બંને પક્ષોને નોટીસ આપવી તે જરૂરી બની જશે. કમીટીના જે સભ્યો છે તેનું જ કોરમ ગણાશે અને તે ૧૬ ડિસેમ્બર ૨૦૨૦થી અમલી ગણાશે. આ કેસમાં ૬૫ વર્ષના એક સીનીયર સીટીઝન સામે લેન્ડગ્રેબીંગ કેસમાં થયેલી ફરિયાદમાં જે રીતે સાત દિવસ જેલમાં રહેવું પડશે તે બાદ હાઈકોર્ટે આ ગાઈડલાઈન બહાર પાડી છે. આ કેસમાં જીલ્લા કલેકટરે પણ કોર્ટ સમક્ષ માફી માંગવી પડી હતી.

### સિદ્દીક હત્યામાં ધરપકડ કરાયેલા ૧૩ આરોપીઓને જયુડી.કસ્ટડીમાં મોકલતા પહેલા પોલીસનો ખુલાસો

## બાબા સિદ્દીકી હત્યાકાંડમાં મુંબઈ પોલીસનો યુ-ટર્ન કોર્ટમાં કહ્યું-લોરેન્સ બિશ્નોઈ વિરૂદ્ધ પુરાવા નથી

**કેસની શરૂઆતમાં પોલીસ સૂત્રો કહેતા હતા બાબા સિદ્દીકીની હત્યા લોરેન્સે કરાવી છે**

મુંબઈ,તા.૧૧

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ધારાસભ્ય બાબા સિદ્દિકીની હત્યા બાબતે મુંબઇ પોલીસે નવી વાત કરી છે. ધરપકડ કરાયેલા ૧૩ આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલતા પહેલા પોલીસે કોર્ટને કહ્યું હતું કે બાબા સિદ્દિકીની હત્યા માટે ગેન્ગસ્ટર લોરેન્સ બિશ્નોઇ જવાબદાર હોવાના કોઇ પુરાવા મળ્યા નથી.



લોરેન્સ બિશ્નોઇના ભાઇ અનમોલ બિશ્નોઇની અલગ ગેન્ગ છે. સિદ્દિકીની હત્યા માટે પોલીસે અત્યાર સુધીમાં ૨૬ લોકોની ધરપકડ કરી છે. અનમોલ બિશ્નોઇને ભાગેડુ જાહેર કરવામાં આવ્યો છે. ધરપકડ કરાયેલા તમામ આરોપીઓ સામે મકોકા લગાડવામાં આવ્યો છે. શરૂઆતના દિવસોમાં પોલીસના સૂત્રો એમ કહેતા હતા કે બાબા સિદ્દિકીની હત્યા લોરેન્સ બિશ્નોઇએ કરાવી છે અને લોરેન્સ બિશ્નોઇની પૂછપરછ કરવા માટે એને મુંબઇ લાવવો પણ જરૂરી છે. હવે પોલીસે એકાએક યુટર્ન માર્યો છે.

મહત્ત્વપૂર્ણ છે કે બાબા સિદ્દિકીની ૧૨ ઓક્ટોબરે બાંદ્રાના નિર્મલ નગર વિસ્તારમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસે અત્યાર સુધી કથિત શૂટર શિવકુમાર ગૌતમ સહિત ૨૬ લોકોની ધરપકડ કરી છે. અનમોલ બિશ્નોએ આ ઘટનામાં આરોપી છે. પોલીસે ૩૦ નવેમ્બરે ધરપકડ કરેલા ૨૬ આરોપીઓ વિરૂદ્ધ મકોકાની કલમ લગાવી છે.ઉલ્લેખનીય છે કે લોરેન્સ બિશ્નોઇના નામે અવાર નવાર ધમકીઓ આપવાના સમાચાર છેલ્લા કેટલાક સમયથી આવતા રહે છે. લોરેન્સ બિશ્નોઇ ક્રાઇમની દુનિયામાં તે મોટું નામ બની ગયો છે જે કેટલાક વર્ષમાં હાઇ પ્રોફાઇલ મર્ડરમાં સામેલ રહ્યો છે. પંજાબના ફજિલ્કા જિલ્લાના દુતરાંવાલી ગામમાં જન્મેલો લોરેન્સ બિશ્નોઇનું નેટવર્ક ઘણુ મોટું છે. કેટલાક યુવક શૂટર તરીકે તેની માટે કામ કરે છે. લોરેન્સની ગેન્ગમાં ૭૦૦થી વધુ શૂટર્સ છે. ૧૧ રાજ્ય અને ૬ દેશમાં બિશ્નોઇ ગેન્ગ ખુલ્લેઆમ ક્રાઇમની ઘટનાઓને અંજામ આપે છે. એક થિયરી માનીએ તો લોરેન્સ બિશ્નોઇને પાવરફુલ નેતાઓનું સમર્થન છે. સાથે જ કેનેડા કનેકશન પણ તેને ભારતમાં આવી ઘટનાઓને અંજામ આપવાની આઝાદી આપે છે.લોરેન્સ બિશ્નોઇ અમદાવાદની સાબરમતી જેલમાં બંધ છે. લોરેન્સ બિશ્નોઇ સામે ૧૨ વર્ષમાં ૩૬ ક્રિમિનલ કેસ નોંધાયેલા છે.

## માર્શલ લોના મુદ્દે સાઉથ કોરીયાનાં રાષ્ટ્રપતિનાં કાર્યાલયો પર દરોડા

### માર્શલ લો લાગુ કરનાર અધિકારીઓ પર તવાઈ યથાવતઃ પૂર્વ રક્ષામંત્રીનો આપઘાતનો પ્રયાસ

સિયોલ (સાઉથ કોરીયા) તા.૧૧

દક્ષિણ કોરીયાનાં રાષ્ટ્રપતિ યુ સુક યોલનાં કાર્યાલયે આજે પોલીસે દરોડો પાડયો હતો. આ દરોડો દેશનાં માર્શલ લો લાગુ કરવાના મામલામાં પાડવામાં આવ્યો હતો. રીપોર્ટ મુજબ સિયોલ મેટ્રોપોલીટન પોલીસ અને નેશનલ એસેમ્બલી પોલીસ ગાર્ડસનાં કાર્યાલયો પર દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરમ્યાન દક્ષિણ કોરીયાના પુર્વ રક્ષામંત્રી કીમ યોંગ હ્યુને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. સદભાગ્યે તેમને બચાવી લેવાયા હતા હાલ તેમની હાલત સ્થિર છે.



પોલીસે બન્ને ઉચ્ચ અધિકારીઓ વિરૂદ્ધ રાજધાની સોલમાં સંસદની બહાર રાજધાની સાલેમાં આવેલ સંસદની બહાર મોટી સંખ્યામાં પોલીસદળ તૈનાત કરવાનો આરોપ છે. જેને સાંસદોને અંદર ઘુસવાની રોકવાની કોશીશ તરીકે જોવામાં આવે છે. ત્યારે સાંસદોનાં એક સમુહ રાષ્ટ્રપતિ યુન તરફથી લગાવવામાં આવેલ માર્શલ લોને હટાવવા માટે સંસદમાં વોટીંગ કરાવવા માગતા હતા.જોકે પોલીસ દળની તૈનાતીનાં કારણે તેમને મુખ્ય દરવાજેથી એન્ટ્રી નહોતી મળી.

બાદમાં સાંસદ બારીઓ અને અન્ય રસ્તાથી સંસદમાં ઘુસ્યા હતા આ પુરા ઘટનાક્રમ બાદ રાષ્ટ્રપતિ યુને પોતાના રક્ષામંત્રી કિ યોંગ-હયુનનું રાજીનામું સ્વીકારી લીધુ હતું. બાદમાં તેમની માર્શલ લોના ફેસલામાં તેમની ભુમિકાને લઈને ધરપકડ કરાઈ હતી.

## મહારાષ્ટ્રમાં ઐતિહાસિક દુર્ગાડી કિલ્લો મસ્જિદ નહીં, મંદિરઃ કોર્ટનો ચુકાદો

થાણે,તા.૧૧

મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં સ્થિત ઐતિહાસિક દુર્ગાડી કિલ્લાને લઈને ૪૮ વર્ષ જૂના વિવાદ પર કલ્યાણ સેશન્સ કોર્ટે ચુકાદો આપી દીધો છે. કોર્ટે તેને મંદિર જાહેર કરતા કહ્યું કે કિલ્લો સરકારી મિલકત જ રહેશે. આ કેસ




છેલ્લા ૪૮ વર્ષથી પેન્ડિંગ હતો. આખરે કલ્યાણ સેશન્સ કોર્ટે આ કેસમાં આદેશ જારી કર્યો છે કે, ઐતિહાસિક દુર્ગાડી કિલ્લો મસ્જિદ નહીં પરંતુ મંદિર છે. ત્યારપછી હિંદુ સંગઠનો અને શિવસેનાના અધિકારીઓએ કલ્યાણ દુર્ગાડી કિલ્લામાં દેવી દુર્ગાની આરતી કરીને ઉજવણી કરી હતી. કલ્યાણના દુર્ગાડી કિલ્લા પર એક મંદિર છે જે કલ્યાણ જિલ્લા અને સેશન્સ કોર્ટના જસ્ટિસ એ.એસ. લંજેવારે સ્વીકાર્યું હતું. આ કેસના અરજદાર અને હિંદુ ફોરમના પ્રમુખ દિનેશ દેશમુખે મંગળવારે દુર્ગાડી કિલ્લા ખાતે મીડિયાને જણાવ્યું હતું કે કોર્ટે કલ્યાણ કોર્ટમાંથી વક્ફ બોર્ડમાં કેસ ટ્રાન્સફર કરવાના અન્ય ધર્મોના દાવાને ફગાવી દીધો છે. અરજીદાર દિનેશ દેશમુખે કહ્યું કે, ૧૯૭૧માં થાણે જિલ્લા કલેક્ટરે જાહેર કર્યું હતું કે દુર્ગાડી કિલ્લામાં એક મંદિર છે. ત્યારપછી, આ જગ્યાને મંદિર કે મસ્જિદ જાહેર કરવા માટે તપાસ અરજી દાખલ કરવામાં આવી હતી.

### ચૂંટણી પંચે વીવીપેટ મામલે કલીનચિટ આપ્યા બાદ....

## મહારાષ્ટ્રમાં હાર બાદ દિપક્ષી ગઠબંધન ઈવીએમ મુદ્દો સુપ્રિમ કોર્ટમાં પડકારશે

### શરદ પવાર, કેજરીવાલ, સિંઘવીની બેઠકમાં નિર્ણય

મુંબઈ,તા.૧૧

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ, વિપક્ષી ગઠબંધન ઈન્ડિયા બ્લોકે ચૂંટણી પંચ અને ભાજપ પર ચૂંટણીમાં



ધાંધલીનો આરોપ લગાવીને સુપ્રીમ કોર્ટમાં જવાનો નિર્ણય કર્યો છે. મંગળવારે શરદ પવાર જૂથના નેતા પ્રશાંત જગતાપે આ અંગે માહિતી આપી હતી. NCP (શરદચંદ્ર પવાર)ના વડા શરદ પવાર, અરવિંદ કેજરીવાલ અને જાણીતા વકીલ અને કોંગ્રેસ નેતા અભિષેક સિંઘવી વચ્ચેની બેઠક બાદ આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી.

વિપક્ષી ગઠબંધનનો આરોપ છે કે ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધનની તરફેણમાં EVMમાં ખામી સર્જાઈ હતી જેના કારણે તેની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં હાર થઈ હતી. આ ઉપરાંત બેઠક દરમિયાન, કેજરીવાલે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં મતદાર યાદી અંગે પોતાની ચિંતા વ્યક્ત કરી.અગાઉ, ચૂંટણી પંચે કહ્યું હતું કે, 'મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં પડેલા મતો અને VPAT સ્લિપમાં કોઈ ગેરરીતિ જોવા મળી નથી. દરેક વિધાનસભા મતવિસ્તારમાં અવ્યવસ્થિત રીતે પસંદ કરાયેલ મતદાન મથકોમાંથી VVPAT સ્લિપની ગણતરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.'

## સીટી પ્રાંત-૧ કચેરી ખાતે મહેસુલી તલાટી-કારકૂન અને નાયબ મામલતદારોની ૧૫ દિવસની રીફ્રેશર તાલીમ

**રેવન્યુ મુદ્દે અધિકારીઓ અને નિવૃત્ત મામલતદારો દ્વારા માર્ગદર્શન**

રાજકોટ તા.૧૧

સીટી પ્રાંત-૧ કચેરી ખાતે આજથી તમામ મહેસુલી તલાટી-કારકૂન અને નાયબ મામલતદારોની રીફ્રેશર તાલીમનો પ્રારંભ થયો છે. જેમાં રેવન્યુના મુદ્દે આ કર્મચારીઓને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

નિવૃત મામલતદારો અને અધિકારીઓ દ્વારા મહેસુલી તલાટીઓ, કારકૂનો અને નાયબ મામલતદારોને તાલીમ આપવામાં આવી રહી છે. આ તાલીમ ૧૫ દિવસ સુધી ચાલશે.

## બોગસ દસ્તાવેજ કૌભાંડનું પગેરૂ બીલખા પ્લાઝામાં નિકળ્યુંઃ નકલી સબરજીસ્ટ્રાર કચેરી હોવાની શંકા

**પ્ર.નગર પોલીસે પકડેલ શંકાસ્પદ વ્યક્તિની તપાસમાં ખુલાસો થતા દરોડો પાડી દસ્તાવેજો સહિતના ડોકયુમેન્ટ કબ્જે કરવા કાર્યવાહી હાથ ધરી**

રાજકોટ તા.૧૧

ગઈરાતે પ્રનગર પોલીસે બોગસ દસ્તાવેજ કૌભાંડમાં જયદીપ ઝાલા નામના સબરજીસ્ટ્રાર કચેરીના કોમ્પ્યુટર ઓપરેટરને ઝડપી લઈ તપાસનો ધમધમાટ આદર્યો હતો.

પોલીસના સૂત્રોના જણાવ્યા મુજબ પકડાયેલ શંકાસ્પદ શખ્સની પુછતાછમાં તેને વટાણા વેરી નાંખ્યા હતા. તેને બોગસ દસ્તાવેજનું કૌભાંડ પ્રનગર પોલીસ મથકની નજીકમાં આવેલ બિલખા પ્લાઝાના એક ફલેટમાં આચર્યાની કબુલાત આપી હતી. બિલખા પ્લાઝાના એક ફલેટમાં જ બોગસ સબરજીસ્ટ્રાર ઉભી કરી હોવાનું પોલીસને શંકા છે. પોલીસે હાલ બિલખા પ્લાઝામાં દરોડો પાડી ફલેટમાંથી બોગસ દસ્તાવેજો, કચેરીના સિકકા સહિતનો મુદામાલ કબ્જે કરી વધુ આરોપીઓને પકડવા તજવીજ હાથ ધરી હતી.

હાલ તો એક સંતાન એજ મોટાભાગના યુગલોનો મંત્ર બની ગયો છે.તેઓને ભાગવતની ચિંતા નહિં પોતાના જીવન ધોરણની ચિંતા છે

# ભાગવતનો વસ્તીવધારા મંત્ર કેટલો વ્યાજબી!



**સંઘના સર્વોચ્ચ વડા જે વિધાન કરે તે સરકારને સંદેશ હોય તેમ માનવામાં આવે છે, દેશની વસ્તી અંગે તેઓએ હાલમાં જ જે રીતે યુગલોને ત્રણ સંતાનો હોવા જ જોઈએ તેવું મંતવ્ય આપ્યું તેની પાછળનો હેતુની ચર્ચા અનેક રીતે થાય છે પણ મહત્વનું એ છે કે ભારત હજુ જાપાન કે સાઉથ કોરિયા કે યુરોપની સ્થિતિમાં નથી કે જયાં જન્મદર વધારવો એ આજની ચિંતા પણ બની રહે, વાસ્તવમાં ભારતમાં હાલ જે વસ્તી છે તેને મેનેજ કરવી એ જ સૌથી મોટી સમસ્યા છે અને ભવિષ્યમાં વૃદ્ધોની વસ્તી વધશે તે સમસ્યા ઉકેલવાની પણ તૈયારી રાખવી પડશે.**

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

જાપાનમાં ઘટતી જતી વસતી પછી દેશની સરકાર એક અભૂતપુર્વ નિર્ણયમાં હવે આગામી વર્ષથી ચાર દિવસનું સપ્તાહ તમામ કર્મચારી માટે નિશ્ચિત કર્યું છે.ટોકીયોથી તે લાગુ થશે અને જાહેર કર્યું છે કે એપ્રિલ માસથી મેટ્રોપોલીન ગવર્નમેન્ટ સ્ટાફ માટે ત્રણ દિવસ વિક-ઓફ રહેશે.કારણ પણ રસપ્રદ છે જાપાનમાં ઘટતી જતી વસતી એ, સમસ્યા બનવા લાગી છે અને આ દેશનો જન્મદર એટલો નીચો ગયો છે કે કદાચ દક્ષિણ કોરીયા કરતા પણ જાપાનની સમસ્યા સૌથી વધુ ગંભીર છે જાપાનમાં પ્રતિ મહિલા જન્મદર ૧.૨ બાળકનો છે.જયારે આ દેશમાં કમસેકમ ૨.૧ બાળકનો જન્મ થાય તે જરૂરી દર્શાવ્યુ છે તો પછી ભારતમાં શા માટે આરએસએસના વડા મોહન ભાગવતે હાલમાં જ દેશમાં યુગલોને વધુ સંતાનોને જન્મ આપવા માટે કરેલી અપીલ સૌના ભંવા ઉંચકાવી ગઈ એ ચોકકસ છે કે ભારતમાં પણ વસ્તી દર ઘટતો જાય છે પરંતુ તે જાપાન કે દક્ષિણ કોરીયા અથવા તો યુરોપના દેશ જેટલો કોઈ એલર્ટ કરે તેવો નથી. હજુ હમણાં સુધી દેશની વસતી નિયંત્રણ માટે સરકાર અનેક પ્રયાસો કરતી હતી હજુ પણ નસબંધીના ટાર્ગેટ અપાય છે. તે સમયે મોહન ભાગવતને જે ચિંતા છે તે અંગે પણ ચિંતા વ્યકત થઈ છે કે ભાગવતનો સંદેશ શુ છે અને કોના માટે છે.તેમણે દેશમાં દરેક યુગલ દીઠ ઓછામાં ઓછા ત્રણ સંતાનો હોવા જોઈએ તેવો આગ્રહ કર્યો છે.

પરંતુ જેઓ આ ક્ષેત્રમાં નિષણાંત છે તેઓ કહે છે કે ભાગવતનો ડર કદાચ વહેલો અને વધુ પડતો છે.વાસ્તવમાં ભારતમા ફર્ટીલીટી રેઈટ અથવા તો રીપ્લેસમેન્ટ રેઈન્ટ ૨.૧ થી નીચે આવે તો પણ કદાચ હાલ ભારત માટે કોઈ ચિંતા નથી.કારણ કે આપણે દુનિયાનાં સૌથી વધુ વસતી ધરાવતો દેશ બની ગયો છે.ચીનને આપણે ઘણા સમયથી પાછળ રાખી દીધુ છે અને આપણે છેલ્લી વસતી ગણતરી ૨૦૧૧ માં કરી હતી. અને હવે ૨૦૨૫-૨૬ માં કરવા જઈ રહ્યા છીએ તેથી વસતીનું સાચૂ ચિત્ર તો હજુ આપણને મળતુ નથી. મોહન ભાગવતના વિધાનોનો એક તર્ક કરવામાં આવે છે કે ભારતમાં હિન્દુ અને મુસ્લીમ વચ્ચે જે વસતી વૃધ્ધિદર છે તે કદાચ ભાગવત માટે ચિંતાનો વિષય હોઈ શકે.બીજો તર્ક એ થાય છે કે એ નાના સમુદાયો જેની વસતી જ અત્યંત ઓછી છે તેનું અસ્તિત્વ ભવિષ્યમાં ખતરામાં છે.તો આ પ્રકારની સ્થિતિ દુનિયાભરમાં છે.કેનેડામાં મુળ કેનેડીયન લોકોની વસતી તમે એક સ્થળે ઉભા રહીને ગણી શકો તેમ છો. એવી જ રીતે ત્રિપુરામાં કારબાંગ સમુદાયની વસ્તી સતત ઘટી રહી છે અને ફકત થોડા સોમાં ગણી શકાય તો આપણી સામે જ પારસી સમુદાય કે જેના માટે આપણે સૌથી વધુ ગૌરવ લઈ શકીએ તેની વસ્તી ૬૦,૦૦૦ થી પણ ઓછી છે અને સૌ માને છે કે પારસી સમુદાયમાં આ ટ્રેન્ડ આજકાલનો નથી પરંતુ લાંબા સમયથી ચાલ્યો આવે છે. અને હિન્દુઓની વસતી દેશમાં જુઓ તો ૧૧૫ કરોડની છે અને તેથી તે ખત્મ થવાની કે તેનું અસ્તિત્વ ખતરામાં મુકાય તેવી ચિંતા પણ અસ્થાને છે.

રસપ્રદ બાબત એ છે કે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હજુ પાંચ વર્ષ પહેલા લાલકિલ્લા પરથી ભાષણ આપતા સમયે દેશમા વસતી વિસ્ફોટ અંગે ચિંતા વ્યકત કરી હતી અને સરકાર ૧૯૯૪ સુધી તો બે બાળકોની નિતિને પ્રોત્સાહન આપી રહી હતી હજુ પણ ચૂંટાયેલા પ્રતિનિધિથી લઈ સરકારી કર્મચારીઓને જે લાભો મળે છે તેમાં પણ બે બાળકોની મર્યાદા છે.તો પછી ભાગવતનો સંદેશ કોની પાસે હતો.વાસ્તવમાં ભારતની ચિંતા એ પુરૂષ અને સ્ત્રીની વસતી વચ્ચે જે અસંતૂલન છે તે મહત્વનું છે.અત્યાર સુધી આપણે ભ્રુણ હત્યા એટલે કે એ સમયે જેને દિકરીને દુધ પીતી જ મારી નાખવાની જે વાત હતી તેનું આધુનિક સ્વરૂપ જોવા મળતુ હતું સરકારે તેમાં આકરા કાનુન લાદયા અને ગર્ભપાતને નિયંત્રીત બનાવ્યો તે પછી પણ તે પરિસ્થિતિ સુધરી નથી અને હજુ પણ પરિવારો છે કે જયાં દિકરીના જન્મને નાકનુ ટીચકુ ચડાવીને જોવામાં આવે છે જોકે રાજકીય પક્ષો માટે બહેના લાડલી છે તે અલગ બાબત છે.પરંતુ ભાગવત માટે જે ચિંતા છે તે પણ કદાચ પોલીટીકલી મોટીવેટેડ હોઈ શકે.એ વાસ્તવિકતા છે કે ભારત આજે વિશ્વનો સૌથી યુવા દેશ ગણાય છે. ૩૫ ટકાથી વધુ જનસંખ્યા યુવા વર્ગની છે પરંતુ ભવિષ્યમાં તે જ સમસ્યા જાપાન અને ચીનની જેમ વૃદ્ધોની બની શકે છે અને તેના માટે ઉપાય અલગ હોય શકે પણ જન્મ દર વધારવો તે ખરેખર ભારત માટે કમસે કમ હાલ કોઈ આવશ્યકતા નથી તે પણ નિશ્ચિત છે. વાસ્તવમાં ભારતમાં જન્મદર ઘટી રહ્યો છે.તે વાસ્તવિકતા છે ૧૯૫૦ માં ભારતમાં ફર્ટીલીટી રેઈટ ૬.૨ ટકા હતો જે ૨૦૨૪ માં ૧.૮ ટકા થઈ ગયો છે. ધર્મની દ્રષ્ટિએ જોઈએ તો શિખમાં તે ૧.૫ ટકા, ક્રિશ્ચીયનમાં ૧.૪૫ ટકા, જૈનમાં ૧.૪ ટકા, અને મુસ્લીમમાં ૨.૯૫ ટકા છે.આમ દેશમાં મુસ્લીમોની વસતી વધી રહી છે તે પણ વાસ્તવિકતા છે.તેમ છતાં ભારતમાં જેને રીપ્લેસમેન્ટ રેઈટ ઘટવાની ચિંતા છે તે કદાચ બે સદીઓ પછીની છે.ફ્રાન્સમાં રીપ્લેસમેન્ટ ૨.૧ થતા ૨૮૫ વર્ષ લાગ્યા. ઈંગ્લેન્ડમાં તે ૯૦ વર્ષ જેવો સમય લાગ્યો પછી ભાગવત માટે કમસે કમ બે સદી પછીની ચિંતા હોય તે વ્યાજબી ગણાશે પરંતુ અત્યારે તો તે સૌથી અગત્યની બાબત નથી કે તેને આ રીતે સંબોધવી પડે.



**ભાગવતની ચિંતાનો અર્થ એ પણ કરવામાં આવી રહ્યો છે કે ભારતમાં મુસ્લીમોની વસ્તી વધી રહી છે અને સંઘને કદાચ તે ચિંતા હોય તો પણ એ ચોકકસ છે કે ભારતમાં મુસ્લિમોના વસ્તી દર એટલે કે બાળ જન્મદર સૌથી તીવ્ર રીતે ઘટયો છે અને બાળજન્મને ગરીબી-પછાતપણા સાથે સીધો સંબંધ છે અને તેથી જ દેશની વધતી વસ્તીને બ્રેક મારીને વધુ સમૃદ્ધ સમાજના સર્જનની જરૂર છે, મર્યાદીત જમીન સહિતના સ્ત્રોતો અને વધતી વસ્તી એ અંતે તો ગરીબી અને પછાતપણું જ વધારશે**

ભાગવતની ચિંતાને અન્ય રીતે પણ લેવામાં આવે છે. એક અહેવાલ એવો છે કે ૨૦૫૦ સુધીમાં ભારતમાં સૌથી વધુ મુસ્લીમ સમુદાય હશે પરંતુ આ સમુદાયનો બર્થરેટ પણ ઘટી રહ્યો છે જેમ જેમ આ સમુદાયમાં શિક્ષણ અને જાગૃતિ વધતી જાય છે તેમ તેમ મુસ્લીમ યુગલો પણ સમજવા લાગ્યા છે કે વધુ સંતાનો તેમના હિતમાં નથી પરંતુ આ એક મર્યાદિત વર્ગ સુધીની સમજ છે.વાસ્તવમાં હિન્દુઓ કરતાં મુસ્લીમોમાં પ્રજનન દરમાં વધૂ ઘટાડો જોવા મળ્યો છે.૧૯૯૨ માં મુસ્લીમ સમુદાયનો જન્મદર ૪.૪ નો હતો તે ૨.૯ નો થઈ ગયો છે.

પ્રશ્ન એ છે કે વધુ મોટુ કુટુંબ તે આજના યુગલોની કોઈપણ રીતે પ્રાથમીકતા નથી કારણ કે દેશનો એક મોટો વર્ગ હજુ સંઘર્ષ કરી રહ્યો છે કે તે વધુ સારા જીવન ધોરણ ભણી જાય. બાળકોનાં ઉછેર માટેનો, ખર્ચ હાલના એક રીપોર્ટ મુજબ તે અઢાર વર્ષનો થાય ત્યાં સુધીમાં અંદાજે રૂપિયા ૧ કરોડનો થાય છે,જો તમે તમારા બાળકને વધુ સારૂ ભવિષ્ય આપવા માંગતા હો તો અને હાલ તો એક સંતાન એજ મોટાભાગના યુગલોનો મંત્ર બની ગયો છે.તેઓને ભાગવતની ચિંતા નહિં પોતાના જીવન ધોરણની ચિંતા છે અને તેથી જ આ ફકત ચર્ચાનો વિષય બન્યો છે.નહિં કે કોઈ અનુશરણનો.

**રસપ્રદ રીતે જાપાનમાં ગઈકાલે જ ટોકીયો મેટ્રોપોલીટીન ગવર્નમેન્ટના કર્મચારીઓને ફોર ડે વીકની સુવિધા આપવા જાહેરાત થઈ, કારણ બતાવાયુ કે યુગલો તેમના વધારાની રજાનો લાભ કુટુંબને વધારવામાં કરશે પણ આ તમામ ફકત પ્રયોગો છે, વાસ્તવમાં ભારતમાં પણ વસ્તી વધારા દર સતત નીચો જઈ રહ્યો છે પણ રિપ્લેસમેન્ટ રેટ જે મહત્વનો છે તે ચિંતાની સ્થિતિએ પહોંચે તે માટે ભારતે હજુ ત્રણ સદી રાહ જોવી પડશે જે આજે યુરોપ અને અન્ય વિકસીત દેશો સામનો કરી રહ્યા છે.**



# મેટોડાની ગોપાલ નમકીન ફેક્ટરીમાં વિકરાળ આગ ભભૂકી, ફાયર બ્રિગેડ દોડી ગયું

**આજે બપોરે ૨.૩૦ વાગ્યાં આસપાસનો બનાવ, ધુમાડાનાં ગોટે ગોટા જોવા મળ્યા**

**કારખાનામાં અફરાતફરીનો માહોલ : રાજકોટનાં કાલાવડ રોડ ફાયર સ્ટેશન અને રામદેવપીર ચોકડી ફાયર સ્ટેશનથી ૨ ફાયર ફાયટર દોડાવાયા**

**ફેક્ટરીમાંથી કર્મચારીઓ બહાર દોડી આવ્યા, ફાયર બ્રિગેડે પાણીનો મારો ચલાવ્યો : કારખાના બહાર લોકોનો જમાવડો : દૂર દૂર સુધી ધુમાડો ફેલાયો**









તસવીરઃ દેવેન અમરેલીયા

રાજકોટ, તા.૧૧

મેટોડાની ગોપાલ નમકીન ફેક્ટરીમાં વિકરાળ આગ ભભૂકી ઉઠી છે. રાજકોટથી ફાયર બ્રિગેડ દોડી ગયું હતું. આજે બપોરે ૨.૩૦ વાગ્યાં આસપાસનો બનાવ હોવાનું જાણવા મળે છે. ધુમાડાનાં ગોટે ગોટા જોવા મળ્યા હતા. આગ લાગવાથી કારખાનામાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. રાજકોટનાં કાલાવડ રોડ ફાયર સ્ટેશન અને રામદેવપીર ચોકડી ફાયર સ્ટેશનથી ૨ ફાયર ફાયટર દોડવાયા હતા. ફેક્ટરીમાંથી કર્મચારીઓ બહાર દોડીને બહાર આવ્યા હતા. ફાયર બ્રિગેડે પાણીનો મારો ચલાવ્યો હતો. કારખાના બહાર લોકોનો જમાવડો જોવા મળ્યો હતો. દૂર દૂર સુધી ધુમાડો ફેલાયો હતો. ફાયર બ્રિગેડ સૂત્રોએ જણાવ્યું હતું કે, મેટોડા ખાતે આવેલ ગોપાલ સ્નેક્સ એન્ડ નમકીન ફેક્ટરીમાં આજે બપોરે આગ લાગ્યાની જાણકારી મળી હતી. રાજકોટ મહાનગર પલિકાના ફાયર વિભાગને જાણ થતા જ રાજકોટથી ફાયર બ્રિગેડ જવાનોનો કાફલો દોડવાયો હતો. રાજકોટના કાલાવડ રોડ ફાયર સ્ટેશન અને રામદેવપીર ચોકડી ફાયર સ્ટેશનથી ૨ ફાયર ફાયટર દોડવાયા હતા. ફાયર બ્રિગેડની ટીમે કંપની ખાતે પહોંચતા જ તુરંત પાણીનો મારો ચલાવ્યો હતો. ફેક્ટરી ખાતે આગ લગતા કર્મચારીઓ દોડીને બહાર આવી ગયા હતા. અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. આગે મોટુ રૂપ ધારણ કર્યું હતું. જેથી દૂર દૂર સુધી ધુમાડા જોવા મળ્યા હતા.

## લો બોલો, માલગાડી અધધધ પોણાચાર વર્ષ મોડી પડી!

**વર્ષ ૨૦૧૪માં વિશાખાપટ્ટનમથી ખાતર લઈને ઉપડેલી માલગાડી છેક ૨૦૧૮માં બસ્તી ખાતે પહોંચી! માલ મંગાવનારની અસંખ્ય ફરિયાદ પછી રેલવે પ્રશાસનને ખબર પડેલી કે માલગાડી રસ્તામાં જ અદ્રશ્ય થઈ ગઈ હતી!**

બસ્તી (ઉતરપ્રદેશ) તા.૧૧

ભારતમાં ટ્રેન મોડી પડે એમાં કોઈ નવાઈની વાત નથી, પણ જે ટ્રેને એની યાત્રા ૪૨ કલાકમા પુરી કરવાની હતી એ ઓલમોસ્ટ પોણાચાર વર્ષે પુરી કરી હતી!

વર્ષ ૨૦૧૪ની એક ગુડસ ટ્રેન એટલે કે માલગાડીની છે જે આંધ્રપ્રદેશના વિશાખાપટનમથી ઉતરપ્રદેશના બસ્તી આવવા નીકળી હતી. આ યાત્રા આમ તો ૪૨ કલાકની હતી, પણ એમાં ૩ વર્ષ ૮ મહિના અને ૭ દિવસનો તોતીંગ વિલંબ થયો હતો.



ઉતરપ્રદેશના બસ્તી નામના શહેર બિઝનેસમેન રામચંદ્ર ગુપ્તા વિશાખાપટનમની કંપની ઈન્ડીયન પોટેશ લિમિટેડ પાસેથી ડિઅમોનિયમ ફોસ્ફેટ નામનું ખાતર મંગાવ્યુ હતું. ૨૦૧૪ની ૧૦ નવેમ્બરે ૧૪ લાખ રૂપિયાની કિંમતના આ ખાતરની ૧૩૧૬ ગુણી એક માલગાડીમાં ચડાવવામાં આવી હતી. જો કે આ માલગાડી એના ગંતવ્યસ્થાન પર નિયત સમયે પહોંચી જ નહીં. રામચંદ્ર ગુપ્તાની અસંખ્ય ફરિયાદો પછી રેલવે પ્રશાસનને ખબર પડી કે માલગાડી રસ્તામાં જ અદ્રશ્ય થઈ ગઈ હતી.

બહુ તપાસ કર્યા પછી ખબર પડી કે માલગાડીને કોઈક રીતે ગેરમાર્ગે દોરવામાં આવી હતી. ત્યારબાદ એ માલગાડીને એક યાર્ડમાં ઉભી કરી દેવામાં આવી હતી, કારણ કે એનો એકાદ ડબ્બો પાટા પર લઈ જવા માટે ફીટ નહોતો. માલગાડી આખરે ૨૦૧૮ની પાંચમી જુલાઈએ બસ્તી પહોંચી હતી, પણ એમાં લોડ કરવામાં આવેલું ખાતર ત્યાં સુધી સડી ગયું હતું.

## મહારાષ્ટ્રના પરભણીમાં આંબેડકરની પ્રતિમા પર બંધારણના પાના ફાડી ફેકાતા તોફાનઃ અશ્રુવાયુ

**તોફાની તત્વોના કૃત્યથી સમગ્ર વિસ્તારમાં તનાવ**

મુંબઈ:

મહારાષ્ટ્રના પરભણીમાં કોઈ તોફાની તત્વોએ ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતીમા પર જ બંધારણની નકલના પાના ફાડીને પ્રતિમા પર ફગાવતા તે ઘટનાના પગલે જબરો તનાવ સર્જાયો હતો. આથી નારાજ લોકોના ટોળાએ માર્ગ પર આવીને તોડફોડ-આગજની ચાલુ કરી દેવા પોલીસને અનેક સ્થળો પર લાઠીચાર્જ અને અશ્રુવાયુનો ઉપયોગ કરવો પડયો હતો અને હજુંપણ તનાવ ચાલુ છે. વંચિત બહુજન અઘાડીના નેતા ડો. પ્રકાશ આંબેડકર એ આ ઘટનાની ટીકા કરી તેઓ પરભણી પહોચી રહ્યાનો સંકેત આપ્યા હતા. પોલીસે આ ઘટના સંદર્ભમાં એકની ધરપકડ કરી છે તો અન્યની શોધખોળ ચાલુ છે. ગઈકાલે રાત્રીના ઓચિંતા જ તોફાની તત્વોએ અહીના એક ચોકમાં સ્થાપીત ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે પહોંચી તેના પર બંધારણની નકલના પાના ફાડીને પ્રતિમા પર ફેકયા હતા તે દ્રશ્યો વાયરલ થયા બાદ શહેરમાં તનાવ વધી ગયો હતો અને લોકો રોડ પર આવી ગયા હતા તથા પથ્થરમારો તોડફોડ-આગજની શરૂ કરી હતી. પોલીસે તોફાની તત્વોને કાબુમાં લેવા ભારે જહેમત કરવી પડી હતી. એક ટોળુ જીલ્લા કલેકટર કચેરી સુધી પહોંચી ગયુ હતું અને તે ઓફિસ પર પથ્થરમારો કર્યો હતો. બાદમાં ટોળાને કાબુમાં લેવા ટીયરગેસ છોડવાની ફરજ પડી હતી.

## હિન્દુઓની રક્ષા કરવા બાંગ્લાદેશ માને નહી તો ‘બીજો’ માર્ગ અપનાવોઃ મોહન ભાગવત

**સંઘવડાએ મોદી સરકારને ‘સલાહ’ આપી**

બાંગ્લાદેશમાં હિંદુઓ પર થઈ રહેલા અત્યાચારો વચ્ચે હવે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના પ્રચાર પ્રમુખ સુનીલ આંબેકરે ચિંતા વ્યક્ત કરતા કેન્દ્ર સરકારને કડક પગલાં લેવાની અપીલ કરી છે. જો વાતચીત દ્વારા સમસ્યાનો ઉકેલ ન લાવી શકાય તેમ હોય તો મોદી સરકારે અન્ય રસ્તાઓ વિચારવા જોઈએ.

નાગપુરમાં ’સકલ હિંદુ સમાજ’ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં સુનિલ આંબેકરે કહ્યું ‘‘કેન્દ્રએ બાંગ્લાદેશમાં હિંદુઓ બાબતે વધુ ગંભીરતાથી કામ કરવા નક્કર પગલાં લેવા જોઈએ. મને આશા છે કે આ મુદ્દાને વાતચીત દ્વારા ઉકેલી શકાય છે, પરંતુ જો મંત્રણા નિષ્ફળ જાય તો તેના માટે આપણે બીજો રસ્તો શોધવો પડશે.

આરએસએસના નેતાએ એમ પણ કહ્યું કે, બાંગ્લાદેશમાં થઈ રહેલી હિંસાનો ઉદ્દેશ્ય હિંદુ સમુદાયને ઉખેડી નાખવાનો છે. માત્ર બાંગ્લાદેશ, પાકિસ્તાનમાં જ આવી



રીતે હિન્દુઓ પર હુમલા થઈ રહ્યા છે. અમે હિંદુઓ પર અત્યાચાર સહન નહીં કરીએ. જો આપણે આના પર કંઈ નહીં કરીએ તો આવનારી પેઢીઓ આપણા મૌન પર સવાલ ઉઠાવશે.

આંબેકરે કહ્યું કે બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય પર જે અત્યાચાર થઈ રહ્યો છે તે આ સમયે મુઘલ શાસનની યાદ અપાવે છે. તેમણે કહ્યું, ‘‘આપણા મંદિરોને સળગાવવામાં આવી રહ્યા છે. લૂંટવામાં આવી રહ્યા છે. મહિલાઓ પર અત્યાચાર થઈ રહ્યો છે. આ બધું જોઈને દરેક હિંદુને ગુસ્સો આવવો જોઈએ. આ ઘટનાઓની માત્ર નિંદા કરવી અને પરેશાન થવું પૂરતું નથી. આપણે માત્ર ગુસ્સા અને દુ:ખમાંથી બહાર આવીને આગળ વધવાની જરૂર છે. બાંગ્લાદેશના વચગાળાના નેતા મુહમ્મદ યુનુસ પર પણ નિશાન સાધતા કહ્યું કે, ‘‘નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતાના નેતૃત્વમાં દેશમાં શાંતિ ન હોઈ શકે. તે અત્યાચાર રોકવા માટે કંઈ કરી રહ્યા નથી. આંબેકરે એમ પણ કહ્યું કે, કેટલીક વૈશ્વિક શક્તિઓને ઓળખવાની જરૂર છે, જે બાંગ્લાદેશમાં હિંસા ફેલાવી રહી છે. આપણે તેને ઓળખીને તેનો પર્દાફાશ કરવાની જરૂર છે. તેમને બતાવી દેવાની જરૂર છે કે આપણા દેશમાં કે અન્ય દેશોમાં હિંદુઓ વિરુદ્ધ આવી ઘટનાઓ બંધ કરો. ઓકટોબર મહિનામાં આરએસએસના વડા મોહન ભાગવતે પણ બાંગ્લાદેશી હિન્દુઓ પર અત્યાચારનો મુદ્દો ઉઠાવ્યો હતો.